કામકળા

અને

કામરૂપની વાર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ છગનલાલ બુકસેલર.

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં
ધી રત્નસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. અમરતલાલ જેશીંગભાઇએ છાપ્યું

આવૃત્તિ ૪ થી. પ્રત ૨૦૦૦
આ આવૃત્તિમાં સુધારો વધારો કર્યો નથી.
સંવત ૧૯૬૯ સને ૧૯૧૩

કિંમત ૮ આના.

કામકળા અને કામરૂપની વારતા.

દોહરા.

પ્રથમ પ્રણમુ પરિબ્રહ્મને, રઘુવંશ નિરમળ નામ,
દશરથ નંદન રામજી, પુરો મુજ મનની હામ.
દશ અવતારી દયા નીધી, આદ્ય નિરંજન નિરધાર,
કૃપા કરી છે દાસને, ત્યાં પ્રગટયા દેવ મોરાર.
જગત પીતા જુગદીશજી, વ્યાપીક સરવે ઠામ,
સુબુદ્ધિ આપો દાસને, કરવા ઇચ્છુ ગ્રંથ વિસ્તાર
ગુણ નીધી ગણપતને નમું, આરાધુ બેઉ કરજોડ;
કૃપા કરો મુજ રંકને, પોચે મનના કોડ.
ઉમિયા થકી ઉત્પન્ન હવા. પીતા તો શંકર દેવ;
શુધબુધ નાથ શોભા ઘણી. કરે સનકાદીક સેવ.
લક્ષ લાભ સુત તાહેરો, સીંદુર ચરચી અંગ;
બાંહે બાજુબંધ બેરખા, કંઠમાં શોભે ભુજંગ.
સારદા માત મહિમા ગણે', પુરો મુજ મનની આશ;
દાસ જાણી દયા કરો, મુજ રસનાએ વાસ.
કંઇક વિનયે કરૂં વિનતી, પોહોચે મનની ક્ષાત;
તેમ આશા મારી પુરજો, નમુ છઉં બેઉ કરજોડ,
શુભ અક્ષર આપો તમે, હંસ વાહની માત;
મુજ જીભે આવી વસો, તો કરૂં ગ્રંથ વિક્ષાત.
ચોસેઠ જોગણીને નમું, અંબા આરાસુરી નામ,
બહુચર બાળી કાળીકા, પુરજો મનની હામ.
ચોરાસી સિધ્ધને નમુ, ને રૂશીના વંદુ પાય;
તેત્રીશ કરોડ દેવને નમુ, પુરણ કરજો ઇચ્છાય,
ભોળા નાથ ભવ દુઃખ હરણ, ઇષ્ટ દેવ મુજ સાર;
તુજ કૃપાથી ઇચ્છું સહી, કરવા ગ્રંથ વિસ્તાર
ભસ્મધારી આચારી તમો, જંગી ભંગી ઇષ્ટ દેવ,
જટા મધ્યે ગંગા વસે, ઉમિયા કરે નિત્ય સેવ.
કામરૂપ રાજા તણી, કથા કરવા મુજ મન,
કૃપા કરો મુજ દાસને, બુદ્ધિ દેઓ પાવન,

ચોપાઈ.

અયોધ્યા નામ એક સુંદર દેશ, ત્યાં રાજપત નામે રાજનરેશ;
માહા સતવાદી સુંદર કાય ઘેર બાંધી ધર્મની ધજાય,
અદલ રાજને નહી કોઇ બંડ, નહીં ચોર ચુગલ લંપટ પાંખડ
વાઘ બકરી તો એકઠા રમે સ્વાન મંજારીને નવ દમે;
પશુ કોઇ કોઇની નવ કરે ઘાત, માગ્યા ત્યાં વરસે વરસાદ.
અરાડ ભાર વનસ્પતી ત્યાં ફળે, ઇચ્છા ભોજન સાધુને મળે;
સંધ્યા સ્નાન કરે વિપ્ર જન, ઘેર ઘેર રાજા ભરાવે અંન.
ઘણા કરે છે પુન્યનાં કામ, નવેખંડમા તેહેનુ નામ;
ઘણી રાણી ઘણા ઘર સુત્ર, પણ પેટ નહીં રાજાને પુત્ર;
દીન ઉપર ઝુરે છે અપાર તેના દુ:ખનો શું કહું વિસ્તાર,
મોટા મેહેલને ધન ભંડાર, તે દેખી ઝુરે છે સઘળી નાર;
મોતી વિના છીપો જેમ, કાયા તેની દીસે છે તેમ.
ઘ્રત ભરીઉં પણ દીપક નહીં, દીપક હોય તો શોભા સહી;
પ્રભુ મોટા છે દીન દયાળ, તે આપણને આપસે બાળ.
એમ વારીને રાખે મંન, એમ કરતાં વીત્યા બહુ દીન;
રાજપાટ રાજા શું કરે, પુન્યદાન ઘણાં આચરે.
જોગી સન્યાસીના વંદે પાય, દંડ કમંડળ આપે રાય;
અતીત અભ્યાગતને દે માન, પંચામૃત કરાવે પાન,
બ્રાહ્મણ તણી કરે સેવાય, નમી નમીને લાગે પાય;
કોઇ સત પુરૂષનું વચનજ ફળે, ભાગ્ય ભળેને પુત્રજ મળે.
એવુ વીચારીને ભકિત કરે, હેત મનમાં બહુ ધરે;
ઘણા દિવસ એમ વહિને ગયા એક રૂશી ગ્નાની આવીયા;

દોહરો.

ગ્નાની આચાર ત્યાં આવીઆ, કીધુ ગંગામાં સ્નાન,
સંધ્યા પુજા કીધી સહી, પછે ધરવા બેઠા ધ્યાન.
તીરથ બ્રાહ્મણ બીજા હતા, તેણે કરીયું રાજાને જાણ,
ગ્નાની આચાર આવ્યા સહી, તેના દરસને થશે કલ્યાણ;
એવાં વચન વિપ્રના સુણી, મનમાં થયો ખુશાલ;
અગર ચંદનને અરગજા, ભરી પુસ્પની થાળ,
બીજા સુગંધ નાના પ્રકારના, શોભા અપરમપાર;
અમૃત ફળ મેવો ઘણો, લઇ ચાલ્યા તે ઠાર
અણુવણે પગે તે આવીઓ, કરજોડી લાગ્યો પાય;

ભુજન ભરયા કીધી ઘણી, સંતોસ્યા રૂશી રાય.
પ્રસંન થયા મનડા વિશે, કહ્યું માગ માગ વરદાન.
જે માગે તે આપુ સહી, મારૂ વચન સત માન,
રાજા કહે રૂશીવર સુણો, મને સરવ વાતનું સુખ;
અપુત્રવાન હું વાંઝીઓ, એ મોટું મુજને દુઃખ.
પુત્ર આપો એક મુજને, બત્રીશ લક્ષણ શુભ મુખ;
રાજ રીધ મુજ ભોગવ, જાએ દેહમાંનું દુઃખ.
રૂશી મન પ્રસન્ન થયા, આપ્યું શુભ વરદાન,
રૂતુ દાન તું આપ રાણીને, જા હશે તેને સંતાન.
રૂશી તો વનવાશી થયા પછે રાજા આવ્યો ઘેર
વરદાન પામીને હરખીઓ, તે કહ્યું પટરાણી પેર.
આનંદ પામ્યો તે મન વિશે, આપ્યું રાણી રૂતુદાન;
રૂશી તણા વચનથી, તેને દીન રહ્યા ઓધાન.

ચોપાઇ.

દીન ઉપર દીન ચાલ્યા જાય, રાજા રાણીને હરખ ન માય
દીન દીન ગર્ભ વધેછે સહી રાણીના હરખનો પારજ નહી,
એમ કરતાં થયા દસ માસ, પુત્ર જનમ થયો પ્રકાશ;
જાણે માનસરોવરનો હંસ, જાણે ઈંદ્ર રાજાનોરે અંશ.
ચંદ્ર સુરજના સરખું રૂપ, જોઈને હરખ્યો મનમાં ભુપ.
જાત કર્મ રાજાએ કરીઉં, દાન પુન્ય ઘણું આચરીઉં;
તરીઆ તોરણ બંધાવ્યા દ્વાર, ઓછવ મંગળ કરે સઉનાર.
અપછરા નીચે રૂડી પેર, ભાટ બંધીજન બોલે બહુ ઘેર;
તેડાવ્યા જોશી પંડીતો ઘણા, ગ્રહ વરતાવ્યા કુંવરજ તણા.
શુભ જોગ ત્રયોદશી ગુરૂવાર, પુશ નક્ષત્રમાં જનમ્યો બાળ;
બત્રીશ લક્ષણ થશે એ બાળ, શત્રુતણો તો આવ્યુશે કાળ
ચૌદ વિદ્યા ગુણ જાણ એ થશે, જશ મહિમા એનો વાધશે
રૂપવંત એ બીજો કામ, કામરૂપ ધરીઉં તેનું નામ.
રાજા પ્રસન થયો અપાર, બ્રાહ્મણને આપ્યા ધન ભંડાર;
પુજ્યા અરચ્યા રૂશીના પાય, દક્ષણા આપી કરીઆ વદાય
દીન ઉપર દીન વહીને જાય, રાજકુંવર ઘેર મોટો થાય;
હરખે દેખી પોતાને માત, એમ કરતાં થયા વરસ સાત.
ગુરૂ મંદીર સોંપ્યો બાળ, ભણવા મેહેતાજીની નિશાળ;

સાથે મુકયો વજીર કેરો તંન, મિત્રચંદ તેનું નામ રતન.
બાળપણામાં બંનો મિત્ર. ગુરૂને સાંપ્યા પરમ પવિત્ર;
વિદ્યા ભણાવે હેતજ કરી, રાજ પ્રધાનને પ્રેમજ ધરી.
અળગા નવ રહે એકજ ઘડી, પ્રેમ પ્રીત બંનોને જડી;
જીવ એકને જુદી કાય. જાણું પ્રસવ્યા છે એકજ માય.
વિદ્યા ભણે જુગતે એડલી, તન મન ગયા છે બે હળીમળી
એક ચતુરાઇને એક ચાલ, ઘણું રૂપ ને વાણી રસાળ.
બીજા નિશાળીયા અપરમપાર, તેમાં પાંચ બત્રીશ લક્ષણાસાર
તેમની સાથે પણ થઇ પ્રીત, જેવી મછને જળની રીત.
તેહ તણો હું કહું વિસ્તાર, તેના ગુણુનો પણ ન આવે પાર;
તેમાં એક ઝવેરી કેરો બાળ, માણેકચંદ છે નામ વિશાળ.
બીજા ધનવંતરી તણો કુમાર, ધનંતર એવું નામ નિરધાર
ત્રીજો ચિતારા કેરો તન, નામ ચિત્રમંન નિરમળ મંન.
ચોથો છે ગંધર્વ [illegible] રસરંગ નામ તેનું વિક્ષાત;
પાંચમો પુત્ર પ્રોહીત [illegible] તહી, વિદ્યાચંદ તેનું નામજ સહી
બત્રીસ લક્ષણા [illegible] ના [illegible]નત, રાજા વજીર સહીત થયા સાત;
એકેકન થઇ પ્રીત અપાર બેસે એકઠા થઇ ગુણ ભંડાર,
ઘડી પોહોર અળગા નવ રહે, મોટા ભાઇ સઉ રાજાને કહે,
સાત વરસ [illegible] ચૌદ વરસના કુંવર સૌ થયા
સકળ વિદ્યામાં પુરણ થયા, ગુરૂને દક્ષણા આપી ઘેર રહ્યા.

દોહોરા.

બત્રીસ લક્ષણા સાતે જણા, કરે સઉ કુળનાં કામ;
શેતરંજ ગજીફો સોગઠા નીત્ય વાડીમાં વિશ્રામ.
શિકાર શોખ કુંવર ઘણો તેની શાથ સૌ સ્વાર
હરણ બાજ સીંચાણ સહી, શિકાર કરે તે ઠાર.
રાજકુંવર દેખા કરી, ઠરે સૌ કોઇના મંન.
સતવાદી સુલક્ષણો, છે રાજ પુત્ર રતંન
રાજ સભા બેસે જઇ, લઇ પોતાનો સાથ;
અદલ ઇનસાફ કરે તહી. નવ કરે કોઇની ઘાત.
રાજા રીઝયો મનમાં ઘણો, પ્રભુએ આપ્યો તંન;
વડાવું મળાવું એહને, આપું વાડી મેહેલ ભોવન.
કડીઆ મજુર તેડાવીઆ, તેહને શાની વાર;

વાડીમા મેહેલ બાંધીઓ, મીનાકારી કરીઓ અપાર;
ચિત્ર વિચિત્ર બહુ ભાતના, કરજો ઉત્તમ કામ;
શોભા નાના પ્રકારની, રચો જઇ તે ઠામ.
એક જોજનની વાડી કરો, ગુલજાર કરો જઇ વન;
હરાડ ભાર પેદા કરો, ખરચો અનરગળ ધંન.
સેવકે સીશ ચડાવીઉં, કરવા માંડયો મેહેલ;
કામ કરે તે કારગુ, જાણે ઇંદ્રાસનં તો મેહેલ.

ચિત્ર વિચિત્ર કીધા બહુ; પશુ પંખી નર નાર;
જાણે હવડાં બોલશે, એવી શોભા ત ઠાર.
પુસ્પ નાના પ્રકારના, જાઇ જુઇ ગુલ મોર
ચંપેલી માલતી મોગરો, બેહેકી રહયો તે ઠાર.
કેવડો કેતકી કમળ સહી, ચંપા સેવતી ફુલ;
જાઇ જુઇને કેતકી, નાગ પુસ્પ સમતુલ.

બાજા પુસ્પ બહુ જાતનાં, મેવાનો નહી પાર;
નાળીએર ફળ નારંગીનો, કેટલો કરૂં વિસ્તાર.
કવિ કહે રશના એક છે, નહીં આવે તેનો પાર;
હરાડભાર ખીલી રહી, વરણવતાં લાગે વાર,

જાણે હીમાચળ શીવ તણું, જાણે અસોક વંન;
ક્ષુધા ત્રશા પીડે નહી, એવું સ્વર્ગ ભોવન.
દ્રવ્યવાળાને વાર શી, પ્રથ્વીનો પતીપાળ;
સ્વર્ગપુરી સરખુ કર્યું, મેહેલ વાડી તૈયાર,
સ્તુતિ કરી ચરણે નમ્યા, સઉ કારીગર સાથ;
મહારાજ વાડી તૈયાર થઇ, જુવોની પ્રથવા નાથ.
રાજપત રીઝયો ઘણું, થયો ઘોડે અસવાર;

મેહેલ બાગ તૈયાર થયો, આવ્યો તેણે ઠાર.
ચરચા દીઠી ચોગણી, હરખ્યું રાજાનું મંન;
ન્યાલ કીધા કારીગર સઉ, મુખે કહ્યું ધંન ધંન.
પુત્ર તેડયો પોતાતણો, બોલ્યા મુખે મહારાજ;
રાગ રંગ સુખ ભોગવો, આ પુત્ર તમારે કાજ,
કુળ તારણ તું પુત્ર છે, સુખ ભોગવો બહુ પેર;
રીધ સીધ તેમા ભરી, પાછા આવો તમે ઘેર.

ચોપાઇ.

રાજ કુંવરને તેડી વાડીમાં જાયા આનંદ તેને અંગ ન માય;
સાતે મિત્ર મળે છે સહી, તેની શોભા નવ જાએ કહી.
એકેકની દેખી ચાતુરી ચાલ, માંહો માંહે રાખે છે વહાલ;
રાગ રંગમાં ઝાકમઝોળ, સુખે બેસે ચાવે તંબોળ.
એક દિવસ રાજપુત્રે સહી, નાચ રંગ કરાવ્યો ત્યાં રહી;
ગાંધર્વ ગાયન કરે છે અપાર, નટવા નાચે તેણુ ઠાર.
ખાન પાન ત્યાં સરવે કરી, બેઠા સભામાં હેતજ ધરી;
ગ્યાન તાન સુણે શુભ રંગ, અમલ વશ છે સૌના અંગ.
મધ નિશા એમ કરતાં ગઇ, નિંદરા વસ સઉ કાયા થઇ;
જે ગયો તે ત્યાં સુતો સાત, પુરણુ અઠધ ગઇ મધરાત.
કામરૂપ ત્યા સુતોછે સહી, સ્વપ્નુ તેને એક ત્યાં આવ્યું સહી;
જાણે ઘોડા પર થયો સ્વાર, સાથે વજીર તણો કુમાર.
મુગીઆ રમતાં ભુલા પડયા, દુર પંથ આથે જઇ ચડયા;
ક્ષુધા ત્રશાએ પીડાઇ કાય, જઇ બેઠા એક વાડી માંય.
ખાધા ફળ જળ પીધું જઇ, સુખ શાંતા જાણે કાયા થઇ;
તેવામાં એક અદભુત થયું, તેતો સ્વપ્નામાં ત્યાં લહયું.
તે નગરની રાજકુંમાર, આવી પોંચી તે બાગ મોઝાર,
સરવ પુરૂશને કાહાડયા બાહાર, દાસી ફરી વળી ઠારોઠાર.
ખુણો પકડી જાણુ બેઠો સહી, જાણે મને કોઈ દેખે નહી,
ઘણી ચપળ તે સુંદર નાર, જુવે રાજા તે સ્વપના મોઝાર

છપ્પો.

દીઠી નારી મુખ ચંદ્ર અપછરા ઇંદ્ર સમાને;
શોભા પ્રતીઆંગ સમતુલ, ભુલ્યો તે શુધ બુધ શાને.
જાણે તારામાં ચંદ્ર શોભા શુભ રહી પ્રકાશી,
ભુલ્યો તે શુધને શાન, પ્રેમની લાગી ફાંસી.
જોઇ નારી વેહવળ થયો, સ્વપ્ને દાઢ તેની ગળી;
મોહ પામ્યો મનડા વિશે, પડયો તે ધરણી પર ઢળી.

છપ્પો.

વાગ્યું તેને મોહ બાણુ, પડયો તે અવની માંય,
નહીં તેને શુદ્ધ કે શાન, ચીત ચતુરાને માંય.
સ્વપ્નમાં થયો એ હાલ, સુખ નહીં તેની કાય;
તરફડે અવની માંય, મનમાં ઘણું અકળાય.

જુવે સ્વપ્નામાં તારૂણી, તન મનથી નીહાળે સહી.
ભર નીંદરામાં રાજવી, એવો ખીઆલ જુવે તહી.

ચોપાઇ.

જાણે ઇંદ્રાણીનો અવતાર, ઘણી શોભા તે સુંદર નાર,
શશીઅરના સરખુ તેનું રૂપ, દેખીને વીસ્મે પામે ભુપ.
જાણે વીજળી ઉતરી ઉધોત, સુઘડ વદન જાણે જળહળ જોત;
હામ કામ મૃગ નેણી નાર, તેના રૂપ પર જાઉં બલીહાર.
એમ સ્વપ્નામાં થાએ મગન, વળી જુવે છે વદન;
તેવામાં દાસી આવી સહી, ધશી કરી જાણે જામો તહીં.
પુરૂશ જાત સરૂ કાહાડી બાહાર, કેમ બેઠો તું આણે ઠાર;
ચડશે મુજ રાણીને રીસ, છેદી નાખશે તારૂં શીશ.
ત્યારે સપનામાં કહેછે હેવાલ, હું છું મુસાફર ઉતરીઓ ઠાર;
મારાથી નવ નીસરાયુ બાહાર, તકસીરવાન થયો આ ઠાર.
દાસીએ મન વીચારીયું સહી, રાજવંશી બીજો કોય નહી
જાહેર કરૂં રાણીને વાત, નહીંતર થાશે મારી ઘાત
દાસીએ જઇને નામ્યું શીશ, બાઇજી ન કરશો મુજપર રીસ;
તો તો કહું એક સુંદર વાત, જે મેં દીઠુ છે વીક્ષાત;
રાજ્ય કન્યા કહે શું દીઠું તમો, તે વિસ્તારી કહોની હમો;
રીસ કરૂં જો તુજપર આપ, તે વાતે ઘણું મુજ સિર પાપ,

દોહરો.

જાણે દીન કર ઉગીયો, કોટી કળા અવતાર,
મેં વાત પુછી તેહની, લીધો મેં તેનો પાર.
કહે મુસાફર રહયો અહીં, તેને ગમે તે કરની નાર,
રાજકુંવરી વરસ બારની દેવતાને દુર્લભ હોય,
છે બેઠા મોજમો, નીરભે થઇ મન સોય;
હુકમ હોય જો તમ તણો, તે કરવું માહારે કામ;
કોહો તો રાખુ જીવતો, કોહો તો મારૂં આ ઠામ;
ત્યારે રીસ ચડી કન્યા ઘણી, બોલી સાહેલી સાથ.
મરજાદ લોપી એણે આહેરી, માટે એ નરની કરવી ઘાત;
પ્રધાન પુત્રી સુખ ઓચરી, ગુનો કર એનો માફ
પરદેશી પંથી સહી, એને મારવાનુ બહુ પાપ;
અજાણ્યો નર એ આવીઓ, એ શું જાણે રીત.

માટે જીવતદાન આપવું, કરવી પુરણ પ્રીત;
કોણ નગરનો રાજીઓ, કેમ આવી પોતો હોય.
હું જોઇ આવું તેહને, તે નર બેઠો છે કોહાંય;
દ્રસ્ટે દીઠો તેહને, મોહ પામી મન સાથ;
તરત ઉઠીને પરવરી, દાસી કેરી સાથ;
રાજ કુંવરીને જઇ કહ્યું, ઇંદ્ર ચંદ્ર કે સુર.
કામ દેવથી કદપ ઘણો; શોભા રહી મુખ સુર;
હામ કામ મૃગ લોચનો, જાણે દીપકની જોત,
શોભા તેની રહી હસી, જાણે ઉદેકાળ ઉદ્યોત;
વખાણ બાણ તેને વાગીયું, બોલી રાજાની બાળ.
લઇ આવો તેને મુજ કને, બોલી વિનતા તતકાળ;
એમ સ્વપ્ને જુવે બેહુ જણા, નર નારીનો ખ્યાલ.
એવે પધાન પુત્રી આવી કરી, મને લઇ ચાલી તતકાળ
રાજ પુત્રી આગે ઉભો કર્યો, દીઠી પ્રતીબીંબ સમાન
મોહ બાણે ધરણી ઢળ્યો ગઇ છે શુદ્ધ ને શાન;
તે વિનતા પણ રીઝી ઘણું, હરખ ધરી અપાર;
સમજી મનમાં ચંતની, દેખી મોહ પામી તે ઠાર,
કોમળ કાયા એ નરની દુખશે એના હાડ;
ઓછંગ લીધો મુજને, વિનતા કરે બહુ લાડ
ચુંબન દે ચાંપે રૂદે વળી ઢોળે બેઠી વાય.
ગુલાબ છાંટે કાયા પર, ધરી છત્રી છે તાંય;
મારા સમ બોલો તમો, પ્રાણ જીવન મુજ નાથ;
શા સારૂ ધરણી ઢળ્યા, ઉઠો પ્રથવી નાથ;
તુજ રૂપના લેઉ ભામણાં મુખ પર જાઉં બલાહાર,
અવગુણ મારો અતી ઘણો, ક્ષમા કરો આ ઠાર;
હું કુંવારી કન્યા કામની, રાજ કન્યા શુભ રૂપ;
તુ વિજોગે હું ચંતની, તમે ઉઠો પ્રથવી ભુપ;
મારા સમ તમને સહી, તમ પીતાની વળી આણ,
એક ઘડી વીલંબ થશે જાશે મારો પ્રાણ,
એવો પ્રેમ લાગ્યો બહુ, જુવે સ્વપનામા ખ્યાલ;
એવે પ્રાતસકાળ થયો ઝબકી જાગ્યો બાળ;
જેમ ભુખ્યાનું ભોજન ગયું, તરશ્યાનું ગયું નીર;
અમરત ફીટી વીખ થયું, ઝબકી ઉઠયો વીર

નહી રાજ કન્યાને શાહેલી, નહીં વાડી તે દાર;
હબડે દીબો આવીયો, ગઇ હાથમાંથી નાર;

ચોપાઇ.

પોકાર મારીને ઉઠયો વીર, ઘણો રૂવે છે નવ રહે ધીર;
જાગી ઉઠયા મિત્ર તતકાળ, પડીપેટમાં સઉને ફાળ;
શું છે શું છે કહી બોલ્યા વાણ, ધાઈ ગયા સા ચતુરસુજાણ
પણ રોતો નહીં રહે રાજકુમાર, નેત્ર ચાલેછે જળની ધાર
અનેક ઉપાય કીધા બહુ કથી, પણ કામરૂપ રડતો રહેતો નથી;
સઉએ સઉની ચાતુરી કરી, પણ રાજકુંવર તો ન રહે ઠરી
પછી ધનંતરે કરયો ઉપાય, ઓસડ લાવ્યો જઈ જંગલ માંય
લેપન કરીઉં શરીરને જઇ, તે થકી સુખ શાતા થઇ;
વિશય વહન્ની સમાયો સહી. પણ મોહબાણ રૂઝાયું નહીં
દરદે દીવાના થયો તે કાય, તે દરદ કોઇથી નહી જાય;
ખાવું પીવું નહી લેવું નામ, ચિત્તભ્રમ થયો તે ઠામ;
હોકાર પડયો ત્યાં સઘળે શેહેર, ગઇ વાત રાજાને ઘેર;
તખત ઉપર બેઠો છે રાય, સાંભળી વાત ખાધી મુરછાય
ધાઇ ગયો ત્યાં સઘળો સાથ, રાજા પુત્રથી વળગ્યો બાથ
બોલાવ્યો પણ બોલે નહીં, રથે બેસારી ઘેર લાવ્યા સહી;
સજન સહોદર મળીઆ બહુ, વાત કરે છે મનમાં સહુ;
કોઇ કહે ચિત ભ્રમ છે કાય, અંબા કરશે એની સહાય;
કોઇ કહે વનદેવી સહી, તેની છાયામાં આવ્યો અહીં;
કેઇ કહે આચરમાં પડયો, તેથી ડીબો એને ચહડયો;
કોઇ કહે નડીઓ ખેતરપાળ, મુકો ઉતાર ઉઠશે બાળ.
કોઈ કહે દ્રષ્ટી ડાકણની નડી, કરો ધુપ સુંધાડો જડી;
કોઇ કહે પ્રીત્રીનું, હશે, બાધા લેઓની સારૂં થશે.
કોઇ કહે એને ગ્રહનો દોશ, તેડો જોશી જોવડાવો જોશ;
કોઇ કહે એને શરદી ચહઠી, ઘસો સુંઠ સુંધાડો મરી.
કોઇ કહે એને કરતુક સહી, તેડાવો ગાડરી તો બોલે સહી
કોઇ કહે આવીને પોગ્યો કાળ, આયુષ્ય હોય તો ઉમરે બાળ;
વૈદ તેડાવ્યા અપરમપાર, નવ લાગે મન રોગ લગાર.
ભુવા ખાતરી ગાડરી બહુ, જતી જોગીનો પાર ન લહુ
રૂશી તપેસરી શન્યાસી શીદ, મારજન કરે મંત્ર ભણી વિધવિધ;
પણ નવ બોલે તે રાજકુમાર, રાય રાણીના દુખનો નહીંપાર

દોહરા.

એવે મિત્રચંદ ત્યાં આવિયો, બેઠો જયને પાસ;
શરીરે કર જય ફેરવ્યો, બોલ્યો વાણુ પ્રકાશ
શું છે ભાઈ દુખ તમને, તે કહો મને આ ઠાર,
માત પિતા સજ્જન સહુ, તેને કાહાડયા બાહાર;
દુઃખની વાત કહેસો મને, થાશે તમારૂં કામ.
સુખ કરૂં કાયા વિસે, તો મિત્રચંદ મારૂં નામ,
ઉમ્મર નાની માહેરી, પણુ ગુણુ અપરમપાર;
સંકટ ભાગું સૌ તમ તણું, સાચું કાહો આ ઠાર.
નાના ઉપર ના ભુલશો, નાની છે એક સોય;
વખતે શમશેરનું કામ કરે, કળી ન શકે કોય.
વીઘન તારૂં દુર થશે, કાયામાં થશે સુખ;
સાચી વાત કહો મને, ભાગશે મનની ભુખ;
નેત્ર કામ વશ તમ તણા, મોહ પામ્યા કોઇ સાથ.
બીજું કષ્ટ તમને નથી, નીશચે માનો વાત;
મનની વાત મીત્રે કહી ત્યારે ભાંગી તેની ભ્રાંત.
હશી કરી વળગ્યો ગળે, કહેવા લાગ્યો વ્રત્તાંત;
સ્વપનામાં તો નીપજ્યું, તે કહી વિસ્તારી વાત.
એક રાજકન્યા મને મળી, ઘણી સુગડ તે જાત,
મને ચુંબન દેઇ ચાપ્યો રૂદે, કરીયું હેત અપાર;
વાયુ ઢોલે વિનતા મને, ગુણુ તણો ભંડાર.
આલિંગન કરે આદર કરી, કરે ઘણું તે વહાલ;
વરવા કારણુ તે ઇચ્છતી, એવે જાગ્યો તતકાળ.
જોઉ તો વિનતાના મળે નહી, વાગ્યું મને મોહબાણુ
તે વિનતાના વિજોગથી, જાશે મારો પ્રાણુ.
ગામ નામ જાણું નહીં, નવી ગોત્ર કુળ જાત;
સ્વપનામાં તે થઇ ગયું, હવે થાશે મારી ઘાત.
મિત્રચંદ જો તુ મેળવે, ગુણુ તારા હું ગાઉ;
વચન કર આપ માહેરે, ત્યારે સુખીઓ થાઉં.
મિત્રચંદ કરજોડી વદે, હિમ્મત રાખો આ ઠામ;
દિવસ થોડે જાણુજો નિશ્ચે થયું એ કામ.
ભેદ પ્રપંચ કરશું હમો, કરશું ચાતુરી ચાલ;
નિશ્ચે મેળવું એ નારને, એમ સંતોખ્યો તે બાળ.

પછે રાજા પાસે આવિયો કહ્યા સપનાની પેર;
પુત્રનું સુખ ઇચ્છો તમો, તો કન્યા લાવો ઘોર.
નામ ઠામ નહીં તેહનું, તે કોણુ પિતાની તન;
સ્વપ્નામાં આવી ગયું કેમ પુત્ર થાય પ્રસન્ન.
એક અકલવંત હતો સહી, તેણુ ભાગી ભ્રાંત;
એક ઉપાય તમે કરો, ભાળ જડે સિદ્ધાંત
મુસાફર લોક આવે સહ્ા, પૃથ્વી તણા ફરનાર
તેમને વાત પુછ્યા થકી, મળશે ભાળ કોઇ ઠાર,

ચોપાઇ.

સપનું સાચું મળવાનું નહી, રાજપુત્રને રડ લાગી સહી;
પરમેશ્વરને કરવો છે ખ્યાલ, લેખ લખ્યા હશે એને ભાલ.
તો તો વાત મળવાની સહી, એ વાતમાં તો સંધે નહી;
જેજે મુસાફર આવે ગામ, તેડો માન દઇ આ ઠામ.
પુછો મુલખ મુલખની વાત, ભાગશે મનડા કેરી ભ્રાંત;
મુલખ મુલખના નરને નાર, મુલખ મુલખનો વિવેકવિચાર.
મુલખ મુલખના રાજાની રીત, સમળાવો કુંવરને કરી પ્રિત;
એમ કરતાં ભાળ વિનતાની થશે, લખ્યા લેખ કીસમતમાંહશે
એવી વાત અક્કલવાને કહી, સરવ સભા રીઝીને રહી;
ચોખંડ પ્રથવીનો જડશે પાર, આવશે મુસાફર અપરમપાર
માટે કરવું એ નીશ્ચયે કામ, એથી ભાળ મળશે આ ઠામ.
રાજાએ તેડયો મિત્રચંદ પાસ, તારી બુદ્ધિ છે પરમ પ્રકાશ.
તું વિના કામ થવાનું નહી, તુથી પુત્ર મારો જીવે સહી;
મુસાફર લોક તેડયા તતકાળ, પુછો વાત તેને આણીવહાલ.
ગામ ઠામ મળે જો નામ, તો પોચે પુત્રના મનની હામ
કરો ચાતુરી અપરમપાર, નાટારંગ કરાવો પુત્રને ઠાર.
સાહીત સ્લોક ગાવાને ગીત, સમસ્યા સોરઠ ને કાવત.
ઉદાસી ટાળો કુંવર તણી, ભાળ કઢાવો વિનતાની ઘણી.
મિત્રચંદ ત્યારે નામ્યું શીશ, કરતા હરતા તો જુગદીશ;
એમ કહીને આવ્યો ત્યાંહે, રાજ કુંવર બેઠો છે જ્યાંહે.
સઘળા મિત્ર મળે ત્યાં સાત, ગ્યાન તાન કરે દિન રાત;
રીઝવે રાજકુંવરનું મન, વિનતા ન વિસરે ભેટી રહી તન,
અનુચર ફરે રાજાના બહુ, મુસાફર લોકને શોધે સહુ;
તેડી લાવે મિત્રચંદ પાસ, રાજસભામાં આવે દાસ.

ભક્ષ ભોજન આપે અપાર, બેસાડે દેઇને આદકાર;
હેત ચિતથી દે સનમાન, હાજર કરે ફોફળને પાન,
કોણ મુલખ ફરી આવ્યા તમો, તે વાત સંભળાવો હમો,
જેજે મુલખ ફરી આવ્યા જેહ. વાતનો વિસ્તાર કરોને તેહ
ઘણા શેહેર વખાણ્યા સહી, રાજા રાણીનો પારજ નહી;
વિનતા વખાણે અપરમપાર, પણ રાજા નવ રીઝે તે ઠાર,
દેશ દેશની એમ સાંભળે વાત, પણ નહીં ભાંગે મનની ભ્રાંત
રાજ પુત્ર ઝુરે છે અપાર, રાત દિવસ ન વિસરે તે નાર.
વિનતાના વરેહથી રહેવાતું નથી, મારો પ્રાણ જશે સરવથી.
એમ દુખ ધરે છે સહી, એવે મુસાફર એક આવ્યો તહી.
તેને હકીકત પુછી પ્રધાન, દીધા તેને ઘણા સનમાન;
આગતા સ્વાગતા તેની કરી. પછી મુખે વાણી ઓચરી.

દોહરા.

તે નર જાતે વિપ્ર છે, વૃદ્ધ થઇ તેની કાય;
તેજ તપે છે તેહતું, શોભા કહી ન જાય.
કોપીન વસ્ત્ર પરીધાન છે, જટા ધરી છે શીશ;
ભસ્મ લેપન કાયા સહી, જાણે શંકર ઇશ,
પુજા અરચ્યા કીધી ઘણી, ઘાલ્યા કંઠે હાર;
અમરત ભોજન કરાવીયા, રૂશી રીઝયા તે ઠાર.
શા કારણ તેડયા તમો, કહો મુજને કોઇ કાજ;
મન વાંછીત તારૂં થશે, રૂદ્ર રાખશે લાજ.
ત્યારે મિત્રચંદ વાણી વદે, કરજોડી નામ્યું શીશ;
કોણ નગરથી આવિયા, કહાં પધારો જુગદીશ.
ત્યારે તે વિપ્ર બોલિયો, મેં દિશા નિહાળી ચાર;
પુર્વ પશ્ચિમ ઉત્તર દક્ષણ, લીધો તેનો પાર.
પાહાડ પર્વત જંગલ સહી, બહુ ગુફાને રાન;
કહેતાં પાર આવ નહીં, ભાઈ સુણજે તારે કાન.
અડશેઠ તીરથ કીધાં સહી, જોયા દેશ અપાર;
ગંગા નાહા ગોમતી, વળી કાશીને કેદાર.
આબુવડને કુંવારીકા, સિદ્ધાચળ કૈલાશ;
સુણ પાણેશ નીરખી ગયો, અંબા આરાસુરીનો વાસ.
એમ તીરથ કીધા બહુ, જોયા દેશ અપાર;
ફરતા ફરતા આવીઆ, અજોધ્યા મોઝાર.

ત્યારે મત્રચંદ બોલિયો, તમે દિશા જોઇ ચાર;
પ્રથ્વી પાર શાહાડયો તમે, જોયો સર્વ સંસાર.
અધિક દેશ સૌથી કયો, સુઘડ ક્યાંના લોક;
તે વિસ્તારો અમ આગળે, સમે રાજાના શોક.
ત્યારે બ્રાહ્મણ તે કહે, કહો કહુ સાંભળી વાત;
કહોતો નજરે દીઠું કહું, તમ આગળ વિખ્યાત.
ત્યારે કામ રૂપ બોલીયો, મુખે મધુરી વાણ;
જે નજરે દીઠું તમે, કરો મુખે વખાણ
દ્રસ્ટે દીઠું હોય પારખું, તે કહો આણે ઠામ;
કાને સુંણી શા કામની, નહી ત્યા તેનું નામ.

ચોપાઇ.

ત્યારે બ્રાહ્મણ બોલ્યો તે ઠામ, એક સીરંદીપ નામે ગામ;
તે નગર સમાન બીજું કંઇ નથી, શું વખાણ કરૂં મુખથી.
વિશ્વ કરતાએ રચી રચનાય, એવી શેહેર તણી શોભાય;
સપ્ત ભોમે શોભે છે વાસ, જાણે શોભા ચંદ્ર પ્રકાશ.
સ્વેત પાશાણ તણા છે મહેલ, તે આગળ ઇંદ્રાસન સેહેલ;
સપેત પૃથ્વી પાશાણુજ તણી, ઝળહળ જોત ઝળકી રહી ઘણી.
દિવસ રાત ઝળકી રહી જોત, ઉદોકાળ સદા ઉદ્યોત;
શ્રીમંત લોક સૌ ત્યાંના સુખી નહી દરીદ્ર નહી કોઇ દુ:ખી.
સદા ખુશાલી સઘળા લોક, નહીં કોઇને વ્યાધી ને રોગ;
અરાડ ભાર વનસ્પતી ત્યાં ફળે, મોહો માગ્યું જાચીકને મળે.
પદમની આકારે સઘળી નાર, પતીવ્રત પાળે છે અપાર;
કામરૂપ સરૂ નરની દેહ, ઘણા સુઘડ શોભે છે તેહ.
છત્રપત નામે ત્યાંનો રાય, ઘણી સતવાદી તેની કાય;
સઘળી વાતમા તે હોંસિઆર, નિરમળ ગંગાજળ અવતાર.
બીજા પૃથ્વીના રાજા બહુ, પુછીને વાત કરે છે સહુ;
સત વાતનો ચાલણુ હાર, સઘળી વાતે તે હોશિયાર.
એકે વિદ્યા માહિ નહી ન્યુન્ય, પુર્વે જનમનું ભોગવે પુન્ય;
તે રાજાને પુત્રજ નથી, એક પુત્રી તેને સરવથી.
કમળ વદન મૃગ નેણ વિશાળ, હંસા ગમની તેની ચાલ;
સવા ગજ છે શીરના વેણ, જાણે શોભે મણીધરની ફેણ
ભ્રગુટી જાણે ધનુશાકાર. નેણ બાણ ખંજરની ધાર;
દંત જાણે હીરાની જોત, મુખ વદન થઇ રહયું ઉદ્યોત.

હોઠ પ્રવાળી શોભે ભાળ, બોલતો ખજન પડે છે મંલ;
ઉરની શોભા નવ જાય કળી, સ્તન જાણે નારંગી ભળી.
પટ ઉજવળ મુખ ભ્રગુટી લંક, ચાલ ચાતુરીથી વળીઓ અંક
જંગા જાણે શોભે કદલી પગપાની જાણે કુમ કુંમમાં ભળી.
શોભીતા સજે સણગાર, પાએ ઝંઝરનો ઝમકાર;
મધુરી વાણી બોલે બોલ, જાણે ઝરે અમ્રતની છોલ.
તેની જોડી બીજી નહી નાર, બ્રાહ્મએ નથી સરજી સંસાર;
કામકળા છે તેહનું નામ, ઘેલું કીધું તેણે બધું ગામ.
કુંવારી કન્યા કદરૂપ, દેખન મોહ પમે ભુપ;
માગાં આવે છે અપરમપર રાજા સહુને કરે છે નકાર,
સ્વયંવર રચશે પુરણ પેર, તેડાવશે રાજા પૃથ્વીના ઘેર;
ઇચ્છા વર કન્યા વરશે, જાણે કેનું ન એગ બળશે
રાજ પુત્ર મોહ પામ્યો બહુ, આવ્યા શેહેરમાં વશીઆ સહુ;
ખરચ બેઠા તે ખાય છે, મન વિનતા વરવા ચાય છે.
એક જીભાએ નહી આવે પાર, કેટલો કરૂં તેનો વિસ્તાર,

છપો.

જાણે કોટી દીપકની જોત, નર મુખ શોભા સારી;
જાણે બાર કળામાં સુર, તે રૂપે ધનશા કરી.
જાણે માહણી માહા મુલ્ય તુલ્ય તેની નવ આવે;
જાણે ઉદેકળ ઉદ્યોત, છબી જોતા ચીત ચવે
જાણે વીજળી ઉતરી આકાશથી, તેનું તેજ સેહેવાય નહી,
બ્રાહ્મણ કહે શું વીખાણ કરૂ, તેની જોડી અવના માહે નહી.

છપો.

એક સુરજ એક ચંદ્ર, એક અવતારની એક;
એક દિવસ એક રાત, એક માત એક તાત,
એક વચન એક ધરમ, એક ગુરૂ એક ઇષ્ટદેવ;
એક પરમેસ્વરી પરી બ્રહ્મ, બીજી ઘણી એક સરવે.
તેમ એ સ્ત્રી અવની વિશે, બ્રહ્મએ સરજી મહી;
બ્રાહ્મણ કહે ઉપમા શું કહું, તેની જોડી બીજું કો નહી.

દોહરા.

નજર દીઠી તે તારૂણી, તેનો કહુ વિસ્તાર;
એક ચિત્તથી સાંભળો, છો તમે ગુણ ભંડાર.
તે નગર બાહાર એક દેરૂ છે, પ્રતમા ઊમયા કષ્ટ.

જોતીશ શાસ્ત્ર હું ભણ્યું, જપુ બેઠો જુગદાધાર.
અભીશેખ બેઠો કરૂં, પુજન કરૂં તે ઠાર;
રહેવું મારે દેરા વિશે, કંદમુળ કરૂં અહાર.
એકદીન શીંવ ચતુર્દશી, શુભ જોગનો સાર;
રાજ પુત્રી આવી તહીં, શીંવ પુજવા નિરધાર.
સખીઓ સાથે ઘણી, પોતે બેઠી સુખપાલ;
ચોપાસે ચમ્મર ઢળે, આવી પોતી તતકાળ.
વિનતા આવી દેરા વીશે, મને દીઠા તે ઠામ;
અભીશેખ બેઠો હું કરૂં, તે વિનતે કર્યો પ્રણામ.
આશિશ વચન મેં તો કહયું, અખંડ શોભાગ તુજ હોય;
પુત્રવંતી ને ધનવંતી તને ગાંજી ન શકે કોય.
હસી વચન વિનતા વદી, શીવ સાક્ષી તણા મહિમાય,
તમ રૂશીના આશંશથી, મારા મનનું વાંછીત થાય.
એમ કહી નીસાસો મુકીયો, નેત્ર ચાલી જળધાર;
હઇડે ડીબો આવીઓ, રોવા લાગી રાજકુમાર.
કોમળ સખી તેહેની વજીર કેરી તો તન;
રૂપ ગુણ ને ચાતુરી, બેહુના એક છે મન.
તેણે કીધી આમન્ત્રાપના, રીઝાવી રાયની બાળ;
શીવ પુજા પછે બેહુએ કરી, પંચાંગ કરી પખાલ.
ધુપ દીપને આરતી, ચંદન ચર્ચ્યા અંગ;
પછે સ્તુતી માંડી શીવની, ઉભી સનમુખી સંગ.
મન માન્યો મેળવો મને, તમે શંકર શીવ દાતાર;
ઇચ્છા વર તને વરૂં, એમ સ્તુતી કરે અપાર.
ભોળાનાથ ભવ દુખ હરણ, ભસ્મ ધારણ જુગદીશ;
મનનો માન્યો મેળવો, એમ કહી નમ્યું શીશ
જંગી ભંગી ના સંગી તમે જગત પિતા તમ નામ.
મનના મનોરથ પુરજો, સફળ કરો મુજ કામ.
મેં વાત પુછી દાસીને, શું માગે રાયની તંન;
કેમ નીસાસો મુકીઓ, શી ઇચ્છા છે મન.
તે દાશીએ મુજને કહયું તે વંનતા કેરી બાળ.
ચીત ધરી તમે સાંભળો તે માંડી કહું વિક્ષાત.

ચોપાઇ.

તે દાસી બોલી તે જાગ, નમીને લાગી મારે પાગ;
એ રાજકન્યા બહુ શોભા સતી, માહા મનોહર એની મતી

હજુરનું મારે કરવું કામ, રક્ષા કરૂં દિવસને જામ;
એક દીન નીકળી નગરથી બહાર, રમવા કારણ બાગ મોઝાર.
સખી સમાણી બંને જોડ, નહી એમાં ખાંપણ કે ખોડ;
કામકળા રાજાની બાઈ, લતા કામ પ્રધાનની બાઈ.
રાગ રંગને સંગીત ગાન, છત્રીસ વાજાનું મળે છે તાન;
ગાતાં રમતાં રજની ગઇ, રહવા મુકામ વાડીમાં તંહીં.
સુતી સેજ સખીની સાથ, એક એકને વળગી બાથ.
મધ્ય નીશા ગઇ છે તે ઠાર, સ્વપનામાં પામી રાજકુમાર.
જાણે પુરૂષકો આવ્યો મુજપાસ. સ્વપનાંમાં પામી હુલ્લાસ;
સ્વપનામાં તેનું શુભ લક્ષણ રૂપ, મોહ પામી તે દીઠો ભુપ,
મોહ પામી જોઇ રહીયાનું મુખ, નારી પામી સ્વપનામાં સુખ.
બાંધી પાઘ તેની અમુલ્ય, તે મધ્યે શોભીતા ફુલ.
મુખમાં તબોળ કમ્મર કટાર, તે દેખી મોહ પામી નાર;
રાજવંશી રહીઆનું રૂપ, દીઠો કો પૃથ્વી કેરો ભુપ.
વીશય વહન્ની ઉદે થયો જાણ, નારી મુખથી બોલા વાણ;
રૂતુદાન તું મુજને આપ, સંકટ માહારા દેહનું કાપ.
તે નરનું પણ માન્યું મન, હસી બોલ્યો મુખે વચન;
તું કુંવારી કન્યા કેમ ભોગવું આપ, મુજ શીર ઘણુંતો એસેપાપ.
કન્યા કહે ગાંધર્વ વીવાહ કરૂં. સુંજની શખે તુજને વરૂં;
કરીશ મારા પિતાને જાણ, વાહાજામાં પરણીશ નિરવાણ.
તુજ વિના મારે બાપને બાપ, બીજા પુરૂપ ન જોવાની આપ
એમ સમખાઇ આરોપે વરમાળ એવે ઝબકીને જાગી બાળ
નીપજયો રસતે ઢળી ગયો. મનનો મનોરથ મનમાં રહયો;
રૂદન કરી પડી રાજકુમાર, માહેલી જાગી તેણીવાર.
ખમા ખમા કરી બોલી વાણ, શું થયું બેની ચતુર સુજાણ
બહુ સમજાવી કીધા ઉપાય, ચિનતા રડતી નવ રહે કાય.
ચાર ઘડીએ શાનતા થઇ, પછે સઘળી વાત વિસ્તારી કહી;
સ્વપનાંતરે વીત્યું જેટલું, તે વિસ્તારી કહયું તેટલું.
તે નર સાથે માન્યું છે મંન, ચિનતા ઝુરે રાતને દન;
તમે અખંડશોભાગ કહી બોલ્યા વાણ, એ ચિનતાને લાગ્યું બાણ;
માટે નીસાસો મુકી બેહોસ થઇ, તે દાશીએ વાત વિસ્તારી કહી.

દોહેરા

વળી બ્રહ્મણ બોલીયો, મે દિશા નિહાળી ચાર,
તે નગર તે રાજવી, ન દીઠી તેવી નાર

જે દરરટે દીઠી હમો, તે કહયું આણે ઠામ.
પણ ભાગ્ય ભજશે તાહેરૂં પોચશે મનની હામ.
તે નારી એક પ્રથ્વી વિશે, તેમ નહીં કોઈ તારી જોડ;
તે લાયક તું નર મહી, પોહોચે મનના કોડ.
કમ રૂપ નામ તાહેરૂં, કામ તણો અવતાર;
પૃથ્વી પાર કાહાડયો હમે, તુજ તોલે નહીં સંસાર.
બહુ દેશ મે નીહાળીઆ, જોયા રાજાના રૂપ;
પણ તારી તોલે કોઇ નહી, નીરચે માનજે ભુપ.
તુજ લાયક તે કામની, જાવો સીરંદીપ ગામ.
સ્વયંવર લોક પાછા જશે, ને થાશે તરૂ કામ,
એવા વિપ્ર વચન સુણી, કામરૂપ રીઝયો મન.
મનની વાત સઘળી મળી, કીધું વિપ્રનુ પુજન,
ઉવતદાન મને આપીઉં, તમે ગુણતણા ભંડાર.
રાખ્યો ઘેર તે વિપ્રને સેવા કરે અપાર;
કામરૂપ વાણી વદે, મિત્રચંદની સાથ
મુજ પિતા વાત જાહેર કરે, જોડીને બેહુ હાથ.
રજા માગો માત તાતની, જઈએ તેણે ઠામ;
સ્વયંવર પેહેલાં જઈએ, થાય આપણુ કામ.
હવે પાણી ન પીવું દેશનું, નહીં રહેવું આ નગ,
જાઓ તમે પિતા કને, કરજોડી લાગો પાગ.
મિત્રચદ એવું સુણી, આવ્યો રાજાની પાસ;
સભામાં બેઠો સહી, ચરણે લાગ્યો દાસ.
મ'હારાજ સુણો વિનતી, ગયું રાજકુંવરનું દુઃખ;
નિશાન એધાણી મળી, શાંન્તા પામ્યો સુખ.
શીરંદીપ નામે શેહેર છે, છત્રપત ત્યાંનો રાય;
કામકળા તેની દીકરી, તે આવી સ્વપના માંય.
તેને પણ સ્વપનું થયું. દીઠી કામરૂપની દેહ;
મોહ પામી તે પ્રેમદા, અહરનીશ જપેછે તેહ.
એક વિપ્ર આવ્યો નગ્રનો, તેણે કહી સઘળી વાત;
રૂપ રંગ ને ચાતુરી, ભાંગી મનની ભ્રાંત.
સ્વયંવરમાં મળે રાજવી, મેળવે રાણો રાય;
કામરૂપ ત્યાં જવા તણી, કરે છે મન ઇચ્છાય;

કાહાવ્યું કામરૂપે વળી, નવ મોકલશો તાત;
તો નારીના વિજોગથી, થાશે નીસ્ચે ઘાત.

ચોપાઇ.

મિત્રચંદના સુણી વચન, રાજા દુઃખ ધરે છે મંન;
એકનો એક છે મારો તંન, કોનુ જોઇશ શુદ્ધ વદન.
કેમ મોકલું પરદેશ પેર, રાણી ચંદન કરશે ઘેર,
ગયાવિના નહીં વરશે બાળ, લાગ્યો છે વિનતાનો ખ્યાલ.
વણુ મોતે એ મરશે સહી, રાજાને સઘળી ચિંતા થઇ;
નહીં પડે તે રાજાને સુઝ, બેડો પ્રધાન કરવાને ગુંઝ.
શું કરવો હવે એની પેર, કામરૂપ ન રેહેવાનો ઘેર;
દુર પંથને નાનો છે બાળ, તે વિનતાપર લાગ્યો ખ્યાલ.
ત્યારે પ્રધાને આપી ધીર, હિમ્મત રાખો મારા વીર;
સુખ દુઃખ વૃદ્ધી ને હાણુ, કોઇનું ટાળ્યું ન ટળે જાણુ.
લેખ લખ્યા એના કીશમત માંય, તે કોઇથી નવ ટાલ્યા જાય
માટે રજા આપો માહારાજ, સિદ્ધ કરે પોતાનું કાજ,
દ્રવ્ય આપો એને અપરંમપાર, ખાતાં નવ ખુટે ભંડાર;
લશકર સાથે આપો રાય, તે કરશે એની રક્ષાય.
વળી મિત્રચંદને સોપો બાળ, તે કરશે એનુ પ્રતીપાળ;
શુભ કામ કરીને આવશે, મનમાની વિનતા લાવશે.
એવાં વજીરે કહયાં વચન, ત્યારે માન્યું રાજાનું મન;
લશકર સઘળું કરીયું તૈયાર, શુરપુર શોભા અસવાર.
હાથીદળ પાએદળનો નહીં પાર દેરા કીધા નગરની બહાર;
કામરૂપને તેડાવ્યો રાય, જઇ પીતાને લાગ્યો પાય.
પિતા કહે પુત્ર વહેલા આવજો, સમાચાર રૂડા કાહાવજો;
આપ્યો અજાનો અપરમપાર, ખાતો નવ ખુટે ભંડાર.
શુભ જોગ ત્રીઆ ગુરૂવાર, તે દીને નીકળો રાજકુમાર;
નારી તીલક કુંકુંમનુ કર્યું, શ્રીફળ સોપારી કરમાં ધર્યું;
વેહેલા વળજો મારા બાળ, પરણી લાવો મન ગમતી નાર;
માતાને પગે લાગો તંન, નીકળ્યો હરખ ધરીને મન.
શુકન સારા રસ્તામાં થાય, મળી દુધાળી વાછરડે ગાય;
સ્ત્રી એક ભાળી કુંકુમે ભરી, સજી શણુગાર સામી સચરી.
વિપ્ર મળ્યા ચંદન ચરચી ભાળ,કુંવારી કન્યા મળી તતકાળ
એવા શુકન રસ્તામાં થાય, સીધ કામ કરી આવો રાય;

એવાં વચન કન્યાનાં સુણી, રાજા ચાલ્યો જમણી ભણી.
નગ્રવાસી વળાવવા જાય, આનંદ તેને અંગ ન માય;
એક મજલ વળાવવા ગયા, રાજકુંવર ત્યાં વાસો રહયા;
પછે સરવને આપી રજાય, પિતા તણે જઈ લાગો પાય
મારી ચિંતા ન કરશો તાત, નિશ્ચે સાચી માનજો વાત;
સાત મિત્રો હમો સાથે સહી, હમને ગાંજી શકે નહીં કોઈ
માટે ચિંતા મનથી પરહરો, પ્રતીપાળ પ્રજાની કરો;
કર જોડીને કહી એમ પેર, રાજા વળાવ્યો પાછો ઘેર.

દોહોરા

રાજા ઘેર પાછો ફરે, ફરી ફરી જુવે મુખ;
નેત્ર આંસુ ધારા પડે, હૃદિયે દારૂણ દુખ.
પ્રજા સરવે ગેપ ઘણું, વરસ્યુ હરાડે લોક;
પુત્રના ગુણ બહુ સાંભળી, આણે મનમાં શોક.
ફુલ માથ ગઈ વાસના, ગુણ સૌ તેના ગાય;
પાછા વળ્યા રાજા સહી, પોંહ્યા નગ્રના માંય.
રાજકુંવર ત્યાંથી ઉઠીઓ, કુચ મુકામે જાય;
રાગ છતરીસ તે આલપે, ઘણો આનંદ મનમાંય.
ઘણો પંથ કાપ્યો સહી, એવ આવ્યું એક ગામ;
મછલી બંદર તેતો સહી, પાદરે કરયો મુકામ.
લોક આવ્યા તે શેહેરના લઇને ઘણો માલ;
સોદો કરયો ત્યાં સામટો, તેમાં ન્યાલ થયા દલાલ.
એક સોદાગર ભારે સહી, છે વાણુનો વેપાર;
મળવાને તે આવીયો, જ્યાં છે રાજ કુમાર.
મળ્યા ભેટયા આદર કરી, આપ્યાં બીડાં પાન;
હસી વચન તે બોલીયો. મિત્રચંદ પ્રધાન.
સીરંદીપ જાવું સહી, તે રાજા સાથે કામ
કેટલા દીને પોહોચશું, કયાં કયાં થશે મુકામ.
ત્યારે સોદાગર બોલીયો, ચાલતાં પોચો ખટ માસ;
તરી રસ્તે જો પરવરો, પંદર દીનમાં તે પાસ,
કામ રૂપ ત્યારે હરખીયો, વજીર શું કરે વિચાર;
વાહાણમાં સૌ બેસીએ, પોહોચીએ તે ઠાર.
વીસ નઉકા સોદાગર તણા, ભાડે લીધા જાણ,
લશ્કર સૌ પોતાતણું, બેઠું તેમાં નિરવાણ

લંગર ઉપાડ્યું ત્યાં થકી, પડ્યું દરિયા મોઝાર;
રાગ રંગ બેઠા કરે, મનમાં હરખ અપાર.
એક વાહાણમાં આઠે જણા, શોભે ઘણા તે કાય;
તારા રૂપ સાતે જણા, તેમાં જેમ ચંદ્રમાય.
તેવો કામરૂપ શોભી રહ્યો, મુખે કામકળા નામ;
રામ રંગ ગુણ તેહના, વ્યાપી રહ્યો દેહ કામ.
દૈવ ગતિ એ નર તણી, કળી ન શકે કોય;
મનનું ધાર્યું મનમાં રહ્યું, કરમ લખ્યું તે હોય.
વાયુ સબળો ત્યાં આવીયો ઘન વરસે મુશળ ધાર;
અંધકાર ત્યાં થઇ રહ્યુ થાય વીજળીના ચમકાર.
વાવંટોળ ઘણો થયો, પવન ઝપાટા થાય;
વહાણોના કડકા થયા, કહેતાં ન કહેવાય.
કોઈ કહીને કોઈ કયાં ગયું, ન મલ્યા ફરી કોઇ જન.
વિજોગ પડયો એક એકનો, રાજાને થયુ વિઘન;
એક વાહાણ બેઠા હરી, સાત મિત્રો એક હાર.
તે પણ ભાગી કડકા થયું, સમુદ્રને મોઝાર,

ચોપાઇ

ભાંગ્યું વાહાણ ને રાજાતણું, દુઃખ પામ્યા સૌ મનમાં ઘણું;
અથાગ જળનો પારજ નહીં, કડકા સાત થયા ત્યાં સહી.
સાતે જણ બેઠા તે ઉપર જઇ, મોત પોતાનું મુઠીમાં લઇ;
મિતચંદ ડુબતાં દીઠા જાણ, રાજાએ ખેચી લીધો નિરવાણ
એક પાટીએ વળગ્યા બેહુ, તેના દુઃખનો પાર ન લહું;
વિપ્ર વણિકચોથો ચિતારો સહી, ધન તર નાટકની બાળજનહી
બર સમુદ્રમાં તણાયા વીર, અઘાત જળ અરણવના તીર;
છએ જણા છ રસ્તે વહ્યા, રહ્યા જીવતા કે ડુબી મુઆ.
રાજા વજીર બેઠા એક ઠામ, મુખે જપે પ્રભુનું નામ;
માહા દુઃખ પામ્યા તેની જાત, ઉપરથી વરસે વરસાદ
ઘન ઘટા વરસે છે સાર, થાએ વીજળીના ચમકાર;
તેવામાં એક અફળાયો પહાડ, ભાગુ પાટીઉ તેની હાડ.
તે બેહુના વિજોગ પડયા, દુઃખ દાવાનળ આવી નડયા;
જુદા પડી ગયા બેહુ ભાત, એકેક કકડો આવ્યો હાથ.
મિત્રચંદ કરે છે વિલાપ, કોણ જનમનું પ્રગટયું પાપ;
તારી સાહ્યમાં હું આવ્યો આપ, મને સોપ્યો બાઇ તારે બાપ

નહી પેંચી મનડાની હામ, વીપ્રીત વાત થઇ આ ઠામ;
માટે હવે જીવીને શું કરૂં, તું પેહેલાં હું ડુબી મરૂં.
એવાં વચન પ્રધાનના સુણી, રાજકુંવરે મુખ વાણી ભણી
એશું વાત બોલ્યા મુજ વાંર, રૂદિઆ ભીતર રાખો ધીર.
અકળ ગતી પ્રભુની સહી, એની માયાનો પારજ નહી;
ભગત વત્સળ છે દીનદયાળ, તે આપણી લેશે સંભાળ
જીવતા હશુતો મળશું કંઇ, મુવા પછી મળવાના નહી.
એટલી વાત અન્નો અન્ય થઇ, પછી છોળમાં ચાલ્યા વાહી
નહીં દીઠી કોઇ કોઇની ભાળ એટલે થયા ત્યાં પ્રાતસકાળ;
વાયુ રહયો તેવારે સહી, ને મેઘ ગરજના વરસી રહી.
ઉદે રવીનો થયો પ્રકાશ, રાજકુંવરને આવ્યો વિસ્વાસ;
દરિયે છોળ મારી અપાર, કહાડી નાખ્યો જળથીબહાર
દુઃખે પાપે તે પામ્યો પાર, રાખી ધીર થયો હોંશીઆર;
જળથી નીસરી આવ્યો બહાર હરખ્યો મનમાં રાજકુમાર

દોહરા.

કામરૂપ ત્યાંથી ચાલિયો, તેના દુઃખનો ન આવ્યો પાર;
સામું શેહેર દીઠું સહી, ગયો ત્યા વાડી મોઝાર.
ફળ ખાઇ જળ પીધું મહૂં, સુતો ઝાડની છાંય;
નિંદ્રા આવી રાયને, સુખ શાંતા થઇ જાય.
તેવે વીપ્રીત બાજી થયું, તે નગ્રથી આવી નાર;
સખી સમાણી સો જણાં, ઘોડાપર અસવાર.
ત્રીઆરાજ તે શહેર છે, નહીં પુરૂશની જાત;
અજાણ્યુ નર કોઇ અવીઓ, ખરો જાય તેનો જાત;
પાર્વતીનો ત્યાં શ્રાપ છે, છળ પડયાતા ઉનિંદ્રા ઇશ,
નપુંશક નર આ દેશમાં, એમ બોલ્યા જુગદીસ.
શિકાર કરવા ગઇ વાડીમાં, ત્યાં દિઠો રાજકુમાર;
ખુશી ઉપાડયો તેહને, લઇ આવી રાજદુવાર.
તેનું મુખ જોઇ રીઝી સો, ન અડકાયો હાથ;
એક ચિતે સૌ જુવે ભરી સભા સહૂ સાથ;
રાણી તે ત્રીયારાજન', ઇંદ્રરાણી શુભ નામ
પ્રધાન નામ પદ્માવતી ઉભી કર્યો તે ઠામ.
જોઇ રૂપ વિસ્મે થઇ, આતો દેવતાં હોય;
માનવ રૂપ ધરી આવીયાં, કળી ન શકે કોય.

રાખું એને પ્રીતથી, સુખ ભોગવું ખટ માસ;
પુત્રી આવે એના પેટની, પોચે મનની આશ,
એવું વિચારી કરી, બોથી તેણુ ઠામ.
કેમ આવ્યા આ નગ્રમાં, કયાં તમારો મુકામ;
રાજકુંવર મુખ બોલીયો, હું વખાનો મારયો જાણ;
આવી પોતો આ દેશમાં, બોલ્યો મુખે વાણ,
અજોધ્યા શેહેર છે માહેરૂં, કામરૂપ મુજ નામ.
છત્રપતિનો દીકરો, સાંભળજો આ ઠામ
જળક્રિડા કારણ નીસરયો, સાત મિત્ર સુસાર;
નૌકામાં બેઠા સહી, ભાંગ્યું મારૂ વાહાણ.
આવ્યું પાટીયુ હાથમાં, કાઢયો દરિએ ત્યાં જાણ;
હળવે રહી ત્યાં આવીયો, મિત્રનું માહા દુખ.
ખાધાં ફળ જળ પીધું વળી, થોડુ પામ્યો સુખ;
તેવે આવી સહુ તારૂણી, ઝાલ્યો મારો હાથ.
તમ કને લાવી મુકીયો, એ સાચું બોલું તમ સાથ;
રૂપ ગુણ ને ચાતુરથી, રીઝાં રાણી મન;
પદમાવતી ને સોંપીઓ, બોલી મુખ વચન;
જુવો ચાતુરી એહની, લઇ જા તારે ઘેર.
રૂપ પ્રમાણે હોય ચાતુરી, તો પરણવું રૂડી પેર;

ચોપાઇ.

સમી સાંજ થઇ તે જાગ, ઉઠી સભા સહુ લાગી પાય;
રાણી વજીર મળ્યા એકાંત, ભાગવા લાગ્યા મનની ભ્રાંત.
એ નરની ઘણી સુઘડ કાય, રાખો એને તમારા ઘરમાંય;
મીજબાન કરીને રાખો ઘેર, સેવા કરજો તમો રૂડી પેર.
જોજે ચતુરાઇ એની ચાલ, જાહેર કરજો મને રાખી વહાલ
ઇંદ્રાણી રાણીએ કહી એમ પેર, પદમાવતી લઇ આવી ઘેર
બેસાડી રથપર કામ કુમાર, વજીર લાવી પોતાને દ્વાર;
ઇંદ્રપુરી સરખો છે અવાસ, કામરૂપને તેડયો છે પાસ
તજો મનમાથી ચિનતા આશ, સરસે તમારાં મનનાં કાજ
રાણીની મુજપર ઘણી મહેર, સ્વામી કરીને રાખે ઘેર
તેલ ફુલેલ કચોરો ભરી, મરદન કાયા તેની કરી;
સુંદર વસ્ત્ર પહેરાવ્યાં સહી, આભુષણનો પારજ નહી.
ઘણું શોભવા લાગ્યો કાય, જાણે ઇંદ્ર સભાનો રાય;

મુખ વદન રહયું છે હશી, જાણે અંબરમાં ઉગ્યો શશી,
તનમનથી રીઝી સુંદરી પંચામ્રત થાળ આગળ ધરી;
મધુપાન લાવી હેતજ કરી, પોતાને હાથે પાયો સુંદરી;
કામરૂપને હેતે પાય, ત્યારે તે નર કહે છે મુખ નાય.
હું ગરીબ રંક મુસાફર સહી, મુજ લાયક એ પ્યાલો નહી;
માફ કરો તમે મુજને હાંય, મારે અમલ ન ધરવો કાય.
મિત્ર વિજોગનું મુજને દુખ, તેથી અમલ ન ધરવો મુખ,
જીવતદાન તમે બક્ષ્યું સહી, અમૃત પ્યાલો એ પાયો સહી
તેની ફેદ કાયામા કથી, તેથી અધીક એ પ્યાલો નથી.
વિનતા કહે તમને મુજ સમ, પીઓ પ્યાલો ઠરી મન પ્રેમ.
બીજા સમ ધાલ્યા અપાર, આપ્યો પ્યાલો કર મોઝાર;
ત્યારે તે નરનું ચાલ્યું નહીં, પીધો પ્રેમ ધરીને સહી.
પછે શેતરંજ ગંજીફા સાર, રમવા બેઠા તે નરને નાર;
અનેક ચાતુરી નરની જોઈ, પદમાવતી ઘણું મનમાં મોહી.
પછી નીંદરા આવી કાય, સુખ સજ્યા સુવાડયા રાય;
પોતે ઠેકાણે જઇ સુતી નાર, નિંદરા કરતા થઈ સહવાર.

દોહરા.

પ્રાતસકાળ થયો સહી, ઉઠી પદમાવતી નાર;
દંત ધાવન સ્નાન કરી ધર્યા વસ્ત્ર શણગાર.
કામરૂપ પાસે જઇ, હું જાઉં રાજ સભાય;
તમે સ્નાન દાન પુજા કરો, રેહેજો મંદીર માયા
પછે ગઇ દાસી કને, ચેતાવ્યો સત્રિ સાથ;
આ પુરૂષ નાશી જશે, થાશે તમારો ઘાત,
આવી ગોચી સભા વિશે, ઈંદ્રાણી દીધું માન;
સભા સરવ ઉભી થઇ. બેઠી ત્યાં પ્રધાન.
ઈનસાફ કરે તે હેતથી, અદલ ચુકાવે ન્યાય;
મધ્યાનકાળ એવે થયા, ઉઠો સરવ સભાય.
રાજા વજીર બનો રહ્યા, નહી કોઇ ત્રીજું સાથ;
ચતુરી પોતા નરતણી, તે કહો વિસ્તારી વાત.
ત્યારે વજીર મુખ ઓચરી, શું કરૂં તેના વખાણ;
તેના રૂપ ગુણ ચાતુરી, અમૃતથી મધુરી વાણ.
એક જીભે શું વરણવું, ગુણ તણો નહીં પાર;
ચાકરી કરી મેં તેહની, સફળ કર્યો અવતાર.

ધન જનુની તેહની, જેની કુખે જનમ્યું રતન.
સુધડાઇ જોઇ તે નરની, રીઝયું ઘણું મુજ મન.
ધન અવતાર એ નરનો, ધન ધન એની નાર;
એ સ્વામીનું સુખ ભોગવે, એનાં ભાગ્યનો ન પાર.
વખાણ ભાણ વાગ્યું રાણીને, કહી વજીરે વાત;
જોઉં ચાતુરી તે નરની, તેડી લાવજો રાત.
વાઈ કહી વજીર વથી, આવી પોતાને ઘેર;
ખાનપાન ભોજન ભલે, કરી રસોઇ બહુ પેર.
રાજકુંવરને તેડીઓ, પીરસ્યા અમ્રત ભોજન;
પાસે બેસી બનો જમ્યા, હરખ ધરીને મંન.
ભોજન કીધાં ભાવતાં કીધાં છે મુખવાસ;
હાશ વીનોદ કરે વારતા, બેસી બંને પાસ
એમ કરતાં રજની થઇ, સુરજ આથમ્યો શીશ;
ત્યારે પદમાવતી ઓચરી હસી વચન તે દીશ:
મીજમાન તેડયા છે રાણીએ, માટે ચાલો ત્યાંય;
નાટરંગ છે મેહેલમાં, તે જોવા કારણ જ્યાંય.
કામરૂપ વાણી વદે તે રાણી કેમ દુભાય;
તેના મને એમ આવીયું. ચાલો જઇએ તાંય.
બેઠા રથમાં બેહુ જણા, આવ્યા તેણે ઠામ;
રાણીને મેહેલ આવિયા, જઇને કર્યો સલામ.

ચોપાઇ.

ઉભો રહયો રાણીની પાસ, જોતાં મન પામી હોલાસ;
સવા ગજ છે શીરના બાલ, સુંદર તીલક કરયું છે ભાલ.
મરડી પાઘડી મુકી સહી, શીરપેચ મણીમે ઝળકે તહી;
જાણે કામ તણો અવતાર, દેખી પુરૂશ મોહ પામી નાર.
જાદુ ભરી જાણે નેણ વીશાળ, મોહ પામી રાણી તતકાળ;
પાન સોપારી શુભ મુખવાસ, પ્રેમે લાવીને મુકયા પાસ.
મદ તણું પછે પ્યાલુ ભર્યું રાણીએ કર પોતાને ધર્યું;
પોતે આપવા આવી તાંય, રાજકુંવર બેઠો છે જ્યાંય.
અમલ નહીં જે નરની કાય, તે નરનું જીવતર મીથ્યાય;
એમ વચન મુખ બોલી વાણ, ત્યારે બોલ્યો તે ચતુર સુજાણ.
તમારી કિપા મુજપર થઇ, તેથી અમલ મુજ કામાને નહીં;
તમ સભાલાયક હું નહીં, હંસણી આગળ જેમ બગલો સહી.

મિત્ર વિજોગનો મુજને ઘાય. તેથી અમલ તજ્યો મેં કાય;
એવી મધુરી બોલ્યો વાણ, રીજ્યો ઘણો રાણીનો પ્રાણ.
દુઃખ વીસારી સઘળુ દીઓ, મારા કરનો પ્યાલો પીઓ;
વચન પ્રમાણ કરયું તતકાળ, પીધો મદ પછી આણી વહાલ.
મદે કરીને થયો ઉમંગ, મચ્યો પછી ત્યાં સુંદર રંગ;
છત્રીસે વાજાનું તાન, ગાએ ગુણીકા સંગીત ગ્યાન.
પ્રધાન રાણી સભા સૌ સાત, ચિતને આવી રાજાને વાત;
મસ્તક ધુણાવ્યું પોતે સહી, તે રાણીએ દીઠું તંહી
તે પુછીને પછે લીધો પાગ, મુરખ લોક સઉ આ ગાનાર;
સાંભળનાર પણ તેવા સહી, કોઇને રાગની ખબરજ નહી.

જેજે રાગનું કરવું ગ્યાન, તે આરીને દેશે માન;
તો તનું ગાવું સભા સુજાણ, નહીં તો જાણવું રૂદન પ્રમાણ.
ત્યારે સભા સઉ વીસ્મે થઇ, ઉત્તર કરી સકયું કોઇ નહીં;
રાગ આવીને રેહે આ ઠામ એવો નથી દીઠો સંસાર
તમ રાગને તેડો આ ઠાર, તોતો જાણવા ગુણ ભંડાર;
મુરખ સભા લેખું માહેરી, દાસી થઇને રહૂં તાહેરી.

દોહરા.

કામરૂપ કર વેણા ધરી, વાજીંત્ર તે વાય;
તાન તાલ બેસાડે તે, સુર સહિત ત્યાં રાય;
છત્રીસે વાજા તણું, મળી ગયુ એક તાન;
સુર ચાલે રાજા તણો, કોકીલા શબ્દ સમાન.
થઇ થઇ શબ્દ મુખે વદે, ખુબ મચ્યો ત્યાં રંગ;
મોહ પામી સઉ કામની, તાન મચી ગયું અંગ;
જે જેમ તે તેમ ઠરી ગયું, ચિત્રામણ વૃત હોય;
થમ થઇ શબ્દ ઓચરે, બીજું ન બોલે કોય.
રાણી વજીર સાહેલડી, ચિતામણ વત સા નાર;
ચાર ઘડી રંગ મચાવિયો, ગઇ મધ નિશા તે ઠાર;
રીઝી રાણી મન વિશે, નમીને કરયો જુહાર;
આ રાજપાટ સઉ તાહેરૂં, તારા ગુણનો નહિ પાર.
વળી નિશા પડે આવજો. તમ દીઠે પામું સુખ;
ઉમેદ નર એક વાતની, તે માગી લેશું મુખ;
એમ કહી વદાય કરયો, પદમાવતીની સાથ.
ચાલ્યો ત્યાંથી ચતુરનર, વજીરશું વળગી હાથ;

રથે બેસી ઘર આવિયા, કિધું દંત ધાવન;
સ્નાન દાન પુજન કરી, પંચામૃત કરયા ભોજન.
સુખસેજાએ સુતા સહી, નિદરાવશ થઇ કાય;
તેવે સ્વપ્ન એક આવિયું, રાજાની દેહ માંય.
જાણે કામકળા આવી છે. ઉભી જોડી હાથ;
રૂદન કરી મુખ ઓચરી, તમને એજ ઘટે છે નાથ,
મોહ બાણે ઘાયલ થઇ, નવ વીસરતી દિન રાત;
માળા જપુ તમ નામની. નથી ગમતી બીજી વાત
હું જોગી તમ ભોગી થયા, પર અસ્ત્રીની સાથ;
મદ પીધો તેના કર તણો. મને વિસારી નાથ.
હું રોગી તમે રાગ આલાપો. ભોગી થયા ભુપાળ;
એ વસ્તુ તમને નવ ઘટે, એવે ઝપકી હૃદયો બાળ.
જુવે તો તેમાંનું કાંઈ નહીં, પડી પેટમાં ફાળ;
હઇડે ડીબો આવિયો. રડી પડયા તતકાળ.
પદમાવતી જાગી સહી, દોડીને આવી પાસ
રૂદે સાથે દાબીયો, ત્યારે થયો હોલાસ
શું થયું તમને ચતુર નર, ત્યારે બોલ્યો તે વાણ;
ઓચારે મને દાબીયો, પરવશ થયો પ્રાણ.
એમ કહીને હસ્યો સહી, કરવા લાગ્યો વાત;
હાસ વિનોદને ચાતુરી, કરે ઘણાં દ્રષ્ટાંત.

ચોપાઇ.

રાજકુંવર કહે મુખથી વાણુ સાંભળ વિનતા ચતુરસુજાણ
આંહી પુરૂષ નથી સ્ત્રીના રાજ, તે વિસ્તારી કહે તું આજ
રાખી વાત કરે આ દીશ, બ્રહ્મહત્યા તમારે શીશ;
ત્યારે પદમાવતી બોલી તહી, હઇઆં શ્રાપ માહાદેવનોસહી
છળા પડયાતા ઉમીયાજીઇશ. ક્રોધ કરી દીધો તે દીશ.
છ માસ પુરૂશની કાય, ખરે ઇંદ્રીને સુદરા થાય.
પરદેશી કોઇ આવે અંશ, તેથી વધે પ્રજાનો વંશ;
તેને પણ ખટ માસનું સુખ, પછી થાય નપુશક પામે દુઃખ
એમાં નથી હમારો વાંક, નીશ્ચે માનજો આડે આંક;
સાંભળી વાતને ચમકયો મન. પુરા ભોગમાં પડયો રાજન
છ માસતો જોતામાં જશે, નીરબળ કાયા મારી થશે.
પછી કોઇ માનવાના નથી, મન વિચાર કરો સરવથી

વિચાર કરતાં એમ રજની ગઇ, વજીરે તધયારિ કિધિ નહિ
રાજ કુંવરને લઈ કરી, રાજ સભા વિષે સંચરી.
દીઠો કુંવરને હરખ્યા મન, રાણી બોલી હશી વચન.
તમ પાસ મોહનીછે વિધાય, વિહવળ કરી તમે મારી કાય.
એમ કહિને આપ્યા પાન, બહુ કરીને દીધાં માન.
ઇચ્છા મારી પુરણ કરો, સુરજની શાખે મુજને વરો.
રાજ પાટ તમારૂં સહી, સુખ ભોગવો મુજ ઘેર રહી;
દિવસ સારો જોઇને કરી, સુખ આપીસ તુજને સુંદરી.
રાણી રીઝી મન અપરમપાર, વળી રાગ માંડયો તેણેઠાર;
સમેદાની બળે ચોપાસ, ખાન પાનને લીલ વીલાસ.
કામરૂપ તો બેઠો છે સહી, રૂદે ભરાઇ આવ્યું છે તહીં;
કામકળા સંભારી નાર, તેની તોલે નહીં સંસાર.
વૈરાગ આવ્યો ને ઉભો થયો, ત્યારે રાણીએ બોલજ કહયો;
કેમ ઉઠયા તમ ચતુર સુજાણ, ત્યારે કુંવર મુખ બોલ્યો વાણ.
પીશાબ કરી આવું કહેબાળ, એમ કહી ઉઠયો તતકાળ;
મેહેલ વચ્ચે એક સુંદર બાગ રાજકુંવર આવ્યો તે જાગ.
ઘણા પુસ્પ ખીલ્યાં છે બહુ, વનસ્પતિનો પાર ન લહુ,
ઝાડ તળે એક બેઠો રાય, રૂદન દુઃખ સાંભળીયું કાય.
મિત્ર સાત સંભારે ફરી ફરી, કામકળા ન જાય વીસરી;
તેને વિજોગે કરે રૂદન કયારે જોઈશું તેનુ વદન.
ઘણુ રૂદન કરીયું તે ઠાર, બેહોસ પડયો ધરણી મોઝાર;
શરીરતણું તેને ચેનત નથી, એવે બીજું કૌતક થયું સરવથી.
આવ્યો પરીતણો ત્યાં સાથ, દીઠો તેણે ત્યાં પૃથ્વીનાથ;
રમવા કારણ તે નીસરી બહાર, ઉતરી તે સઉ બાગ મોઝાર.

દોહરા.

પરી જાત તે તરૂણી, ઘણી સુઘડ છે કાય;
પદમનિ હંશની ચંતણી, તેથી ઘણી શોભાય.
સરખી સમાણી સાહેલી, દશ ચોગણી નાર;
તે મધ્યે એક તારૂણી, રાજા તણી કુમાર.
તારાવતી નામ તારૂણી, આભુશણ ન પાર,
ઝબકી જાણે વીજળી, કામકળા અવતાર.
અંત્રિક્ષ હેઠે ઉતરી, જુવે વાડીને વંન;
પુસ્પ નાના પ્રકારના, દેખી રીઝયું મન;

રાજ કન્યા આગળ સહી, પાછળ રૂપાળી નાર.
ઝાડ તળે પડયો રાજવિ, આવી તેણે ઠાર,
મુખ તેનું શોભી રહ્યું, જાણે નિશાએ શુર.
કામ કામે મૃગ લોચનો, જોબનમાં ભરપુર;
વીરમે પામી પ્રેમદા, આ કારણ શું કહેવાય,
પ્રતિબિંબ પૃથ્વી પડયું, હજુતો ભય નિશાય,
પાસે ગઇ તે તારૂણી, દીઠું રઢિયાળું રૂપ;
સોભા તેની બહુ સહી નીરચે કો પૃથ્વી ભુપ.
દેવતાઇ હંશ કો પુતળુ, નહીં માનવનું ગાત્ર;
એ રૂપની આગળ સહી, આપણા તે કોણ માત્ર;
ગરવ મુકયો મનડા થકી, વિહવળ થઇ ને નાર;
તારા લેઉ ઓવારણાં કેમ સુતો આ ઠાર,
ઓછંગ લાધો તારૂણી, વસ્ત્ર શું ઢાળે વાય;
ચુંબન દઇ ચાપ્યો રૂદે, તમ બોલો હસીને રાય.
મોરછા આવી તેહને, નથી શુદ્ધ શરીર.
નારાવતી તે તારૂણી, લઇ ચાલી તે વીર;
ગડ પંખ અશ્વ પર બેઠી લઇ, વાયુ રૂપ તે જાય;
ચાર ઘડીએ આવી ઠગી, પોતાના ઘરમાંય.

ચોપાઇ.

તારાવતી પરીનું નામ, તે લઇ ગઇ પોતાને ઠામ;
પેલી રાણી જુવે છે વાટ, થયો મનમાં તેને ઉચાટ.
પીશાબ કરતાં આવડી શી વાર, જોવા કારણ નીશરી બહાર;
ખોળી વળી તે ખુણા ચાર, નહીં દીઠો ત્યાં રાજકુમાર.
બાગ બગીચા વાડી વંન નવ જડયો પેલો રાજન.
નીસાસો મુકયો અપરમપાર, કર ઘસીને રૂવે નાર,
મોહબાણે મને ઘાયલ કરી, કેમ ગયા તમો પરહરી,
ઇચ્છા મારા મનમાં રહી, જે ધારીયું મેં કારણ સહી;
ઘણો વિલાપ કર્યો તે ઠામ, મુખે ન મુકે તે નરનું નામ.
જળ વિનાની માંછલી જેમ, ઇંદ્રાણી રાણી તરપડે તેમ;
ત્યારે પદમાવતી બોલી વાણ, ઘેલાં થયા તમો ચતુર સુજાણ.
તેતો નહીં માનવનું રૂપ, દેવતાઇ હંશ કોઇ દેવ સ્વરૂપ;
મોહ પમાડી તમને છેતરી, આલોપ થયા માયા પરહરી.
ઠામો ઠામ તો ચોકી સહી, માલુમ વતી જવાય નહીં;

ઉડી ગયો તે આકાશ માત્ર, ન જાણુશો માણુસનું ગાત્ર.
આપણે નહીં પુરૂશનું સુખ, માટે તમ્ને મનથી દુઃખ;
એમ કહીને વળાવ્યું મંન, રાણી રડતી રાખી તે દીન.
આિઆ રાજનું રાખો નામ, શા સારૂ મુકાછો મામ;
એમ કહી સમજાવી નાર, હવે થયો ત્યાં પ્રાતસકાળ.
હવે કામરૂપની શી ગત થઇ, તેની વાત વિસ્તારૂ અંહીં.

દોહરા.

તારાવતી તે તારૂણી, પરી તણી સરદાર
મોહ પામી તે મનમાં ઘણું, લઇ ઉડી તે નાર.
જીત્રની પેરે જાળવે, ઉડે ગગન મોઝાર;
ચાર ઘડીમાં આવી ઠરી, જ્યાં પોતાનો ઠાર.
કાફુ નામ પાહાડ છે, તેમાં સઉનો વાસ;
મુકયો લાવી મેહેલમાં, રજા આપી સઉ દાસ.
સુખ સેજજે સુવાડિયો, વિનતા ઢોળે વાય;
દુર પથથી આવિયા, હજુ નિદ્રા ન પુરી થાય.
ચતુર નરને નિંદ્રા કશી, ઉઠે પૃથ્વી નાથ.
એમ કહી વળેગી ગળે. ભીડવા વાગી બાથ.
ત્યારે તે નર જાગીઓ, ટળી ગઇ મોરછાય,
બે બાકળો બેઠો થયો, કામરૂપ જે રાય,
તે નહી નગ્ર તે નારી નહીં, ન વજીર નહીં ગાનાર;
વિસ્મે પામ્યો મન વિશે, કરવા લાગ્યો વીચાર.
દુઃખનો પાર ન આવિયો લેખ લખ્યા મુજ ભાળ
તે તો ભોગવી છુટશુ, પણુ જોઉ આ બીજો ખ્યાલ.
એમ વિચારી બોલિયો, તમ વિનતા ચતુર સુજાણુ;
આ ઠામે કેમ લાવિયા, કહો મને નિરવાણુ.

ચોપાઇ.

તે નારી કર જોડીને રહી, હસી વચન મુખ વાણી કહી;
પુરવ જનમનું પ્રગટુ પુન્ય, તમ તણું પામી દરશન.
શિકાર કરણુ નીસરી બહાર, સખી સમાણી સાથે નાર,
પરી જાત હમો કામની, નહી ભુતળ બીજી ભામની.
રમતાં રમતાં ચાલ્યા વહી, સમીપ શેહેર એક આવ્યું તહી
તે રાણીની વાડીમાં સુજાણુ, ખીલ્યા પુસ્પ ત્યાં હરાડ બાર
મેહેલ વચ્ચે એક સુંદર બાગ, હમો ઉતરયા તેણે તો જાગ

પરયા બાગમાં આણી નેહ, નિંદ્રાવશ દીઠી તમ દેહ.
દીઠું રૂપને ભાગ્યો હંકાર, તમ સરખો કોઇ નહી શંસાર;
રૂપ કળાને લક્ષણ જોઈ, મારી કાયા તમ ઉપર મોહી.
ઉચકી લાવીછુ આણે ઠામ, મારી દેહમાં પ્રગટયો કામ;
રતુદાન તું મુજને આપ, સમાવ મારા તનના તાપ,
તારા નેણ બાણ કટારી ઘાય, તેથી મારો જીવડો જાય;
તુ મ્રત લોકનો માનવ સહી, મારી જાત તે પરીની અહી,
તારો હમારો સબંધ ન થાય, પણ માઈ મન મળવાને ચાય
માટે મારા હઇડાના હાર, તમને લાડ લડાવું અપાર;
તારૂં મુખ જોઇ પામી હોલાસ, સેવા કરૂં થઇતારી દાસ
કોઇનો ભયમનમાં નહીં ધરો. ભોગ વિલાશ મન ગમતાં કરો
હુકમ આણુ હમારો સહી, તમને કોઈ પુછનારૂં નહી;
માટે નીરભે રાખોની મન સુખ ભોગવો મુજ જોવન.
કાંમરૂપ ત્યારે બોલ્યો વાણ, કેમ લાવીં તુ ચતુર સુજાણ;
તેનો સંધે મુજને આઠાર, કેમ લાવી તું મુજને હાં નાર,
ઘણો કાયદો ને ચોકી સહી, ત્યાંથી મને કેમ લાવી અહીં
તારાવતી કહે સાંભળો ભુપ હમારી કાયામાં બે રૂપ,
એક રૂપ નવ જોબન નાર, બાજુ રૂપ પંખણીં અવતાર;
મુખ માણસનું શરીરે પાંખ, એ વાતે સુરજની શાખ.
સો જોજન ચાર ઘડીમાં ફરૂં, મનનૂં ધારયુ કાજ કરૂં.
રમવા કારણ નિસરી બાહાર, સખી સમાણી સાથે નાર
દીઠી શોભા ઉતરીયાં હમાં, પ્રભુ પ્રતાપે મળીયાં તમો;
દીઠુ રૂપને વરેહવળ થઇ, તમને ઉચકીને લાવી અંહી.

દોહરા.

સદેહ તમારો ભાંગિયો, તમે બાંગો મારી ભુખ;
કામ ભરી હું કામની, તમે આપો મને સુખ,
વન્હી રૂપે તારૂણી, ને ગ્રંથ રૂપે રાય;
વન્હી પિકે તાપથી, પીપળીને પ ણી થાય;
કંદ્રપવંતી તે કામની, વસ્ત્ર દીવ્ય શુભ કાય;
તે દેખી મોહ પામીયો, આલિંગન દીધું રાય.
નારી મનમાં રીઝી બહુ, ઉભી કરજોડી હાથ,
સુખ સેજ્યાપર લઈ ગઇ, ચાંપ્યો હૃદિયા સાથ.
કોકશાસ્ત્રમાં કુશળ છે, રમ્યો ઘણા આસન,

તેમ તેમ રીઝે તારૂણી, પ્રસન થઈ તે મંન;
ખાન પાન ભોજન ભલા, અમૃત મેવા હાર;
દીવ્ય વસ્ત્ર પેરાવીયા, આભુશણ શણગાર.
તેમ ફુલેલ ને અરગજા, કસતુરી ને બરાસ;
પુસ્પ નાના પ્રકારના, શોભા લીલ વિલાસ.
રાગ તાન કરે તારૂણી, રીજવે નરનું મન;
આલિંગન આપે બહુ, હસી કરે ચુંબન.
મોહ પામ્યો તે રાજવી, ન જાણે દિન ને રાત;
આઠ પોહોર ચોસેઠ ઘડી, રંમ ભોગની વાત.
વીસર્યાં મિત્ર સાતે જણા, વિસર્યાં કામકગાનુ નામ
હાશ વિનોદ ને રંગમા, ન જાણે દિવસ ને જામ.
કયાં ઉગાયો કયાં આથમ્યો, નહીં નીસરવું બહાર
મોજ કરે નાના પ્રકારની, નઉતમ નર ને નાર.

ચોપાઇ.

મોજ કરે તે નરને નાર, તેના સુખ તણો નહીં પાર;
નર નારી બેહુ કરે કલોલ, રાગ રંગમા ઝાકમઝોળ.
જેવી નારી તેવો છે નાવ, લેછે નિત્યે લાખેણો લાવ;
અળગા ન રહે એકજ ઘડી, એવી પ્રીત બનેને જડી
નગ્રમાં ચાલિ સઘળે વાત, આ નારિએ માંડયો ઉતપાત.
કુંવારી કન્યા રાજાની બાળી, માનવિ સાથે લાગ્યો ખ્યાલ;
બોળ્યું સાત પેહેડીનુ નામ, એની વાત થાય બધે ગામ;
અઘટ તે મારગ ચાલી એહ, ધિકકાર પડયો વિનતાની દેહ
કોઈ કહે જાણશે એનો બાપ, ત્યારે ફુટશે સઘળુ પાપ;
રાજા કરશે એહેની ઘાત, નિશ્ચે કરીને માનજો વાત.
કોઇએ જઇને વાતજ કહી, જે નરસું વીવાહ મળીઓ સહિ
તે પણ પરીતણો છે રાય, શિધર નામ તેહનુ કેહેવાય;
તે આગળ કહિ લોકે વાત, તારી નારી કરે ઉતપાત.
મરતલોકનુ માનવ સહિ, તે સાથ ઘર માંડીને રહિ;
ત્યારે શીધર મુખ બોલ્યો વાણ, તમે બોલોછો વાત અજાણ;
આપણે માણસને મેળજ નહી, એ કેમ સાચું માનુ સહી
જે જેમ શોભે તે તેમ હોય, એ વાત સાચી માને ન કોય.
સિંહણ કેમ જઈ મરગને મળે, હંસણી બગલો શું કેમ બળે
પોપટ કાગનો નવ કરે સંગ, મરકટ કોટે નવ શોભ નંગ;

પરીને માનવી શોભે નહિ, તમે જુઠી વાત કરોછો સહી.
વાત જુઠિ કરો તે સાર, પણુ મનમાં તમો કરો વિચાર;
સાચુ જુઠુ કેમ જણાય, મનનો સંધે કઇ પેર જાય
મોકલું માણુસ કોઇ લાવે ભાળ, ચડયો રાજાના મનમાં કાળ
તેવે આવ્યા તેના બેહુ મિત્ર, રાખસ જાતછે પરમ પવિત્ર
માયા વહીછે તે નામ, મળી ભેરી બેઠા એક ઠામ;
એક વાતની મને ચિંતા થઇ. તે તમથિ ટળિ જશે હોઇ;
કોકાફ છે પાહાડનું નામ વિવાહ થયો છે મારો તે ઠામ.
રાજાની પુત્રી છે તહી, તારાવતિ નામે તે સહિ;
તેનિ ચરચા જુરો જઇ ભ્રાત, મને પછિ આવિ કોહો વાત
તે વિનતા વ્યભિચારિ થઇ, તેનિ વાત આવિ છે અહીં;
તેવું દેખો તો તે નર ઝાલજો, બાંધિ કરીને આં લાવજો.
કોઇને વાતનિ ખબર ન થાય, એવું કામ કરજો જઇ ત્યાંય.
માયાવહી કેહે એ તે શું કામ એમ કહિ ચાલ્યા તે ઠામ.
અમારિ માયાનો પારજ નહિ, જોઇશું ચરચા તેનિ તહિ.

દોહેરા.

માયાવહિ બેહુ આવિય, કાફુ પાહાડ કહેવાય;
પેઠા શેહેરમાં પ્રિતથિ, નવ દેખે કોઇ ત્યાંય.
જોઈ રચના તે શેહેરનિ, પછી ગયા રાયને ઘેર;
દીવ્ય કામ શોભી રહ્યું જોયા મેહેલ બહુ પેર.
જોતાં જોતાં આવિયાં, કુંવરી કેરે ઠામ;
ત્યાં રચના દિઠી, અભીનવી, ઘણું મિનાકારી કામ.
છત્રિશ વાજાં વાગિ રહ્યા, નાટારંગ ત્યાં થાય .
માયાવહિ બેહુ આવિયા, દીઠી સૌ રચનાય.
તારાવતિ તે તારૂણિ, બેઠી નરની સંગ;
અમલ વસ કાયા કરી, મચિ રહયો ત્યાંરંગ.
એકેકને સુંબન કરે, કંઠે ઘાલે હાથ.
રાગ રંગ કરે અમલ વસ, મગન ઘણો સૌ સાથ;
નિદ્રા વસ સૌ દાસિ થઈ, ગઈ છે મધ નિસાય.
નારિ સુતી નર કને, કંઠે, વળગિ બાંહે:
રાક્ષસે મન વિચારીયું, જુદા પડે નરનાર,
તો તો લઈ જાઉ એહને, જ્યાં છે મીત્રના દ્વાર
એવામાં ઉઠિ તારૂણી, ગઇ પિશાબને બાર;

પલંગ સુદ્ધાં લઇ ઉડીયા, રાક્ષશ તેણી વાર.
નારી આવી મોહોલમાં, નવ પલંગનું નામ;
મનનો માન્યો મળે નહીં, રૂદન કરે તે ઠામ.
દીપક લઇને નિહાળતી, ખોળીવળી ખુણા ચાર;
નિરાશ થઇ બેઠી પછે, કરવા લાગી વિચાર.
દાશીઓ જગાડી પોતાતણી, ધાંટે રાણી રોય;
ગયો ભોગી મન ભાવતો, હરણ કરી ગયું કોય.
દાશી કરને ધશે વળી, એ કારણ શું કહેવાય;
હીંડોળા સુદ્ધાં હરી ગયું, અચરત પામે સહુ કાય.
દાધી ખાધી કોને કહે, સમજી રહી મનમાય;
જેમ કુવો કરે છાંયડી, કુવા માંહે સમાય.

ચોપાઇ.

નારી મન વાળીને રહી, રાખશ પલંગ લઇ ચાલ્યો સહી;
સિધર રાયશું બોલ્યા વાણુ, આ સરીખ તમારો નીસ્ચેજાણુ
તમારી વાતનું મળ્યું દ્રષ્ટાંત, દીઠું દ્રષ્ટે ભોગી મન ભાંત.
હવે ઝબકીને જાગ્યો બાળ, પાસે દીઠું કૃતાંત કાળ.
રાણી મહેલ સાહેલી નહી, કામ રૂપ ત્યાં દીઠા સહી;
દીઠે સીધરે ઉઠે ઝાળ, તારો આવી પોહોચ્યો કાળ.
પેહેરાવી બેડીને દીધો માર, તારૂ મુસ્તક છેદુ આ ઠાર;
ફરી કરે નહી એવું કામ, તને દુખ દઇ મારૂ આ ઠાર.
પરી જાત હમારી કાય, તુ માનવ થઇ રહયો ઘરમાંય.
એબ લગાડી અમ કુળને સહી માટે જીવતો મુકું નહી.
ત્યારે કામરૂપ મુખ બોલ્યોવાણુ, સાંભળો તમે ચતુરસુજાણ.
પછી તોળજો ન્યાય અન્યાય, તકશીર હોયતો છેદજો આઠાર
બીન તકશીર છે મારી જાત, નીસ્ચે કરીને માનજો વાત
ચતુર નર મન વિંચારો સહી, મારી તકશીર મુદ્દલમાં નહી
અમો જાત માનવની કાય, કઇ પેરે આવી શકીયે હાય.
પીર પેગાંબર જક્ષ કીનરની કાય, તેથી પાડ ચડયો નવજાય
કોણ ગજુ અમ માનવ તણું, શત વચન તમઆગળ ભણું
હુંતો દુખીયો છું મારી કાય, કહેતાં શાહેરનાં નીર સુકાય
ઘણું દુઃખ પડ્યુ મુજ તન, કહેતાં નીસરી પડે લોચન.
પરદેશી પંથી મુસાફર જાત, સુતો જંગલમાં પડી રાત.
મધ નિશા ગઇ જેટલે, અંત્રીક્ષથી વિનતા ઉતરી તેટલે.

હું નીદ્રામાં સુતો સહિ, નાર ઉચકી મુજને ગઇ
મુકયો પાહાડમાં સુંદર મેહલ, કરી ચાકરી મારી બહુ પેર
એ વાતે સુરજનિ શાખ, છેદો શિર હોય હમારો વાંક.
બ્રહ્મહત્યા ગૌહત્યા જાણુ, જો બોલ્યો હોય જુઠી વાણુ.
એતો કહયો મેં મારો પ્રકાર, તમને ગમે તે કરો આ દાર.
એવાં વચન કામ રૂપે કહ્યાં, તે રાણીએ મેહેલમાંથી સણ્યાં.
તે સીધર રાજાની માએ, ચંદ્રાવતી નામે કહેવાય,
સાંભળી વાતને રીઝી મન, પુત્રને આવી કહ્યાં વચન.
મેંતો સાંભળી એની વાત, શતવાદિ જો નરની જાત.
પરી આગળ શું એહવું જોર, માણુસ રૂપ તે ચાકર ચોર
ભાળવી કરી લાવી ભામની, તકસિરવાર તારી કામની.
બિન તકશિર નર છે આપ, એને મારવાનું મોટું પાપ
માટે ગુન્હો તું કર એનો માફ, જીવતદાન એ નરને આપ;
ગોત એતું લાવ્યું સરવથી, અહીં આવ્યો તે જીવનારો નથી
વાઘ વરૂ જંગલમાં સહિ, એને ભક્ષ કરવાના અહીં;
માતાના વચન ચડાવિ શીશ, માતા વચન તેડયા તે દિશ.
કરજોડીને બોલ્યો વાણુ મુજ માતાનું વચન કરો પ્રમાણુ.
સમુદ્રને કાંઠ મુકોજઇ એને સુઝ પડે ત્યાં જાસે વહિ.
રખે એનિ તમે કરતા ઘાત, વચન ભ્રષ્ટ થશે મુજ માત;
એમ કહિ સોપ્યો રાજકુમાર, રાક્ષશ લઇ ચાલ્યો ગગનમોઝાર
ચાર ઘડિમાં આવ્યા સહિ, સમુદ્ર કાંડે તેને મુકયો જઇ
રાક્ષશ બોલ્યો તેણે ઠામ, ભજ બેઠો પ્રભુતું નામ.
નથિ બચવાનો તું ક્યાંય, વનચર વાઘ કરડિને ખાય;
એમ કહિને રાક્ષશ ગયા, તે પોતિકે ઠામે થયા;
હવે કામરૂપને વિતુ કાય, તે વાત વિસ્તારૂ ક્યાંય.

દોહોરા.

માયાવહિ મુકિ ગયા, સમુદ્ર કેરે તિર;
બિજી પાસ ઝાડિ ઘણિ, દેખિ ન રહે ધીર.
રૂદે ફાટે રૂદન કરે, જોવા લાગ્યો ચોપાસ;
સ્તુતિ કરી પરિબ્રહ્મનિ, મુજ મનનિ પુરજો આશ,
અનેક દાસ આગળ થયા, તેના પુર્યા કોડ;
તેમ આશા મારિ પુરજો, સ્તુતિ કરે કરજોડ
મુજ નોધારાને તુજ આશરો, ઉગ્યા દુખના ઝાડ.

દુખભંજન દયાનિધિ, પાળજો મારા લાડ
કામકળાને મેળવો, મેળવો મુજ પ્રધાન;
મિત્ર સાતને મેળવો, દો મને જીવતદાન.
એમ સ્તુતિ કરે ઇશની, ચાલ્યો જંગલમાંય;
ઘણો પંથ તેણે કાપિયો, કાયર નર ફાટિ જાય.
કરાડા કોતર ઉતરે ચડે, ગફા ઘણીને રાન.
વાઘ વરૂ બોલે ઘણા, નથિ શુધને શાન.
ઘણા દીવસ વનમાં ભમ્યો નહિ વસ્તિ નહીં વાટ;
કંઠ સુકાવા માંડિયો, પણ નહી પાણીનો ઘાટ.
ભુખ તરશ પિડે ઘણાં, હીમ્મત ન મુકે કાય;
એવે જંગલ એક આવિયું, તેમાં દિઠિ ઘણિ શોભાય.
મેવો નાના પ્રકારનો. સુંદર સરોવર નીર;
વૃદ્ધ પુરૂષ એક દિઠો સહિ, સરોવર કેરે તિર.
પ્રસન થયો મનડા વિશે, કિધા મનુષ્ય દરશન;
વ્રધ્ધ પુરૂશ દેખિ કરિ પગે લાગ્યો જઇ તન.
ઘણિ ખુશાલિ મનમાં થઇ, જાણે જન્મ્યો આજ;
વસ્તિમાં હું આવિયો, હવે સરસે મારૂં કાજ.
એવું ધારિવું મનડા વિશે, આણંદ ઘણેરા હોય;
દેવની ગતિ અભિનવિ, કળિ ન શકે કોય.

ચોપાઇ.

તુટયો મુલબ ઘુટણથિ નહિ પાય, ત્વચા ઝુરે નહીં હાડકું માંય
પશુની પેરે ચાલે સહી, મેવો ખાય જંગલમાં રહી.
પુરૂષ જાતે ઠગારા બહુ, તેના છળભેદનો પાર ન લહું;
ઘણા મધુરા બોલે બોલ, જાણે જીભ અમૃતની છોલ.
કોઇ પરદેશી આવે જન, તે સાથ બોલે મધુર વચન.
છળ ભેદ પરપંચ કરી, બસે તેની કાયા પર ચડી.
મડા ગાંઠ વળીને જાય, ફરી છુટવાનો નહી કાય;
મારે છે ઉપરથી માર, દીવસ રાત રેહેછે અસવાર,
મુવે છુટકો તેનો થાય, કામરૂપ ત્યાં આવ્યો રાય;
વરધ પુરૂશની બેઠા પાસ તેણે દીધી સબળી આશ.
કયાંથી આવ્યા ભાઇ જાસો કહીં, ધન ભાગ્યમારૂં તમ આવ્યા અહીં;
હમારે ઘેર પરોણા રહો, કામ કાજ કંઇ હમને કહો.
રાજવંશી રળીઆળું રૂપ, કેમ નીસર્યા પરદેશી ભુપ;

હવડાં પુત્ર મારો આવશે, તમ દેખા રળીયાતજ થશે.
તમારૂં સંકટ જે કંઇ હશે, તે મને કહ્યાથી સરવે જશે;
સઘળી વાતે છું હોશિયાર, શું વખાણું મુખે આ ઠાર.
દેખાડું તમને ખુલ્લુ દ્રષ્ટાંત, ભાગશે તમારા મનની ભ્રાંત;
એવી વારતા તેણે કહી, તે રાજકુંવરે મનમાં લહી.
જાણ્યો કોઇ ગુણનો ભંડાર, પણ તેના ફેલ તણો નહીં પાર.
વળી બોલ્યો મુખ મધુર વચન, તેમ તેમ કુંવર હરખે મન;
સુરજ આથમવાની વખતજ થઇ, તોએ તે નર ઉઠયો નહીં.

રાજકુંવર કહે તમો વૃદ્ધ કાય સુરજ આથમ્યો છે હાય;
ચાલો ઘેર હવે જઇએ સહી, રાજકુંવરે વાણી કહી,
ત્યારે તેણે ક્રોધ કર્યો અપાર, પુત્રને ગાળો દીધી હજાર;
મારી કાયા જીરણ થઇ, મુજથી ડગલુ ચલાએ નહીં.
મને વાડી જોવાનું મન, મુકી ગયો પણ આવ્યો ન તન;
કંઇ એક પડયો પોતાને કાજ; નથી મનમાં તેને મારી દાઝ.
એમ કહીને રોયો અપાર, ત્યારે દયા આવી રાજકુંમાર;
મારી પીઠ ઉપર બેસો તમે, તમને ઉચકીને જાશુ હમે.
ત્યારે હરખ્યું ત્યાં તેનું મન, ધન ધન તું મારો તન;
શું એશિંગળ થઇશ તુને, તુતો ઉચકી જાશે મુને.
એમ કહીને વળગ્યો ગળે, રાજા ઉચકીને તેને વળે;
ડગલાં દસ વીસ ચાલ્યો જેટલે, સેર થઇ બેઠો તેટલે.

દોહરો.

ખોંખારી નર તે બોલીઓ, ચાલો વેહેલા આ ઠાર;
તું મારો ઘોડો સહી, ને હું તારો અસવાર.
તારા દિવસ નબળા સહી, મારા પુન્યનો ન પાર;
પરમેસ્વર પ્રસન થયા, મોકલ્યો તને આ ઠાર.
વૃધ કાયા મારી થઇ, નવ ધસાયા પાય;
સ્તુતિ કરી મે પરબ્રહ્મની, મોકલી દીધો આ:વાર.
એમ કહી ચાબક કર ધરી, ખેંચી મારી તે ઠામ;
દોડની તું ઉતાવળો; પોંચીએ વેહેલા ગામ.
રાજકુંવર વિરમે થયો, આ કારણ શું કહેવાય;
મેં દયા ભાવ આણીયો, પણ ડાકણ દયાને ખાય.
વજ્જર થઇને વળગીઓ, ગાંઠ વળી ગયા ચરણ;
રાજકુંવર દુ:ખ પામીયો, આવી પોતું મરણ.

છળ કરી મને છેતર્યાં, તમે ગણ્યો પુત્રને ઠામ;
શરણું આવે તેને પાળવો, એમ કહે ગમ્ખા ઠામ.
શી તકશીર મેં તો કરી, વીમાસી જુવો વાત;
ઘડી એક હેઠા ઉતરો, વિશ્રામ કરૂં આ ઠાર.
વળી બેસાડીસ પીઠ પરે. લઇ જાઉં શેહેર મોઝાર;
પેર પેર ઘણો વીનવ્યો, નવ માન્યું લગાર:
વજ્જર લેપ થઇ વળગીઓ, દુઃખ પામ્યો રાજન;
કષ્ટ પામે કાયા વિશે, ઘણું વિમાસ્યો મન.
દયા નહીં તે દુષ્ટને, મારે ઉપરથી માર;
દુઃખે પાપે આવીઆ, તે ગામના મોઝાર,
જુવેતો લોક સૌ તુટીઆ ઘુંટણુથી લુલા પાય.
સ્વાન પેરે ફરે સહી, તે નગરની માંય:
કોઇ નર ઘુટણુ ઘસતા ફરે, કો નર ઉપર સવાર,
રાત દિવસ તે પર સહી, કરતાં નિંદ્રા ન ઠાર;
દુઃખે કાયા થઇ દુબળી, નેત્ર વહે જળ ધાર.
પણુ દુષ્ટને દયા નથી, મારે ઉપરથી માર:
રાજકુંવર તે જોઇને, મુકે મન નિશવાસ.
મુવે છુટવાનો નથી, પડયા પાપીની પાસ.

ચોપાઇ.

વળી હિમ્મત તે મનમા ધરે, કાયર થકી તો કામ ન સરે;
એરા પણુ દાહાડા વહી જશે, લખ્યા લેખ જ્યારે પુરા થશે.
એમ વીચારી વાળ્યું મન, દુઃખ વેહે છે રાતને દીન;
રાજકુંવર મન કરે વિચાર, પરપંચ વિના ન આવે પાર;
જેવો પરપંચ એણે કીધો સહી, તેવો મારે કરવો અંહી
હણુતાને હણુવો આ ઠાર, તેનું પાપ નથીરે લગાર.
કાંઇ ચતુરાઇનું કરવું કામ, સઉને મુકાવું આ ઠામ;
એમ વિચાર કરે જેટલે, તે વૃધે સવારી કરી તેટલે.
ગયો પોતે વાડી મોઝાર, મેવો ઘણો ખાધો તે ઠાર;
રાજકુંવરે પણુ ખાધો તંહી, પછીતો મુખે વાણી કહી.
આ અંગુરનો ગુણુ ઘણો સરવથી, તમે કોઇ ખાઇ જાણુતા નથી,
અંગુરનો તો દારૂ થાય, તેનો ગુણ કહ્યો નવ જાય
પીએ પ્યાલું એક હેતે કરી, ખુશી ઘણો રેહે મનનાં ઠરી;
જાણે પામ્યો સરગનુ સુખ, ઘણું લોહી આવે છે મુખ.

સુખ ફળા શોભે ધન ઘોર, બાર વાઘનું આવે જોર;
સુરાપાન છે એનું નામ, સુર વ્યાપે કરે સંગ્રામ.
ભાંગ્યા હોય તે સાંધે હાડ, વઈદ ન જુવે તેની નાડ;
સદા ખુશાલી મનમાં રહે અંગ, વૈભોગ કરે મનગમતા રંગ
વાઘની પેરે. મારે ફાળ, શત્રુ તણો તો આણે કાળ.
એટલો ગુણ એમાંછે સહી, પણ તમો કેળવી જાણો નહીં;
વૃધ પુરૂષ નવ જોબન થાવ, એવો એ ફળનો મહિમાવ.
એવી વાત રાજકુંવરે કહી, વૃધ્ધ પુરૂશે તે મનમાં લહી;
બાઇ તમે વાત કહી તે ખરી, તેતો મારા મનમાં ઠરી.
હમારી પાસે હુન્નર નથી, માટે ફળ ખાઇએ સરવથી;
તમ પાસે જો કીમ્મત હોય, તો કરી દેખાડો હમને સોય.
તમારા જીવને બનાવું સહી, બાકી હુન્નર દેખાડું નહીં
લીધા અંગુર ત્યાંથી અપાર, બીજો સામાન લીધો તે ઠાર
જાયફળ જાવંત્રી પત્ર તમાલ લવેંગ એલચી ઝુમીછે ડાળ
પીઠ ઉપર બેઠો પેલો જાણ, માથે ભારો લીધો નીરવાણ.
આવ્યો મુકામ ત્યાં રહયો ઠરી, ઘણી કેળવણ તેની કરી.
સાત દીવસ ગયા એમ વહી, સીધ્ધ કામ કર્યું ત્યાં સહી;
તેયાર સુરા તાં કીધો જાણ, પછી વૃધ શું બોલ્યો વાણું
જુવો તમાસો એનો આજ, શીધ્ર થશે તમારાં કાજ;
વૃધ કાયા નવ જોબન થશે, દુઃખ દોહલાં એમાંથી જશે

દોહરો.

એમ કહી પ્યાલો આપીયો, તે વેળા તે દીસ;
વરધે પીધો પ્રેમશું, પ્રથમ ચડાવી શીશ.
હોશિઆરી આવી કાયા વિશે, અમલ વશ થયું અંગ
હાશવિનોદ ને ચાતુરી, કરવા લાગો સંગ.
એકેક પ્યાલો નિત્ય લએ, દીન વીતા એમ ચાર;
છળ ભેદ તો કરવો હવે, કુંવરે કીધો વિચાર.
ભેદ પ્રપંચ કીધા વિના, નહીં થાય મારૂં કામ;
જુદો પડે કાયા થકી પોંચ મનની હામ.
એમ વીચારી બોલિયો, વૃધ પુરૂશની સાથ;
રીસ ન કરો મુજ ઉપરે, કહું એક તમને વાત.
ત્યાર તે નર બોલિયો, શું કહે મને આ ઠાર;
રીસ ન કરૂ તુજ ઉપરે, કહે મને વીસ્તાર.

રાજકુંવર મુખ બોલીઓ, નવી વસ્તુ જે હોય;
એકલા ન આરોગીએ, તુ મન વીચારી જોય.
તેડો તમારા મીત્રને, કરો આજ મીજમાન,
મેવો નાના પ્રકારનો. કરાવીએ મધુપાન.
તે બીચારા શું જાણશે, એ વસ્તુનો સવાદ;
માટે તેડો તમે પ્રીતથી, આણી મન હોલાદ.
એ વચન સુણી રાયના, હરખ્યું લુલાનું મન;
અસવાર નામે ગામમાં, તેડયા કરવા ભોજન.
મેવો નાના પ્રકારનો, મુકયો મુખ આગળ સાર;
પછે મધુપાન આપીયું, ક્ષણું ન લાગી વાર.
નવીન વસ્તુ પેદા કરી, એ પીધાથી થશે સુખ;
આણંદ મનમાં તો થશે, જાશે તમારૂં દુઃખ.
એમ કહીને કર આપીયો, પીએ સરવ સભાય;
સ્વાદ એનો અભિનવો, સઉ આણંદ મનમાંય.
ફરી પ્યાલો બીજો આપીઓ, ત્યારે થયો સેર સમતોલ;
હાસ વિનોદ ને ચાતુરી, બોલે મધુરા બોલ.
ત્રીજો પ્યાલો વળી ફેરવ્યો. તેથી મસ્ત થઈ કાય;
હાથી મસ્તીમાં આવીયા. તેમ થઇ સરવ સભાય.
સુધ ન રહી શરીરની. બેહોસ થઇ સઉ કાય;
શરીર તણું ચેતન ગયું. સૌ પડયા અવની માંય.
મડા ગાંઠ છુટી ગઇ, લળગી રહીતી તન;
કોઇ કયાં ને કોઇ કયાં પડયો, ખુશી થયા સૌ જન.
રાયને સઉ ચરણે નમ્યા, ફરી અતરવા સૌ જન;
આ બંધનથી છુટીયા, તે તો તમારૂં પુન.

ચોપાઈ.

એમ કહી સૌ ચરણે નમ્યા, ઘણા લોક પાપીએ દમ્યા;
વીસ્વાસ આપીને કરી છે ઘાત, નથી પાપી કોઇ એવો જાત.
નીર્દય દુષ્ટ દયા એને નહીં, ઘણા મુસાફર દમ્યા સહી;
પરમેસ્વરે મોકલ્યા તમો, તમારી ચાતુરીએ છુટા હમો,
હવે તમે કહો તે કરીએ કામ હમે સઉ ચાકરને ઠામ;
જીવતદાન તમે આપ્યું આજ, સરીઆ સઉ સેવકનાં કાજ
તમે કોહો તેમ હમે કીજીએ, વચન તમારૂં શીર લીજીએ;
રાજકુંવર મુખ બોલ્યો વચન, હું વાત કહું તે ધરજો મન

એણે સરવ દમી આપણી કાય, માટે નવ ગણવી હત્યાય
વિશ્વાસઘાત મોહા પાપી સહી. એને મારીને નાખો અહી
વળી દમશે મુસાફરની કાય, માટે નકશો બજાવવો હાંય
હણતાને તો હણીએ માર, તેનું પાપ નથી લગાર,
માટે એને તો મારવા સહી, કોઇને જીવતા મુકવા નહીં.
ફરી કરે નહીં એવું કામ, માટે મારો સઉને આ ઠામ;
જે ઉપર જે હુતા અસવાર, તે નરને મારો તે ઠાર.
પાશ્ચાણ મારીને લીધા પ્રાંણ, પછે ત્યાંથી ચાલ્યા સઉ નીરવાણ;
એક મજલ સઉ સાથે રહ્યા, રાજકુંવરે બોલજ કહયા.
ભાઈ જાઓ સઉ તમારે ઘેર. સજનને મળો બહુ પેર;
પરમેસ્વરની થાશે મેહેર. ત્યારે જવાનો હું તો ઘેર,
ત્યાં લગન જવાનો નથી, તમ આગળ હું કહું સરવથી;
રજની વાસો રહ્યા ત્યાં ગય, વાહાણું વાયે સઉ કર્યા વદાય
એક પુરુષ તેમાંથી રહયો, તેણે મુખથી બોલજ કહયો;
હું ન મુકુ તમારો સાથ. નિશ્ચે કરીને માનજો વાત
જો છાયા દેહને મુકે સહી, તો તો તમને મુકું અહીં;
જીવતદાન તમે આપ્યું કાય, માટે ઓશીંગળ થાંઉ હયાંય
અહરનીસ સેવા તમારી કરૂં, વચન શીશ બોલો તે ધરૂં;
રાજકુંવરે વિચારીયું મન, છે કોઈ ગુનીઆતનું ફરજન.
રહીશું બંને મળીને ભ્રાત, સુખ દુઃખની કરશુ વાત;
એમ વીચારી રાખ્યો તે ઠામ, મિત્રચંદ છે તેનુ નામ,
કદરૂપ કાયા બેહુની કથી, તે થકી ઓળખાતા નથી.

દોહરા.

રાજ કુંવર મુખ બોલીયો, રહો ભાઈ મારી સાથ;
નામ ગામ શું તમ તણું, કેમ ચડયો પાપીને હાથ,
ચાતુર નર દીસો તમો, કેમ તજ્યા ઘર કામ;
શા દુઃખે જંગલ વસ્યા. સાચું કહો આ ઠામ.
ત્યારે તે નર ઓચરો, નેત્રે ચાલી ધાર;
દુઃખ કહેતા દરિઓ સુકશે, ન ધરશે પૃથ્વી ભાર.
આભ પડે તારા ખરે, એવું મને પડયું દુઃખ;
કાળજા ફાટે પ્રાંય તણા, સુણતાં મારે મુખ.
ધીરજ તમને રહે નહી, સુણતાં મારી વાત.
કોમળ કાયા તમ તણી, તેમાં થાશે કાંઇ ઘાત.

રૂદે વજાજર છે માયરૂં, નથી જતો મુજ પ્રાણ;
દુઃખના માથે ડુંગરા, શું કહું મુખથી વાણ.
રાજકુંવર મુખ બોલિયો, મુજ હત્યા તું શીશ,
તમારા દુઃખની વિનતી, માંડી કહો આ દીન.
રાખી વાત કરો તમ, બ્રહ્મહત્યાદીક પાપ;
માટે સાચું બોલજો, જે વાત હોય આપ.
ત્યારે તે નર બોલિયો, અજોધ્યા મારૂં ગામ;
રાજપત ત્યાંનો રાજીઓ, હુ રહું તેણે ઠામ.
મિત્રચંદ નામ માયરૂં, હું વજીરનો તન;
કામરૂપ નામે રાજકુંવર, તે માર હર્યું મન.
જીવ એક કાયા જુદી સહી, એટલું કહ્યું તે ઠાર;
કામરૂપે તે સાંભળ્યું, પડયો ધરણી મોઝાર.
મિત્ર એતો મારો સહી, મુજ દુખે દુખીઓ થાય;
હઇડે દીઓ આવિયા, પડયો તે ધરણી માંય.
નેત્ર દાબ્યા જઇ તેહને, ચાંપ્યો રૂદે મોઝાર;
મેં તો ના તમને કહી તમે સમ ઘાલ્યા આ ઠાર.
નામ ગામ મેં કહયું સહી, નથી કહી દુઃખની વાત;
તેટલામાં પૃથ્વી પડયા, તમો ઉઠો મુજ ભ્રાત.
રૂદન કરે ચાંપે રૂદે, વળી ઢોળે છે વાય;
તેવે જાગી ઉઠીઓ, કામરૂપ જે રાય.
રૂદન કરતો વળગ્યો ગળે, ભેટયો ભુજની બાથ;
કામરૂપ હું તાહેરો, તું મિત્રચંદ મુજ ભ્રાત

ચોપાઇ

એમ કહી વળગ્યા બેહુ બાથ, ભેટયા બંનો રૂદિયા સાથ;
હરખ આંસુ બેહુને થાય, સુખ દુખની કરે વારતાય.
કદરૂપ કાયા બંનોની થઈ, સમુદ્ર વિશે જઇ નાહ્યા સહી;
પાછા શુદ્ધ થયા શરીર, બેઠા બંનો બાવન વીર
રાજપુત્ર પછી બોલ્યો વાણ, મિત્રચંદ તું ચતુરસુજાણ;
શું વીતું તમારી કાય, કેમ આવી પોતો તું હોય.
જે વીતું તમારી જાત, તે વિસ્તારી કહો મુજ ભ્રાત;
ત્યારે મિત્રચંદ બોલ્યો મુખ, તમારા વીજોગે પામ્યો દુઃખ,
ભાગ્યુ પાટીઉ જુદા પડયા જાણ, મેં તો ડુબવા માંડયુ નીરવાણ
તમે સમ દઇને ના કહી, જીવતા હોશું તો મળશું સહી.

એમ ધીરજ તમે આપી રાય, પછી તણાયો હું જળનીમાંય
બહુ પવન હાથી વરસાત, કાળ અંધારી માઝમ રાત.
થાય વીજળીના ચમકાર, ભર સમુદ્ર ન આવે પાર;
કીધુ જોર પાણીએ બહુ, પાટીયું મુજ કરમાંથી ગયુ;
અધાત જળનો ન આવે પાર, તે મધ્યે હું પડયો નિરધાર
ઇશ્વર માયાનો પારજ નથી, ત્યાંથી હું ઉગર્યો સરવથી.
હાથ મારવા લાગ્યો અપાર, એવે ઝાડ આવ્યું કર મોઝાર.
તે ઉપર હું બેઠો ચડી, હિમ્મત રાખી મનમાં તે ઘડી,
વાયુ વેગે તે ચાલ્યું જાય, જાણે નોકા ચાલે જળમાંય.
એમ કરતાં થયો પ્રાતસકાળ ત્યારે પવન રહયો નિરધાર:
સુરજનું તેજ થયું પ્રકાશ. ત્યારે મને આવ્યો વીસ્વાસ.
આંખ ઉઘાડી જોયું સહી, બેહોસી જોતામાં થઇ;
જઇ ઉપર બેઠો તે નહી ઝાડ, દીઠો મગર એક મોટો પાહાડ
તેની પુંછડી આવી હાથ, વળગ્યો બીડી મુજને બાથ;
તે દેખીને ધ્રુજી મારી કાય, જો દેખે તો કરડીને ખાય.
શું કરૂં ત્યાં બીજું કામ, જપવા લાગ્યો પ્રભુનું નામ;
સુસવાટ ભેર તે લાગ્યું વહી, દરીઆ કીનારે નીકળ્યુ સહી
તેહ તણો હું કહું વીરતાંત, શા કારણ નીકળ્યું જળથી બાહાર
દરીઆ કીનારે રેતી પાર, મધ્યાનકાળ તપે તે ઠાર,
પીઠ સેકવા નીસરે બાહાર, આલોટે તે રેતી મોઝાર;
પૃથ્વી ઉપર ગયું જેટલે, હું ઉઠીને નાઠો તેટલે;
પાછું ફરીને જોતો જાણુ, રખે આવીને લે મુજ પ્રાણ.
એવું મન વીચાર કરી, નાઠો મોત મુઠીમાં ધરી;
વળી આગળ ચાલ્યો જેટલે માણસ એક દીઠું તેટલે.

દોહરો.

પાસે તે નર આવીયો, પ્રચંડ સરખી કાય;
ખાંધે બેસાડયો મુજને, લઇ ચાલ્યો વનમાંય.
અઘોર વનમાં લાવીયો, ત્યાં એક મોટો પાહાડ;
તે મધ્યે ઘાલ્યો મને, પછી પાછું દીધું દ્વાર.
વળી આગળ લઇ ચાલીઓ, ત્યાં દીઠો સુર મુકામ;
માણસ દશવીશ ત્યાં સહી, મને મુકયો તે ઠામ.
તે સાથ હું ન બોલીયો, મને તમારૂં ધ્યાન દીનરાત:
ક્ષણ માત્ર સુનો રહુ, નેત્ર ઝરે જેમ વરસાત.

તે લોક મન વીચારીયું, ગાંડો છે નરની જાત;
મરવા લાગ ડરતો નથી, કાલે થવાની ઘાત.
મોત શકુના આવીયા, કાલે જવાના પ્રાણ;
ધાર નેત્ર આંસુ ઝરે, એમ બોલ્યો મુખ વાણ.
મેં વાત પુછી તેહની. લીધો તેનો પાર;
શા સારૂ રૂદન કરો, મને માંડી કહો વીસ્તાર.
ત્યારે તે નર બોલીયો, તમને લાવ્યા રાક્ષસ જાણ;
હમને પણ તે લાવીયો, છળ કરી નીરવાણ.
ઘણા રાક્ષસ હઈઆં સહી, તેમાં એક સરદાર;
તેને ભક્ષ માણુસ તણું જોઈએ છે આ ઠાર.
એક માણુસને તે સહી, ભક્ષ કરે આ ઠામ;
ત્યાર પછી તે નીસરે, બીજા ચારાને કામ.
કાલ ઉજાણી કરશે સહી, તેડશે પોતાના સાથ;
માટે વાહાણ વાયે સરવની, નીરચે કરશે ઘાત,
એમ વાતો કરે તહીં, તેટલામાં થઇ સહવાર;
રાક્ષસ પેલો આવીયો, ક્ષણું ન લાગી વાર.

ચોપાઇ.

અધમ નામે રાક્ષસનું નામ, આવી પોતો તેજ ઠામ;
થર થર ધ્રુજી સૌની કાય. બેહોસ થઇ પડયા અવની માંય.
કાળરૂપ થયો જેટલે, બેહોસ થઇ સઉ પડયા તેટલે.
મરણ તણો ભે સૌને મન, નીરભે એક છે મારૂ તન.
જાણે દીવાનો દીન. તેમ પ્રસન ઘણું મુજ તન;
મેં જાણ્યું હણશે મારી કાય, તોતો દુખ દેહમાંથી જાય.
હવે મિત્ર મળવાના નથી, દુખના ડુંગર માથે સરવથી.
ઘણી આફીયત મારે શીર ખડી. મોત આવી ચડયું આ ઘડી.
જીવતો મારો સ્વર્ગ જશે, કાયા એને કામ આવશે;
ઘણું હસેછે મારૂ વદન, રાક્ષસ આવી ઉભા તે દન.
બીજા સઘળા દુખીયા તહીં, મુંજને હંસતો દીઠો સહી;
તેતો રાક્ષસ અચરત હોય, ફરી ફરી મુજ સામું જોય,
તેમ તેમ મને ખુશાલી થાય, કયારે ખાશે મારી કાય.
મારી પાસ આવી ઉભો જાણ, મુખે તે બોલ્યો છે વાણ;
મને દેખી સૌ બીધા સરવથી, તુ મુજથી કેમ ડરતો નથી;
ત્યારે હું બોલ્યો તે સાથ, કહી વાત મેં જોડીને હાથ.

સઉને જીવવાની છે આશ, તમને દેખીને થયા નિરાસ;
મારે તો મુવા ઉપર મન, તેથી હસે છે મારૂ વદન;
માટે કરો એક પુન્યનું કામ, પ્રથમ મને મારો આ ઠામ.
મારે શીર ઉગ્યા દુઃખના ઝાડ. હું માનીસ તમારો પાડ;
એમ કહીને હું પાશે ગયો, મસ્તક ધરીને ઉભો રહયો.
રાક્ષસને દયા આવી મંન, એવું શું દુઃખ તારે છે તન;
બરજોબન છે તારી કાય, કેમ મોત માગે છે હાય;
સંદેહ મારા મનનો જાય, મુજ આગળ કેહેની વારતાય.
એવી મુખથી બોલ્યો વાણ, તેડયો રાક્ષશ એક સુજાણ;
તેને સોપ્યો મુજને લઇ. મારે મુકામે બેસાડજો જઇ.
એનું છે કાંઇ મારે કામ, માટે બેસાડો તે ઠામ;
મુજને મોકલ્યો તેણે ઠાર, પેલા સઊનો કરયો સંહાર.
જઈ રાજાને આપ્યો આગ, તેણે ભક્ષ કરીઓ તે ઠાર;
પાછો ફરી આવ્યો મુજ પાસ, હેત પ્રિતથી કીધું હાસ.
શું દુખછે ભાઇ તારી જાત, તે કેહે હવે તું મુજ આગળ વાત
જો તું જુઠ મુખ બોલે વાણ, પરમેસ્વરની તુજને આણ.

દોહરા.

વળી દૈત મુખ બોલિયો બોલ્યો મુખથી વાણ;
સું દુખ તુજને પડયું, કહે મને ચતુર સુજાણ.
બાળપણે બહાર નિસરયો. તજી કુટુંબ પરીવાર;
મરવા માગી ડરતો નથી. કેહે મુજને આ ઠાર,
તુજ રૂપ ગુણ ચાતુરી, જોઇ રીઝયો હું મન;
જીવતદાન આપુ તને, મેં ગણ્યો પેટનો તન,
શાબાશ તુજ હિમ્મતને, ન ડરીઓ મનમાંય;
તેતો અચરજ સારખું, મારા મનમાં થાય.
જક્ષ કીનર ગાંધરવ સહી, દેવ દાનવની કાય;
ભે પામી ધરણી ઢળે, એવી છે મુજ કાય.
એકતો તું બીધો નહી, વળી હશને કરે વાત;
માટે રીઝયો તું ઉપરે, નહી કરૂં તારી ઘાત;
જે દુઃખ હોએ મન વિશે, તે મને કહે આ ઠામ;
જીવતદાન આપુ તુને, પોહોચાડું મન હામ.
એવા વચન તેના સુણી, ચરણ લાગ્યો તે દીસ;
પછી વાત માંડી કહી, જે વિતી મુજ શીશ.

ઘર થકી માડી કહી, જે વીતુ મુજ જાત;
તે સઘળી જાહેર કરી, મારા દુઃખની વાત.
દયા આવી મુજપર ઘણી,મુજ આપ્યું સત વચન;
દુઃખ પડે ત્યાં સંભારજે, હું આવીશ તેણે દીન,
પુત્ર કરી મને થાપીયો, આપ્યા બે શીર બાલ.
તેનો ગુણ મુજને કહયો, તે વેળા તતકાળ;
અઘત દુઃખ જ્યારે પડે, ત્યારે ધુપ જે અગની માંય.
મને ખબર થાશે સહી, આવી પોચીશ તાંય;
જીવની પેરે રાખજે, રખે ખોતો મુજ તન,
એમ કહીને તેડીઓ, એક રાક્ષસ કોઇ અંન;
તેને તેડીને સોંપીયો, આને મુકો સમુદ્ર પાર,
ચાતુર નર ગુણ આગલો, જાશે પોતાને દ્વાર;
વળાવા કારણ આવીયો, બોલ્યો પોતાને મુખ.
પુત્રની પેરે રાખજે, રખે પામે એ દુખ;
એમ કહી વદાય કરીયો, ઉડયો રાક્ષસ લઇ જાણ,
સમુદ્ર કાઠે લાવીયો, ચાર ઘડીમાં નીરવાણ.

ચોપાઇ

મુકયો કાંઠાપર મુજને તાંય, રાક્ષસ રજા માગીને જાય;
કાઠે હું ચાલ્યો ત્યાં વહી, પણ માણસની વસ્તી નહી.
ઘણો પંથ કાઢયો જેટલે, વાહણ એક દીઠું ત્યાં તેટલે;
કોઇ સોદાગર સફર કરીને જાય, તેતો આવ્યો મુજ દ્રષ્ટીમાંય
મે પોકાર મારી કીધો સાદ, પામ્યો ઘણું મનમાં હોલાદ.
અરે ભાઇ હું મુસાફર સહી, માહા દુઃખ પામુંછું જંગલમાં રહી.
મને રસ્તો કાંઈ જડતો નથી, મહા દુઃખ પામુંછું સરવથી
મુજને લો તમે વાહાણ મોઝાર, જીવતદાન આપો આ ઠાર
એવી વાણી, તેણે મારી સુણી, દયા આવી તેને મનમાં ઘણી.
નાકુદારને સોંપ્યું કામ, મછવો લઈ જાઓ તે ઠામ;
એ પુન સમાન બીજું નથી, માટે એને લાવો સરવથી.
એવા સોદાગરના સુણી વચન, મછવો મુકયો તેણે દીન;
જઇને પોહોચ્યો તેણે તીર, લીધો વાહાણમાં આપી ધીર.
મોટા વાહાણમાં લઇને ગયો; સુખ પામ્યો તેની પાસે રહયો
દીઠા લોકને હરખ્યું મન, પ્રભુએ વાળ્યા મારા દીન;
આનંદ મારે અંગ ન માય, હાશ વિનોદ કરૂં વારતાય.

સોદાગરે મને પુછી વાત, કહયું દુઃખ વીતુ જે જાત;
એક પોહોર થયો ત્યાં સહી, તે વાહાણને તોફાન લાગું તંહી,
ડામાડોળ થયું તે વાહાણ, ચકરી ખાવા લાગું જાણ;
આકુળ વ્યાકુળ સઉ મન થાય, હવે શું કરશે હાય.
આ પાપી કોઈ કરમ ચંડાળ, એને પગલેથી આવ્યો કાળ;
રૂદન કરે છે સઘળા લોક સઉને આવી પ્રગટયો શોક.
એહું મારે માથે ત્યાં આળ, નેસ આદમી કહી દેછે ગાળ;
એ પાપીને નાખો જળ મોઝાર, તો તોફાન સમે આ ઠાર.
શક્તી રૂપ જોગ માયા નામ, પાપી પગલે સૌ ખુડે આ ઠામ
એમ વાતો ત્યાં કરે જેટલે. તે વાહાણ તો બુડયું તેટલે.

દોહરા.

બુડયું વાહાણ ત્યાં તેટલે, ગરક થયા સઉ જાણ,
જીવતો કો ન નીકળ્યા. ગયા ત્યાં સઉના પ્રાણ.
સોદાગર તે વાહાણનો વળી સઉ ખેડણ હાર;
સઉની સફર પુરી થઈ નહી નીકળ્યા કો બહાર.
મારૂ આયુષ્ય લાંબુ હશે, આવ્યું પાટીયું હાથ.
જીવની પેરે સાહી રહી, બીડી ભુજની બાથ;
ભર સમુદ્ર કાંઠો નહીં અઘાત અગણીત નીર.
કાયર નર ફાટી મરે, કેમ કરી રાખે ધીર;
હિમ્મત રાખી વળગી રહયો, ધરયું પ્રભુનું ધ્યાન.
એ રાત્રી જળમા રહયો, કાડી નાખ્યો મધ્યાન;
દરીએ છોલ મારી કરી, મને કહાડયો જળથી બહાર.
નેત્ર ઉઘાડી નીહાળીયું. દીઠો કાંઠા તે ઠાર;
વળી ચાલ્યો હું ત્યાં થકી, નહીં ચાલે મુજ ચરણ.
આંખે તમ્મર આવીયા, વળીપડી જાણી ધરણ;
ક્ષુધા ત્રશા તડકો બહુ, નહીં વસ્તી નહીં ઝાડ.
વાઘ વરૂ બોલે ઘણા, તે દેખી ધુજે હાડ;
રેતી તપે ત્યાં અતી ઘણી, બળી ભસ્મ થાય કાય;
ચરણે ચાલી નવ શકુ, વળી ઉતરૂ જળ માય;
કાંઠે કાંઠે ચાલુ સહી, ત્યાં ન માણસનુ નામ.
વાઘ વરૂ વનચર ઘણા, તે દેખી ધુજે હામ;
એક બાજુ સમુદ્ર સહી, બીજી પાસ ઝાડી અપાર;
ઘણા દીન વનમાં ભમ્યો, દુઃખનો ન આવે પાર.

ચોપાઇ.

બહુ દીવસ હું રખડયો અહી, મારા કીસમતમાં લખ્યુ સહી
બેઠો પુરૂષ એક શોભીત કાય, બેટો વૃક્ષની શીતળ છાય.
તે દેખી હું પામ્યો હોલ્લાદ, તેણે મુજને દીધો સાદ;
મેવો તે ખાતો હુતો જેહ, મુજને આપ્યો આણી નેહ.
હેત પ્રીતની વાતો કરી, મારો જીવ રહયો ત્યાં ઠરી;
સુખ શાંતા થઇ મારી કાય, શીતળ પવન આવી નીંદરાય
ક્ષણુ એક તો સુતો જેટલે, મારી પીઠપર વળગ્યા તેટલે
કાહાડી ચાબકને મારયો માર, મને દોડાવ્યો અપરમપાર.
આઠ પહોરને સાઠજ ઘડી, વળગી બેસે કાયાપર ચહડી
માહા દુઃખતો વેઠયું મુજ કાય, તેતો કેહેતાં કહયું નવ જાય
મેવા ફળ કરાવે આહાર, ઉપરથી મારે બહુ માર;
એમ કરતાં ભોગ પુરા થયા, તમો તે પાપી કર આવીયા.
કરી ચાતુરી તમે અપરમપાર, હતારીયો તમે સઉનો ભાર
કરયા મદીરા અંગુરનો તમો, પાયા સઉને તે દીઠો હમો.
બેહોસ થઇ સઉ પડીયા તહીં શુદ્ધી શરીરતણી નવ રહી;
છુટા બંધ સઉ નાઠા આપ, તેતો તમ તણુ પ્રતાપ;
તે સઉએ દીધી આશીશ, ગયા સરવે નામી શીશ.
હુંતો રહયો તમારી સાથ, એટલું વીતું મારી જાત;
હવે તમને વીતુ હોય જે, મુજને વીસ્તારીને કહો તે;
પછે કામરૂપને વીતુ જેટલુ, તે વિસ્તારીને કહયું તેટલું;
એમ નીરગમી બેહુએ રાત, એટલામાં ત્યાં થયો પ્રભાત;
દંત ધાવન કીધું શરીર, પછે ત્યાંથી ચાલ્યા બેહુ વીર.
અઘોર વનમાં ચાલ્યા જાય, કોઇનો ભે નથી મન માંય,
કંદમુળ ભક્ષ કરે છે તેહ, નીશા પડે ત્યાં વાસો રહે.
ઘણો પંથ એમ ચાલ્યા વહી, જંગલનો પાર આવે નહી;
નદી એક ત્યાં આવી સાર, ગંગા જળ સરખુ નીરધાર.
જાણે કો દેવતાનો વાસ, દીસે શોભા ચંદ્ર પ્રકાશ;
તે દેખીને રીઝયા તે મન, કીધું સ્નાન પુજન અરજન.

દોહરા.

નીરમળ કાયા તેણે કરી, બેઠા ઝાડની છાય;
મેવા ફળ ખાધા તહીં, આણંદ અંગ ન માય;
પંખી શબ્દ કરે ઘણા, બોલે ચાત્રૂક મોર;

હંસ પોપટ સુડા ઘણા, ચકવા ચંદ્ર ચકોર.
પવન સુંદર આવે બહુ, વડ છાયા ગંભીર;
તે નીચે સુતા બેહુ જણુ, ઉપર દીઠો એક કીર.
લીલ પંખ શોભા ઘણી, બીરાજે રાતી ચંચાય;
વાણી મધુરી બોલીયો, સુણી રીઝયા રાય.
પંખી દીસે છે, કામરુ. અમૃત મધુરી વાણી;
કોણે એવું ભણાવીયું, આ વનમાં નીરવાણ.
આવે હાથ જો માયરે, રાખુ મારી પસ;
રમાડું જમાડું એહને, પામુ મન હોલાસ.
નથી ફંદો મારી કને, નથી ફળ અનાર;
કોણ પ્રકારે પંખી ધરૂ, કરવા લાગ્યો વીચાર.
તેવે પોપટ ઉડીયો, આવીને બેઠો હથ;
પ્રસન થયો મનમાં ઘણું, લઇ ચાંપ્યો રૂદે સાથ.
હરી વચન મુખ બોલિયો, તુજ ગુણનો નહીં પાર;
એવી વાણી તારી અહી. કોણે ભણાવ્યો આ ઠાર.
તુજ વાણથી મન હરખીઉં, ઝલવાનું કરયું મન;
તે તો ધાર્યું મારૂં થયું, હવે હરખ્યું મારૂં તંન.
પોપટ વાણી બોલિયો, તારૂ અજોધ્યા ગામ,
તું રાજપતનો દીકરો, કામરૂપ તુજ નામ.
બીજો વજીરનો દીકરો, મિત્રચંદ નામ સાર;
ધ્રશક કારણ નીસર્યા, દુખી થયા અપાર.
જે નરને ધ્રશક પડયો, તે તે નર પામ્યા દુઃખ;
લખ્યા લેખ મટે નહીં, પણ અંતે થાય સુખ.
જેમ તુજને ધ્રશક ઘણો, મને પકડવા સાર;
તેમ દુઃખ પામ્યો અતિ ઘણું, અંતે પામશે નાર.
બેહેરામને ધ્રશક હોરા તણો, તેણે દુઃખ ભોગવ્યું અંગ;
અધાર વનમાં તે ભમ્યો, અંતે મળ્યા બેહુ સંગ.
હુસેનને પરી મળી, દુઃખ પામ્યો અપાર;
તેમ તમને મળશે સહી, મનની માની નાર.

ચોપાઇ.

એવા પોપટના સુણી વચન રાજા વજીર વીચારે મંન;
આતે કારણ શું કહેવાય, અદભુત સંધે પડે મન માંય.
એ પોપટ પંખીની જાત, એશું જાણે આપણની વાત;

નામ ગામને મનનુ કામ, તે સરવે કહયું આણે ઠામ.
પંખી નહીં કંઈ કારણુ સહી, એ વાતનાં સંધે નહી;
કરવા લાગો તેનો પતિપાળ, ઘણું એક રાખે છે વહાલ.
આસના વાસના કરે જેટલે, એક વૃધ પુરૂશ આવ્યો તેટલે.
સજયા બંધન કરે તે કામ, રૂશીવર આવ્યા તેણે ઠામ.
દીઠા પુત્ર બેહુ રાજરતન, રૂશી વિશમે પામ્યો જોઇ મન;
આ વનમાં માનવની જાત, એતો વિશમે સરખી વાત.
વાઘ વરૂ એને મારશે, જીવતા નર અહીંથી નવ જશે;
રાજા વજીર બીના સરવથી, આ કારણુ બીજું છે કથી.
જેમ પાસે આવે રૂશી જન, તેમ તેમ નાસે બંનો તન;
રૂશિએ વીચાર્યું ત્યાં તતકાળ, મને દેખીને બીએ છે બાળ.
મધુર વચને બોલ્યા વાણુ, શીદ નાશો તમે ચતુર સુજાણુ.
હમો વિઘ ન કરવાના ઘાત, સત કરીને માનજો વાત.
પરમેશ્વરની તમને આણુ, સ્થીર કરીને રાખો પ્રાણ;
એવા રૂશીના સુણી વચન, ત્યારે ઉભા રહ્યા બેહુ તન.
પરમેશ્વરની ઘાલી આણ, માટે એ માહા રૂશી નિરવાણ,
પાસે જઇને નામ્યું શીશ, આશીર વચન કહ્યું તે દીસ.
હસી વચન મુખ બોલ્યા વાત, કયાંથી તમે આવ્યા માનવજાત;
એક સહસ્ત્ર જોજન હાં વસ્તી નહીં, અસુર લોક વસે છે શહી.
વળી ત્યાં વાઘ વરૂનો મુકામ, પાણી પીવાનો ન મળે ઠામ.
માટે આવો તમે મારી સાથ, સુખે રહો તમો મુજઘેર રાત
છો રાજવંશી રળીયાળી કાય, દયા આવે છે મારા મનમાંય;
માટે નિરભે થઇ ચાલો તન, સ્થિર રાખો તમારૂં મન.
ટળી ભ્રાંત જે હતી ચિંતાય, ચાલ્યા બેહુ હરખીમનમાંય;
પાહાડ ઉપર રૂશીનો મુકામ, આવી પોતા તેણે ઠામ.
દરભ આસન નાંખ્યું તે ઠાર, બેસાડયા બેહુ રાજ કુમાર;
વળી રૂશીવર બોલ્યા મુખ, રખે બાળઓ મન આણો દુઃખ
આ ઠામે બીક કોઇની નથી, નીરભે થઇ બેસો સરવથી;
કંદમુળ લઇ આવું હમો, ભક્ષ ભોજન કરોની તમો.
એમ કહીને ગયા રૂશીજન, કંદમુળ લેવાને વન;
રાજા વજીર બેઠા તે ઠાર, ત્રીજો પોપટ છે કરમોઝાર.

દોહરા.

પોપટ બેઠો કર વીશે, તેને ફેરવે હાથ;

તમે નામ ઠામ ગામ કહયું, તેનો સંધે મુજ સ
તેતો ટાળ્યો નવ ટળે, તમ વીના સંસાર;
કયાંથી આવ્યા કોણ તમો, સાચું કહો આ ઠાર.
તમે વાત ખુલ્લી કહો, તો થાશે મને સુખ.
નહીતો બ્રહ્મહત્યા તને, જો સાચું ન કહો મુખ.
પોપટે ત્યારે ચાંચે કરી, દેખાડયો દોરો તે ઠાર;
બાધ્યો પાય જમણે સહી, તે વેળા નીરધાર.
રાજાએ મન વીચારીયું, કોઇ પાપીનું કુડ કામ.
દુખતો એથી પગ હશે, માટે છોડું આ ઠામ.
એમ કહી છોડયો સહી, દોરો તેણી વાર;
પોપટ ફીટી થયો માનવી, તે વેળા તે ઠાર.
પગે લાગ્યો કામરૂપને, કહયું વીદયાચંદ નામ;
મીત્રચંદને ભેટીઓ, તે વેળા તે ધામ;
જેમ અંધ લોચન પામીયો, નીરધન પામ્યો ધન,
ભુખ્યાને ભોજન મળ્યું, હરખ્યું રાજાનું મન.
હરખના આંસુ આવીયા, ફરી ફરી જુવે મુખ.
વીજોગનો સંજોગ થયો, ગયાં દોયનાં દુઃખ.
અજબ જેવી આ વારતા, કારણ શું કહેવાય.
કોણે તમને પોપટ કરયા, વીસ્તારી કહો હાય,
શું દુઃખ વીતું તમને, કાયા ઉપર જાણ;
વીસ્તારી હમને કહો, માંડીને મંડાણ.
વિજોગનો સંજોગ થયો, ફરી પામ્યા અવતાર;
તેવી ખુશાલી ઉપજી, ત્રણે જણને ત ઠાર.

ચોપાઇ.

વિદ્યાચંદ બોલ્યા તે ઠાર, કહું મારા દુઃખનો વિસ્તાર;
મારા દુઃખનો પાર ન લહું, સંક્ષેપમાં વીસ્તારી કહું.
ભાગ્યું વહાણ જે આપણું તહીં, એક પાટીએ વળગ્યો સહી
અધાત જળ અરણવના નીર, રાખી નવ રહે મારી ધીર.
ત્રણ દિવસને ત્રણજ રાત, ચોથા દીનનો થયો પ્રભાત;
દરીએ છોળ મારી અપાર, કહાડી નાખ્યો જળથી બહાર
નેત્ર ઉઘાડી જોયું તંહી, કીનારો નજરે આવ્યો તહી;
ઉઠીને ઉભુ નવ થવાય, જકડ બંધ થઈ મારી કાય
ધરી બેઠો પ્રભુનુ ધ્યાન એમ કરતાં થયા મધ્યાન;

રેતી તપી ઘણી તે ઠાર, ઉપર ભાનુ તપે છે અપાર.
હળવે હળવે ચાલ્યો જાઉ, ક્ષુધા પીડે પણ શું ત્યાં ખાઉં
કંઠ સુકાવા માંડયો બહુ, પાણી વિના ન જાએ રહયું;
માહા દુઃખ પામ્યો મારી કાય, એવે વાડી એક દીઠી ત્યાંય
ફરતી દીવાલને એકજ દુવાર, હું તો જઈ પોંતો તે ઠાર;
મેં તો દુવાર ઉઘાડયું જઇ, માણસ નામે ત્યાં દીસે નહી,
તે મધ્યે પેઠો રાખીને ધીર. મળે ભક્ષને બીજુ નીર,
એવું વીચારી પેઠો તે માંય, ઘણી એક રચના દીઠી તાંય.
મીનાકારી તણાં છે કામ, ઘણી શોભા દીઠી તે ઠામ;
શું કહું મારે મુખે કથી, તેવી રચના પૃથ્વી પર નથી,
કનક તણી હીંડોળા ખાટ. રતન જડાવ ઢાળ્યા છે પાટ;
ઠામ ઠામ ઝળકી રહી જોત, ઘણુ કામ શોભે ઉદોત.
ખાન પાન મેવા અપાર. ભરી રકાબી મુકી તે ઠાર;
જે મેવો દુનિયામાં નહી, તે વસ્તુ ત્યાં દીઠી સહી.
ભોગ ધારી નવ દીઠો કોય, તેનો સંધે મુજને હોય;
ક્ષુધા તૃશાનો ભરીઓ અંગ જઇ કરીને બેઠો પલંગ.
ખાધો મેવો ને ભાગી ભુખ, શાંતાથી હું પામ્યો સુખ;
તેજ પલંગપર સુતો ઠરી, હીમત મારા મનમાં ધરી.
ઘટીકા ચાર થઇ જેટલે. નારી એક આવી તેટલે;
જોયું તે નારીનું ગાત્ર, ડાકણ વંત્રી તે કોણ માત્ર.

દોહરા.

કાજળ દેખી ઝાંખું પડે, રૂશાહી લાજે અપાર;
ગળી તણો શો આસરો, એવી શોભે તે નાર;
કેશ જાણે સીસોળીયાં, મંજારી વત નેણ;
શ્રવણ જાણે ગંધરવ તણા, શું કહુ તેના ચેન.
નાશિકા વદન બીયામણુ દુરગંધ ઉડે અપાર.
કરોધ વચન મુખ ઓચરી, કેમ સુતો આ ઠાર.
પશુ પંખી કે માનવી, આવી ન શકે કોય;
તું કયાંથી આવી ચડયો, તારૂં મોત લાવ્યું સોય.
એવા વચન તેના સુણી, થરથર ધ્રુજે મુજ અંગ;
હાથ જોડી કરી વિનતી, હું બોલ્યો તેની સંગ.
હું ગુનેગાર તાહરો, તે કર મને બખશીશ;
વખાનો મારયો આવિયો. તારે ખોળે મુજ શીશ;

દીન ઉપર દયા કરે, હું છઉ મુસાફર રાંક,
ભુલ ચુક સુતો સહી, તે ક્ષમા કરો મુજ વાંક.
એવા વચન મારા સુણી, દયા આવી તેને મંન.
હસી વચન તે ઓચરી, વિનતા મુખ વચન;
જીવતદાન આપુ તને, વચન કરે પ્રમાણ.
હું માગુ તે આપ મને, બચાવુ તારો પ્રાણ;
ત્યારે હું મુખ બોલિયો, તુજ વચન મુજ શીશ.
કહેતો જીવ હાજર કરૂ, આ વેળા આ દીસ;
વિનતા કહે તું વર મને, કઇ મારૂં દાપ.
તુજ દેખી વરેહવળી થઇ, સંજોગનું સુખ આપ;
એમ કહી આવી મુજ કને, નાખ્યો ગળે હાથ.
આલિંગન દીધું મને, ચાંપ્યો રૂદે સાથ;
ટોક ગળામાં ઘાલીયુ, ભેટતી થઇ દેહ હાણ,
તેને મનતો હસતું સહી, મારો તો ગયો પ્રાણ;
મેં મનમાં વિચારીયું, એ ભુંડો કરશે કાય.
ભેદ પ્રપંચ કીધા વિના, હાંથી નવ છુટાય;
એમ વિચારી બોલીયો તે નારીની સાથ.
તું કહેશે તેમ હું કરીશ, પણ કહો તમારી જાત;
દાસી દાસ બીજા નથી, તમ એકલાં જાને નાર.
આ જંગલમાં કેમ રહ્યા; તે બોલો વિસ્તાર:

ચોપાઇ.

તે નારી ત્યારે બોલી વાણ, હબસી જાત હમારી જાણ;
આગળ શેહેર હમારૂં સહી, ત્યાં વસ્તીનો પારજ નહીં.
મારો પિતા ત્યાનો સરદાર, હું તેના પેટની કુમાર;
હુકમ આણ હમારો સહી, વાડીમાં રમવા આવી અહીં.
દીઠી સુદર મેં તારી કાય, હુંતો હરખી મારા મનમાય;
તું મારા હઇડાના હાર. લાડ લડાવીશ અપરમ પાર.
પણ મુજ લોક તને મુકવાના નહીં, દેખેતો કરડી ખાશે તહીં
વળી જાદું જાણે મુજ માત, તેતો કરશે તારી ઘાત;
મુજ પાસે છે એક વિધાય, પોપટ કરૂં હું તારી કાય.
રાતે પુરૂશ કરવાની સહી, સુવાની તુજને સેજમાં લઇ;
મનગમતા કરશું વૈભોગ, ત્યારે જશે મુજ દેહનો રોગ.
મંત્રીને દોરો બાંધ્યો મુજ પાય, તરત કરી પોપટની કાય;

હાથે બેસાડી ચાલી નાર, ગઇ પોતાના શેહેર મોઝાર,
પંખી રૂપ મુજ કાયા થઇ, પણ અકલ મારી નહીં ગઇ;
સઉ વાતનું સુખ મુજને જાણ, બોલી મધુરી મુખથી વાણ,
પંખી રૂપથી જોવા તે લોક, બહુ પેરે પામ્યો મન શોક;
મુખ વદન દીસે વિકાળ, જેવા કતાન્ત સરખા કાળ.
તે નારી લઇ સઘળે ફરી, પછી તે ઘેર ગઇ સુંદરી,
માત પીતાની પાસે ગઇ, તેણે મુખથી વાણી કહી.
કયાં ગઇ હતી તું મારી તન, તારી ચિંતા હમારે મન;
તે કહે હું ગઇતી વાડી મોઝાર, ત્યાં પોપટ લાવી આ ઠાર.
ફાંદા નાખીને ઝાલ્યો સહી, ભણવા કારણ લાવી અંહી;
એમ કહી ઘાલ્યો પીંજર મોઝાર, દાશી કરમાં આપ્યો તે ઠાર
જ્યાં હમારો સુવાનો ઠામ, પીંજર બાંધ્યું તેણે તે ઠામ;
દારશી મેહેલ ઉપર પરવરી, પીંજર દુવાર દેવું વીસરી.
ખાલી પીંજર ઉતરી જેટલે, જીવ લઇને નઠો તેટલે;
જાણશે નારી તો લેશે પ્રાણ, એમાં સંદેહ જરા નં જાણ
પાછું ફરી જોવા નવ રહયો, જીવ લઇને નાશી ગયો;
સાત દીવસને સાતજ રાત, આઠમા દીન થયા પ્રભાત.
પીધું જળ ફળ ખાધા લઈ, સુખ શાંતી કાયાને થઇ.
તમારી ચીંતા અહરનીશ કરૂં, દીવસ રાત ઝુરીને મરૂ,
વળી થઇ પંખી કેરી કાય, તે દેખીને પડતો જગમાંય.

દોહરા.

વળી મેં મન વીચારીયું, લખ્યા લેખ તે હોય;
કાલે સુખ મુજને થશે, મુવે ન મળશે કોય.
એવું વીચારી મન વીશે, આ વૃક્ષે કીયો વિશ્રામ;
ફળ જળ મે પીધુ સહી, હું લઉ તમારૂં નામ.
પરમેસ્વરનું કરવું સહી, તમો આવ્યા હાંય;
મેં ઓળખ્યા તમને સહી, આવ્યો તમ કરમાંય.
નામ ગામ મેતો કહયું, તમ આવ્યો વીસવાસ;
તેવે રૂશીવર આવીયા, આપણ કેરી પાસ.
મળ્યા ભેટયા તેને તમો, પછે લાવ્યા આ ઠામ;
ધીરજ આપી તેતો ગયા, કંદમુળને કામ.
તમે સમ ઘાલી પુછયું, મેં દેખાડયો પાય;
દોરો છોડી નાંખ્યો તમે, થઇ માનવતી કાય,

એ હકીકત માહેરી, એટલું વીતું મુજ જાત;
તેનો વીસ્તારી કહી, વીગત કેરી વાત.
પછે રાજા વજીરે કહયો, પોતા કેરો હવાલ
એટલે રૂશી ત્યાં આવીયા, કંદમુળ લઈ તે ઠાર.
ક્રોધ ચડયો મનડા વીશે, આ કોણ ત્રીજો બાળ;
રાક્ષી માયા કો આવીયો, આણવા પુત્રનો કાળ.
રીસે તેણ થયાં રાતડાં, અગની ધીકો કાય.
જક્ષ કીનર કે ગાંધ્રવી. જાણે રાક્ષી માયા તોય;
લજજા લોપી તેં માહેરી, ભસ્મ કરૂં સોય.
પુત્ર બંનો મારા સહી, જો કરશો વીઘન;
તોતો ભસ્મ કરીશ તને, એમ બોલ્યા ક્રોધ વચન.
એવા વચન રૂશીના શુણી, રાજકુંવરે નામ્યું શીશ.
એનો મીત્ર માહેરો, રખે કરતા મન રીશ.
એમ કહી ચરણે નમ્યો, કહયું માંડી દ્રષ્ટાંત;
ત્યારે રૂશી હરખીયા, ભાંગી ગઈ સૌ ભ્રાંત.
કંદમુળ લાવ્યા હતા, તે આપ્યા તેણે ઠાર
ભક્ષ ભોજન કીધા પછે, રૂશી પુછે સમાચાર;
કોણ નગ્રના રાજવી, કેમ આવ્યા આ ઠામ.
શા દુઃખે સજ્યા તજ્યા, કેમ મેલ્યા નીજ ગામ.

ચોપાઇ.

કામરૂપ બોલ્યો તેદીશ, રૂશીને ચરણે નામ્યું શીશ;
મારા દુઃખનો ન આવે પાર, સંક્ષેપમાં કહું સઉ વીસ્તાર.
અજોધ્યા નામે નગરી સહી, રાજપત રાજા છે તહીં;
તે રાજા તે મારો બાપ, તેનો પુત્ર હું આપો આપ;
ગણે પુન્યે પેદા થયો હું તેતો વીસ્તારીને કહું.
ઘણે રાણી પણ પુત્રજ નહીં, વૃધપણામાં ચીંતા થઇ.
ઘણા રૂશીના વંદીઆ પાય, આગત સ્વાગત કરીછે રાય;
કોઈ રૂશીના વચનજ ફળે, વાંઝીઆબારના મેણા ટળે.
એમ કરતા વીત્યા બહુ દીન, એ રૂશી આવ્યા મુનીજન.
જ્ઞાની આચારજ તેનુ નામ, ફરતા ફરતા આવ્યા તે ઠામ
પુજા અરચા કીધી રૂશી જન, ત્યારે હરખ્યું ઘણું તેનુ મન
મુજ પીતાને કહયું વર માગ, જે માગે તે આપું આ જાગ
મુજ પીતા કહે આપો મને પુત્ર, રીધસીધ ભોગવે તે ઘરસુત્ર
રૂશી કહે જા થશે સંતાન, એમ કહી થયા અંતરધાન

આશીશ વચન આપી ગયા, તે વચનથી ગરભજ રહ્યા
પુરે માસે હું પ્રસવ્યો તન, હરખ્યા માત પીતાના મન
એમ કરતાં થયા વરસજ બાર, અસ્વે બેશીને જાઉં શિકાર
સાથે સાથી મીત્રજ સાથ, જેવા માના જોયા ભ્રાત;
એક દીવસ વાડીમાં રહ્યા, ખાનપાનમાં સુખીયા થયા.
હાસ વિનોદ અપારજ કરી, પછે સુતા સુખ સેજ્યા ઉપરારી
મધ નીશા ગઈ તે ઠાર, સ્વપનાંતરે એક આવી નાર.
તેના રૂપનો પારજ નહીં, તેને જોઇને મોહ પામ્યો સહી;
સીરંદીપના રાજાની દીકરી, તે સ્વપનાંતરમાં આવી વરી
જાગી ઉઠયોતો દીઠી નહીં, બેહોશ થઇને પડયો સહી;
આ મીત્રચંદ વજીરનો તન, એણે વરત્યું મારૂં મન.
મેં કહી મારા મનની વાત, એણે જઈ સમજાવ્યા તાત;
તે નારી પરણવા કારણે, સજન તજી નીકલ્યા બારણે.
ઘણો પંથ કાપ્યો નીરવાણ, પછી તો બેઠા વહાણમાંજાણ;
ભરદરીઆમાં આવ્યા જાણ, લાગ્યું તોફાનને ભાગ્યું વહાણ
ભરસમુદ્રમાં કોઇને ન૨ મળ્યા, લખ્યા લેખ તે ન જાય ટળ્યા
વળગ્યા પાટીએ ને નીકળ્યા બહાર, પછીતો દુઃખ પામ્યા અપાર
તેહ તણો કંઈ પારજ નથી, અહીં આવી પોચ્યા સરવથી.
સાતમાં ત્રણ મળ્યા આ ઠાર, એ મારા દુઃખનો વિસ્તાર

દોહરા.

એ વચન કુંવરનાં સુણી, પ્રસન થયા રૂશી જન;
હેત ધરીને બોલીયા, મુખથી મધુર વચન.
જ્ઞાનીઆચાર તે હું સહી, એકવાર આવ્યો તે ગામ;
આગત સ્વાગત રાજાએ કરી, હું પ્રસન થયો તે ઠામ.
આશિર વચન બોલીયો, જા હશે તુજને પુત્ર;
દુઃખ સંકટ તારૂં જશે, શોભી રહેશે ઘર સુત્ર.
મારા વચનથી ઉપજયો, તે નર દુઃખી ન હોય;
લેખ લખ્યા વિધાતાએ, તે ભોગવી છુટે સોય;
આદથી અંત સુધી, સુખીયો કોઇ ન હોય.
બાળ વ્રધ કે જુવાનીમાં, ભોગવી છુટે સોય.
બાળપણે તુજને વરી, દુઃખનો આવ્યો પાર;
થોડે દીને સુખ પામશે, મળશે તુજને નાર.
મીત્ર સઉ મળશે તને, તારી પોંચશે મન હામ,

મન વાંછીત તારૂં થશે, સીધ થશે સઉ કામ;
મુજ વચનથી નીપજ્યો, વળી આવ્યો મુજ પાસ;
એક વસ્તુ આપુ તને, પામશે મન હોલાશ;
તું રાજવંશી રાજા તે, તારે જોઇએ ધન ભંડાર;
માટે વસ્તુ એક આપુ તને, તેથી દ્રવ્ય મળશે અપાર.
ખાતાં ખરચતાં ખુટે નહીં, બધેથી મળશે દામ;
તેની ચીંતા રાખવી નહીં, મનમાં રાખો હામ,
એમ કહી એક પારસમણી, ઋશીની પાસે જાણુ;
હેત કરીને આપીઓ, રાજાને નીરવાણુ.
ગુણ એના તુજને કહું, સાંભળ પુત્ર આ ઠાર;
લોઢાને અડકાડતાં, કંચન થશે નીરધાર.
અમુલ વસ્તુ એ સહી, તુજને આપી આ ઠાર;
એથી કામ સઘળું થશે, ત્રઠશે દેવ મોરાર.
રાજા પાસ મણી આવ્યો, વજીર પાસ છે જાલ;
વીધા ચંદ પાસે સહી, અખુટ વીધની ઢાલ.
અમુલ વસ્તુ ત્રણે કહી, તેથી રાજા રીઝયો મંન;
હવે નીસ્ચે કામ મારૂં થશે, ઉગ્યો ફરપનો તન.
દંતધાવન કીધા સહી, નાહયા નીરમળ નીર;
દાન પુન્ય કીધાં તહીં, શુદ્ધ કરીઆ શરીર.
પગે લાગ્યા ઋશી તણે, આજ્ઞા માગી રાય;
આશીર વચન ઋશીએ કરે, પછે વળાવવા જાય.
બાઇ આ વાટે જજો તમે, આવશે વસ્તી અપાર;
એમ કહી પાછા વળ્યા, આવ્યા પોતાને ઠાર;
ત્રણે જણુ ચાલ્યા સહી, આનંદ અંગ ન માય.
થોડે દીને પોંચ્યા સહી, એક શેહેરની માંય.

ચોપાઇ.

દીઠું શેહેરને હરખ્યું મન, માણુસનું ત્યાં થયું દરશન;
સુંદર બજારને મેહેલ અવાસ, શોભા જાણે ચંદ્ર પ્રકાશ
દીઠા વરણુ હરાડે લોક, શોભા જોતાં સમી ગયા શોક;
પાંચ દીવસ રહ્યા તે ગામ, ત્યાંથી આગળ કરયો મુકામ.
કુચ મુકામે ચાલ્યા જાય, આણંદ તેને અંગ ન માય;
જેમ મુલક જોયા અપાર, એક શેહેર આવ્યું તે ઠાર.
તે નગરનો રાજા સહી, તેના પુન્યનો પારજ નહીં;

ઘણા પુન્ય કીધાં સરવથી, તેનો કેહેતાં પારજ નહી.
પછી તેણે મન ઇચ્છા કરી, દુવારકા નીરખું ચીત ધરી;
મેળવ્યો સંઘ રાજાએ સરવથી. ચાલ્યો જાવા દુવારામતી.
નગર થકી સઉ નીસરા બહાર, પેલા ત્રણે આવ્યા તે ઠાર
પુછી વાત ને લીધો પાર, મન મધે તેણે કીધો વીચાર.
ધનભાગ્ય આપણું તો સહી, દુવારામતી નીરખશું જઇ;
પાપ સઘળાં દેહનાં જસે, નીરમળ કાયા આપણી થશે.
ચાલ્યા સંગમાં ત્રણે વીર, રાખી મનમાં અદકી ધીર;
દીવસે કુચને રાતે મુકામ, આવી પોં'તા સમુદ્રને ઠામ.
બેઠા વાહાણુમાં સઘળો સંઘ, આનંદ મનમાં સૌને અંગ;
થોડે દીને પોંચ્યા તે ગામ, દુવારામતી છે જેનું નામ.
જઇ ગોમતીમાં કીધું સ્નાન, જાચક જનને દીધું દાન;
પછે રણછોડરાયનું દરશન કર્યું, દીઠા દેવને મનડું ઠર્યું.
પંચરાત્રી રહયા સૌ તાંય, પાછો સંઘ થયો વદાય.
લોક ગયા સૌ સૌને ગામ, ત્રણે ઠરી રહયા તે ઠામ;
ગોમતી સ્નાન કરે ત્યાં રહી, દેવ દરશન કરે છે સહી.
ત્રણે મીત્ર સુખ પામ્યા તે ઠાર, હવે ચોથાનો કહુ વીસ્તાર
ધનંતરછે તેહનું નામ, તેહના વાત કહું આ ઠામ
ભર સમુદ્રમાં પડીઓ સહી, તેની શી હકીકત થઈ;
વળગ્યો પાટીએ તેતો વીર, તણાયો ભર સમુદ્રના નીર,
સાત દીવસ થયા જળ મોઝાર, થાગ માંગ ન આવે પાર
મહાગાંઠ તેની થઇ કાય, શુધી શરીર તણી ન હોય.
દુખ સુખ કાયાને કથી, તે ટળયું ટળવાનું નથી;
આવરદા તેનો લાંબો જાણુ, આવી પોચ્યું એક મોટું વાહાણ.
સોદાગર કોઇ સફર કરી જાય છે મનમાં હરખજ ધરી;
લાંબી નજરે જુવ જેટલે, પેલો નર દીઠો તેટલે;
માણુસ તણાતુ દીઠું સહી, મછવો મોકલ્યો તેણે તહીં.
ઝાલ્યું પાટીઉં વેગે જઇ, પેલાએ ઉચકી લીધો મહી;
આવી પોચ્યા પોતાને વહાણુ, બચાવ્યો તે નરનો પ્રાણુ.

દોહરા.

બેહોશ કાયા તેની સહી, નથી ચેતન શરીર;
શરદી ભેદી કાયા વીશે, ઘણા દીવસ રહયા નીર.
અગની આંચ અદકી કરી શેકી ઘણી તેની કાય.

તેજાનો બહુ જાતનો, ઘાલ્યો મુખની માંય.
સવા પોહોરે શુદ્ધી થઈ, બેઠો નર તે ઠાર;
સોદાગર પાસ જઇ, ધીરજ આપી અપાર.
ચીંતા મન કરશો નહીં, ગઇ ભાઇ તારી ઘાત;
એક દીવસ બીજો થતે, તો જીવ તારો જાત.
પરમેસ્વરે રાખ્યો તને, ફરી જનમ્યો તું આજ;
કોણ જાત છે તાહેરી, તે કહે મન મુકી લાજ.
કોણ ગામ શું નામ છે, શો ઘેર વણજ વેપાર;
કોણ પીતાનો દીકરો. તે માંડી કહે વિસ્તાર.
રૂપકળા ગુણ ચાતુરી. શુભ લક્ષણ શુભ જાત,
બ્રહ્મહત્યાનું પાપ તને, જો રાખો મન વાત
સોદાગરના વચન શુણી, બોલ્યો મુખે વાણ,
જાતે હું બ્રાહ્મણ સહી; મુજ દેશ અજોધ્યા જાણ.
સાત મીત્ર હમો સહી, ચતુર શીરોમણ સાર;
જળક્રિડાને કારણે, બેઠા વાહાણ મોઝાર.
કરમ દશા વાંકી સહી, આવ્યો વા વરસાત.

ભાગ્યું નઉકા જળ વીશે, આવ્યું પાટીયું મુજ હાથ,
સાત મીત્રે મારા સહી, તેની ન જડી ભાળ;
નીકળયા કે બુડી ગયા, કે આવી પોંતો કાળ;
તેની ચિંતા મુજને ઘણી, પરવશ છે મુજ તન,
ધનવંતરી નામ મુજનું, સાંભળજો સજન.
વ્યાધી વિદ્યા જાણું તેની, પરીક્ષા બહુ મુજ પાસ.
નાડી જોઇ ઔષધ કરૂં; પોંચે મન અભીલાષ.
હું સરખો દુખી કો નથી, નવ ગઇ મારી ઘાત;
દુઃખના માથે ડુંગરા, પડીઆ મારી જાત.

ચોપાઇ.

એવી વાણી ત શેઠે સુંણી, ખુશાલી થઈ મનમા ઘણી;
નમી નમીને લાગ્યો પાય. પરમેસ્વરે તમને મોકલ્યા હાંય
મ્રત્યુ પામે છે મારો પુત્ર, ભાંગે છે મારૂં વરસુત્ર;
ઘણો વ્યાધી પીડા છે કાય, નહીં ઉઠાયને નહીં બેસાય,
પંદર દીવસની લાંઘણ થઇ, મારા દુઃખનો પારજ નહીં.
જો થાશે કાંઇ વસમી વાત, કરીશ મારા દેહની ઘાત;
મારે દેશ જવાનો નથી, સાચી વાત હું કહુ શરરથી.

સોદાગરના એવા સુણી વચન, દયા આવી ધનંતર મન.
જોઉં કયાં છે તારો બાળ, પારખુ રોગ તેનો તતકાળ.
દુઃખી ગણ્યો કુંવરની કાય, ધનંતર નાડી લીધી કરમાંય;
નાડી તેહ તણી કર ધરી, રોગ તણી પરીક્ષા કરી.
વાઇનો ગોળો થયો છે પેટ, તેથી દુખ પામે છે નેટ.
ઉઠવું બેસવું નત્ર કરવો અહાર, વાયુથી રૂંધ્યા છે દુવાર;
ઓસડ કેળવી આપ્યું સહી, પણ વસાણા કયાંથી લાવું અહીં
ત્યારે સોદાગર બોલ્યો સુજાણ, જે જોઇએ તે ભર્યુંછે વાહાણ
સોદા ધાતુછે અહીં તઇયાર, કરીઆણા તણો નહીં પાર,
જે જોઇએ તે આપું હાંય, સારી કરો મુજ પુત્રની કાય.
શાસ્ત્ર પ્રમાણે લીધું તે ઠાર, કરી કેળવણી અપરમપાર;
ગોળા સઉ તઇઆરજ કરી, સોદાગરને તે કર ધરી.
સાત દિવસ કરાવ્યો આહાર, બે વેળા સાંજને સવાર;
વાયુ ગોળો ગળીને જશે, નીરમળ કાયા એની થશે.
લીધી ગોળીને હરખ્યું મન, એક તો ખવાડી તે દીન
એમ સાત દીન વીત્યા જેટલે, હોંશીઆર થઇ બેઠો તેટલે.
સોદાગર રીઝયો તે ઠાર, આપવા માંડયો દ્રવ્ય અપાર;
ધનંતરે તે લીધો નહીં, મુખ થકી તેણે વાંણી કહી.
તેં મુજને કીધો ઉપકાર, જળથી કહાડયો મુજને બહાર;
તારો પુત્ર ઉઠયો છે અહીં, આપણુ બેહુ બરાબર સહી,
મારે નથી કંઇ જરનું કામ, માટે પાછો આપું આ ઠામ;
સોદાગર પાછું લેતો નથી, તમે છો લેવા જોગ સરવથી.
નાચાર થઇને બોલ્યો વાણ, ત્યારે તેણે લીધો જાણ,
પાસે ન રાખી એક બદામ, ખેરાત કરી નાખ્યો તે ઠામ,
ખારવા ખલાસી કરાણી તંહી, તેને વેંહેચીને આપ્યો સહી

દોહરા.

અચરત પામ્યો વેપારી તે, એમાં ગુણ અપાર,
ધનભાગ્ય માહરૂં, આવી પોતે આ ઠાર.
હેત પ્રીત રાખે ઘણું; સેવા કરે દીન રાત;
ખાન પાન ભોજન ભલાં કરે વીનોદની વાત.
પુછી વાત ધનતરે, કોણ નગર ગામ;
કયાંથી માલ તમે ભરયો, કયાં જઇ કરશો મુકામ,
ત્યારે સોદાગર બોલીયો, બંગાળુ નગ્ર વિશાળ;

નગ્ર મારૂં તે સહી, ત્યાંથી ભરીયો માલ.
ઘણા બંદરે હું ફરયો, પણ ન પોંચી મન હામ;
સારંદીપ જાશું હમો, ત્યાં સરસે હમારૂં કામ.
તે શેહેર જેવું બીજું કો નથી ત્યાં સુઘડ ઘણાં નરનાર;
કાપડ મોંઘા મુલનું, ખપશે તેણે ઠાર,
ઇંદ્રપુરી જાણે સહી. માહાલક્ષ્મીનો વાસ;
ઘેર ઘેર જોત ઝળકી રહી સોભા લીલ વીલાસ.
વેચાણ માલનું ત્યાં થશે, નહીં કોઈ તેની તોલ;
ત્યાં જવાની ઇચ્છા મને, બોલ્યા સોદાગર બોલ.
સારદીપ શબ્દ સાંભળી, સાંભર્યો કામરૂપ રાય
આંખે તમ્મર આવીયા, બેહોસ થઇ ગઇ કાય.
અચરત પામ્યો વેવારીયો દીઠાં તેહનાં ચેન;
શોકાતુર મનમાં થયો, ઉઠીને દાબ્યાં નેણ
અરે મિત્ર તને શું થયું દૈવે વાળ્યો દાટ;
વીલું વદન વેપારીનું, કરવા લાગ્યો ઉચાટ;
વાત કરતાં વિપરીત થયું. કીધા ઘણા ઉપાય;
ચાર ઘડી એમ વહી ગઈ, પછે શુધી થઇ કાય.
બેઠો થયો જાણે ગયું તેહનું દુઃખ;
સોદાગર પેસો વહાણુટી, હરતુ થયું તેનું મુખ.
પુછી વાત તમે મને, મેં માંડી કહયો વિસ્તાર;
દુઃખ પામ્યા કાયા વિશે, તે મને કહો આ ઠાર,
મુખ કમળ સરખુ હતું, તે કરમાયુ આ ઠામ;
બેહોસ કાયા થઇ તમ તણી, તેનુ તે શું નામ

ચોપાઇ.

ત્યારે ધનંતર બોલ્યો વાત, સાંભળો શેઠ તમે મારા ભ્રાત;
મારે મીત્ર રાજાનો તંન, તેની સાથે મળ્યુંતું મન.
બીજા મીત્ર વળી હુતા સાત, જીવ એકને જુદી જાત;
હાસ્ય વિનોદમાં બેઠા સહી, એક બ્રાહ્મણ ત્યાં આવ્યો સહી.
હસી વચન મુખ બોલ્યા હમો, કયા મુલકથી આવ્યા તમો.
એવી વાણી હમારી લહી, તેણે વાત વિસ્તારી કહી.
સીરંદીપથી આવ્યો હું જાણ, ઘણું શેહેરનુ કરૂં વખાણ,
તે કેહેતા આવે ન પાર, શું કરૂં તેહનો વિસ્તાર.
તે સાંભળી મોહ પામે સહુ જન, થયું શેહેર જોવાનુ મન;

મુલખ જોવા તણે કારણે, સજન મુકી નીકળ્યા બારણે.
ઘણા મુલખ જોયા અપાર; એવે આવ્યા મછલીબંદર મોઝાર
ત્યાંના લોકને પુછે પેર, કેટલું દુર સીરંદીપ શેહેર.
ચાલતાં ખટ માસે પોંચાય, વહાણમા પંદર દીવસે જાય.
એવાં વચન તેનાં સુણી, ખુશી થઇ સહુને મન ઘણી;
વહેલા પોંચીએ જોઇએ શેહેર, બેઠા વાહાણમાં રૂડી પેર.
દીવસ નબળા હમારા જાણ, લાગ્યું તોફાનને ભાગ્યું વાહાણ
મીત્ર કોઈ કોઇને મળીયા નહીં, આવરદા આવી પોંચ્યો તહીં
મેં પુછી વાત તમને આ ઠામ, તમે લીધું સીરંદીપનું નામ;
મીત્ર સાંભરી આવ્યા સહી, બેહોસ કાયા મારી થઇ.
હું તો જોવાનો તે ગામ, પણ મિત્ર વિજોગ થયો આ ઠામ;
તેના વિજોગે દુઃખ પામ્યા હમો, પુછી વાત તો સુણજ્યો તમો;
ત્યારે સોદાગર બોલ્યો મુખ, એ વાતનું નવ ધરશો દુઃખ,
આયુષ્ય મિત્રોનું હોશે સહી, કોઇના મારયા મરવાના નહી
નીકળ્યા હશે જો જળથી બહાર, તો મળશે તમને નીરધાર
સીરંદીપમાં મારે સહુ જાણ, ત્યાંથી ભાળ મળશે નીરવાણ
મોહના માર્યા આવશે તહીં, એ વાતમાં તો સંધે નહી,
વળી શોધાવીશું ફરતાં ગામ, મોકલશું માણસ ઠામો ઠામ
સીરંદીપનો રાજા જેહ, મુજપર રાખે છે સનેહ;
મારો બોલ ઉથાપે નહીં, તેને હકીકત કેહેશું જઇ.
જીવતા હશે તો મળશે જાણ, સત કરીને માનજો વાણ;
સોદાગરે એમ કહયાં વચન, ત્યારે હરખ્યો ધનંતર મન,
દુઃખ તણા દીન કાલે જશે, મિત્રના દરશન તમને થશે;
જોઇએ સીરંદીપ તે ગામ, શું નીપજે છે તેણે ઠામ,
એમ મન વીચારી કરી, પાછી હીમ્મત મનમાં ધરી,
રાત દીવસ ચાલે તે વાહાણ, સીરંદીપ પોંચ્યા નીરવાણ;
મછરે બેસીને ગયા તે ગામ, આવ્યા લોક મળવા તે ઠામ,

દોહરા.

ગયો સોદાગર શેહેરમાં, સાથે પોતાનો સાથ,
ધનંતર જીવ અધીક છે, ચાલ્યો તેને વળગી હાથ
દીઠી રચના તે શેહેરની, મળી વિપ્રની વાત;
જેવું બ્યાન તેણે કરયું, તે નજરે જોયું વિખ્યાત;
વખાર હતી પોતા તણી, ઉતરયા તેમાં જાણ,

સોદાગર તે શેહેરના. આવ્યા મળવા નિરવાણુ;
જેને ખપ હોય જે તણો, તેનો પુછે સવાલ.
હાથો મારે હેતે કરી, વચમાં પડે દલાલ;
વેચ્યો માલ વેપારીએ, થયા રોકડા દામ.
પ્રસન થયો મનડા વિશે, સફળ ફળી આ હામ;
પછી રાજાને મળવા ગયો, સોદાગર તેણે ઠાર;
અમુલ વસ્તુ લીધી ઘણી, ભેટ કરવા નીરધાર.
જે વસ્તુ દીઠામાં નહી, તે લીધી તેણે દામ;
રાજ સભામાં આવીયો, નમીને કરયો સલામ.
દરસ્ટે દ્રષ્ટ બેહુની મળી, રાજાએ સાહયો હાથ;
પાસ બેસાડયો પ્રીતથી, ભેટયા રૂદિયા સાથ;
જાણે ઇંદ્ર રાજા સહી, બેઠો ઇંદ્રિ સભાય,
તેવી રચના છે તહીં, વરણુવ કઇ પેર થાય;
હાશ્ય વિનોદ આનંદમાં, કરવા લાગી વાત,
ઘણે વરશે આવ્યા તમો, અમો ખુશ થયા મન સાથ;
શી પ્રજા છે શેઠજી, શો છે વણુજ વેપાર.
શી શી વસ્તુ ભરી લાવીયા, હમારા નગ્ર મોઝાર;
સુખ દુઃખ વૃદ્ધીને હાણી સહી. પરીવાર વણુજ વેપાર.
જે જે વાત પુછી રાયજી, ઉત્તર કરે તે ઠાર;
ભેટ લાવ્યો હતો સહી, તે મુકી તેણે દીશ;
તમ લાયક છે એ નહી, કહુ ચરણે નામ શીશ.
નઉતમ વસ્તુ દીઠી સહી, નહી તે શેહેર માઝાર;
તે જોઇ રાજા હરખીયો, તે વેળા તે ઠાર.
માગી રજા વેહવારીએ, નમીને કરયો જુહાર;
રાજા કહે કાલ આવજો, આ વેળા આ ઠાર.

ચોપાઇ.

તે દીવસની વીતી રાત, બીજા દીનનો થયો પ્રભાત;
સોદાગર ગયો રાજ સભાય, આનંદ તેને અંગ ન માય.
કચેરીમાં તે આવ્યો સહી, વીપરીત વાત એક દીઠી તહી;
રાજાનું મોઢું ઉતરી ગયું, હકીમ લોક બેઠા છે બહુ.
સોદાગરને દીધું માન, પાસે બેસાડીને આપ્યાં પાન;
પછે સોદાગરે સહુ પુછી પેર, હકીમ કેમ બેઠાછે ઘેર.
તે રાજાએ મુકયો નીશવાશ, ભાગેછે મારા મનની આશ.

નથી મારે પેટ કંઇ પુત્ર, એક પુત્રીછે તે ઘરસુત્ર;
તેને વ્યાધી પીડે કાય, દીન દીન કાયા દુરબળ થાય;
અનેક ઉપાય કીધા રાય, તેમ તેમ વ્યાધી બમણો થાય.
આ સઘળા વૈદ તેડાવ્યા અહીં, ઓસડ કરીને એ થાકા સહી;
નથી આવતો રોગનો પાર, માટે ઝુરૂછું આણે ઠાર.
એવાં વચન રાજાનાં સુણી, સોદાગરે મુખ વાણી ભણી;
એક વઇદ છે મારે મુકામ, ધનંતર છે તે તણું નામ.
તેના ગુણુ તણો નહીં પાર, તેણે જીવાડયો મારો કુમાર;
પરીક્ષા કીધી રોગજ તણી, તેપર વિદ્યા કીધી ઘણી.
સાત દીવસે કીધા હોંશીઆર, જીવતદાન આપ્યું તે વાર;
મુજન આશા પુત્રની નહી, રૂદન કરૂં હું ત્યાં બેઠો તહીં.
તે નરે તેને કીધો હોંશીઆર, તેના ગુણુ તણો નહીં પાર;
આવી પોં'તોછે તે મારી પાસ, તે વાત હું કહું પ્રકાશ.
નીકળ્યા તે સફર કવા જાણુ, ભાંગી ગયું દરીઆમાં વાહાણુ;
કરમ રેખા જોરાવર સહી, સમુદ્રમાં પાટીયું હાથ આવ્યું તહીં
બર સમુદ્રમાં તણાયો જાય, તેતો દ્રષ્ટે મેં દીઠો રાય;
મછવો મોકલ્યો તેણીવાર, તરત કડાવ્યો જળથી બાહાર.
વહની પ્રબળ કરાવ્યો તાંય, શેકયો ઘણો તે નરની કાય;
ત્યારે હોશિયારી તેને થઇ, તેણે વાત વિસ્તારીને કહી.
ત્યાર પછે કીધો ઉપકાર, તેના ગુણુ તણો નહી પાર;
તન મન ધન તે માહારો પ્રાણુ, જીવ એકને દેહ જુદી છે જાણુ.
તેની જોડી કોઇ બીજો નથી, પ્રથવી બધી શોધી સરવથી;
એવી વાણી સોદાગરે કહી, સભા સરવે સાંભળી તો રહી,

દોહરા.

રાજા મનમાં રીઝીયો, બોલ્યો તેણીવાર;
લાવો તે ગુણવંતને, આ વેળા આ ઠાર.
એક પુત્રી છે તમ તણી; કરો પુન્યનું કામ;
દુઃખ જશે કુંવરી તણું, થશે જગતમાં નામ
શોદાગર એવું સુણી, ઉઠયો તેણીવાર;
રથે બેશી આવીયો, પોતા કેરે દુવાર.
બીના કહી પેલા વિપ્રને, ધનંતર જેનું નામ;
રાજકન્યા વ્યાધી ઘણો, તમો ચાલો તે ઠામ,
કુંવરી કન્યા વરસ તેરની, તેને વ્યાધી પીડે કાય;

દીન દીન થાય દુરબળી, કીધા અનેક ઉપાય;
ઘણા વૈદ મળ્યા તહીં, પણ કોઈ ન પામ્યા પાર;
મેં વખાણ કીધા તમ તણા, રાજા રીઝયો અપાર.
તેડવા કારણ મોકલ્યો, માટે ચાલો તે ઠામ;
દુઃખ જાશે વિનતા તણું, થાશે ધાર્યું કામ.
એવાં વચન શેઠનાં શુણી, હરખ્યું તેનું મન;
મિત્રનું કામ થશે સહી જોઉં વિનતા વદન.
જોઉં જઈ તે નારને, પછે કરૂં કંઇ ઉપાય;
મીત્ર મારો આવી મળે, તો કામ સઘળા થાય.
એવું વિચારી કહીઓ, ચાલ્યો સોદાગર સાથ;
બેસે વળગી બેહુ ગયા જ્યાં છે પૃથ્વીનાથ.
આશીરવાદ જઈ કહ્યો, રાજાએ દીધું માન.
આગત સ્વાગત કરી બહુ, આપ્યાં ફોફળ પાન.
બીજા વૈદ બેઠા બહુ, તેમણે કીધા પ્રણામ;
વિનોદ કીધો વિદ્યા તણો, બહુ સભા જે ઠામ.
ખુશી થઇ સભા સઉ, વરણ હરાડે લોક;
બીજા વૈદ સૌ બોલીયા, એથી સમશે શોક.
અમ કરતાં અધીક છે, એની વિદ્યાનો ન પાર;
રોગ પરિક્ષા એણે કરી, દેખાડો કુંવરીની નાડ;
એવાં વચન સૌના સુણી, હરખ્યો રાજા મન.
ધનંતરને ત્યાં મોકલ્યો, કુંવરીને ભોવન,
કામકળા બેઠી મેહેલમાં પ્રધાન પુત્રી છે પાસ;
કામકળા નામે સહી, ત્યાં આવી પોંચી દાસ,
મધુર વચન મુખ ઓચરી, નમીને લાગી પાય,
આ વૈદ પ્રભુએ મોકલ્યો, એથી રોગ તો જાય.
રાયે પરિક્ષા કરી બહુ, છે ગુણનો ભંડાર;
એથી રોગ પુત્રીનો જશે, એમ કહી મોકલ્યો આ ઠાર,

ચોપાઈ.

એવાં વચન દાસીના શુણી, હરખી કુંવરી મનમાં ઘણી;
હું તો દરદ દીવાની થઇ, તે દરદ ટાળી શકે નહીં કોઇ.
માહાભારથ વ્યાધી મુજ કાય, તે પ્રભુ વિના ટાળ્યો ન જાય
અનેક વ્યાધીના ઓસડ સહી; પણ મારા રોગનો પારજ નહી
પીતા વચન કેમ મીથ્યા થાય, માટે તે નર લાવો હાંય;

ચક નાંખીને તે બેઠી સહી, પ્રધાનની પુત્રી આગળ રહી.
ધનંતરને પછે તેડયો પાસ, બોલી વાણુ તે મુખ પ્રકાશ;
ઉપાય કરીને થાકયા હમો, પરમેશ્વરે મોકલ્યા તમો.
શોછે રોગ વીનતાની કાય, તેતો કાહાથી કહ્યો નવ જાય;
પ્રથમ રોગ કહો આ ઠામ. ત્યાર પછી ઓસડનું કામ
એવો બોલ સાહેલીએ કહયો, તે સુણતાં તેતો દીગમુઢ થયો.
જાણે વીજળી કેરી છે જોત, એવું મુખ તપેછે ઉદોત.
વજીર પુત્રીની શાભા એવી, તો રાજ કન્યા હોશે કેવી,
વીપ્રે કહી તે સાચી વાત, ભાગી મનડા કેરી ભ્રાંત.
નથી એના દેહમાં કાંઈ રોગ, મીત્ર માટાનો એને વીજોગ;
વીશે વહ્નીથી દાઝી કાય, વાગો રુદીયા મધ્યે ઘાય
તેતો પરમેશ્વરનો ખ્યાલ, ગાળશે લેખ લખ્યા જે ભાળ;
આવરદા દોરી લાંબી થશે, તો તે નર અહીં આવશે,
એવી મનમાં રાખી ધીર, પછે તે બોલ્યો મુખથી વીર.
નાડી આપો જો મારે હાથ, તો તો ઓળખુ રોગની જાત.
જોઉં મુખ જોઈ એનું દુઃખ પછે રોગ કહુ તમ સાથ;
પછી વાતનો કરજો તોલ, સાચો જુઠો મારો બોલ.
એ ધનંતરના સુણી વચન, માન્યું તે વીનતાનું મન;
ચડપ નીકળીને આપ્યો હાથ, ઘણું તે મનમાં થઈ રળીયાત
શો વ્યાધી મારો કેહેછે અહીં, કર મધ્યે કર આપ્યો તંહી;
ઝાલી વીનતા કેરી નાડ, કામજવર ધીકે છે બહુ હાડ.
બીજો વ્યાધી દેહમાં તો નથી વીરે વહન્ની પીડયો સરવથી
મુકયો હાથ મન કરે વીચાર. કેમ કહું એને આ ઠાર.
ચડે રીસ તો છેદે શીશ કમોતે મરૂ આ દીસ;
રાજકુંવરી મુખ બોલી વાણુ, શો રોગ મને કોહો નીરવાણુ
ત્યારે નર બોલ્યો તે દીશ, સાંભળ કુંવરી ન કરશો રીશ
અનેક જાતના વ્યાધી સહી. તેમાંનો હુછે નહીં;
એ રોગની મેં ઓળખી જાત તે કહું તો તમે કરો મારી ઘાત
ચેતી ચતુરા મનમોઝાર, છે કોઈ ગુણુ તણો ભંડાર;
બોલી કુંવરી મુખ મધુર વચન, સંમે વહન્ની શીતલ થાય મન
બીક મારી તમે મુકો આપ, જો બીજું તો પ્રથવીનું પાપ;
ધનંતર કહે હમો કહીશુ કાલ, એમ કહી ઉઠયો તતકાળ.
કુંવરી કહે તેડાવીશ હમો કીરપા કરી પધારજો તમો.

દોહરો.

વારૂ કહીને ઉઠીઓ, આવ્યો રાજ સભાય;
કુંવરી તુજ સારી કરૂં, દીવસ થોડા માંય.
ચીંતા તજો મનમાં થકી, સારી થશે તુજ તંન;
એ વાતમાં સંધે નહીં, આ મારૂં સત વચંન.
રાજા પ્રજા રીઝી સઉ, આનંદ અંગ ન માય;
શેલાન વજીર આવી રહયો. તેનો કહું મહીમાય.
શેલાનનોના રાજીઓ, ગજગતી એવું નામ,
ખંડણી મોકલી તેણ તહીં, વજીર લાવ્યો તે ગામ;
સાથે માણુસ બીજા ઘણા. આવ્યા શેહેર માઝાર.
રાજપત રાજાને જઇ, નમીને કરયો જુહાર;
જે જે વસ્તુ મોકલી, ગજપતી જ રાય.
તે સરવે મોં આગળ ધરી, વજીર નમ્યો પાય;
મુકામ રહેવા આપીયો, વજીરને તેણે ઠાર.
પરમણો લખી આપીશું, વદા કરશું નીરાધાર;
દીવસ બે વહી ગયા, ફરી નહીં બાળ'
વજીર આવ્યો સભા શેલાનજી, માંદો પડયો તે ઠાર;
માણુસ બીજા વજીરના, તે હતા ચતુર સુજાણ'
તે આવ્યો સભા વીશે, તેણે સાંભળી સઉ વાણ:
સાંભળી વાત વૈદ તણી, દીઠો બહુ હોંશીઆર.
તેણે અરજ કહી રાયને, તે વેળા તે ઠાર;
પાણી માફક ન આવીયું, તમારા શેહેરનું જાણ;
વજીર માંદો એમ તણો, છે દુખી નીરવાણ.
માટે આ વૈદ મોકલો, રાયજી હમારી સાથ;
શો રોગ અમ વજીરને, જોશે આવીને હાથ.
એવાં વચન તેના સુણી. રીઝયા રાજા મંન;
હસીને મુખે બોલીઓ, ખુશી થઇ રાય વચન.
પરદુ:ખ ભંજન તમે સહી, દુખ તમથી તો જાય;
પરોણો મુજ ઘેર આવીયો, મોકલ્યો એને રાય
માટે તમે જુવો જઇ, શું છે તેને દુ:ખ;
પર ઉપકારનો ધર્મ છે, એમ રાજા બે યો મુખ.
વચન શીર ચડાવિયું, તે નરની સાથે જાય;
સોદાગર ઘેર મોકલ્યો, પોતે ચાલ્યો તાંય.

મુકામ તેને પોચ્યા જઇ, બેસાડયો દઇ માન;
સેવકે જાહેર કરીઉ, જ્યાં પોતાનો પ્રધાન.
વૈદરાજ સભા તણો, તેડી લાવ્યા આ ઠાર;
એના હાથને જશ ઘણો, તમને થાશે કરાર.
એ વચન તેનાં સુણી, ઉઠીને આપ્યો હાથ;
ધનંતર વાણી વદે, વજીર કેરી સાથ.
શું છે ભાઇ નામ તમ તણું, વજીર કહે શું કામ;
શા સારૂ પુછો તમો, મારૂં નામ આ ઠામ.
શબ્દ ઓળખ્યો તેહનો, મીત્ર મારો હોય;
તે વીના બીજો કો નથી, વાણીથી પારખ્યા શોય.
પડદો ઉચો વખાવીયો, જોયુ તેહનું મુખ;
એકેકને નજરે મળ્યા, શાંનતા પામ્યા સુખ.
હસી વચન મુખ બોલીઆ, બેસીએ જગો એકાંત;
તોતો વાત થાય સહી. ભાંગીએ મનની ભ્રાંત.
પછે સઉને રજા આપી સહી, બેસો ભાઇઓ બાહાર;
જોઉં વૈદ શું કહે મને, તે સાંભળું આ ઠામ.
એમ કહી સઉને કાઢીઆ, બેઠા બનો પાસ;
નામ કહ્યુ એકેકનું, પામ્યા મન હોલાસ.
ચીત્ર મન ત્યાં કહે સહી, ધનંતર મુજ વીર;
એમ કહી વળગ્યો ગળે, રાખી મનમાં ધીર.

ચોપાઇ.

વિજોગમનો ત્યાં સંજોગ થયો, ધનંતરે મુખ બોલજ કહયો;
ભાઇ તમારી કોહોની વાત, શું દુઃખ વીતુ તમારી જાત.
બીજા મીત્ર સૌ નીકળ્યા બહાર તેનો મને કહો વિસ્તાર;
કોણ રાજાના વજીરજ થયા, આ નગરમાં કયારે આવીયાં.
મુજને માંડીને કોહો વીસ્તાર, કેટલે દીનસે નીકલ્યા બાહાર.
એવાં વચન મિત્રના સુણી, ચીત્રમને મુખ વાણી ભણી.
બર દરીએ તણાયા સહી, મીત્ર તણી ખબર ન રહી;
પાંચ દીવસ રહયો જળ નોઝાર પછે આવ્યો મુજ દુખનો પાર
પાટીયું કાડે હાથ આવ્યું સહી, તે ઉપરથી પાર ઉતરીઓ સહી
સુખ દુઃખનો હું ભરીઓ જાણ, ન ચલાય ન બોલાય વાણ
દુરથી દીઠું એક સુંદર ગામ; શેલાન શેહેર છે તેનુ નામ;
ગજપતી નામે રાજા સહી, તેના શેહેરમાં આવ્યો સહી.

પંદરે દીઠું વાડીનું વન, તે દેખીને હરખ્યો હું મન;
શીતળ છાયા જાણુ ગંભીર, તેહ તણે જઇ સુતો હીર.
તરસ ઘણી લાગી મુજ કાય, કંઠ સુકાયો નહીં બોલાય;
જળ વીના જેમ તરફડે મીન, તેમ ત્યાં તરફડે મારૂં તન;
માળી વાઢતો હતો વાડ, તેણે મુજને દીઠો તે ઠાર,
પાશે આવીને ઉભો રહયો, મુખથી તેણે બોલજ કહયો;
કેમ સુતો ભાઇ આણે ઠામ. ક્યાંથી આવ્યા કોણ જશો ગામ
મારાવતી બોલાયું નહીં, ઇશારત હાથની કીધી તહી
તે નર સમજી ગયો મનમાંય, ભુખે બેહોસ થઇ એની કાય
દયા આવી ઘણી તેને મન, પછી જળને આપુ ભોજન.
સુખ શાંતા થઈ પછી શરીર, ખાધું અન અને પીધુ નીર;
પછી હકીકત મારી કહી, જે વીત્યુ કાયાપર સહી
અચરત પામ્યો મન મોઝાર. ગને કહયું ભાઇ રહો આહાર
પાંચ દીવસ પરોણા રહો. કામકાજ મુજ સરખુ કોહો.
તેજ વાડીમાં છે તેનો મુકામ, લઇને આવ્યા તેણે ઠામ;
ઘણી ચાકરી મારી કરી, રહ્યો હું તેણે ઠરી
દીવસે માળી વાડીમાં જાય, રાતે બેસીએ આણંદ માંય.
હાસ વીનોદની કરીએ વાત. એણીપેરે જાય દીવસને રાત,
તહીં કરતા દે સુખે કામ, બેઠા આવડાને તે ઠામ.
રાત દીવસ ઝુરૂ તારવશી, તારરૂપ વીસરતો નથી;
મે વિચાર્યુ મનમોઝાર, એરી રેહુ તો ન આવે પાર;
ચતુરાઈતણું કાંઇ કરું કામ, જેથી જાહેર પડુ આ ગામ.

દોહરા.

એમ વિચાર કરી તહીં. ફરયો વાડી મોઝાર;
તેની શોભા અતી ઘણી, કેહતાં ન આવે પાર.
ફરતો ફરતો આવીયો, બેઠો તેણે ઠામ;
ભીત સુંદર તે મેહેલની તે પર કરયું મેં કામ,
જેવો મહેલ છે આપણો, તેવો ચીતર્યો તે ઠામ;
ચીમન ચાર ફરતા કરયા, પુસ્પનો નહી પાર.
પોપટ હંસ મેના સહી, બીજા પંખીની કાય;
શોભા શી કહું તેહની. ક્ષણમાં ઉડી જાય.
બેઠકની શોભા કરી, તેમાં મીનાકારી કામ;
જળહળ જોત ઝળકી રહી, રંગ બન્યો તે ઠામ,

કામરૂપ તેપર કરયા, મુખ કમળ શોભે નુર;
જાણે હવડાં બોલશે, જોબનમાં ભરપુર.
મુખ કમળ રહયું હશી, શશીઅરની સમાન;
તે પાસે શોભી રહ્યો, મિત્રચંદ્ર પ્રધાન.
સાતે મિત્ર મેં ચીતર્યો, જેવા હતા તેવા રૂપ;
તે સઘળામાં શીરોમણી, કામરૂપ જે ભુપ.
તારા મધ્યે જેમ ચંદ્રમા, તેમ શોભે છે જોડ;
સ્વરૂપ જોતાં તેહનાં, પોચે મનના કોડ.
મુખ કમળ સઉના હશે, જાણે કરે વીનોદની વાત;
એવો નકશો ચીતરયો, ખીલી પટોળે ભાત.
વીજોગનો સંજોગ થયો, નીહાળું બેઠો ત્યાંય;
તેવામાં રાજા નગરનો, આવ્યો વાડીની માંય.
હું તો ઉઠીને આવીયો, પટેલ કેરિ પાસ;
રાજા આવ્યો તે વાડીમાં, કીધો મે'લમાં વાસ.

ચોપાઇ.

રાજા આવ્યો તેણે ઠાર, ફરવા નીકળ્યો બાગ મોઝાર,
ફરતો ફરતો આવ્યો તહીં જીતે કામ કરયું છે સહી,
જોઇને અચરત પામ્યો રાય, આતે કારણ શું કહેવાય;
આતો રચના છે અભીનવી, એનો કરનારો માનવી નથી.
એતો રચના કોઇ દેવે રચી, રાજા રહયા મન મચી;
ઘણા પુરૂપ શોભે તે દીન, તેને લેવાનું કરે સઉ મન.
વળી જાનવર દીઠા બે રંગ, તે દેખીને રાજા રીઝયો અંગ;
રાજકુંવરની શોભા જોઇ, રાજા રહયો મનડામાં મોહી.
કામદેવ સરખી તેની કાય, તે દેખી વીશમે સઘળા થાય;
બીજા મીત્ર બેઠા છે જોડ, તે જોતાં મનમાં પામે કોડ
એ જાનવર ઝાડ માનવની કાય કોણે ચીતરયા વાડીમાંય;
રીઝયુ ગજપતીનું ત્યાં મન, તેડયો માળી તેણે તે દીન.
પાસે આવીને તે ઉભો રહયો, રાજાજીએ બોલજ કહયો.
આ વસ્તુ કરનારો કોણ, તે નર જાતે ચતુરસુજાણ;
તેને તેડી લાવો આ દીશ. નહીતર છેદીશ તારૂ શીશ.
એમ કહીને થયા અવસાર, આવ્યા પોતે કેરે દુવાર,
પટેલને મન ચિંતા થઈ, તેના દુ:ખનો પારજ નહી,
ણે કરયું હશે એ કામ. ત્યાં તો નથી માણસનું નામ;

આવી રચના જેણે કીધી અહિ, તેની રચનાનો પારજ નહી
બત્રીશ લક્ષણો તે નરનો જાત, રાજા તો કરશે મારી ઘાત,
કયાંથી લાવું તે નરની જાત, હું મનમાં કરૂછુ વિચાર;
નથી સુઝતી મને એકે પેર આવ્યો પટેલ પોતાને ઘેર.
મુખ તેનું તો ઉતરી ગયું, મેં પુછ્યું ભાઇ તને શું થયું;
કઇ વાતનું દુઃખ છે તુને, તે તું વીસતારી કહે મુને;
આરે તે નર બોલ્યો વાણુ, સાંભળ ભાઈ તું ચતુર સુજાણુ.
તસબીર ચીતરી આણે ઠામ, છે કોઇ ચતુર નરનું કામ;
ઘણું ક્રમ કરીઉં છે સહી, જુવો ભાઇ તમો ભીંતે જઇ.
ધન ધન નર તેની માવડી, તે નરમાં અકલ આવડી;
રાજાને રીશ ચડીછે અપાર, મુજને તેડાવ્યો તે ઠાર.
એ લખનારાને લાવ તું જાણુ, નહીંતો જાશે તારા પ્રાણુ
ચતુર નર કરી ગયો ખ્યાલ, મારો આવી પોચ્યો કાળ.
કયાંથી શોધી લાવું તેહને, રાજા દમશે મારી દેહને;
નાચાર થઇને વાણી કહી, તે તો મે મારે મન લહી.

દોહરા.

એ વચન માળીનાં સુણી, બોલ્યો હું મારે મુખ;
તે કરનારો હું સહી, રખે ધરો મન દુખ.
બેસી રહેતાં મને ન ગમ્યું, તેથી મેં કરીયુ એ ઠાર;
મેહેલ બાગને માનવી, તેહેનો હું કરનાર.
સુખ્ખે જાઓ રાજા કને, કરો જઇને જાણ;
ઉભો કરો ત્યાં મને જઇ, બચાવ તારો પ્રાણ.
માળી કહે માનું નહીં, નહીં એ તારૂં કામ;
મિત્રનો હક રાખવા, માથે લો આ દામ.
એ વાતે હું રાજી નથી, બીન તકસીર તમજાત;
રાજા તુજપર કોપશે, કરશે દેહની ઘાત.
જે કરમે મારે લખ્યુ, દુઃખ ભોગવશું અંગ;
દ્રષ્ટે દેખાડયુ પારખુ, કલમ વાસણને રંગ;
માળી વીશ્રામે પામીયો, જઇ જોડયા બે હાથ,
પગે લાગીને બોલીયો, જગતપતીની સાથ
ગુનો બખશો તે નરનો, તેણે કરીયું મુરખનું કામ;
હુકમ હોય તમ તણો, તો લખુ આણે ઠામ.
રાજા હશીને બોલીયો, તેડી લાવો મુજ પાસ;

જોવું મુખ તે નર તણું, તેની અકલને શાબાશ.
એ શબ્દ રાજાના સુણી; મને લઈ ગયો તે ઠામ;
સભા ભરી બેઠો સહી, ત્યાં મેં કરી સલામ.
કર જોડી ઉભો રહયો, રાજાનું રીઝયું મન;
પાસે તેડયો પ્રીતથી, બોલ્યો પ્રેમ વચન.
પુછી વાત તેણે પ્રેમથી, મેં આપ્યો તેને પાર;
ચતુરાઇ જોઇ ચોગણી, રાખ્યો સભામોઝાર;
હજુરમાં મને રાખીયો, કઇ ફરમાવ્યું કામ.
બીજા માણુસ સરકારના, બેસી રહે તે ઠામ.
ઘણા દીન એમ વહી ગયા, એક દીન સોપ્યુ કામ;
સીરંદીપ જાવો તસે, છત્રપતીને ગામ.
અમુલ વસ્તુ આપી ઘણી, કહેતા ન આવે પાર;
ભેટ કરવા તે રાયને, મને મોકલ્યો તે ઠાર.
મળી ભેટીઆ ત્યાં સહી, કહયો સઘળો હેવાલ;
જે જે વસ્તુ મોકલી હતી, તે ભેટ કરી તતકાળ.
રાજા રીઝયો તે જોઇને, આનંદ પામ્યો અંગ;
ઉતારો મને આપીઓ, આ મહેલ શોભીત રંગ.
શેહેરમાં ભાળ કાડી ઘણી, ન મળ્યા મીત્રની જાત;
તે દુઃખે પટયો કાહેલી, ઝુરૂ દીન ને રાત.
કામરૂપ વીસરતો નથી, હાં આવે તો થાય કામ;
મારા દુઃખની એ વીનતી માંડી કહી આ ઠામ.

ચોપાઇ.

એટલું વીત્યું ભાઇ મારી જાત, તમે કાહો તમારી વાત;
ત્યારે ધનંતરે તેણી વાર, સંક્ષેપ માંડી કહયો વીસ્તાર.
આદ અંત વીત્યું જેટલું, તે વિસ્તારીને કહયું તેટલું;
વીજોગનો ત્યાં સંજોગ થયો, ચીત્રમને પછી બોલજ કહયો
તમે જોયું ન્યાયનું રૂપ. જેથી મોહ પામ્યો છે ભુપ;
ધનંતરને પુછે તે જોમ. શો છે તે વીનતાનો રોગ
ત્યારે તે નર બોલ્યો વાણુ. સાંભળ ભાઇ તું ચતુર સુજાણ;
અંગ રોગ કંઇ દેહમાં નથી, વારો વહની ધીક સરવથી.
કરવા માંડયો છે મેં તો ઉપાય, વીસે વહની દેવી નવ જાય;
દીન દીન કાયા જરદજ થાય, એ વરેહનો વહની કેમ સમાય
કોઇ પુરૂશ ઉપર આશક થઇ, તેના વરેહનો વહની સહી;

વીપ્રે ત્યાં જે કહ્યું વૃતાંત, તેતો સઘળું મળ્યું દ્રષ્ટાંત.
આપણા રાજાને દુ:ખ જેટલું, એ વીનતા છે તેટલું,
માટે નીસ્ચે નર દીઠો એ નાર કામરૂપને સપના મોઝાર;
એ વાતમાં તો સંધે નહીં, નીસ્ચે કરીને તમે માનો સહી;
ચીત્રમન બોલ્યો તે ઠામ, એક કરો હું કહું તે કામ.
કરો ચાતુરી અપરમપાર, તેનું મુખે માને તે નાર;
પછી કરીએ તે ઉપર ત્રાડ, જેમ પોહોચે આપણા કોડ.
ધનંતર કહે કાજ અવશું, આ વીનતાનો પાર લાવશું;
એમ કહી રજા માંગી તે ઠામ, આવ્યો પાછો પોતાને ધામ
સોદાગરને મળીઓ જઇ, તેણે હકીકત પુછી તંહી;
ફેરવી વાત કરી તે ઠામ, આપ્યું ઓસડ થશે આરામ,
હાશ વિનોદમાં વીતી રાત, પોહો ફાટીને થયો પ્રભાત;
કામકળા રાજાની દીકરી, સખી સાથે વાણી ઓચારી.
ઘણા વૈદ આવ્યા આ ઠાર, કોઇ નવ પામ્યા મારો પાર;
એણે વાત મનડાની કહી બત્રીસ લક્ષણો કોઇ જાતે સહી
માટે તેડાવો તેને આ ઠામ, કહાપી પેચે મનડાની હામ;
એવાં વચન કુંવરીનાં સુણી, દાશી ગોડી રાજા ભણી
જઇ રાજાને કર્યો પ્રણામ, કુંવરીને કંઇ છે આરામ;
માટે વઇદને તેડાવો આંહી, હકીકત કહું તેના દેહની સહી
એવાં વચન દાશીએ લહ્યાં, જઈ રાજાના આગળ કહ્યાં;
હરખ્યુ છત્રપતીનુંનો મન, માણસ મેકલ્યું તેને ભોવન.

દોહરા.

રાજાજીએ મોકલ્યો, પોતાનો પરધાન,
તેડી લાવો તમે વઇદને, દઇને ઝાઝા માન;
વાહન લઇને આવીઓ, સોદાગરને ધામ;
ધનંતર બેઠો સહી, તેને કર્યા પ્રણામ.
રાજાજીએ મોકલ્યો, કુંવરી કેરે કાજ;
કંઇ તફાવત છે સહી, માટે તેડે મહારાજ
એ વચન તેનાં સુણી, રીઝયો તે મન મોઝાર
પેહેરી પોશાક વેગે કરી, ચાલ્યો તેણે ઠાર;
રાજ સભામાં આવીયો. ઉઠો સરવ સભાય;
માન દઇ બેસાડીઓ, દંડવત કરીને રાય.
કુંવરીએ મને કાવીયું, કંઇ એક છે આરામ;;

માટે તમને તેડીઆ, જાઓ તેણે ઠામ.
હવે તેડા વાટ જોવી નહીં, નીત્યૈ જજો તે ઠાર;
એવો હુકમ આપીયો, ભરી સભા મોઝાર.
વચન રાજાના સુણી, ઉઠયો તેણી વાર;
કુંવરી મેહેલે આવીયો, દાસીએ કહયો સમાચાર.
ચકમાં બેઠી સુંદરી, કામળતા રહી બહાર;
હશી વચન તે ઓચરી, વજીર તણી કુમારી.
ઘણા વઈદ આવી ગયા, ન માન્યું મારૂં મન;
તમારી વાત મન વસી, સાચું બોલો આ દીન.
બત્રીસ લક્ષણ તમો સહી. ચઉદ વિદ્યા ગુણ જાણ;
પરોપકારનો ધર્મ છે, બોલો સાચી વાણ.
બ્રહ્મહત્યાદીક પાપ છે, સાચું કહો આ દીસ;
રીસ કરૂ એ વાતમાં, પાપ હમારે શીશ.
ધનંતર ત્યારે બોલીયો; એને વિષયનું દુઃખ;
તેને વાત માંડી કહે, તો તો થાએ સુખ.
મેળવું લાવી તે નરને, કાહાડું દુઃખ આ ઠામ;
સુખ કરૂં કાયા વિશે, ધનંતર મારૂં નામ.
હું ભ્રાતને ભગની તમો, તજો મનની લાજ;
મનની વાત મને કોહો, સરે તમારૂં કાજ.
રોગ હોય તો હમણાં હણું, વિજોગ હણ્યો કેમ જાય;
મનની વાત મુજને કોહો, તેને લઇ આવું હાય.
એવાં વચન તેનાં સુણી, કામકળા થઇ રળીઆત;
શાહેલી પ્રતે ઓચરી, એને કહો વીતગની વાત.
ભ્રાત તાત એતો સહી, એ આગળ શી લાજ;
માટે ધર થકી માંડી કોહો, તો સરે આપણું કાજ.
વિનતા એ વચન સુણી, સાહેલી આવી બાહાર;
દુઃખ તણી જે વિનતી, કરવા લાગી વિસ્તાર.

ચોપાઈ.

શાહેલીએ ત્યાં નામ્યું શીશ, મધુર વચન બોલી તે દીશ;
એક દીવસ હું નીકળી બાહાર, રમવા કારણ વાડી મોઝાર.
સુખ આસનપર બેઠી ચડી, શો દાસી આગળ દરબડી;
ગયા વાડીમાં રમવા કારણે, હરખ ધરી નીસર્યાં બારણે.
જોયાં વૃક્ષને સુંદર વન, લીધા પુશ્પને હરખ્યું મન;

હાસ્યવિનોદ કીધા અપાર, રાગ રંગ તણો નહી પાર.
એમ કરતાં તો રજની ગઇ, તેજ મુકામે વાસો રહી;
અમૃત ભોજન ભક્ષજ કરી, સુખ સેજ્યાપર સુતા ઠરી.
મધ નીસા ગઈ તે ઠાર, સ્વપ્ન એક પામી રાજકુમાર.
કોઈ રાજકુંવર રૂપે રસાળ, તે સાથે જાણે પરણી છે બાળ.
ચારે મંગળ ફેરા ફરી, કંસાર જમાડયો પ્રેમજ કરી;
સખીઓ ગીત ગાએં અપાર, સપનામાં એમ પરણી નાર;
તેના રૂપ તણો નહીં પાર, જાણે શશીઅરનો અવતાર.
સપનામાં થઈ ગયો સંજોગ, જાગી ઉઠીને પ્રગટયો શોક;
તે નર નથી વિસરતો મંન, તેના વહનીથી તપે છે તંન;
તેના વિજોગથી દુઃખણી કાય, તમથી થાય તો કરો ઉપાય.
તમે હમારા થયારે ભાત, તેથી દુઃખની કહી છે વાત;
જો વાત થશે એ ત્રીજે કાન, તે વાતે ઘટી જાશે માન;
તમથી થાયતો કરજો સહાય, નહીંતો વાત રાખજો મનમાંય
એમ કહીને લાગી પાય, ધનંતર બોલ્યો તે જાગ;
એ વાતની તો ચીંતા નહીં, નીશ્ચે તે નર લાવું અહીં.
કરીશ ચાતુરી અપરમપાર, શોધી લાવીશ તે ગુણભંડાર;
નીશ્ચે કરવાનો તારૂં કામ, મારૂં સત વચન આપું આ ઠામ.
એમ કહીને ધનંતર ગયો, ચીત્રમન પાસે જઇને રહયો;
સઘળી વાત કહી તે સંગ, ત્યારે તેનું હરખ્યું અંગ.
ઘણી ખુશાલી મનમાં થઇ, પછી તેણે મુખ વાણી કહી;
કામરૂપ હું ચીતરૂં કાય, તે લઇને આપો કરમાંય.
ત્યાંથી સદેહ પુરો ભાંગશે, પછીતો લખ્યું હશે તેમ થશે;
એમ વિચારી કલમ કર ધરી, ઉતારીયો નકશો હેતજ કરી.
જેવી કામરૂપની છે કાય, તેવી ઉતારી પટની માંય;
તેવાં વસ્ત્ર તેવાં શણગાર, તેવું સ્વરૂપ કોઈ પાસે ન પાર.
નેત્ર નહીં જાણે મોહબાણ, જાણે હમણાં બોલશે વાણ;
જીવ એક બાકી છે તહીં, બીજી તેમાં કંઇ ખામી નહીં.
બીજા રાજકુંવરની છબી અપાર, તેમાં મુકી પેલી ગુણભંડાર;
આપી સૌ ધનંતરને કર જાણ, પછી તે બોલ્યો મુખે વાણ;
કાલે જજો વિનતાની પાસ, આપજો છબી આણી હોલાસ.
લખ્યું તો વિધાત્રાનું થશે, મનનો સંધે આથી મટશે;
એમ કહી આપી તે ઠામ, માગી રજા ગયો મુકામ.

દોહરા.

છબી લઇને આવીયો, ધનંતર પોતે વાસ;
પ્રાતસકાળે આવીયો, તે વિનતાની પાસ.
કરજોડી ઉભી કનીકા, હોજત પડદાનું નામ;
છબી લાવ્યો હતી ઘણી, તે આપી તેણે ઠામ.
નજર ધારી જુઓ તમે, આમાં ઘણા દેશના રાય;
સપનામાં જે આવીઓ, તે નર જુવો એ માંય.
કામકળા એવું સુણી, હરખી પોતે મન;
એકાંત જગા લઇને ગઈ, જોવા લાગી વદન.
દીઠા પુરૂષ બહુ વાંકડા રળીઆળાં તેનાં રૂપ.
છત્રપતિના છોકરા, દેશ દેશના ભુપ;
એક મુકે એક જુવે વળી, ન ગમે કોઇ તાંય.
શીશ ધુણાવે પોતા તણું, મુકે અવનીમાંય;
ઘણી છબી એમ જોઇ તહીં, ન હરખ્યું વિનતાનું મન
હવ કામરૂપ દીઠો તંહી મુખ શોભા ચંદ્ર વદન;
આંખે તમ્મર આવીયા, ધરણી ઢળી તે નાર.
સપનું તો સાચું મળ્યું, ધન કરણી કીરતાર.
છાતી સાથે દાબીને, પરવસ થઇ ગઇ નાર;
ચાર ઘડીએ શુદ્ધી વળી, એટલે સાહેલી આવી તે ઠાર,

ચોપાઈ.

બોલી સખી કોમળતા જેતું નામ, શું થયું બેની તમને આ ઠામ
કેમ એહોથી તમને થઇ, શું મનનો માન્યો આવ્યો અહીં.
કન્યા કહે સાંભળની બેન; કંઈક મલ્યા તે નરના ચેન,
સપનામાં હું પામી સુખ, તેના સરખું છે નરનું મુખ,
કઇ એક પામી મનમાં રળી, મોહ પામી પડી ધરણી ઢળી
એમ કહીને આવ્યાં બાહાર, ધનંતર બેઠો જે ઠાર.
કરજોડીને ત્યાં વાણી કહી, કયાંથી છબી તમો લાવ્યા અંહી.
બજારમાંથી લાવ્યા આજ, આપી મુલ તમારે કાજ;
હસી વચન મુખ બોલી નાર, લખનારો કોઇ ગુણ ભંડાર.
એક છબી એમાં છે સાર, તે ઉપર આવે ઇતબાર;
ચિત્રનારની ભાળ કાહાડો જઇ, કયે શેહેરથી આવ્યો અહીં
પુછી વાત કાલે આવજો, બીજી છબી હોયતો લાવજો;
એમ કહીને નામ્યું શીશ, ધનંતર ઉઠયો તે દીસ.

વેગે આવ્યો ચિત્રમન પાસ, કહી વાત સઘળી પ્રકાશ;
આપી છબી મેં જઇને નાર, જોતાં પડી તે ધરણી મોઝાર.
પાછી ફરી આવી મુજ પાસ, મુખે વાણુ બોલી પ્રકાશ;
એક છબી એમાં સરવથી. તેની તોલે કોઇ બીજી નથી;
એ નર ઉપર પડે છે ભ્રાંત, મળે છે કઇક તેનું દ્રષ્ટાંત.
એ લખનારો રેહેછે કોણુ ગામ, તેને પુછી આવો આ ઠામ
બીજી છબી માગી લાવજો, મુજને કહયું કામે આવજો.
એવાં ધનંતરનાં સુણ્યાં વચન, હરખ્યુ ચિત્રમનનું મન;
મળ્યો રાજા સ્વપ્નામાં સહી, એ વાતમાં સંધે નહીં.
વિનતાના મનમાં ખરો થાય, તેવો મારે કરવો ઉપાય;
એક પટ કર્યો સુંદર તતકાળ, તેમાં ચીતરીયો ઘણો એક ખ્યાલ.
રાજાના બાગ તણો વિસ્તાર, પુષ્પ ઝાડ લખ્યા તે ઠાર:
તે મધ્યે એક ચીતર્યો મેહેલ, ઈંદ્રપુરી તે આગળ સેહેલ.
બેઠક ઠામ કીધો તઇઆર, તેમાં ચીતર્યા સાતે દોસ્તદાર;
રામ રંગ કરનારા બહુ, તેના રૂપ ચીતરીઆ સહુ.
રાજકુવરે સપનું ભાખ્યું, તેવો પણ પટ મધ્યે લખ્યું;
આવી ઉભી કોઇ રાજકુમાર, કામકુંવર જાગ્યો તે ઠાર.
તે પર મોહ પામ્યો રાજન, એવો પટ ચીતરીઓ તે દીન.
બીજામાં નીકળ્યા બાહાર, તેહ તણો લખ્યો વિસ્તાર;
નૌકામાં બેઠા ચતુરસુજાણુ, તેહ તણું માંડયું મંડાણુ.
સમુદ્ર ચીતરીઓ જળનો નહીંપાર, નઉકા એક લખ્યું તે ઠાર;
સાતે જણુ બેઠા તે પર ચડી, તેવા રૂપ લખ્યા તે ઘડી.
ભાંગુ નઉકા જળમોઝાર, કડકા સાત લખ્યા તે ઠાર
એકેક કડકાપર બેઠા જાણુ, ચીતરી છબી તેની નીરવાણુ;
મિત્રચંદ કામરૂપની કાય, તેતો લખી એક તકતા માંય.
ભર દરિએ તણાયા જાય, એવું લખ્યું બીજા પટ માંય;
એ વિનતાના મોહને માટ, દુઃખ પામ્યા છે માનવી આટ.

દોહરા.

પટ બંનો તેયાર કર્યા, શોભાનો નહીં પાર;
ધનંતરને કર આપીયા, તે વેળા તે ઠાર.
બી કાલે તમે રોપીબા, ઉગશે તેનાં ઝાડ;
પરમેશ્વર પ્રતાપથી, પોચશે મનના લાડ
એમ કહી પટ આપીયો, હરખ ધરી અપાર,

બીજે દિવશે આવીયો, કુંવરીના મેહેલ મોઝાર,
પાસે જઈ ઉભો રહયો, વિનતાએ નામ્યુ શીશ;
આશિર વચન મુખે કહયું, આશ પુરશે ઉમીયા ઇશ.
આશન આપી બેસાડીઓ, સામી ઉભી બેહુ નાર;
પટ બંને છોડી કરી, આપ્યા તેણે હાર,
એકાંત જગો બેઠા જઈ, પટ લીધા છે હાથ;
ઉકેલી જોવા માંડીયા, સાહેલી બંને સાથ.
રચના દીઠી અભીનવી પુરપ ઝાડને વંન;
જોતાં દુઃખ ગયું વિસરી, રીઝયા બેહુનાં મન.
તેમાં મેહેલ શોભી રહયો, મીનાકારી છે કામ;
વિસ્વકરમા જાણે રચી, સરગભુમી વિશ્રામ.
બેઠક હામે બેઠા સહી, કામરૂપ જે રાય;
સાતે દોસ્ત છે તેહના, શોભા કહી નવ જાય.
રાગી જન રાગ બેઠા કરે, મચી રહયું જાણે તાન;
ચિત્રમાં એવું શોભે છે જાણે કરે છે સંગત ગ્યાન.
જાણે તારામાં ચંદ્રમા, રાત્રીએ ઉગ્યો સુર;
જાણે જોત ઝળકી રહી, એવું શોભે રાયનું નુર,
સુતો સેજપર તે નિહાળતી, ઘણી ચપળ તેની કાય;
દેખીને હરખી ઘણું, આનંદ અંગ ન માય,
તેની સામું લખ્યું છે સહી, તે વાચ્યું વીનતે મુખ;
કોઇ ચતુરા વરી સપનામાં, તે વરેહથી પામ્યો દુઃખ.
સખી સામું જોઇને હશી, આ કારણ શું કહેવાય,
સપનામાંતો હું વરી, તે કેમ જાણ્યું તે રાય.
ખુશી થઈ મનડા વિશે જોઇ છબી હરખી નાર;
વદન કમળ હશી રહયું, શોભાનો નહી પાર.

છપો.

કનક સરખી દેહ, બહુ તેની શોભા ભારી;
મુખ રૂપનો નહી પાર, કોટી કળા અવતારી.
ભ્રગુટી ધનુશાકાર, મરડી મુકી શીર પાગે;
અધુર મધુર પરવાળ, દંત હીરાને જાગે.
નેત્રવશી જાણે મોહેણી, ઘણી કાન્તી મુખ શું કહુ;
કટ લંક જાણે છે કેશરી, દેખીને વિનતા રીઝી બહુ.

છપો.

પેરીઆ સુંદર પોશાક, શોભે સવા ગજ કેશે;
ભરજોબન શુભ અંગ, બત્રીશ લક્ષણ શુભ વેશે.
દીવ્ય વસ્ત્ર શોભે શણગાર, શીરપર છત્ર ધરીઉં છે;
જાણે ચંતામણીની જોત, મુંખ વદન હથી રહ્યું છે,
કામદેવ સરખો શોભીતો દેખી નાર વરેહવળ થઇ;
ધન અવતાર તે નારનો, જે આ નરને વરસે સહી.

ચોપાઇ.

દીઠો પુરૂષ મોહ પામી નાર, બીજો પટ લીધો તે ઠાર;
જોઇએ શું છે એમાં ખ્યાલ, ઉકલ્યો મનમાં આણી વાહાલ.
તેમાં સમુદ્ર તણો વીસ્તાર, મધ્યે નૌકા શોભ અપાર;
ભર સમુદ્ર માંહે શોભે વૈમાન, તેવું વાહાણ શોભે છે જાણ.
જાણે ઇંદ્રાસનનો રાય. એવી શોભ કુંવરની કાય.
સાતે મીત્ર પાસેછે સહી, તેની શોભાનો પારજ નહી.
ભર સમુદ્રમાં ચાલ્યા જાય, એવો ખ્યાલ લખ્યો પટમાંય;
ભર સમુદ્રનો ન આવે પાર, ભાગ્યુ નઉકા લખ્યુ તે ઠાર.
સાત કડકા થયા ત્યાં જાણ, તે પર બેઠા લખ્યુ નીરવાણ;
રાજા વજીર એક ઉપર સહી, એવો ખ્યાલ જુવે છે તહીં
એવો દીઠો તે પટમાં ખ્યાલ, પડી પેટ વીનતાને ફાળ;
કામકળાએ દીઠું તે ઘડી છાતી કુટીને અવની પડી,
આતો થઇગઇ વીપરીત વાત, હવેતો કરૂં હું દેહની ઘાત;
તે નંર પાખી દેહ નવ ધરૂં, વીશપાન કરીને હું મરૂં,
ઘણું રૂદન માંડયું તે ઠાર, આંખે ચાલી જળની ધાર,
ધીકાર પડયો આ મારા મુખ, તે નરનું હું પામી ન સુખ.
મારો કેમ નહીં આવ્યો કાળ, એમ કહી તોડે શીર બાલ;
કોમળતા સમજાવે સહી, પણ વીનતા રડતી રેહે નહીં.
પછે ધનંતર બોલ્યો મુખ, તજો બાઇ મનમાંથી દુઃખ;
રૂદન કરે મળવાનો નથી, હિમ્મતે કામ થશે સરવથી,
માટે હીમ્મત રાખો તમો, થોડા દીવસમાં મેળવશું હમો;
વીજોગનો તો સંજોગ થશે, દુખ દોહેલાં તમારાં જશે,
ઘણો દીલાસો આપ્યો તે ઠાર, ત્યારે રડતી રહી તે નાર;
મુખથી બોલી વીનતા વાત, તમો ધનવંતરી છો મુજ ભ્રાત.
આ પટમાં છબી તમારી સહી, તેનો સંધે મને પડીયો અહી;

એ વાતની તમને છે ભાળ, સાચી વાત કહો તતકાળ.
રાખી વાત કરો આ દીસ, તો મારી હત્યા તમારે શીશ;
તે નરના સંગી છો તમો, એ નીશ્ચે વાત કીધી છે હમો.
રાખી વાત કરો જો આપ, તો તો બ્રહ્મહત્યાનું પાપ;
તમારી વાત સુંણી કરૂં રીસ, તો સમ દીધા તે મુજ શીશ;
તે નર પાખી દેહ નવ ધરૂં, સત વચન મુખે ઓચરૂં;
જનમ જનમનો તે ભરથાર, તે વીના મીથ્યા છે સંસાર.
તે નરના વીજોગથી જાણુ, નીશ્ચે નીકળી જાશે પ્રાણુ,
તે નર મળશે તો હું વરૂં, નહિં તો દેસ મારો પરહરૂં;
તમો તેના મીત્ર છો સહી, એકલા કેમ પધાર્યા અહીં.

દોહરા.

ત્યારે ધનંતર બોલીયો, સાંભળ વિનતા વાણુ;
મારો રાજા દુઃખ પામીયો, તેનું કહું મંડાણ.
અજોધ્યા શેહેરનો અધિપતી, રાજપતનો તંન;
કામરૂપ નામે સહી, નીરમળ બુદ્ધી મન.
એક દીવશ ગયો વાડીમાં, મૃગીઆ રમવા સાર;
નીશા પડી ગઈ ત્યાં રહ્યો, તે બાગ તણે મોઝાર.
ભક્ષ ભોજન કીધાં ભલાં, સુતા સુખ સેજાય;
મધ નીશા ગઇ તહીં, સ્વપનું પામ્યો રાય.
ભર જોબનમાં ભામની, શશીઅર જેવું રૂપ;
આવી કરી ઉભી રહી, દેખીને રીઝયો ભુપ.
હસી વચન મુખ ઓચરી, તમ સાથે પરણ્યાનું મન;
ઇચ્છા મારી પુરો તમે, શીતળ થાય મુજ તંન.
એવું કહી તે કામની ધાલી કંઠે વરમાળ;
તેવે ઝબકી જાગીઓ, નવ દીઠી તે બાળ.
તે વીનતા મારી ગઈ, મોહેણી રૂપ બાણુ;
દરદ દીવાનો થઇ ગયો, પરવસ પડીયો પ્રાણુ.
અનેક ઉપાય કીધા સહી, પણ ન વીસરે તે નાર;
વીરહ વહની પેદા થયો, દેહમાં તપે અંગાર.
તેવે વીપ્ર એક આવીયો, તમારા દેશથી જાણુ.
પાસે બેસાડયો પ્રીતથી, તેણે ઘણું કરીઉં વખાણુ.
શીવ પુજનને કારણે, તમે ગયા દેરા મોઝાર;
ત્યાં તે બ્રાહ્મણ બેઠો હતો, તેણે આવી કહયો વીસ્તાર.

ગામ નામને ચાતુરી, રૂપ વસ્ત્ર શણગાર;
નીશાની સઘળી મળી, રાજા રીઝયો તે ઠાર.
માહા હરખ મનમાં ધરી, કીધું વીપ્ર પુજન;
તેને સાથે લઇ નીકળ્યા, હરખ ધરીને મંન.
હમે સાત મીત્રો તે રાયના, આ ચીતરયાછે માંહે રૂપ;
રક્ષા કારણુ અમે નીસરયા, સાથે પ્રથવી ભુપ,
માહા ઉમેદ મનડા વીશે, નહીં એ સીરદીપ ગામ;
કામકળા મળવા તણી ઘણી રાજાને હામ
ઘણો પંથ કાપ્યો સહી, પછે બેઠા વાહાણુ મોઝાર;
કરમે લખ્યું મીટે નહીં. ભાગ્યુ વાહાણુ તે ઠાર.
કડકા સાત થયા સહી, તે પર બેઠા સૌ જાણુ,
કોઇ કોઇને મળ્યા નહી, સાંભળ વીનતા વાણુ.
મને દીઠો સોદાગરે, લીધો નઉકાની માંય;
દાણો પાણી તમ દેશનો, આવી પોતો હાંય.
સેલાન શેહેરમાં નીસરો, ચીત્રમન જેનું નામ;
તે રાજનો વજીર થયો તેણે મોકલ્યો આ ઠામ.
તેણે આપી લખી આપીયો, ભાગવા તમારૂ દુખ.
પરમેશ્વરને ગમશે સહી, તો થાશે સહુને સુખ.

ચોપાઇ.

મુજને એવું સુઝે સહી, કામરૂપ નીસરો છે કંઇ;
થોડે દીને આવશે આ ઠાર, હીમ્મત રાખો મન મોઝાર
હરો ફરોને નીસરો બાહાર, કોહો મુખે મને થયો કરાર.
તો પગ મારો રેહેશે અહીં, નહીંતર હુંથી અવાશે નહીં.
કામકળા પછી બોલ મુખ, આ છબી જોતાં ગયું દુ:ખ
એને જોઇ વાળીશું મન, શોધી કાહાડો મારો પ્રાણજીવણ
ખટ માસ સુધી જોશું વાટ, પછે કરવાની દેહની ઘાત;
માટે તમે કરો તે ઉપાય, શોધી લાવો કામરૂપ મુજ રાય
મુદ્રીકા આપી કરની જાણ, તેમાં છબી પોતાની જાણુ;
જેવી કામકળા સુંદરી, તેવી બીના માંહે ચીતરી.
નીસાની આપી પોતાની સહી, તે નર શોધી લાવો અહીં.
તે આવ્યો ચીત્રમનને ઘેર, માંડીને કહી સઘળી પેર;
તે વીનતા મન ધરે ઉચાટ, ખટ માસ જોવાની વાટ;
પછે કરવાની ઘાત, દેવો થશે માહા ઉતપાત;

મુદ્રીકા આપી કરમાંથી નાર, એ નીશાનીએ લાવ્યો નિરધાર.
ઠામ ઠેકાણું ઠાવું નથી, ધનંતર કહે શું કરીએ કથી;
ચિત્રમન કહે બાધ રાખો હામ, શોધું બંદરના સઘળા ગામ:
ખોળી લાવું રાજાને અહીં, એ વાતમાંતો સંધે નહીં.
તરત તેડયો પોતાનો સાથ, તેને કાગળ લખી આપ્યો હાથ
તમો જાઓ શેતાન મોઝાર, રાજાને તંહી કહો દરબાર;
હમારો એક મિત્ર સહી, તેની ભાળ મળે છે અંહી.
તેને તેડી આવીશું હમો, એમ રાજાને કેહેજો તમો;
એમ કહીને કરીઆ વહાય, માંગી સીખ નેં પંથ પળાય.
ચિત્રમન પછી નીકળ્યો બાહાર, ફકીર વેશ ધરીઓ નીરધાર
બંદરે બંદર ફરતો સહી, કામરૂપ કંઇ લાધો નહી.
ધણા બંદર જોયા છે ગામ, પણ ન પોચી મનડાની હામ;
કોમળ કાયા તડકો ને તાહાડ, થયો દુરબળ નીકળ્યો બાળ.
ધણા શેહેર તેણે જોયા બહુ, તેનુ વરણન મુખે શું કહું;
પછી તે મનમાં થયો નીરાસ, અરે દેવ ન પોચી આશ.
દેહ ત્યાગ કરીને હું મરૂં, શું મુખ લઇને પાછો ફરૂં;
એમ વીચાર કરે જેટલે, સંગ જતો દીઠો તેટલે.
દુવારકાનાથ જવાનો શહી, તેની સાથે ચાલ્યો વહી;
રણછોડરાયના દરશણ થશે, પાપ સમુળા મારા જશે.
એમ વીચારી ચાલ્યો જાય, આવી પોતો તે નગમાંય;
નાહયો ગોમતી દરશણ કરીયું, દીઠો દેવને મનડું ઠરીયું.

દોહરો.

ગોમતી સ્નાન તેણે કરીયું, ધરીયું પ્રભુનુ ધ્યાન;
મિત્ર તણા વિજોગથી, તજવા બેઠો પ્રાણ.
સુરજ દેવ સ્તુતિ કરી, તમ પ્રત્યક્ષ દેવ માહારાજ;
આશા મારી પુરજો, સફળ કરો મન કાજ.
જગત પીતા તમો સહી, સઘળે જોત પ્રકાશ;
વિજોગનો સંજોગ કરો, તો પોચે મનની આશ,
ધણા દેશ મેં જોયા સહી, કેથેન લાધી ભાળ.
છેક નીરાસ થયો સહી, માટે આણુ મારો કાળ.
જળ મધે ઉભો રહી, સ્તુતિ કરે અપાર.
મિત્રચંદ ત્યાં આવીયો, સ્નાન કરવા તે ઠાર;
દ્રષ્ટે દ્રષ્ટ બેઉની મળી, ઓળખ્યા અનોઅન્ય

ગામ નામ પુછી વારતા, ધાઈને ભેટયા તંન;
સ્નાન દાન પુજન કરી, પછી લઈ ગયો મિત્ર ઠામ
ઘણા હેતથી લાવીયો પોતા તણે મુકામ;
દુરથી દીઠા આવતા, કામરૂપ કરે વીચાર.
મિત્રચંદ સાથે કોણ છે, ચિત્રમન જોવો નિરધાર.
બંનો જણા પછે આવીયા, શીરનામી જોડયા હાથ;
કામરૂપે ઓળખીયો, ધરી ચાપ્યો રૂદે સાથ;
હરખના આંસુ આવીયા, પુછી સુખ દુઃખની વાત.
સક્ષેપમાં માંડી કહી, વીતગ વાત વિખ્યાત,
સેલાન શેહેનમાં નિસરયો, આવ્યો સીરંદીપ મોઝાર;
ધનંતર બાળ ત્યાંથી મળી, છે રાજાને દરબાર,
રાજકન્યા વરસ તેરની, છે કામકળા એનું કામ;
વરેહ બ્યાધી તેની દેહમાં, ઓસડ કરે તે ઠામ;
સપનામાં તમે મળ્યા, તે દીનની પામે દુઃખ.
તમારૂં ધ્યાન વિનતા ધરે, તજુ બેઠી સૌ સુખ.
સઘળી વાત ધનંતરે લહી, પછી કહયો તમારો હાલ;
દુઃખ પામી ધરણે ઢળી, જાણે આવી પોતો કાળ.
શોધવાને મોકલ્યો મને, મુદ્રીકા આપી એંધાન;
તે નર પાકી દેહ ન ધરૂં, એમ બોલી મુખ વાણ.
તેજ ઘડી હું નીસરીઓ, જોયા મુલખ અપાર;
ફરતો ફરતો આવીયો, મુગતા પુરીને દ્વાર.
નીરાસ થયો મનડા વિશે, દૈવ ન પોચી આશ;
તેવો દીઠો મીત્રચંદને, એ લાવ્યો તમારી પાસ,
એમ કહી ચરણે નમ્યો, સફળ થયું તમ કામ;
મુદ્રીકા કામકળા તણી, આપી તેણે ઠામ.

છપો.

દીઠું નારી મુખ ચંદ્ર, અપછરા ઇંદ્ર સમાને;
શોભે પ્રતીબીંબ સમતુલ, ભુલ્યો તે શુધને શાને.
જાણે તારામાં ચંદ્ર, શોભા શુભ રહી પ્રકાશી;
ભુલ્યો ચતુરાઇ ચાલ, પ્રેમની લાગી ફાંસી.
જોઇ વિનતાની વીટી સહી, સપનાની વાત સાચી મળી;
દીઠી છબી તે નારની, મોહ પામી પડયો ધરણે ઢળી.

છપ્પો.

વાગ્યું તેને મોહ બાણ, પડયો તે અવની માંય;
નહીં રહી શુધને શાન, ચીત ચતુરાને ચાહે.
કામકળા જોઇ નાર, દુઃખ ગયું તેની કાય;
હોંશીઆર થયો તે રાય, આનંદ અંગ ન માય.
મુદ્રીકા હાથી રૂદે વીશે, ચીત્રમન કીધી વીનતી ઘણી;
અનુપ વસ્તુ લાવીઓ, એ ચાતુરી ભાઇ તમ તણી.

ચોપાઇ.

એમ કહીને નીરખે નાર, લઇને ચાંપે રૂદે મોઝાર;
પછે તે જોવા લાગો ભુપ, દીઠી વિનતા સુઘડ સ્વરૂપ.
ચંદ્ર વદન મૃગ લોચની નાર; જેવી નીરખી સપના મોઝાર;
દીઠો સઘળો તેવો આકાર મોહ પામી પડયો ધરણી મોઝાર.
ચાર ઘડીએ શાતા થઇ, ફરી ફરી નીહાળે લઈ;
નીરખે છબીમાં વિનતાનુ મુખ, થયો હરખને ભાંગુ દુખ.
વિજોગનો સંજોગ થયોછે આજ, નીશ્ચયે થવાનુ મારૂં કાજ.
ઘણી ખુશાલી ઉપજી અંન, ખેરાત કરૂં કંઇ આણે દીન;
દાન પુન કરીયું આ ઠામ, તો પોચે મનડા કેરી હામ;
બાજુબંધ હતો કરમાંય, અમુલ તેની કીમત ન થાય.
તે વિધાચંદને આપ્યો સરવથી, આનું મુલ આપનાર કોઇ નથી.
જે આપે તે લાવો અહીં, મારૂ નામ તમો લેશો નહીં.
એવું સુણીને ચાલ્યો વીર, આપ રૂદેમાં રાખી ધીર;
ભર બજારમાં બ્રાહ્મણ ગયો, દુકાને ઝવેરીની જઇ રહયો.
બાજુબંધ આપ્યો તે ઠામ, આંની કીમત કરીને આપો દામ;
તે વાણીઓ અચરત થયો, વિધાચંદને બોલજ કહયો.
એની કીંમત કોઇથી નવ થાય. બીજા થકી લીધો નવ જાય.
રાજાનો એક ઝવેરી સહી, તેની જોડ બીજો કોઇ નહીં;
એનો ખરીદનાર રાજા થાય, બીજા થકી લીધો નવ જાય.
એવાં વચન વણીકે કહયાં, વિધાચંદે મનમાં લહયાં
ત્યાંથી આવ્યો રાજ સભાય, આણંદ તેને અંગ ન માય;
આશીરવાદ કહયો તે દીસ, રાજાજીએ નામ્યું શીશ;
ક્યાં થકી આવ્યા મહારાજ, કોહો કંઇછે અમ સરખું કાજ;
વીધાધંદ બોલ્યો તે સાથ, આપ્યો બાજુ રાજાને હાર
આની કીમત કરી અપાવો દામ, તોતો પોચે મનની હામ;

તમ લાયક એ વસ્તુ સહી, બીજો લેનાર કો સમરથ નહીં,
પુનદાન કરવા કારણે, વેચવા આવ્યો તમ બારણે;
એવાં બ્રાહ્મણનાં સુણી વચન, હરખ્યું તે રાજાનુ મન.
માણેકચંદને તેડયો પાસ, રાજાએ વાણી કહી પ્રકાશ;
આ બાજુબંધમાં છે લાલ, તેની કીંમત કરો તતકાળ.
તેટલો વીપ્રને આપો દામ, એમ વચન કહયું તે ઠામ;
બાજુબંધ આપ્યો કર મોઝાર, માણેકચંદ ચમકયો તે ઠાર
એ વસ્તુ અમુલખ સહી, તમો કયાંથી લાવ્યાછો અહીં;
ત્યારે વીધાચંદ બોલ્યો તે ઠામ, તમારે શું પુછવાનું કામ,
અજોધાનો રાજા જેહ, તેણે આપી છે આણી નેહ;
ત્યારે વીધાચંદે સામું જોયું, દીઠો મીત્રને મનડુ મોહયું.
શબ્દ ઓળખ્યો તેણે તે જાગ, વીધાચંદને લાગો પાય;
નથી ઓળખતા મુજને તમો, માણેકચંદ મીત્ર તે તારા હમો;
કામરૂપના હાથનો એહ બાન્યો તો રાણીએ આણી નેહ;
બાધે કર હસ્તીનું બળ થાય, એવો એ મણીનો મહીમાય.

દોહરા.

એમ કહી બંનો મળ્યા, પોંચી મનની હાશ;
હકીકત પુછી કામ રૂપની, રાજા બેઠો છે પાસ.
તે રાજા મન હરખીયો, માણેકચંદે કહી વાત,
તે આવ્યો મારા નગ્રમાં થયો ઘણો રળીયાત,
માણેકચંદ મળવા સંચરો, માંગી લીધી રજાય;
રાજા કહે સુખે પરવરો, હમો પણ આવીએ તાંય,
ધન અનગળ રાખીયું, ચાલ્યો વીધાચંદ સાથ;
બેલડીએ વળગ્યા બેહુ જણા, ઝાલ્યો અકેકનો હાથ.
દુરથી દીઠા આવતા, કરે સહુ મન વીચાર;
વીદીયાચંદનો કર ધરી, કોણ આવે આ ઠાર.
ભય ભીત સહુ થઇ રહયા, કેવે આવ્યા બનો પાસ;
માણેકચંદ ચરણે નમ્યા, હું સેવક તમારો દાસ.
મળ્યા ભેટયા આદર કરી રાજા રીઝયા મન;
રૂદીઆ સાથે દાબીઓ, દીધું આલીંગન.
પાચો મીત્ર એકઠા મળ્યા, પુછયું માણેકચંદનું દુઃખ;
શુ વીત્યું કાયા ઉપરે, તે વીસ્તારી કહો સુખ.
માણેકચંદ કહે રાયજી, ભાગ્યું વાહાણ વેરાયો સાથ;

પાટીઆપર બેઠા ચડી, જે આવ્યું મુજ હાથ
ભર સમુદ્રમાં ચાલ્યો વહી, નહી થાગ નહી તીર;
અંધકાર રજની સહી, ઉપરથી વરસે નીર,
ત્રણ દીવસ જળમાં રહયો, પછે નીકળ્યો બાહાર.
નેત્ર ઉઘાડી નીહાળીઉં, દીઠાં જંગલ ને ઝાડ,
આંખે તમ્મર આવે ઘણા, થર થર ધ્રુજે હાડ;
કીનારે આવી બેઠો સહી કઇ મનમાં અંચીક વીચાર
તેવે વાઘ એક આવીયો, તે વેળા તે ઠાર;
વીકાળ વદન બીયામણું, આવ્યો દેતો ફાળ.
હોસ કોસ ઉડી ગયા, જાણ્યું આવ્યો કાળ;
જળ મધ્યે બેસી ગયો, જાયું ઉગાડી શીશ.
તેવે મગર એક નીકળ્યું, તેને લઇ ચાલ્યો તે દીશ;
દુરપંથ તે પોંતા પછે, હું નીકળીયો બાહાર;
હળવે હળવે ચાલીઓ, અંધારે વન મોઝાર,
મવા નાના પ્રકારનો ખાધો તેણે ઠામ.
કંઇ એક સુખ શાંતા થઈ, પણ નહીં વસ્તીનું નામ;
એમ કરતાં નીશા પડી, વનસ્પતિ ભાર હરાડ.
વાઘ વરૂ બોલે ઘણા, ચડીને બેઠો ઝાડ;

ચોપાઇ.

દુખે પાપે વીતી રાત, ઉદે રવીનો થયો પ્રભાત;
ઝાડ થકી ઉતરીઓ સહી, વળી પંથ હું ચાલ્યો વહી,
ટાઢ તડકાને તન્હિ ગંભીર, કાયર નર નવ રહે ધીર;
હિમ્મત નવ મુકી તે ઠામ, દીવસે કુચ રાતરે મુકામ.
એમ કરતાં દીન વીત્યા પાંચ, દુરથી દીઠી અગનીની આંચ
પ્રસન થયો હું મારે મંન, કંઇ એક વરત છે આ વન.
તેની પાસે હું પોચો જઇ, સોદાગર લોક ઉતરીઆ તહીં;
ઘણા માલનો થયો વેપાર, શું કહુ તેહ તણો વીસ્તાર;
ફરતા હતા પાછળ રખવાળ, મુજને બાંધી લીધો તતકાળ,
ચોર કરીને મારયો માર, લઇ ગયા મને પોઠ મોઝાર.
સરવ સોદાગરનો અધીકારી જેહ, તેણે પુછયુ મુજને કરી નેહ
મેં તો હકિકત મારી કહી, ખરી નીશા તેને મન થઇ.
રાખ્યો મુજને હેતજ કરી, ભક્ષ ભોજન આપ્યું ચિત્ત ધરી;
દુવારકાનાથ જશુ ભાઇ હમો, મારી સાથે આવો તમો.

એમ કહી તેણે મઝુરી લાગુ, પછે કામ કરી ચાલ્યો જાણુ;
રાત દીવસ તે ચાલ્યા જાય, પાનીના ઘાટ આગળ મુકામ થાય
ચાર દીવસ રહયો તે સાથ, પછે ત્યાં થઇ વીપરીત વાત;
આવ્યા કાકી ત્યાં અપરમપાર, ઘેરી પોઠ સઘળી તે ઠાર.
કોઇ નાઠા કોઇ આવ્યા હાથ, લઇ ચાલ્યા પોતાની સાથ;
સરવસ્ત હરી લીધું તે ઠામ, વળી દંડ માગે છે દામ.
ઘણું દુખ દીધું અપાર, તોબા તોબા કરે પોકાર;
મુજને મારવા માંડ્યો તહીં મેતો હકીકત મારી કહી.
દયા આવી તેને તો મંન, ચાકર સાથ બોલ્યા વચન;
આના દુઃખ તણો નહી પાર, માટે કાહાડી મુકો બાહાર.
એક મજલ છે દુવારીકા ગામ, એને જઇ મુકો તે ઠામ;
મારગમાં કોઇ ઝાલે નહી ગામમાં મુકીને આવો અહીં.
કરો પુન્ય પરમારથ આજ, સારો એ દુખીઆના કાજ:
સેવકે વચન ચડાવ્યું શીસ, મુજને લઇ ચાલ્યો તે દીસ;
ભીખ ભોજન બંધાવ્યું સહી, તેની સાથે હું આવ્યો વહી.
દીવસ ઘડીકા રહયો તે ઠામ, પાદરે આવીને કરીઓ મુકામ;
રજા માગી જાનો જણ ગયા, તે પોતાને મારગે થયા,
હુ આવ્યો તે નગર મોઝાર, રજની ઘડીકા ગઇ તે ઠાર,
બજાર મધ્યે હું સુતો જઇ હીમત મેં મારે મન ગ્રહી.

દોહરા.

મધ્ય નીશા સમો થયો, નીકળી ચોકી તે ઠાર;
ફરતા ફરતા આવીઆ, જ્યાં છે ભર બજાર;
દુરબળ હાલ દીઠો મને, ગણ્યો તસ્કર તે દીન.
બાંધીને લીધો મને, બોલ્યા ક્રોધ વચન.
ધુરત લંપટ ચોર સહી, કેમ સુતો આ ઠાર;
એમ કહી લઈ ગયા, કોટવાલને દરબાર
દુખે પાપે રજની ગઇ, પછે ઉગ્યો કશ્યપનો તંન;
કોટવાલ આગળ ઉભો કરયો, બોલ્યો ક્રોધ વચન,
મેં હકીકત માહેરી, જે જે વીત્યું મુજ જાત;
તે સરવે માંડી કહી ત્યાર પછી થયો રળીઆત.
ગામ નામ પુછ્યુ મને, ન્યત જાત રોજગાર;
તે વેળા તે મેં કહયું, નહીં લગાડી વાર.
ચાતુરી જોઇ મારી ચોગણી, હરખ્યું તેહનું મંન;

રાખ્યો મને ઘેર પ્રીતથી, કરાવે અમૃત ભોજન.
ઘણા દીન તે ઘેર રહયો, એક દાન આવ્યો પ્રધાન;
કોટવાલ પાસે ઉભો રહયો, દીધું આદરમાન;
મુજને ત્યાં દીઠો સહી, વજીરે પુછ્યું તે વાર;
તારીફ મારી કરી ઘણી, વજીર આગળ નિરધાર.
ઝવેરી જાત વણિક છે, નથી કો એનાં તોલ;
વખો પડયો રાખ્યા હમો, એવો બોલ્યો બોલ.
વજીર રીઝયો મન વિશે, મુજને માગી લીધ;
ઘેર લાવ્યો પોતા તણે દેખાડી સો રીત્ર સીધ,
કીમ્મત કરી મેં તેહની, હરખ્યું તેહનું મન;
કેટલા દીવસ હું તો રહયો, વજીર તણે ભોજન.
એક દીવસ સભા વિશે, બેઠા સઉ રાણી રાય;
વીંટી મુક્ત અમુલની, સોદાગર લાવ્યો ત્યાંય.
કીમ્મત કરવા તેહની, ઝવેરી તેડયા તે ઠામ.
હિમ્મત કોઇ ચાલે નહીં, નહીં ધાલે કોઇ હામ;
વજીર કરજોડી રહયો, બોલ્યો કરી પ્રણામ;
મારો મીત્ર ઝવેરી સહી, કહો તો લાવું આ ઠામ,
રાજા રીઝયો મનડા વિશે, કરો ઉતાવળ સાર;
તરત લાવ્યો મુજને તે કને, હું ગયો તેડવા તે ઠાર.
કીમત કરી આવી કરી, ક્ષણું નવ લાગી વાર;
મુખથી વાણી બોલીઓ, તે વેળા નિરધાર.
રાજમણા રીઝી ઘણું, માન્યુ સોદાગરનું મન;
તરત ગણીને આપીઉં, કીમત પ્રમાણે ધન.
રાજા મુજ પર રીઝીયો, રાખ્યો પોતાની પાસ;
એ કર્મ કથા મારા કરમની, તમ આગળ કરી પ્રકાસ.

ચોપાઇ.

એમ કહીને લાગ્યો પાય, બાજુબંધ આપ્યો કરમાંય;
બીજો ખજાનો અપરમપાર, માણેકચંદે આપ્યો તે ઠાર.
કામરૂપ હરખ ધરી મન, સઘળો ખેરાત કરીઓ તે દીન;
પુન્યદાન ત્યાં કીધા બહુ, જાચીક જન સંતોખ્યા સઉ.
પાંચ મિત્ર ત્યાં બેઠા ઠરી, સુખ દુઃખની વાતો કરી;
માણેકચંદ પછે બોલ્યો મુખ, શું વીતું તમ કાયાને દુખ,
તમે કષ્ટ પામ્યા શું રાજ, તે વિસ્તારી મને કહોની આજ

કામરૂપે તો વાણી કહી, દુઃખના ડુંગર માથે સહી.
તે કેહેતા નવ આવે પાર, સંક્ષેપમાં કહયો વિસ્તાર;
જેજે વીતું તેની જાત, તે સરવે જણે વિસ્તારી વાત.
સરવે વાત વિસ્તારી કહી, માણેકચંદની શુધ બુધ ગઈ;
મળી મીત્ર સહુ બેઠા તાંય, હેવે આવ્યો નગ્રનો રાય.
પૃથ્વીપત છે જેનું નામ, છડી સ્વારીએ આવ્યો તે ઠામ;
દુર થકી દીઠો જેટલે, માણેકચંદ બોલ્યો તેટલે.
કામરૂપને વાતજ કહી, તમને મળવાને આવ્યા છે સહી;
નીમક એનુ મેં ખાધું સહી, માટે હું થી બેસાએ નહી;
પાસે જઈને નામ્યું શીશ, રાજા હશી બોલ્યો તે દીસ;
ક્યાંહાં ઉતરીઆ તમારા રાએ, ચાલો મળવા જઈએ તાંય,
એવી રાજાની વાણી સુણી, માણેકચંદ લાગ્યો કામરૂપ ભણી;
રાજકુંવર બેઠો છે જાએ, રાજા આવી પોહોચ્યો તાંહે.
દરે દ્રસ્ટ મળી જેટલે, કામરૂપ ઉઠયા તેટલે;
બંનો અન્ય મલ્યા તે ઠાર, ભેટયા બંનો કર્યો જુહાર.
કામરૂપનું નીરખ્યું રૂપ, અચરત પામ્યો મનમાં ભુપ;
દેવતા અંશ દીસે પુતળું, મુજ ભાએગે આવી મળ્યું.
એમ વીચારી બોલ્યો વાણ, ક્યાંથી પધાર્યા ચતુરસુજાણ;
ધન ભાએગ નગરનું સહીં, તમ સરખા નર આવ્યા અહીં.
એક વસ્તુ માગુ આ ઠામ, પવીત્ર કરો હમારૂં ધામ;
પાંચ દીવસ પરોણા રેહો, કામકાજ અમ સરખું કહો;
એવી વાણી રાજાએ કહી, કામરૂપથી ના કહેવાઇ નહીં

દોહરા.

ઐરાવત હાથી પોતા તણો, રતન જડીત પલાણ;
તે પર બેઠા બેઉ જણા, શોભા દીનકર ભાણ.
મીત્રમંદ માણેકચંદ સહી. વીધાચંદ મીત્ર સાર;
ચારે જણા જલેબમાં અસ્વ ઉપર અસવાર.
બીજા માણસ અતી ઘણા, વાગે દુદંભી નાદ;
બીજા વાજીંત્ર વાગે ઘણા, કાને ન પડે સાદ.
પ્રજા જુવે સઉ પુરની, આનંદ અંગ ન માય;
બંદીજન જશ બોલે ઘણા, શોભા કહી નવ જાય.
રાજ સભામાં આવીઆ, હરખ ધરીને મન;
પ્રથવીપતને કામરૂપ, બેઉ બેઠા એક આસન.

મીત્ર સઘળા બેઠા મળી, બીજા સભાના લોક;
હાસ વીનોદ આનંદ ઘણો, નહીં કોઇને મન શોક.
અમલ મંગાવે રાયજી. વજીર પાસ તેણીવાર;
લાવી હાજર તે કરે તે વેળા તે ઠાર.
ખાનપાન કરાવીઆ, અમરત ભોજન હાર;
પ્રથ્વીપત મુખ બોલીઓ, તે વેળા નીરધાર,
રાજપાટ મુકી કરી, કેમ નીસરીઆ બાહાર;
સાથે મીત્ર માહા પરાક્રમી, ગુણ તણા ભંડાર.
ત્યારે કામરૂપ મુખ બોલીઓ, આ વીપ્ર વીદીયાચંદ સાર;
સકળ શાસ્ત્રમાં શિરોમણી, વીદ્યાનો નહીં પાર.
આ ચીતારો જાતે સહીં ચીત્રમન હેનું નામ;
ઘણો કીસ્સો છે એ કને, કરે મીનાકારી કામ.
આ છે વજીરનો દીકરો, તન મન ધન મુજ પ્રાણ;
બત્રીસ લક્ષણ ગુણ આગળા, મીત્રચંદ સુજાણ.
માણેકચંદ અજાણ્યો તમને નથી, વણીક તણી એ જાત;
રસ રંગ ધનંતરનો વીજોગ છે, એ મીત્ર હમારા સાત.
જળક્રિડાને કારણે, બેઠા નઉકા મોઝાર;
ભાંગ્યું વાહાણ સમુદ્રમાં, દુઃખનો ન આવે પાર.
આવ્યા પાટીઆ હાથમાં. તે ઉપર બેઠા જાણ;
તણાયા ભર સમુદ્રમાં, દસો દીશા નીરવાણ.
કોઈ કયાં ને કોઇ કયાં નીસરીઓ, દુખ પામ્યા અપાર;
પાંચ જણા આવી મળ્યા, તમારા શેહર મોઝાર.
ધનંતરની ભાળ કાને સુણી, નીકળ્યો સીરંદીપ ગામ;
રસ રંગની ભાળ મળતી નથી, તેનો શોધો ઠામોઠામ.

ચોપાઇ.

કામરૂપના સુણ્યાં વચન, તે રાજાનું હરખ્યું મન;
તે નરનો આવરદા હશે સહી, નીકળ્યો હશે તો મળશે કંઈ.
સીધ થશે તમારૂં કાજ, દુઃખ કરો મનમાંથી તાજ;
એમ કહીને તેડયા ગાનાર, રાગ રંગ મચ્યો તે ઠાર.
ઘણા કીસબી ગાનારા તહીં, કામરૂપ મન વસીઆ નહીં
રસ રંગના ત્યાં કરે વખાણ. તે આગળ સૌ મિથ્યા જાણ.
સુણ્યા વચનને ઉતર્યું માન, ત્યારે મુખે બોલ્યો પ્રધાન;
એક કીસબી નવો ગાનાર, આવ્યો છે આપણા શેહર મોઝાર

મારા પુત્રશું મિત્રાઇ કરી, મુજ ઘેર આવ્યો છે હેતજ ધરી;
તેની બુદ્ધી તણો નહી પાર, ઘણો સુઘડ છે તે ગાનાર.
કહેતો તેડી લાવુ અહીં એવી વાત વજીરે કહી.
તરત રાજાએ આપી રજાએ, વજીર તેડીને લાવ્યો ત્યાંએ.
સલામ કરીને ઉભો રહયો, રાજાએ મુખ બોલજ કહયો;
વિદ્યા હોય તે કરો પ્રકાસ, મન ઘણો આણી હોલાસ
મિત્ર મારા સહુ કરે વખાણ, તોતો જાણુંનો ચતુર સુજાણ;
એવા રાયના સુણી વચન. સાજ મેળવ્યો તેણે દીન.
રાગને માન આપ્યું જેટલે, કામરૂપ ચમકયો તેટલે;
કોકીલા શબ્દને મધુરી વાણ, રસ રંગ એ મારો ચતુર સુજાણ
પાચે જણાએ ઓળખ્યો સહી, રસરંગ વિના બીજો કોઇ નહી
ઉઠે સભાનો લહએ પાર, રાખી વાત ત્યાં મન મોઝાર.
ઘણો રંગ મચાવ્યો તહીં, રાજ સભા સહુ રીઝી સહી;
મધ નિશા એમ કરતાં ગઇ, નિંદરાવસ સહુ કાયા થઇ.
રાગ રંગ સુણી હરખ્યું મન રાજાએ આપવા માંડયું ધન;
નરે ત્યાં લીધું નહીં, કામરૂપે મુખ વાણી કહીં.
નીસા વાસો રાખીશ આ ઠામ, કાલે આપીશુ અનંગળ દામ
રાજા ગયા પોતાને વાસ, કામરૂપે તેને તેડયો પાસ;
કોણ દેશથી આવ્યા આ ઠામ, શું છે નામ કયું તમ ગામ
ત્યારે તેણે મુખ વાણી કહી, દીઠું સુખ ખુશાલી થઇ.
અજોધ્યા નગર હમારૂં ગામ, રાજપત રાજાનું નામ;
તે તણો પુત્ર એક કામકુમાર, તેહ તણો હું છઉં ગાનાર.
રસ રંગ છે મારૂં નામ, શા અરથે પુછો આ ઠામ;
જોવા લાગ્યા એકેકના મુખ, ઓળખ્યા માંહોમાંહે પામ્યા સુખ
કામરૂપ રાજા તે હું, રસરંગ મારો તે તું;
આ સઘળા આપણા મિત્ર, ગુણસાગર સઉ પવિત્ર.
સુણી વાણીને હરખ્યું મન, ધાઇને દીધું આલીધંન;
હેત પ્રીતથી સઘળા મળ્યા, વિજોગ હતા તે સઘળા ટળ્યા.

દોહરા.

મિત્ર સઘળા મળી કરી, પુછે રસરંગને વાત;
શું વીત્યું ભાઇ તુજને, માંડી કહો વિખ્યાત,
ત્યારે તે નર બોલીઓ, નામી ચરણે શીશ;
દુઃખ વીત્યું મુજને ઘણું, તે વિસ્તારૂ આ દીશ.

ત્રણ દિવસ જળમાં રહ્યો, ચોથે પામ્યો પાર;
દરીએ છોળ મારી કરી, મુજને કાહાડયો બાહાર.
નેત્ર ઉઘાડીને જોયું, નિહાળ્યું ચોપાસ;
અઘોર વન દીઠું સહી, નહી વસ્તી નાંહ વાસ,
ભુખ તરસ પિડે ઘણુ. નહિ કંદમુળ તે ઠાર;
ઝાડના પત્ર ચાવી કરી, આપ્યો આતમા આધાર,
હિમત રાખું મનમાં ઘણી, ચડુ પરવત ને પાંહાડ;
વાઘ વરૂ બોલે ઘણા, થર થર ધ્રુજે હાડ.
દિવસે આવું જંગલ વિશે, કરૂં ફળનો આહાર.
નિશા જે ઠામે પડે, ત્યાં ચડીને બેસું ઝાડ,
દશ દિવસ એમ વહી ગયા, નહીં વસ્તિ નહીં વાર;
ક્ષુધા ત્રશા પિડે ઘણું, પણ નહીં પાણિનો ઘાટ;
સમીસાંઝ ત્યાં થઇ ગઇ, નહિ રહિ મનમાં ધીર,
વાઘ વરૂના ધાકથી, ચડયો વૃક્ષ ભંગીર;
ઘડીકા એક રજની ગઈ, આવ્યો પુરૂષ એક ત્યાંય
પાચ હથીઆર બાંધ્યા સહી, ધનુશ છે કમ્મર માંય.
તે પણ તે વૃક્ષે ચડયો, રાખી મનમાં ધીર;
મુજને દિઠો તે ઉપરે, ક્રોધે ચડયો તે વિર;
કમાન ચડાવિ કર વિશે, ખેંચ્યું ધનુશને બાણુ;
બોલ સાચું ઉતાવળો, નહિતર જાશે પ્રાણુ;
ભુત પ્રેત કે જક્ષ છે, પિશાચ ગાંધર્વ કોણુ જાત,
બોલ સાચું તું અહીં નહિ તો થાશે તુજ ઘાત,
સાચી વાત મુખથી કહે, ગુન્હો કરૂં તુજ માપ;
જુઠિ વાત જો ઓચરે, તો પૃથવિ તણું શિર પાપ,
કોણુ જાત છે તુજ તણિ, કયું છે તારૂં ગામ,
શું કારણ જંગલ વસ્યો, તે સાચું કહે આ ઠામ
ખેંચી બાણુ સામું રહયો, સાચી બોલજે વાણુ;
નહિ તો બાણુ પ્રહારથી, જાશે તારો પ્રાણુ,

ચોપાઇ

એવિ વાણી તેણે મુખે કહિ, ખેંચી ધનશ ને બેઠો તહિ;
મં વિચારીઉ લેશે પ્રાણુ, મુખથી બોલ્યો સાચી વાત,
જક્ષ કીનર ભુત પ્રેત હું નથી, માનવ જાતે છઉ સરવથી;
સફર કરવાને નીકળ્યો બહાર ભાગ્યું વાહાણુ દરિઆ મોઝાર.

વેરાઇ ગયો મુજ સઘળો સાથ, આવ્યું પાટીઉં મારે હાથ;
દરીએ છોલ મારી અપાર, કાડી નાખ્યો મને જળથી બાહાર.
ભુખ દુખનો ભર્યો સરવથી, રસ્તો મારગ મને જડતો નથી,
વાઘ વરૂના ધાકે કરી, ઝાડ ઉપર હું બેઠો ચડી.
ઇસ્વર આણુ એ સાચી વાણ, તારે ગમે તો લે મુજ પ્રાણ,
ત્યારે હરખ્યું તે નરનું મંન, સત્ય કરીને માન્યું વચન.
કરવા લાગ્યો તે મુજ શું વાત, બત્રીસ લક્ષણુ તે નરની જાત.
વાત મારી તેને મન વસી, તેવામાં વાઘ એક આવ્યો ધસી.
ઝાડ ઉપર તેણે મારી ફાળ. મેં તો જાણ્યું જે આવ્યો કાળ;
બરાડા નાખે અપરમપાર, પુછ પછાડે અવની મોઝાર.
ધ્રુજવા લાગી મારી દેહ, તે નર બોલીઓ આણી નેહ;
શાને ચિંતા કરો મનમોઝાર હેતે હું મારીશ આ ઠાર
ચડાવ્યું ધનુશ પર વેગે બાણ માર્યું કશીને લીધા પ્રાણ;
તેવામાં વાઘેણ આવી તહી, સ્વામી મુવેલો દીઠો સહી.
ચડયો તે વિનતાને કાળ ઝાડ બરાબર મારે ફાળ;
શુધ બુધ માહારી નવ રહી, વળગી ઝાડને બેઠો તહી.
મારી ફાળ ઉછળી જેટલે મારીઓ નીમચો શિર તેટલે;
હવે હાથ મારીઓ એ ઠાર, શિર પાડયુ ધરણી મોઝાર.
નરનારી બેહુ પડયા તાંહે; ત્યારે હરખ્યો હું મનમાહે,
વીને કરી હું બોલ્યો વાણુ, ધન ધન નર તું ચતુરસુજાણ,
તમારી હિમ્મતનો નહીં પાર, શું છે નામ રહો કયે ઠાર;
ઘણા શુર પુરૂશ જોયા સહી, તમ તોલે કોઇ આવે નહી;
ત્યારે તે નર બોલ્યો ઠાર, હું છઉં વજીર તણો કુમાર;
શીકાર રમવા નીસરો બાહાર,તથયો અશ્વ ઉપર અસ્વાર,
સાથે સાથીનો પારજ નહી, હરણ એક મેં દીઠું સહી;
તે ઉપર મેં સાંધ્યુ બાણ. નાઠું હરણ તે લઇને પ્રાણ,
મારી સુરત હરણ પર સહી, ઘોડો પડયો ખાડામાં જઇ;
ભાગ્યા ચરણ ઘોડાના તહી, અસ્વાર આવી કોઇ મળ્યા નહી
સંન્ધ્યાકાળ થયો આ ઠાર, બેઠો ચડીને હું આ ઠાર;
અરસપરસ એમ વાતો કરી, મનડા ગયા બેઉના તો મળી.

દોહરા.

પ્રાતસકાળ થયો સહી, ઉતર્યા બંનો જણ;
મારગ વચે ઉભા જઇ રસ્તો ઘેરી નીરવાણ.

દંતધાવન કીધું સહી, સરોવર કેરે તીર,
એવે આવી પોંચા સહી, નર સઉ બાવન વીર
મળ્યા આવી સરવે કોઈ, પુછવા લાગ્યા વરતાંત,
વીગતવાન તેણે કહી ભાંગી મનની ભ્રાંત
બીજા અસ્વે સ્વારી કરી, આણંદ અંગ ન માય;
અસ્વ એક આપ્યો મને, આવ્યા નગ્રની માંય
મુકામ એક આપ્યો મને, વળી સોપ્યો એક સ્વાર,
ખીજમત કરવા મારી રહયો, વજીર ગયો દરબાર
બીજે દીવસ વળી આવીઓ, તે વજીર સુત મુજ પાસ;
ખાનપાન ભોજન ભલાં, પાનફુલ મુખવાસ,
સીતાર આપ્યો મુજ કર વિશે, મેં કીધું સંગીત ગ્યાન.
સુની રાગ મોહયો ઘણું, મુજ ઉપર પરધાંન.
અળગો ન રહે એકે ઘડી, રાગ રંગે ઝાકમઝોળ;
હાસ વિનોદ આનંદ કરૂં, મુખમાં ચાવી તંબોળ;
આઠ પહોરને સાઠ ઘડી, તમારા ગુણ હું ગાઉં.
ઘડી પળ નવ વીસરે, દુખી ઘણો મન થાઉં;
તમ તણા વિજોગથી, ઝુરૂં રૂદીઆ સાથ:
ભગતી કરૂં ભગવાનની નહી જાય દીવસને રાત.
અકળગત ગોવિંદની, કળી નવ શકે કોય;
એકા એક સઉ આવી મળ્યા, આણંદ મંગળ હોય.
એ વીતગ વાત મુજ કરમની, એ વીતું મુજ જાત;
તે તમ આગળ માંડી કહી, મારા દુઃખની વાત.
પછે જેને જે વીતું હતું, તે કરીઉ રસરંગને જાણુ;
વીતગ વાત અકેકની, માંડી કહી મંડાણુ;
રજની વીતી રંગમાં, ઉગ્યો કસ્પનો તંન.
સ્નાન દાન પુજન કરી, કીધાં અમૃત ભોજન;
પ્રથવીપત બેઠા સભા વિશે, તેડયો તેણે પ્રધાન,
તેડી લાવો કામરૂપને, મીત્ર સહીત દઈ માન.

ચોપાઇ.

એવું સુણી ગયો પ્રધાન, કામરૂપે તેને દીધું માન;
પ્રણામ કરીને ઉભો રહયો, પછે મુખથી બોલજ કહયો,
ચાલો તમને તેડે છે રાય, ભરી સભા બેઠા છે તાંય;
તમ વીના તેને ગમતુ નથી. માટે ઉતાવળા ચાલો સરવથી

અર્ત તમારો તેડી સાથ, વેગે પધારો પ્રથવીનાથ
એવા વજીરનાં સુણ્યા વચન, કામરૂપ ઉઠયા તે દીન;
મીત્ર સહીત તે ચાલ્યો રાય આનંદ તેને અંગ ન માય,
સભા વીશે આવ્યો જેટલે, છત્રપતીએ દીઠો તેટલે.
મળી ભેટી બેસાડયો પાસ, હેત પ્રીતથી કીધુ આસ.
આનો ગોસઇ ચતુગએ થાએ, તે જોઇ રીઝી સરવ સભાએ
રાજાએ અમલ મંગાવ્યો તહીં, શરવ સભાને આપ્યો લઇ;
અમલ વસ સહુની કાયા થઇ, પ્રથવીપતે પછે વાણી કહી.
કાલવાળો ગાનારો રાય, તેને તેડયો સભાની માંય;
ખુશી કરૂં તમારૂં મંન, રાખો ગત તેને ભોજન.
તે નર પાસે ગવડાવા આજ, એવી વાણી બોલ્યા માહારાજ;
તવ કામરૂપે ઇશારત કરી, તે નરે નમીને વાણી ઓચરી.
છત્રીસ વાજાં કરીઆં તૈયાર, ક્ષણુ એક નવ લાગી વાર;
અચરત પામે સરવ શભાએ, ઇદ્ર સભા સરખી રચનાએ.
ઇંદ્રરાજા ઉતરીઆ અહીં, સાજ શહીત શોભાનો પારજ નથી
એવો રંગ મચ્યો સરવથી, તેની શોભાનો પારજ નથી;
રસ મગન થઇ સરવ સભાએ, પ્રથવીપતને હરખ ન માએ
ખુશી થયો રાજાજી અંગ, ઘણો મચાવ્યો તેણુ રંગ
કોણુ નગરને શું તમ નામ, શા અરથે આવ્યા આ ગામ.
મન મુકીને વાતો કહે, સુખે મારી પાસે રહે;
ત્યારે તે નર બોલ્યો તે ઠામ, રસરંગ છે મારૂં નામ.
કામરૂપનો છઉં હું દાસ, જનમ ભોમી અજોધ્યા વાસ;
એને વીજોગે દુરબળ થઇ કાય, પ્રભુ પ્રતાપે મળીઆ હાંય.
સઘળી રીધા ભણીઓ સહી, કામરૂપની પાસે રહી;
છત્રપતી થયો રળીઆત, કામરૂપ ત્યાં બોલ્યો વાત.
વજોગનો સંજોગ તમારો થયા, મીત્ર તમારો આવી રહયો;
રાગ રંગ કરો અહીંઆં રહો, કામકામ મુજ સરખું કહો.
ફરી ઠામ રહયાં ત્યાં સહી, એ વાતતો અહીઆંથી રહી;
સમીપ વચન નામે બ્રાહ્મણુ સાર, તહ તણો કહું વિસ્તાર.

દોહરા.

સમીપ વચન બ્રાહ્મણુ સહી, તેને લીધો તો સાથ.
ભર સમુદ્રમાં તે ગયો, તેને આવ્યું પાટઉ હાથ.
પાંચ દીવસ જળમાં રહયો, પછે પામ્યો તે પાર;

પાછો દુઃખ પામ્યો કાયા વિશે, ગયો એક નગ્ર મોઝાર
અંદર ઠાઠો તે સહી, આવ મુલખના વાહાણ;
કરી ઠામ ત્યાં થઇ રહયે, સમીપ વચન સુજાણ,
શુધ શાંતા થઇ કાયા વીશે, પછે શોધ્યું સઘળું ગામ;
સાત મીત્રમાં કોઇ નહીં, નવ દીઠા તે ઠામ.
પછી વીચારયું મન વીશે, સીરંદીપમાં મળશે ભાળ;
જીવતા નર હોશે સહી, તો ત્યાં મળશે તતકાળ;
એવું મન નીશ્ચયે કરીઉ, તે વેળા તે ઠાર;
દીવસ દસ બાર રહયો તહીં, એક વાહાણ આવ્યું નીરધાર
આશિરવાદ દીધો જઇ, પુછયુ રહો કોણ ગામ.
કોણ મુલકથી આવીઆ, વળી જાશો કોણ ઠામ;
શીરંદીપ જાશું હમો, તેણે કહયું જોડી હાથ.
બ્રાહ્મણ કહે ઇચ્છા મને, સોદાગર કહે આવો સાથ.
માલ અનંગળ વાહાણમાં, તે જઇ વેચશું તાંય;
અંન પાણીને કારણે, ઉતરીઆ આવી હાંય.
એમ કહી અનજળ ભરીઉં, બ્રાહ્મણ સાથે લીધ;
લંગર ઉપાડયું સોદાગરે કામ કરીને સીધ;
ભર સમુદ્રમાં ચાલ્યા વહી, નહીં થાગ માગ બહુ નીર;
ઘણે દીવસે આવીઆ, શેહેર સરંદીપ શીર.
મછવે બેસી ઉતરીઆ સોદાગર સઉ તાંય;
સમીપ વચન તે સાથમાં, આવ્યા નગ્રની માંય.
ભીક્ષાનું બહાનું કરી, ફરી લાગ્યો સઉ ગામ;
સાતે મિત્રમાં કોઈ નથી, ખોળી વળ્યો સૌ ગામ.
દુખી થયો મનમાં ઘણુ, અરે દૈવ ન પોંચી હાશ;
મુજ કારણ દુઃખ પામીઆ, એમ કહી મુકયો નિસ્વાસ.
કામરૂપને નવ વીસરે ઝુરે છે દીનને રાત;
સાતે મિત્ર સુલક્ષણા, મુજ વચને થઇ ઘાત.
એ હત્યા મારે શીર ચહડી ધિક ધિક મુજ અવતાર;
સગા સઘળાના સાંભળી, રૂદન કરે અપાર.

ચોપાઇ.

એવું તેણે મનમાં દુઃખ ધરી, રૂદન કરયુ બહુ ધાટે કરી;
પછે નગરથી નીસરયો બાહાર, ગયો શીવ દેરાને ઠાર.
પંચામૃતે કરી પખાલ અભિશેક કરયો આણી વાહાલ;

ધુપ દીપને આરતી કરી, સ્થિર સ્થાવર રહયો ત્યાં ઠરી.
કંદમુળ કરે છે આહાર, બેઠો જાપ જપે તે ઠાર;
એમકરતાં આવ્યો સોમવારનો દીન, કામકળા નીકળી કરવા પુજન.
સાથે કામલતા વજીરની બાળ, શીવ દેહેરે આવી તતકાળ.
સાથે દાસી તણો નહી પાર, આવી ઉતરયા દેહરાને દ્વાર.
સમીપ વચને વિચારયું તહીં, વળતી તેણુ વાણી કહી;
પરણી કે કુંવારી હશે, તેહ તણો સંદેહ ભાગશે.
એકાંત જગો બેઠો તે જઈ, કન્યા આવી દેરામાં તહીં.
દાસી સરવે રહી છે બાહાર, કન્યા બેઉ આવી શીવને દ્વાર;
પંચામ્રતે પખાલ્યા ઈશ, ધુપ દીપ કરીઆ તે દીસ.
પુષ્પ અખત ને ચંદને કરી, શીવ ઉમીઆ પુંજા ચીત ધરી;
રાજકન્યા મુખ બોલી વાણુ, સ્તુતી કરે કરજોડીને પાણુ.
આછાપુરો તમે ઉમીયા ઇશ, મારે સ્વામી મેળવો જુગદીસ;
સ્વેનાતઃ તણો ભરથાર, તે વિના મિથ્યા સંસાર
ફઈ ભગતના કરીઆ છે કાજ, મેં શું પાપ કરયું માહારાજ;
એમ સ્તુતી કરે છે નાર, આંખે ચાલે જળની ધાર.
જો ખટમાસમાં મળશે ભરથાર, તો પ્રાણુ રેહેશે દેહ મોઝાર;
નહીતો પ્રાણુ રેહેવાનો નથી; શીવ સામું જળ સુકયું સરવથી.
એવી કલપના રિનતા કરે, સમીપ વચન બેઠો ચીત્ત ધરે,
પુંજા કરી નીસરે જેટલે, સમીપ વચન દીઠો તેટલે.
દંડવત કરીઓ તે દીસ, સમીપે ધણી દીધી આશીશ;
ધણે દીવસે તમને દીઠા અહીં, કોણ મુલખ ફરી આવ્યા સહી.

દોહરા.

સમીપ વચન મુખ બોલીઓ, સુણ રાજા કન્યા સુંજાણ;
રચના જે કંઇ નગરની, સઉ માંડી કહુ મંડાણ,
પછે વખાણુ તારૂં કરીઉં મેં દીઠીતી આ ઠાર;
પગથી તે માથા સુધી, મેં માંડી કહયો વીસ્તાર.
પ્રમન થયો તે મન વીશે, મુજને લાગ્યો પાય;
તમે વીનતા જે વરણવી, આવી મને સપના માંય.
તેજ વસ્ત્ર ને ચાતુરી. ગુણ રૂપ શણુગાર;
લક્ષણ સઘળાં તમે કહ્યાં, તે દીઠાં સપના મોઝાર;
બમણો વરહે તેને થયો, તન તપે પામ્યો દુઃખ.
તે નગર લઈ જાઓ મને, જોવું વીનતાનું મુખ;

દુર પંથ તે અતી ઘણો, ઘણી વીકટ છે વાટ.
વાઘ વરૂ પુશ્કળ સહી, નહીં પાણીના ઘાટ;
ઘણી વીનતી મારી કરી, હું બોલ્યો તે ઠામ.
તે ગામમાં મુકુ જઈ, પોચે તુજ મનની હામ;
સાત મીત્ર તેના સહી, તે સાથે નીસરીઆ બાહાર;
નામ તેના માંડી કહુ, સાંભળ વીનતા આ ઠાર;
મીત્રચંદ વજીરનો દીકરો, માણેકચંદ વજીર કુમાર,
ત્રીજો વીપ્ર વીધાચંદ છે, ચોથો ધનંતર નીરધાર;
પાંચમો ચીતારો ચીત મન, છઠો રસ રંગ ગાનાર.
સાતમો રાજા કામરૂપ, આઠમો હું નીરધાર;
કુચ મુકામ ચાલ્યા સહી, આણંદ અંગ ન માય
મછથી બંદર આવીઆ, વીપ્રીત થયું છે તાંય;
વાહાણ વીશે બેઠા સહી, ચાલ્યા સમુદ્ર મોઝાર.
આવ્યો પવન આંધી થઈ, ભાગ્યું વાહાણ તે ઠાર;
પાટીઆં આવ્યાં સઉ હાથમાં, તે પર થયા અસવાર.
ત્યાર પછીની ખબર નથી, ડુબ્યા કે પામ્યા પાર;
હું તો નીકળ્યો એક બંદરે, માહા દુઃખ પામ્યો કાય
મીત્ર સઘળાને શોધતો, આવી પોતો હાય;
આ નગ્ર પણ નીહાળીઉં, નહી લાધી કો ભાળ.
પછે શીત્ર સાનીધ આવ્યો અંહી, કાડી નાંખ્યો મેં ખ્યાલ
કામરૂપ વીસરતો નથી, ઘણી સુકોમળ જાત;
પુછી વાત તમે પ્રીતથી, મેં માંડી કહી વીખ્યાત.

ચોપાઇ.

એવાં વચન વીપ્રનાં સાંભળી, કામકળા પડી ધરણી ઢળી;
આસના વાસના સખીએ કરી, ચાર ઘડીએ વાણી ઓચરી
તમે કહયું તેમાં સંધે નહી, તેમાંથી નર બે આવ્યા અંહી;
ધનંતર છે મારી પાસ, તેણે વાણી કહી પ્રકાશ.
હીમ્મત તેણે ઘણી વીસ્તારી, તેથી પ્રાણ રહયો છે ઠરી;
ચીત્રમન ચીતારો છે હાય, કામરૂપની લખી આપી કાય.
ધનંતર સાથે મોકલી ભોવન, તેને નીરખી વાળુંછું મન;
મોકલ્યો તેને ખોળવા સહી, હજી ભાળ તે લાવ્યો નહી.
ખટ માસમાં બાકી ત્રણ, પછે પીંડ પડવાનો ધરણ;
તે નર પાછી બીજો નવ વરૂ સત વચન મુખથી ઓચરૂં

ખટ માસ જોવાની વાટ, પછે કરવાની દેહની ઘાત;
તમે વેવીશાળ આ મારા થયા, લખ્યા લેખ માગુ લઇ ગયા.
પુન્ય કરોતો પુર કરો, હું અબળાની બાંહે ધરો;
કન્ય દાન તણું પુન થશે, નહીતર મારો જીવડો જશે,
પૃથ્વી તણા તમો ફરનાર, તમ વના દુ:ખનો ન આવે પાર
જીવતદાન મને દીધું કાય, શોધી કરી તમો લાવો રાય;
એમ કહી વીનતા નામે શીશ, સમીપ વચન બોલ્યો તે દીસ.
દયા આવી તેને મન ઘણી, વીનતા તેણે વાણી સુણી;
સત વચન આપું તે ઠામ, ખોળીને બાળ લાવીશ આ ગામ
એટલું કામ કરવાનો સહી, તમ પરતાપે લાવું અહીં,
એમ કહીને તજ્યો તે ઠામ; વિનતા ગઇ પોતાને મુકામ.
ત્રણ જણાએ ઘડીઓ ઘાટ, દાશી કો નવ જાણે વાટ;
સમીપ વચન ત્યાંથી ચાલ્યો જાય, દેશ વિદેસ શોધે રાય,
ઘણા એક બંદર જોયા સહી, બીજા નગરનો પારજ નહીં,
પાહાડ પરવત નદીને નાળ, સઘળે ખોળે પણ ન જડે બાળ
દરીઆ કાંઠા જોયો ચોપાસ, પછે તો થયો મનમાં નિરાશ;
વસ્તીમાં બાળ કંઇ જડતી નથી, રાન જંગલ શોધ્યું સરવથી.
પશુ પંખી નમાનવી કાય, એવાં જંગલમાં ચાલ્યો જાય;
ઘણા દિવસ એમ ચાલ્યો વહી, આશ્રમ રૂષિનો એક દીઠો તહીં
ગ્નાની આચારય જેનું નામ, આવી પોહોતો તેણે ઠામ,
કરદમ કાયાનો ભરતો ભરયો, રૂષિની આગળ આવી ઠરયો
દંડવત કરી લાગ્યો પાય, રૂષિ આચાર ખુશી બહુ થાય;
બ્રાહ્મણ જાણીને દીધું માન, દરભ તણું આપ્યું આસન;
કંદમુળનો આપ્યો આહાર, રજની વાસો રહયો તે ઠાર.

દોહરો.

ગ્નાની આચાર મુખ બોલીઓ, કયાંથી આવ્યા આ ઠામ;
નિશાસો મુકયો અતિ ઘણો, તેહ તણું શું નામ.
વિધા પાત્ર તમો સહી, તમને શાનું દુ:ખ;
શા કારણ વનમાં ભમો, તે વિસ્તારી કહો મુખ.
ત્યારે તે નર બોલીઓ. સમીપ વચન મુજ નામ;
ઘણા દીન સીરંદીપ રહયો, પછે ગયો અજોધ્યા ગામ.
અજોધ્યા પુરતો રાજવી, રાજપતનો તંન;
કામરૂપ નામે સહી, તે શું મળીઉં મન;

સીરંદીપનો રાજાજી, તેની કુંવરી કળા કામ.
સપનામાં તે આવી વરી, મોહોવામાં તે ઠામ;
મેં દિલાસો દીધો ઘણો, પરણાવું તે નાર.
મારી સાથે આવો તમો, લઇ જાવું શહેર મોઝાર;
ધન માલ લીધો ઘણો, લસ્કર સાથે લીધ.
ઘણા દિવસે આવીઆ, મછલી બંદર સિંધ;
એકમાં બેઠા આઠે જણા, ચાલ્યા સમુદ્ર નીર.
આવ્યો પવન આંધી થઇ, ભાંગ્યું વાહાણુ તે તીર;
પાટીઆં આવ્યાં હાથમાં, તણાયા દસે દીશાય.
કો કોને મળીઆ નહીં, દુઃખી થયા ઘણું કાય;
પાંચ દીન હું જળમાં રહયો, છઠે પામ્યો હું પાર,
ફરતો ફરતો હું ગયો, સીરંદીપ મોઝાર;
મિત્ર કોઇ મળ્યા નહી, નહીં પોંતી મન હામ.
શોધવા કારણ નિસર્યો ફરતો ગામો ગામ.
કોઇની ભાળ લીધી નહીં, છેક થયો નિરાશ;
એટલી વાન કહી તહીં, રૂષિ રીઝયા તે વાર.
તે ામત્ર તારા મળશે સહી, સીરંદીપ મોઝાર;
કામરૂપ રાજા ખરો, મિલચંદ તો પ્રધાન.
વિદ્યાચંદ બ્રાહ્મણ સહી, સહી, મેં રાખ્યાતા દઇ માન,
સીંરદીપ અહીંથી ગયા, મેં દેખાડી છે વાટ.
માટે જાઓ પાછા તહીં, તારો ટળશે મન ઉચ્ચાટ;
આસિષ વચન છે માહેરૂં; કામરૂપ પરણશે તે નાર;
મિત્ર સઘળા મળશે સહી, જાઓ નગ્ર મોઝાર.

ચોપાઇ.

જ્ઞાની આચાર એમ બોલ્યા મુખ, સમીપ વચન પામ્યો સુખ
દુઃખ દોહલું તેનું ગયું, મજ્યા બરાબર સુખ મનમાં થયું.
રૂષિને ચરણે નામી શીશ, માગી રજા ને વળીઓ દીસ;
આનંદે ફુલી કાય, આવ્યો પાછો સીરંદીપ માંય;
સમી સાંઝની વેળા થઇ, વાસો રહયો દેરામાં જઈ;
પ્રાતસકાળ થયો જેટલે, સમીપ વચન ઉઠયો તેટલે.
સ્નાન સંધ્યા શીવ પુંજન કરી, પછે ચાલ્યો મન હરખ ધરી
આવ્યો જાંહાં કુંવરીનું દરબાર. દાસી એક ઉઠી ત્યાં દુવાર,
કહું વાત તે સાંભળ અહીં, પછે કહે તું કન્યાને જઇ;

આજ રાતે મને સપનજ થયું, તે વીસ્તારો તુજને કહું.
રાજ કન્યાયું થવાનું કામ, થોડા દીનમાં થશે આરામ;
વ્યાધી સરવ દેહમાંથી જશે, મન ચીતવું એનું થશે.
પોડા દીવસનું રહયુંછે દુઃખ, પછે મનવાંછીત ભોગવશે સુખ;
એવું સપનું હું પામ્યો સહી, તે તું કહે કન્યારે જઇ.
જો તું જઇને નવ કહે આ દીશ, તો મારા સમ છે તારે શીશ.
એમ કહીને બ્રાહ્મણ ગયો, પાછો જઈ દેરામાં રહયો;
દાશીને જઇ નામ્યું શીશ, પછે વચન બોલી તે દીશ.
તે બ્રાહ્મણે કહયું જેટલુ, ને વીસ્તારી કહયું તેટલું;
એમ ધ્રાલીને બોલ્યો વાણ, રાજ કન્યાને કરજે જાણ.
માટે વીપ્ર વચન સારૂં થશે, દુઃખ તમારા દેહનું જશે.
એમ કહીને દાસી ગઇ, સાહેલી બંનો રળીઆત થઇ;
આપણે મોકલ્યો તે આવ્યા આ ઠામ, નથી વીપ્ર બીજાનું કામ
લાવ્યો હશે કામરૂપની ભાળ, પ્રસન થઇ રાજાની બાળ;
સાહેલી કહે ચાલો શીવને દ્વાર, ત્યાં સંધે માંગશે નીરાધાર.
એવું વીચારી તેણી ધડી, સુખ આસન બેઠા બે ચડી;
સાથે દાસી અપરમપાર, આવી શીવ દેરાને દ્વાર.
બંનોજણ ગઇ દેરા મોઝાર, રાખી બહાર સઘળી તે નાર;
શીવ મુરતીને નામ્યું શીશ, દીઠો બ્રાહ્મણ તેણે દીશ.
રાજકન્યા ઘણું હરખી મન, વીપ્ર તણું કીધુ પુજન,
નમીને કીધો દંડવત પ્રણામ, કયાં છે મારા શીરામણ સ્યામ.
કયે ગામ કયારે આવશે અહીં, તે વિસ્તારો મુજને કહી;
એમ કહી ચરણે નમી નાર, સમીપ વચન બોલ્યો તે ઠાર.

દોહરા.

સમીપ વચન મુખ બોલીઓ, સાંભળ વિનતા વાણ;
તુજ કારણ પૃથ્વી ફર્યો, તે માંડી કહું મંડાણ.
બંદરે બંદર જોઇ વળ્યો, બીજા નગર વિશાળ;
દેશાટણ કીધું ઘણું, પણ નવ મળી કંઈ ભાળ.
પછે અઘોર વન હું ગયો, જોયા પાહાડ પર્વતને જળ;
ગુફા ગ્રહેવર જોયા સહુ, એક દીઠું સુંદર સ્થળ.
સમીસાંઝ ત્યાં થઈ ગઇ, જઇ પોતો તે ઠામ;
રૂષી હતા એક ત્યાં સહી, મેં કર્યો દંડ પ્રણામ.
રૂષી રીઝયા મન મનડા વીશે, સ્વાગતા મારી કીધ;

કુંદમુળને ફળ વળી ખુબ મુજને ત્યાં દીધ.
હકીકત પુછી મુજને, કેમ આવ્યો આ ઠાર;
મુખ થકી હું બોલીઓ, રૂદન કરી અપાર.
અજોધ્યાનો રાજા સહી, કામરૂપ તેનો તંન;
તેને દુઃખ પડયું ઘણું, ખોળવા નીકળ્યો વંન;
એવા વચન મારા સુણી, રૂષિ બોલ્યા મુખ વાણ;
તે રાજકુંવર કુશળ છે, તું ચિંતા રખે મન આણ;
મુજ પાસે આવ્યો હતો, તેની સાથે મીત્ર;
એકની મધુર વાણી ઘણી, બીજો પરમ પવીત્ર.
સીરંદીપનો રાજીઓ, તેહ તણી છે તન;
કામકળા નામે સહી, તે આવી સ્વપન.
તે કારણ દુઃખ પામ્યો ઘણું, કહેતા ન આવે પાર;
ગડવડતો તે આવીઓ, મારા નગ્ર મોઝાર.
હિમ્મત તેણે આપી ઘણી, મેં વદાય કર્યો આ ઠામ;
તે જાશે સીરંદીપમાં, તને મળે તે ગામ
જ્ઞાનીઆચાર રૂષિ નામ છે, તેણે કહ્યું સૌ દરસ્ટાંત,
નિશાની એધાણી તેણે કહી, ભાંગી મારી ભ્રાંત.
પાછો ફરી હું આવીઓ, કુશળ છે રાજકુમાર;
થોડા દિવસમાં આવશે, ચિંતા તજો તમે નાર.
તે રૂષિએ કહ્યું સહી, તે નારી વરસે રાય.
માટે આવશે રાશજી, રૂષિ વચન મીથ્યા ન થાય.

ચોપાઇ.

એવા વિપ્રના સુણી વચંન. કામકળાનું હરખ્યું મન;
મોતીએ કરાવ્યું સ્નાન, બીજું ઘણું એક આપ્યું દાન.
ખુબ ખબર સાંભળી તે ત્યાંય કામકળાને હરખ ન માય.
ઘણી ખુશાલી મનમાં થઇ, પાછી ઘેર પોતાને ગઇ.
ન આવે નિંદ્રા ન ભાવે ભોજન, કામરૂપ વીસરે નહી મન
કયારે આવશે આણે ઠાર, પ્રાણજીવન મારો ભરથાર.
કયારે દેખીશ હું તેનું મુખ, ભાંગે વરેહને થાએ સુખ;
સખીને કહે કયારે આવશે, તેના વિજોગથી જીવડો જશે.
સુની સેજ સજજન નહીં પાસ, કયારે આવશે મારે અવાસ.
ત્યારે સાહેલી બોલી વાણ, કામલતા જે ચતુર સુજાણ.
એમ ટળવળાટ કરેથી સહી; તેથી કામ થવાનું નહીં.

પરમેશ્વર તણો છે ખ્યાલ, લખ્યું ભાળ તે મલશે કાલ;
આપણું ચલણ એ વાતે નથી, વારે વારે તમ કહું શું કથી
માટે હિમ્મત રાખો મંન, વાત કો નવ જાણે અંન;
જીવતો નર કાલે આવશે; દુઃખ તમારૂં સઘળુ જશે.
એમ ઘણું સમજાવે નાર, કંઈ એક સમજી મન મોઝાર;
ટળવળીને રહી તે બાળ, તન તપ્યું ઉઠી વરેહ જાળ.
રૂવે રૂવેથી પીડયો કામ, બમણું દુઃખ થયું તે ઠામ;
ઘણું તન વિનતાનું તપે, રાત દિવસ તે નરને જપે.
ઉઠયા બેઠાની ભાંગી હાય, ગતી ભંગ થઇ તેની કાય;
ઘણી કાયલી કુંવરી થઈ, તે વાત રાજાની આગળ ગઇ;
રાજા આવ્યો તેણી વાર, જ્યાં છે કુંવરીનું દરબાર.
પાસે જઇને ઉભો રહ્યો, મધુર વચનથી બોલજ કહયો.
દીકરી મારી શું છે તને, તે વીસ્તારી કહે તું મને.

દોહરો.

એમ કહીને બેઠા જઇ, માથે ફેરવ્યો હાથ;
શું છે મારી દીકરી, કહી ચાંપી રૂદીઆ સાથ.
અગની ધીકે કાયા વીશે, રાજા મન કરે ઉચાટ;
મરણ આવી પોંતું સહી, દૈવે વાળ્યો દાટ.
સાત પુત્રીને કામે સહી, મોટી મુજ મન આશ;
સ્વયંવરથી પરણાવતે, એમ કહી મુકયો નીસ્વાસ.
ઘણા ઉપાય કીધા હમે, પણ નવ થયો આરામ;
આ શો તાવ પુત્રીને, એમ કહી બોલ્યા તે ઠામ.
મનના મનોરથ મનમાં રહ્યા, લખ્યા લેખ તે હોય;
તેતો ટાળ્યું નવ ટળે, એમ કહી રાજા રોય.
કામકળા મુખ ઓચરી, ચીંતા તજો તમે તાત;
આરામ થશે મુજને સહી, સાચી માનજો વાત.
દુખનો અંત મારો આવીઓ, થોડે દીને થશે સુખ;
માટે ચીંતા નવ ધરો, એમ વીનતા બોલી મુખ,
ધીરજ આપી એમ તાતને, બેઠા ઘડી બે ચાર;
સુખે વાણી બોલીઆ, રાજા તેણે ઠાર.
ધનતરથી આરામ થયો નહીં, માટે ન આવે હેડું કામ
બીજો હકીમ શોધું હમો, તે કરશે તમને આરામ;
એમ કહીને ઉઠીઆ, કરીને ત્યાં જુહાર.

રાજાએ વાણી કહી, ધનંતર ન આવે દરબાર
એમ કહી ગયા મોહોલા, પ્રધાન પુત્રી ધરે દુઃખ;
નિશ્વાસો મુકી ઓચરી કામકળાને મુખ;
મેતો તુજને વારી ઘણી, પણ નહીં માન્યું આપ;
ધનંતર આવતો બંધ થયો, હવે પ્રગટયો માહા સંતાપ,
અવળું કામ તેથી થયું, તેથી મળી શઉ બાળ;
હવે વાત આવીને કોણ કહે, તેથી પ્રગટી માહા જંજાળ
જેને ઇશક લાગ્યો સહી, તે નહી માને વાત;
દુઃખ પામે કાયા વિશે, પછે પસ્તાએ મન સાથ.
દીપક ગયો આપણા મેહેલનો, ને ઠરીઆ આપણ બેઉ ઢોર
તેણુ તો ચેતાવી તને, હિમત રખાવી આડે આંક;
તેમ તેમ તું મુરખ થઇ, તેમાં તેનો શાનો વાંક.

ચોપાઇ.

એ વાત તો અહીંઆથી રહી. હવે કામરૂપની વિસ્તારૂ સહી
મિત્ર પાંચશું કરે કલોલ, રાગ રંગમાં ઝાકમઝોળ,
નિત્યે રાજસભામાં જાય, ઘણી પ્રીત કરે તે રાય;
જીવ એકને જુદી દેહ, એવો પ્રથ્વીપતનો સ્નેહ.
મળ્યા વિના નવ ચાલે ઘડી, પ્રેમે પ્રીત બનોને જડી;
ઘણા દિવસ ગયા એમ વહી, કામરૂપે વિચાર્યું તહીં.
અહીંઆ રહે કાંઇ સિદ્ધી નથી, સીરંદીપ જાવું સરવથી
ખટ માસ જોતામાં જશે, વીચન તે વિનતાને થશે.
એવો મનમાં કરી વિચાર, રજા માંગવા ગયા દરબાર;
સમીસાંઝની વેળા થઇ, રાજસભા મળી છે તહી.
કામરૂપ ગયા જેટલે, જાશુશ એક આવ્યો તેટલે;
કરજોડીને ઉભો રહયો, પછે તેણે મુખ બોલજ કહયો.
જગત તણો જે રાએ, જુજારસંઘ નામે કેહેવાય;
પાહાડસંઘ છે તેનો ભ્રાત, ઘણી જોરાવર તેની જાત.
એકુના બળનો પારજ નથી, ઘણું શૈન તે પાસે સરવથી.
ઘણા મુલક પાએમાલ કરી, આપણા શેહેરપર આવ્યો ચડી
એક મજલ આવ્યો છે સહી. મુકામ નાખીને પડીઓ તહી.
એવી ખબર જાશુશે કહી, નગરી બધી ધ્રુજીને રહી;
રાજાનું ઉતરી ગયું મુખ, ઘણું પામ્યો તે મનમાં દુંખ,
નહી પડે તેને કંઇ સુઝ, કામરૂપ શું માંડી ઘુંજ,

સુવે છુટવું છે સરવથી દુશ્મન ખ્યાલ મુકવાનો નથી:
માટે મરવું રણમાં જઇ, જીવતાં શેહેર આપવાનો નહીં.
માટે ભાઈ છેલ્લા છે જુહાર, એમ વચન કહયું તે ઠાર;
કામરૂપે ધણી દીધી ધીર, હીમ્મત તમે નવ મુકો વીર.
લશકર તૈયાર કરાવો તમો, શામેલ તેમાં થાશું હમો;
સીંહ આગળ શું સસલાનું જોર, તમો રાજા તે જાતે ચોર;
શારદુલ દેખી જેમ નાસે ગાય તેમ તમને દેખી નાશી જાય
એમ દિલાસો દીધો તે ઠામ, પછી આવ્યા પોતાને ધામ
પોતાની વાત તો મનમાં રહી, નવું તોફાન તે જાગ્યું સહી
મિત્ર મળી સઉ કરે વિચાર, શું કરવું હવે આ ઠાર.
નીમક એનું ખાધું સહી તેતો હરામ કરવું છે નહીં.
એને દુઃખ પડયું અપાર, નાસી જઇએ તો ધિક અવતાર;
મિત્ર સઉ બોલ્યા તે ઠામ, જે ફરમાવો તે કરવું કામ.
તમે કોહો તેમ કરીએ રાય, કરીએ જુધ તો રહે મહીમાય.

દોહરો.

વીધાચંદને પુછીઉં જુવો પ્રશ્ન આ ઠાર;
એમાં જીત કોની થશે, કોણ પામશે હાર
લગન સાધ્યું નિરણે કરી, ક્ષણું ન લાગી વાર;
નીરબળ ગ્રહ છે શતરૂના, માટે ખાશે હાર;
રમળ શાસ્ત્ર જાણે ઘણું, નાખ્યા પાસા કરી વહાલ;
તેમાં પણ એવું આવીયું; શતરૂનો આવે કાળ
મધ નીશા પર બે ઘડી, જાશે જેણી વાર;
તે સમે કોઈ જુધ્ધ કરે, કરે સઉનો સંહાર.
જશ પામે તે અતીઘણો, ન આવે ઉની આંચ;
એ વાતમાં સંધે નહીં, શાસ્ત્ર વચન એ સાચ.
કાળ ચક્ર તેને શીર ફરે, આવે તેનો અંત;
માંહો માંહે વઢી મરે, એ શત માનજો વચન.
જાદવા રથળી જાદવે કરી, એક દીવસમાં થયો શંહાર;
તેમ મધ નીશાએ પરવરો; માંહો માંહે વડે તે ઠાર.
માટે આજ જઇએ તહીં, ત્યાં જશ આપણો થાય;
તમારો સતારો છે પ્રધરો, સત માનજો હાંય,
ઇસ્વર આણુ એ વાતમાં, સાધ થવાનું કામ;
જીત્યાનો જશ પામશો, પોંચસે મનની હામ,

વીધાચંદની વાણી સુણી, સુખી થયો તે રાય.
હોશિઆર થઈ ઉઠયા સૌ આનંદ અંગ ન માય.
તો શાખાનામાં આવીયો, લીધા સુંદર હથીઆર,
મન ઞમતા લીધા સહી, ક્ષણું ન લાગી વાર.
ઢાલ તરવાર ફરસી સહી; ને બુરજ સાથે લીધ;
ઘોડા ઉપર સ્વાર થયા; ને પંથ કરીઓ ત્યાં સીધ.
ચાલ્યા તુરી ન ચાપતા; શુર પુર મહા વીર,
મધ નીશાએ આવીઆ લસ્કર પડયું જે તીર.
છએ મીત્ર ત્યાં જઇ રહયા, કામરૂપ બોલ્યો રાય,
મીત્રચંદને કહયું સહી, તમે જાઓ લસ્કર માંહે.
સુતા બેઠા કે જાગતા, જુવો જઇ તે ઠામ,
ખબર લઇ આવો તમે, પછે કરીએ રણુ સંગ્રામ.
મીત્રચંદ બીડુ ઝડપીઉ, ક્ષણું નવ લાગી વાર;
ફર્યો બધા લસ્કર વીશે, લીધો સૌનો પાર,
અમલ વસ કાયા થઇ, નથી કોઈની શુધ કે શાન.
હથીઆર તણી સુધી નથી, ફર્યો સઘળે પ્રધાન.
જુજારસંગને પહાડસંગ, તે સુતા છે જેણે ઠાર;
મીત્રચંદે ત્યાં આવીઓ, ને દીઠો ગરર અપાર.
નીરભે થઈ સુતો સહી, ને જોયા તેના મુકામ;
ત્યાંથી પાછો ફર્યો સહી, આવ્યો રાજાને ઠામ.

ચોપાઇ.

મીત્રચંદે જઈ કરી સલામ, પછી અરજ કરી તે ઠામ
પરવસ કાયા અમલ વસ સહી, કોઇને તનની શુધી નહી.
જે જેમ તેમ પડયા છે સહી, જાણે પ્રાણુ રહીત પડયા છે તહી;
એવા વચન મીત્રચંદના લઇ, થયા અસ્વાર રાજા ત્યાં સહી.
વજીર જઇને આગળ રહયો, જુધ કરવા તૈયારજ થયો;
એમ બોલ્યો ચીત્રમન વચન, મુજને આજ્ઞા દો રાજન.
હમણાં જઇ શતરૂને હણું તરણા માત્ર હું સઉને ગણું;
રસ રંગ બોલ્યો તે દીસ, તમ કૃપાથી છેદુ સઉ શીશ.
સુણી વચનને બોલ્યો રાય, ધીર વીર તમો છો ભાય;
આપણુ સઉ પડવું રણમા જઇ, પાછું ડગલું ભરવું નહીં.
એમ કહીને સલા કરી, સમળ સુરાતન મનમાં ધરી;
આગળ વળી વજીર મીત્રચંદ સાર, તેની પાછળ કામ કુમાર;

લશ્કર મધે આવ્યા તહીં, જુજાર પાહાડ બે સુતા તહીં;
કાહાડી ખડગને ધસીઓ રાય, મહા ક્રોધ તેને અંગ ન માય.
બાર વાઘનું બળ ભુજમાં સહી, ચેત ચેત મુખ વાણી કહી.
ઝબકી ઉઠયા બંનો વીર, મારી ખડગને પાડયાં શીર;
શીર પાડયા એકના તે ઘડી, માર્યો હાથ ચેતાવી કરી,
પછી તુટયા લશકરપર સહી, અગણીત જેની ગણના નહીં.
મારે ખડગને લેછે પ્રાણ, ઘણું લશ્કર મારયું નીરવાણ;
રાત અંધારી તો છે સહી, કોઇ કોઇને ત્યાં ઓળખે નહીં.
કલ કલાટ શબ્દ થયો પોકાર, ઘણો વાળ્યો રણમાં સંઘાર;
ખટ રસથી સરખા શોભે વીર, નહીં થોભ્યા રણમાં તે તીર.
મારે આયુધના સઘળા ઘાય, જુધ તણા સત કડકા થાય.
માંહોમાંહે તે જુધ વડે, અકેક ઉપર તુટી પડે;
છ જણ પડયા રણમાં ભેલ, મારે હાથ જેમ કાપે કેળ.
ભલો વીર કામરૂપ રણ લડે, ધડ વિના માથા રડવડે;
તેમ તેમ વધે છે સબળ શુર, જેમ વાધે સાગરનું પુર
અંધારી રાતે શુઝે નહીં, માંહો માંહે વડી મુઆ પછે સહી
સરવ સેનનો થયો સંઘાર, આવી પોંતો સઘળાનો કાળ.
સવા પોહોર ત્યાં વીતો સહી, રૂધીર તણી સલીતા ત્યાં વહી
જોગણી સરવે પામી સુખ, તરપત થઇ મન ભાંગી ભુખ.
ખપર ભોગ થયો તે ઠાર. સરવ સેન થયું ત્યાં સંઘાર;
આસપાસ ફરી વળીઆ જોધ. અંતઃકરણનો આણી કરોધ;

દોહરા.

સરવ સંહાર થયું, કામરૂપ નીરખ્યુ તે ઠાર:
તેવે મીત્રચંદ ત્યાં આવીયો સનમુખ ત્યાં નીરધાર.
અલ્યા કોણ છે નાસે કહીં, કાયર થઇ આ ઠામ
હરામ દુધ માનું કરે, બોળે બાપનું નામ.
તુને દેખી હું આવીઓ, મારૂ તુજને આ ઠામ;
અજોધ્યા પુરનો રાજીઓ, કામરૂપ મુજ નામ.
મીત્રચંદે માન્યું નહીં, કરોધ વશ છે કાય;
રાજાનું વચન માન્યું નહીં, ધસીને સામો જાય.
તુચ્છ વચન ઘણા કહ્યા, ચઢી છે સઘળી રીસ;
મારયો હાથ ખેંચી કરી, મીત્રચંદને શીશ.
ઢાલ તેણે સામી ધરી, તેથી બચીઓ જાણ;

જોખમ લાગ્યું શીર ઉપરે, નહીતર જાતે પ્રાણ.
બાજુબંધના મણી સહી, તેની જોતે નીરખ્યું રૂપ;
મીત્રચંદને ઓળખ્યો, પસ્તાયા મનમાં ભુપ.
મારતા તો મારયો સહી, પછી જોયો નીરધાર;
એવે ચીત્રમન ત્યાં આવીયો, તેણે દીધી ઘણી હાસ.
રસ રંગ ત્યાં આવ્યો સહી, વીદ્યાચંદ આવ્યો સવાર;
પાછળથી તે આવીઓ, માણેકચંદ નીરધાર.
કામરૂપ ખશીઆણો થયો, મેં કરી મિત્ર શિર ઘાત;
આસના વાસના કરી ઘણી, ધિક્કાર પડયો મુજ જાત.
મિત્રચંદ કહે ચિંતા નહીં, મુજને છે આરામ;
કસીને પાટા બાંધીઓ, તે વેળા તે ઠામ,
સઘળા મિત્ર આવી મળ્યા, રૂધીર ગળતાં અંગ;
વસ્ત્ર વાહન છે રૂધીરમે, છએ જણ મળીઆ એક રંગ.
રજની રહી પોહોર પાછલી, થયો સઉનો સંધાર;
પાછા વળીઆ પ્રીતશું, તે આવ્યા નગ્ર મોઝાર.
અશ્વ થકી તે ઉતર્યો, ગયા પોતાને વાસ;
વસ્ત્ર બદલ્યા સઉએ તંહી, પછે બેઠા મળીને પાસ;
મસ્તક લાવ્યા વીર બેઉના, તે મુકો અગે ચર ઠામ.
પ્રભુએ મહીમા રાખીઓ બીરદ રહયું થયું નામ;
પરસપર પુછું સહી, કુશળ છે સઉના તન.
મિત્રચંદને જોખમ થયું, તેથી દુખીઆ સઉ જન,
ખીજમત ચાકરી તેની કરી, દુખીઆ સઉ જન;
ઉદે થયો રવી તણો, પુરણ થયો પરભાત.

ચોપાઇ.

પ્રાતસકાળની વેળા થઈ પ્રથવીપત બેઠા સભામાં જઈ;
હાલી નવાલી મળીઆ તહીં, વજીર પ્રતે ત્યાં વાતજ કહી.
લશકર સઘળું કરો તૈયાર, તંબુ સઘળા નંખાવા બાહાર;
રાણીજાયો બીબીજાયો જેહ, સઉ નીસરે આણીને નેહ.
નીમક જે કોઇ કરે હરામ, મારી નાંખુ તેને આ ઠામ;
હથીઆર સઘળાં કાંડો બાહાર વહેંચી આપો નવ લાગે વાર
ઠામ ઠામથી લશકર જાણ, આવી એકઠું થયું નિરવાણ;
પેદળ પાયદળનો નહી પાર, બખરીઆ ઘોડે અસવાર.
જે ઉપર જંબુર ધરીઆ, શુંત્રાળા સઉ આગળ કરા;

લશકર બાહાર નીકળે જેટલે, જાશુશ આવ્યો એક તેટલે.
રાજાને જઈ લાગો પાગ, વધામણી માગી તે જાગ;
દુશમન સઘળાની થઇ ઘાત. પ્રાજે થયું સઉ મધરાત;
કોઇ નર છાપો મારી ગયો, એવો બોલ સભામાં કહયો;
લાખો માણુસની કીધી ઘાત, ધન ધન તે નરની જાત.
ક્યાંથી આવ્યો ને ક્યાં ગયો, તે નર ફરી પેદા નવ થયો;
ઉતારીઓ પ્રથવીનો ભાર, પાપીનો કીધો સંધાર.
ઘણા લોકને દમ્યા સહી, તે પાપી પ્રાજે થયા અહી;
હાથી ઘોડા નહીં માણુસનું નામ, મરણ રૂપ પડયા તે ઠામ
એવી વાણી તેની સુણી, પ્રજા હરખ પામી મન ઘણી;
આપી વધામણી તેને અપરમપાર, અસ્ત્ર ગજરથ મણી ભંડાર
રાજાને મન હરખ ન માય કામરૂપને તેડાવ્યો તાંય.
મોકલ્યો પોતાનો પ્રધાન, લાવ મિત્ર દઇને બહુ માન;
આ હકીકત કેહેજો તેને જઇ, જે ખુશાલી આપણે થઇ
એવી વાણી રાજાની સુણી, નામી શીશ ચાલ્યો તે ભણી;
બેઠા શઘળા જણુ થઇ હોંશીઆર, વજીરે આવીને કરયો જુહાર
પછે વાત વિસ્તારી કહી, તમને રાજા તેડે તહીં;
વળી બીજું કહેવડાવ્યું રાજ, રખે ચિંતા તમે ધરતા આજ
આપણા દુસ્મન કોઇયે માર્યા સહી, જાશુશ ખબર લાવ્યો છે અહીં
એવા વજીરના સુણ્યા વચન, હરખ્યા મનમાં સઉ રાજન;
મિત્રચંદ રહયો તે ઠાર, બાકી સઘળા ગયા દરબાર.
કામરૂપ દિઠો જેટલે, પ્રથવીપ્રત ઉઠયો તેટલે.
પછે વાત વિસ્તારી તહીં. જે ખબર જાશુશે કહી.

દોહરા.

એવા વચન રાજાના શુણી, બોલ્યા કામકુમાર;
ધરમ સાહે થયો તમતણો, તે સત્ય માનો આ ઠાર.
વીઘ્ન ગયું પ્રજા તણું, એ વાતમાં નહીં નુન્ય;
શત્રુ દળ પ્રાજે થયું. તે તમારા ધરમનું પુન્ય.
વીઘ્ન ગયું સૌ ગામનું, મુઆ શતરૂ તે ઠામ;
ખુશાલી થઇ ઘેર ઘેર, હવે કરો પુન્યનાં કામ.
કામરૂપની વાણી સુણી, હરખ્યું સઉનું મંન;
પ્રથવીપત મુખ બોલીઓ, તે વેળા તે દીન.
એક વાતનો ઉમેદ છે, કોહો કરૂં એ કામ;

તે નર જો જાહેર પડે, તો પોચે મનની હામ.
તે નર તે કવો હશે, કેવું તેનું મુખ;
આવું પરાક્રમ કીધું સહી, ધન તેની માની કુખ.
તેની વાત મુજને કેહે, તે રેહેછે કોણે ઠામ;
એટલી વાત જાહેર કરો તેને આપું ઘણું ઇનામ.
એમ વાત રાજાએ કહી, એમ કરતાં થયા મધ્યાન;
રજા આપી સૌને તંહી, દીધા બહુ વિધ માન.
પ્રતીહાર જે કામરૂપનો તેણે સાંભળી વાત;
રાજા ઇનામ મને આપશે, તે ઘણો થયો રળીઆત.
ખુશી થયો મનડા વિશેં, તે ગયો રાજાને ઘેર;
કરજોડી ચરણે નામ્યો, પછે કહી સહુ પેર.
મીત્ર મુસાફર આવીઆ, તેણે કરી દુસ્મનની ઘાત;
મધ નીશાએ નીકળ્યા, માનજો સાચી વાત.
રૂધીરે ગળતા આવીઆ, છેદી લાવ્યા એ જણ શીશ;
પાછા ફરીને આવીઆ, પોર નીશા જે દીસ.
એક મીત્ર ઘાયલ થયો, તેને જોખમ લાગ્યું શીશ;
શતરૂ દળ પ્રાજે કરી આવ્યા, તે કહયું નામી શીશ
એવી વાત પ્રતીહારે કહી, રાજા રીઝયો મંન
અચરત પામ્યો મન વીશે, એ સાચું છે કે સ્વપન.

ચોપાઈ.

રાજાજી મન કરે વિચાર, એવે વજીર આવ્યો દરબાર;
કરજોડીને ઉભો રહયો, રાજાજીએ મુખ બોલજ કહયો.
એક અસંભવ-સાંભળી વાત, કામરૂપે કરી દુસ્મનની ઘાત
મધ નીશાએ થયો સવાર, મારી છાપ જઇ તે ઠાર;
એક મીત્ર જોખમાયો તહીં, શતરૂના શીશ તે લાવ્યો અહી.
તેના મેહેલ તણો પ્રતીહાર, તેણે આવી કહયો સમાચાર.
માટે તમો જાઓ તતકાળ, સાચા જુઠાની કાડો ભાળ.
એવું સુણીને પ્રધાનજ ગયો, કામરૂપ પાસે જઈ રહયો;
દીઠો મીત્રચંદ દુઃખીઓ કાય, વજીર પુછે એને શું થયું રાય.
કામરૂપ કેહે વાગ્યું સહી, ઘણું રૂધીર ગયું છે વહી;
વજીરે માણસ મોકલ્યા તેણીવાર, હકીમ લોક તેડયા તે ઠાર.
મલમ પટા કરાવ્યા તહીં, મીત્રચંદને કંઇ સોંવા થઇ;
વજીર પાછો આવ્યો દરબાર, સમજને કહયો સમાચાર.

પ્રતીહારની સાચી વાત, કરી આવ્યા દુશમનની ઘાત;
એ વાતમાં સંધે નહી, મીત્રચંદ જોખમાયો સહી.
એવી રાજાએ સાંભળી વાત, ઘણો મનમાં થયો રળીઆત;
ઘણી ખુશાલી મનમાં થઇ, તખ્ત ઉપર તે બેઠા જઇ.
મોકલ્યું તેડું કામ કુંવર, વજીર પાછો ગયો તે ઠાર;
તેડી લાવ્યા સભા મોઝાર, ઉઠી સભા સૌ કર્યો જુહાર.
રાજા ભેટયા રૂદીઆ સાથ, એક એકનો ઝાલી હાથ;
ભાઇ તમ વીના કરે એ કોણુ કામ, મારા દુસ્મનોનો ફેડો ઠામ
ખટ રસથી પુરવે સુણાયા સહી, મારે ભાગ્યે આવ્યા અંહી;
તમારા બળનો પારજ નહીં, પ્રથવીનો ભાર ઉતાર્યો સહી
સઘળી પ્રજાની લીધી આશીશ, છેદા લાવી શતરૂનું શીશ;
ઘણી વીને કરી તે ઠામ, તમારા ગુણ તણો નહીં પાર.
પ્રથવીપત ઘણું થાય મગન ફરી ફરીને જુવે વદન;
ભાઇ જુધ તણી માંડી કહો વાત, કેમ કરી દુસ્મનની ઘાત.
તે વીસ્તારી કહો બળવાન, સાંભળવા ઇચ્છે મુજ કાન;
ત્યારે કામરૂપે ઇશારત કરી, માણેકચંદે વાણી ઉચરી.
રણ વીશે વીતું જેટલું, સંક્ષેપમાં કહું તેટલું;
જુધ તણો જેટલો વીસ્તાર, તે સરવે માંડીને કહયો તે ઠાર
જુજાર પાડના લાવ્યાતાં શીશ, તે આણી મુકયા તે દીશ,
નજરે દીઠાં દુશમનના મુખ, ગયા દુઃખને પામ્યા સુખ.
બંધીજન કરે કીરતી અપાર, થઇ રહયો ત્યાં જેજેકાર;
ધન ધન સઘળા નરનો જાન, બધા નગરમાં કરે સઉ વાત.
સુરજ અસ્ત થયો તે દીસ, ઉઠી સભા સૌ નામી શીશ.

દોહરા.

કામરૂપ ઘેર આવીઆ, બેઠા સઘળા એક ઠાર;
આંહાં પડી રહે સીધા નથી, કીધો મળી વીચાર.
જઇએ સીરંદીપ શેહેરમાં. વીનતાનો પુરણ નેહ;
અવધના દીન પુરા થશે, તો પડશે તેની દેહ,
પાણી પીવા રેવું નથી, હવે આપણે આ ઠામ.
વાહાણું વાયે પંથે પળ્યો, જેમ ચીંચે મનની હામ.
રજની વીતી વાતમાં, ઉદે થયો ત્યાં દીન;
મીત્ર સઘળા સજ થયા, આવ્યા રાજ ભોવન.
પ્રથવીપતને મળ્યા જઇ, દંડવત કોડે કીધ.

રજા આપો જો મુજને, તો પંથ કરીએ સીધ.
રાજા કહે શું બોલીઆ, તમે ગુણ કીધો અપાર;
મુજ ખોળના કરૂં મોજડા, રહું તમ પગ મોઝાર.
તો પણ ઓશીંગણ થાઉં નહીં, એવું કરીઉં તમે કામ
સેવા ચાકરી મેં કરી નથી, એક માસ રહો મુજ ગામ.
કામરૂપ ત્યારે બોલીઓ, કરતા હરમા શ્રી રામ;
કોણ ગજુ છે હમ તણું, સામર જાતે આ ઠામ.
તમે મુજને કીધું ઘણું, તે કોઈથી નવ થાય;
પાણી પીવા રેહેવું નથી, માટે આપો રજાય.
ત્યારે રાજા બોલીઓ, લોની ઘણુ સવાર;
ખજાનો રાખો અતી ઘણો, અપરંપાર અપાર,
સાથે લો તમે મુજને, હું કરૂં શેવા નીશદીન;
જાંહાં જશો ત્યાં આવશું, ઘણું રાજી મુજ મંન.
કામરૂપ ત્યારે બોલીઓ, તમે કરો તમારૂં કામ;
રજા આપો તમે મુજને, હું માંગી લઉં આ ઠામ.
લશકર સાથે હતું ઘણું, ખજાનો અપરમપાર;
એક ઘડીમાં સહુ ગયું; નહીં લાગી ત્યાં વાર.
વળી કીસમતમાં જે લખ્યું, તે ભોગવશું કાય.
માટે રજા આપો મને, માંગી લઉ છું રાય.
નાચાર થયો ત્યારે રાયજી, કામરૂપને વળવા જાય;
આયદળ પાયદળ મળ્યું ઘણું, વાગે નીશાન ડંકાય.
એક આસન બેઠા બેઉ જણા, ચોપાસ ચમર ઢળાય;
જાંચીજન જશ બોલે ઘણા, શોભા કહી નવ જાય.
આનંદે આવી મળ્યા, ભાગોળે સૌ સાથ;
ડેરા તંબુ તાણીને, બેઠા પૃથ્વીનાથ.
સભા ભરી ત્યાં સ્નેહથી, આપી આદરમાન;
દાન પુન્ય કીધાં ઘણાં, બેઠા તેહ પ્રમાણ.
બ્રહ્મ ભાટને ચારણો, આનંદે જશ ગાય,
મન માન્યું મળજ્યો તને, સફળ મનોરથ થાય;
એમ કહી સહુ વીચર્યાં, પોતા કેરે ધામ.
કામરૂપે ત્યાં પ્રેમથી, કીધા શુદ્ધ પ્રણામ;
વીજયમાળ ત્યાં પુજની, આરોપે છે ગ્રામ.
સ્નેહ સૌ રાજી થયા; આનંદે જશ ગાય;

અન્યો અન્ય ભેટી વળ્યા, સૈન્ય સહીત રાજન;
કામ કરી ઝટ આવજો, શુધ કરીને મન;
વારૂ કહીને વીચર્યો, કામરૂપને મીત્ર.
સાત મીત્રો સાથે રહ્યા, પોતે પમ પવીત્ર;
લસ્કર સાથે રાખીયું, ડંકોને નીશાન.
ગજરથને અરવો થકી, મળી રહયું એક તાન;
રાજવીયાની રીતથી, ચાલ્યા પોતે રાય.
દીવસે કુચ મુકામ જ્યાં, રાત્રીએ ત્યાં થાય;
ખાન પાન ખુશાલીથી, ભાવે તે ભોજન;
મન માન્યું સુખ માનતા, મળી રહયું એક તંન.
ઝહાડ પહાડને પર્વતો, જોતા જોતા જાય;
નદી નાળને નીરખીને, હરખે અંગ ન માય.
આમળ જ્યાં ઐરાવતી, નગરી છે એક નામ;
ત્યાં આવીને પ્રેમથી, કીધો સ્વચ્છ મુકામ.
તે નગરનો રાજીયા, ઐરાવત નીજ નામ,
બાહુ બળ બહુ ભોગવે, તો પણ હાર્યો હામ.
કહું કારણ તેનું હવે, મનમાં કરવા મેલ;
ભાગ્ય દશાએ ભોગવે,દેવ તણો શો ખેલ.

ચોપાઇ.

લંપટસેંન નામે એક ભુપ. શામ સ્વરૂપે છે કદરૂપ;
ગોધણ દેશમાં ગોળા ગામ, ગોલાપુર કહે સો દામ.
વસે વાસ ત્યાં સઘળી જાત, પ્રજા પોકારે નીત પ્રભાત,
અરે દૈવ શો તારો ખેલ, લંપટ નૃપનો લાગ્યો મેળ.
નીત્ય નીસાસા નાંખે લોક, પુર બાધામાં પ્રગટયો શોક;
ધર્મ પીતા તે સ્વર્ગે ગયો, પાપી પાપ કરતો આ થયો.
કોઇ કહે ભાઇ લાગ્યા ભોગ તેથી થયો છે આ સંજોગ;
લૌકીક લાજ રાખે નહીં જરી, દયા ધર્મ દીધો પરહરી.
કપટરૂપ મળીઓ છે મીત્ર, તેનુ તે શું આપું ચીત્ર;
ખાય હવાથી રૂડી પેર, તન મન ધન રાજાની મ્હેર.
બાંટણી લાવી હાજર કરે, ત્યાં રાજા વેગે પરવરે;
કોઇ સ્વરૂપી દેખે નાર, શીયળ વૃત્તનો તોડે તાર.
માત પતની ભગની નવ જુવે, વાટે ઘાટે કે વળતી કુવે;
જ્યાં હોય ત્યાંથી લઇ જાય, દેખેલી નવ મુકે માય.

ઘર છોડી કોઇ નાશી જાય, કોઇનો ખેતર વાસો થાય;
ગોલાપુર ઉજડ થઇ ગયું, ત્યારે સુખ પ્રજાને થયું.
પણ રાજાની શી થઇ પેર શેરી પોળને ઘેર ઘેર;
ફરતો ફરતો ચાલ્યો જાય, પણ બાળા નવ દેખે રાય.

દોહરા.

કપટ રૂપ ત્યાં બોલીયો, ઉજડ થયું આ ગામ;
પણ ચીંતા નવ રાખશો, જાવા નહીં દઉં નામ.
એક સમે એકાંતમાં, બેઠા બંને મિત્ર;
વિધ વિધ વાતો ચાલતી, ચોટયું છે જ્યાં ચિત્ત.
કપટ કહે મિત્ર સુણ, લાવ્યો એક બાળ;
કામકળા નામે કરી, સીરંદીપમા બાળ.
સોળ વરસની સુંદરી, કન્યા તે કહેવાય;
સીરંદીપ રાજા તણી, પુત્રી શું લેવાય
રૂપના બાંધ્યા વાવટા, ગુણનો બાંધ્યો ઘેર;
વાચાનો વડ વાવિઓ, ચાલ્યું ત્યાં અંધેર.
ચાતુરીનો વાયુ પછી, ફરકાવ્યો બહુ ફેર;
કામ તણી રજ ઉડતાં, અંધ થયો બહુ પેર.
લંપટ કહે શું થાય છે, છોડું નહીં તે નાર;
જીવ ગયે પણ જાણજે, પાછો નહીં ફરનાર.
કપટ રૂપ કહે મિત્ર સુંણ, અભિમાને નહીં થાય;
યુક્તિ વિચાર વિણ, આટા લુણે જાય.
પરણી છે નહીં પ્રેમદા, કુંવારી કહેવાય;
ક્યાથી હરશો કામદા, મન મોહિત કરનાર.
મ્હેલ થકી નવ ઉતરે જાય નહીં ક્યાંઇ બહાર;
શી રીતે તે લાવશો, ભારે ત્યાં દરબાર.
લંપટ કહેરે મિત્ર સુણ, પઇસાથી સહુ થાય;
પઇસા પાશે સર્વથા, સત્યપણે અંજાય,
ભંડાર ભર્યાં છે આપણા, છો ખાલી થઇ જાય.
તે ચીંતા નવ રાખશો, પણ પાણી નવ જાય
કામકળા જો મેળવો, તો તો રાખુ લાજ;
મિત્રપણું તેં સાચવ્યું, સત્ય કહું છું આજ.
નીત્ય નવ નવિ ભોગવી, તે તારો પરતાપ;
લે ! લખી આપું દેહ હું, કઇ આટલું કાપ,

ચોપાઇ.

ત્રાંબા પતરે લખી આપ્યો લેખ, જન્મારાની મારી મેખ;
સુંદર દેશ તુજને આપવો, લાગ જો નહીં કાપવો.
કામકળાના કારણ રૂપ, લખી આપે છે લંપટ ભુપ,
એહ વાત અહીંયાથી રહી, પછી પેર બીજી શી થઇ.

દોહરા.

એક સમે એ બાળકી, કામકળા જે નામ;
ભાગ્ય દશાએ ભોગવે, દુઃખ દસા જે ઠામ.
તે ઠામે આવી મળ્યો. ફરતો સુરસંગ;
વાઘેલા રજપુતના વંશ તણો એ અંગ.
બહારવટે તે નીકળ્યો બહારવટીઆ છે નામ;
સો માણસની ટુકડી, ઠરી રહે નહીં ઠામ.
મરવાનો ભય છે નહીં, ટેકીલો રજપુત;
દમવા નિકળ્યો દેશને, સત્યપણે એ સુત.
મગધ દેશ માળવતી, ભારે ત્યાં છે ભુપ;
તે ગાદીને વારસો, માગે તદરૂપ.
કારણસર કાઢી મુકયો, પીતાએ પરિવાર;
મરતી વેળા સુતને, આપ્યો તે દરબાર.
પણ કારણ કેવું થયું, સાંભળજ્યો સૌ સાર;
અધિકારી આઘો રહયો, મળ્યો બીજે દરબાર.
ટીલાટ કુંવર રણમાં રમે, પાસે નાનો બાળ;
તેમાં ગાદી સોંપીને, પીતા મુવો તત્કાળ.
ટીલાટ તે સુર સંગ છે, નાનો માળવ નાથ;
તે આ સીરંદ્વીપમાં આવી મળ્યો સઉ સાથ.
જોવા કારણ નીકળ્યો, પોતે સ્હેર બજાર;
આનંદે આવી મળ્યો, શીવ તણે દરબાર.
શીવ મંદીરમાં સુદરી, કામકળા સખી સાથ;
દરશન કરતાં નીકળી, ઝાલી સખિનો હાથ.
સુરસંગે જોઇ રહેજમાં, પેઠી પડદા માંહ;
મોહ બાણે ઘરણ ઢળ્યો વાર.
ચાલી ચપળતા ચેતીને, કામકળા તત્કાળ;
આ નર સુરાંગ વશ થયો, મોહ દશાએ હાલ.
તે કારણ નહીં નીકળ્યું, મ્હેલ થકી હું બહાર;

ભોગી ભમરો ભાગશે, દુઃખ દશા ભરથાર.
અરે પ્રભુ તે ક્યાં હશે, કરતી એમ ઉચાટ;
કામરૂપ ક્યારે આવશે, ઝુર છે સપાટ.
સુરસંગને મુરછા વળી, (પણ) ધાવ નહી રૂઝાય;
ફરી ક્યારે સુખ દેખશું, એમ મનોરથ થાય.
શું સુંદર છબી તેહની, શું સુંદર છે મુખ;
આલીંધન દેવા થકી, પ્રગટે પુરણ સુખ.
જે કારણ તે નીકળ્યો, તે કારણ વીસરાય;
પણ કારણ પ્રેમનું, કેમ કરી ભુલાય.
પરવશ પડીઓ પ્રેમથી, પોતે જે સુરસંગ;
કામકળાના કારણે, શુષ્ક થયું ત્યાં અંગ.
યત્ન કર્યો ત્યાં અતિઘણો, ભુલ્યો સઘળાં ભાન;
વાંકડીઓ રજપુત પણ, શુન્ય બન્યો નીદાન.
તોપણ તેના પાશમાં, આવી નહી તે બાળ;
તેમ તેમ સુરસંગનો, જાણે આવ્યા કાળ.
પણ પાછળથી સાંપડયું, તેના મનમાં સુખ;
બળ વાધો બહુ થયો, ગયું દેહનું દુઃખ.
તેનું કારણ આવશે, આગળ પર એધાન;
પણ બીજી એક વારતા, સાંભળજો સઉકાન.

ચોપાઇ.

શીવ મંદીરથી ચાલી જાય, કામકળા મનમાં પસ્તાય;
અરે દઇવ શો તારો ખેલ, શીર મણી ક્યાં મળશે મેળ.
આનંદી એતે ક્યાં હશે, કામરૂપ ક્યારે આવશે;
હવે હારી હું ઝીલા તમે, નામ તમારૂં ભારે દમે,

દોહરા.

એમ વીચારી નીકળી. હોજશમાંથી બ્હાર;
ચપળા રૂપે ચાલતી, પ્હોંચી મ્હેલ પધાર.
જાણે વીજળી ઉપડી, જાણે ચમકયો ભાણ;
પણ પોતાનો પ્રેમથી, પરવશ પડીએ પ્રાણ,
કામરૂપ ત્યાં પ્રાણ છે, અંગ પડયું આ દેશ;
ભાવી બળ વિણ ક્યાં મળે, દુઃખ દશા હમેશ.

ચોપાઇ.

મદમાતો એક યોગી જાય, તેના મનમાં ચીંતા થાય;
અરે દઇવ નહી પહોંચી આશ, શી રીતે કરીએ પરકાશ.

દોહરા.

ચોગીને પણ પ્રેમથી, વાગ્યા મોહના બાણ;
મ્હેલ પધાર પહોંચતાં, પરવશ પડીયા પ્રાણ.
તેથી તે પણ બહુ ગભ્યો, મળવાના ઉપાય;
કરવા માંડયા કોટીધા, પણ સફળ નવ થાય.
છેવટે તે લાવીઓ, વાત એકલી એક;
કામરૂપ દુર દેશનો, તે પર લાગ્યો ટેક.
માટે તે કામરૂપનો, ઉડાવું હું ભક્ષ;
તે કારણ રસ્તા વીશે, મુકું જઇને યક્ષ.
દક્ષિણ પશ્ચિમ પહાડ છે, ઉત્તરમાં જળધાર;
પુરવે તે તો આવશે, બીજો નહીં આધાર.
એમ વીચારી અંગમાં, લાવ્યો પુરણ કરોધ;
યક્ષ મનોહર ઉપન્યો, તેને દેછે બોધ.
જા પુરત્ર તું પ્રેમથી, આજ્ઞા માની ઇશ;
સાથે લે તું સાહયતા, લક્ષ જાત દશ વીશ.
કારણ મારે કેટલું, તે સાંભળ તું કાન;
કામરૂપને ભક્ષ જે, મીત્ર સહીત મનમાન.
આગળ જ્યાં અપ્સરાવતી, પુરવમાં છે એક;
અહીંથી જાતાં આઘ છે, ત્યાં જઇને કર નેક.
અપ્સરાવત છે રાજ્યો, ત્યાં જઇ કર ભંગાણ;
ભક્ષ લાવ્ય માણુસ તણું, પંથી જન પરમાણ.
જો પંથી નવ પામીએ, તો ઘર તારૂં લાવ્ય;
તેહ બચાવા કારણે, પંથીજન પર ફાવ્ય.
દરવાજે લટકાવજે, ઘોર નીશી જ્યાં હોય,
જો નહીં માણુસ દેખીયે, તો શીર ત્હારૂં સોય
અપ્સરાવતને બાધજે, કરોધ કરી એ રીત;
પછી નર દેહો માત્રજે, એક એક તું નીત્ય.
આજ્ઞા માગી ચોગીની, વારૂં કહીને વીર,
ચાલ્યો લે અપ્સરાવતી, ઉછળતો રણ ધીર;
અગ્ની મુકયો અંગમાં, અપ્સરાવતની કાય;
કબુલ કરાવ્યા કારણે, પ્રગટપણે ત્યાં થાય;
નવ ચાલ્યું જ્યાં જોર ત્યાં, થયો નીરાસી ભુપ.
વચન માન્યું એ યક્ષનું, ત્યારે બદલ્યું રૂપ.

નગર પડો વજડાવીયો, પરદેશીને માટ;
હાહાકાર ત્યાં તો થયો, સહુને થયો ઉચાટ.

ચોપાઇ.

એ રીતે દીન ઝાઝા ગયા, ત્યારે કામરૂપ આવી રહયા;
સ્વચ્છ મુકામે જઇને વસ્યા, આનંદે સઉ ત્યાંતો હસ્યા.
હવ સીરંદીપ છે નહીં દુર, દેખીયું અહીથી એ પુર;
થયા મનમાં સરવે રળીયાત, હવે રહી નહીં મન કાંઇ ભ્રાંત.
એટલામાં જાસુસ આવીયા, તે દુઃખની વાતો લાવીયા;
તમે રાજ રૂપ છોજી રૂપ, નાશી જાવ તો બચશો ભુપ.
નહીતો ધાત તમારી થશે, સુખ શાંતી દીલમાંથી જશે;
પંથી જનનો લેછે ભોગ, આવી મળયો છે આ સંજોગ.
યક્ષ એક દે સઉને શોક, ત્રાહય ! ત્રાહય ! કરે છે લોક;
પણ કોઇનું જોર ચાલે નહીં, તેથી ભાઇ શું કરીએ તહીં
રાજાને દુઃખ દીધું ઘણું, (ત્યારે) ભક્ષ દીધું છે પંથી તણું;
પંથીનું નવ પામે ભક્ષ, તો લે પુરવાશીને યક્ષ;
તે માટે કહીએ છે અમો, નાશો જાવ તો બચશો તમો.
બચવાનો બીજો ઉપાય, રહયા થકી નહીં અહીંયાં થાય;
અહીં રહેવાનું મનમાં હોય, તો દરબારે ચાલો જોય.
પંથીજન દશ પકડયા જહીં, પોતે પણ ચાલોને તહીં.

દોહરા.

કામરૂપ મીત્રો મળી, વીચાર કરે આ વાર;
શું કરવું કયાં નાસવું. થાય મને વિચાર,
જો પાછા અહીંથી હવે, ચાલીશું કયાંઇ દુર;
તો બીજો રસ્તો નથી, સીરદ્વીપરે દુર.
કયાં થઇને જાવું હવે, કામકળાની પાસ;
આશા મુજને છે નહીં, (કે) પહોંચે મનની આશ.
ઉતર દક્ષીણ દીશામાં, રસ્તો નહીં લવલેશ.
વળી અવધી થોડી રહી, દુઃખ દીસે હમેશ.
અન્યો અન્ય વિચારમાં, ઉંડા ઉતર્યા વીર.
યુકતી સાગર છોળમાં, અથડાણા રણ ધીર.
કામકળાની કામના, પોતાની જે આશ;
મીત્રોને જસ માનવો, તે સર્વે નીરાશ.
વળી પ્રીતીનો દોરડો, હીર લુણી જે જાત,

તેમાં સ્નીગ્ધ ચીકાશની, ગાંઠ પડી છે ભાત.
તે તોડયો તુટયો નહીં, શું કરવું ત્યાં કામ;
આગળ પાછળ જાવાની; એકે રહી નહીં હામ.
બહુ બહુ ત્યાં વિચારમાં, લાવ્યા સઘળી વાત;
એક દીવસ જો રાખશે, તો જાશું પ્રભાત.
વળી વીચારે અંગમાં, એમ કર્યે શું થાય;
નાઠાથી નહીં નીપજે, ધારેલું સુખ કાય;
યક્ષોનું બળ કેટલું, શું કરશે તે એક;
તોડું તે શા કારણે, ક્ષત્રીનો હું ટેક;
ક્ષત્રીબળ નીર્બળ નહીં, લોહી તપે જ્યાં હાડ;
બહુ બળના યોગથી, ફાડી નાંખે પ્હાડ.
મીત્રો પણ તેવા હતા, શુર તણા જે શુર;
હીંમતના બહાદુર તે, દોડે જ્યાં રણ પુર.
બ્રાહ્મણ જળથી ઓસરે, ક્ષત્રી રણથી જાય,
વણીક ડરે વહેપારથી, તે કાયર કહેવાય;
કાહયરતા તેથી તજો, મીત્ર મળીને સર્વ.
આજ કાલ એ યક્ષનો, ઉતારીશું ગર્વ;
મીત્રોને મન ભાવતું, રણમાં રમતા વીર.
ખોખારીને બોલીયા, ચીંતા નહી રણધીર;
પણ સૌને ચીંતા હતી, કામરૂપની કાય.
આનંદે જસ પામીએ, તો તો રૂડું થાય;
એમ વીચારી અંગમાં, ચાલ્યા જ્યાં દરબાર;
પંથીજનની કોટડી ઉઘાડી એ વાર;
કામરૂપ કે નહી નાશીયે, શા માટે પુરાય.
ખુશીથી અમે આવીયા, સફળ મનોરથ થાય,
મરવાનો ભય છે નહી, ખુશાલી કહેવાય;
સામા શતરૂ હસ્તથી, મરણ હમારૂં થાય.
અઈરાવતે સાંભળી, એવી જ્યારે વાત;
ત્યારે તે મુખ બોલીયો, દુઃખીની એ જાત.
માટે દિવસે ઊા દૂરે, રાતે લેજો ત્યાંય;
લટકાવીને આવજો, દરવાજેથી હવાંય;
વાર કહીને છોડીઆ, કામરૂપને મીત્ર.
હીંમતના હથીઆરને, પોતે પર્મ પવિત્ર,

બજારમાં નિકળી, લીધો સોમલ શેર;
જ્યાં જાય ત્યાં સાંભળે, કીધો કાળો કેર.
તેમ તેમ કામરૂપને, આવે મનમાં ક્રોધ;
રાવ પર્વત ક્યારે ચઢે, આપું પુરો બોધ.

રાત પડી રવિ આથમ્યો, ઝંપ્યા સરવે જન;
મીત્રોએ વીચારીયું, પોતા કરે મન.

શી રીતે તે મારવો. યક્ષ તણા છે જાત;
ખોરાકી માણસ તણી, નિત્ય કરે પ્રભાત.

માટે આપણુ સર્વનો, કરશે હાંતો ભક્ષ;
કે નિશિએ જાણજો; મરવાનો એ યક્ષ.

ચીંતા નહીં રણધીરને, કાહયરતા નહીં કાય;
માટે સઘળા કાજમાં, સફળ મનોરથ થાય.

ઐરાવતના આવિયા, એવામાં ત્યાં દુત;
આ સરવે મિત્રો બન્યા, ખરેખરા અબધુત

દરવાજો દેખાડિયો, લાગ્યો પોતે પાય;
પરમેસ્વર રક્ષણ કરો, એમ ઉચ્ચારો થાય.

હાહાકાર ત્યાં થઈ રહયો, કામરૂની કાય;
તેમજ મીત્રા સર્વને, દેખ્યાથી ત્યાં થાય.

ભોજન કરવા કારણે, મેવાને ફળ બેશ;
લાવીને હાજર કર્યા રીત હતી હમેશ.

ખાધાં નહી ફળ ફુલને, શું મરવાનું આજ;
મિથ્યા મળ વધારવા, શું કરવુ એ કાજ.

અનુચર ત્યાં પાછો ગયો, જયાછે રાજદ્વાર;
પ્રાતસમ શું દેખીએ, રૂડો રાજકુમાર.

અરે પ્રભુ તું તેહની, કરવા જા રક્ષાય;
જેથી મંડળ મિત્રનું, આબાદીમાં થાય.

ચોપાઈ.

સ્મશાનમાં જઇ પહોચ્યા વીર, ખરેખરા છએ રણધીર;
ભસ્મ ધરીને સમર્યા શીવ, શાંત પડેલા સાના જીવ.

શોધ્યું મહડું નરનું એક, હાટેલુ તાજુ ત્યાં નેક;
ઉપાડીને લાવ્યા બહાર, આવ્યા જ્યાં મરવાનો દ્વાર.

દોહરા.

આવ્યા જયાં તે મ્હોતના, દરવાજે સૌ સાથ;
કર્તા ઈશ્વર જાણજો, વિશ્વ તણા જે નાથ.

શી રીતે તે યક્ષને, હરવો ત્યાં તતકાળ;
એ બુદ્ધિ કયાંથી મળે, છે આ નાનાં બાળ.
પરમેસ્વર ભા પ્રેમથી, આપે છે એ કાળ;
દુઃખ દશાને ભોગવે, પણ લેછે સંભાળ.
ભાવી બળ ભારે પડે, નડે ખરૂં તે નિત્ય;
સારૂં જેને સાંપડે, દુઃખ દિસે અનીત્ય.
દ્રષ્ટ નથી અદ્રષ્ટ છે, એ વાતે નહીં ગર્વ;
માટે અદ્રષ્ટ નામથી, ભાવી જાણે સર્વ.
એ ભાવીને જાણવા, ભારે ભારે ભુપ;
પાછી પ્હાની કાઢીને, નાઠા છે તદરૂપ.
પુરણ કૃપા જોઇ ઇશની, ઇષ્ટ મળી જો હોય,
જીજ્ઞાસા પુરી પડે, અન્ય ન જાણે કોય.
પણ ભારી ફરવા તણો, એકકે નહી ઉપાય;
માટે ભવી ભોગવો, સુખ દુઃખ જે થાય.

ચોપાઈ

ભાવી બળનો ભારે ભાર, સાંભળજ્યો સઉ તેનો સાર
કેવો ત્યાં કરવો ઉપાય, યક્ષ મનોહર મારયો જાય

દોહરો

કાઢી કટારી કહેડથી, ચીરયું શબનું પેટ;
સોમલ સારો વાટીને, ઘાલી દીધો નેટ.
સાવ્યું પાછું દોરડે; જાણે નહીં તે યક્ષ;
આવીને ઉતાવળો, કરવાનો છે ભક્ષ.
પ્રાણ વિનાનું પુતળું, જાણે નહીં તે સાર.
માટે વસ્ત્ર પેરાવિયાં, લટકાવ્યું તે દવાર.
વળી મરેલો જાણશે, તો પાછું તોફાન.
ખાધા પહેલું શોધશે, તો જાવાના પ્રાણ.
દોરી રંગી કોલ્યસે, કાળો કીધો રંગ;
પાછળ બાંધી ચોટલે, કરયો પછી ઉછરંગ.
દોરી લેઇ દુર ચાલીયા, સંતાયા સઉ મીત્ર;
જુદા જુદા સ્થાનકે, બેઠા મેળવી ચીત.
જરા હલાવે દોરડી, હાલે સબ સંચાર;
જાણ્યે કંપે ક્રોધથી, પ્રાણ સહિત પરમાર.
મધ્યનીશી જ્યારે થઇ, થયું અંધારૂં ઘોર

નીશાચર ચાલે નહીં, શું ચાલે ત્યાં જોર
ઘોંઘાટ કરે છે રાતરી, તમરાંના ત્યાં સોર
આવે નહીં ત્યાં બીકથી, નીશાચર કે ચાર.

ભલ ભલાના ભય વડે, નીકળી જાયે પ્રાણ;
વળી રહયું છે વક્ષનું, એ ભુમી એંધાણ.

એવામાં ત્યાં આવતો, દીઠો યક્ષ અનુપ;
વીસ પાડે કરી રાસ ત્યાં. કાળુ કાળુ રૂપ

ચમ્મર વછુટે સ્હેજમાં, કાયરનો લે પ્રાણ;
હીમ્મત પણ આધી ખશે, એ ભુમી એંધાણ

શબ્દ કરે છે કેટલા, ગાજે છે ઘમઘોર
આવી પહોચ્યો એટલે, દરવાજે કરી શોર.

નીત્ય પ્રતી જેવું હતું, તેવું હોશે આજ;
એમ વિચારી કુદતો કરવા બેઠા કાજ

પાડયું મડદું સહેજમાં, ચુસ્યું તેનું અંગ
સોમલ જયાં શર એક ત્યાં. હવે પછી શા ઢંગ

યક્ષ ઢળ્યો ધરણીપરે, બોલીએ નહી બોલ,
આવી પહોચ્યા એકઠા, મીત્ર થયા સમતોલ.

કામરૂપ ચઢયો કાળજે, કટાર ધરી નીજ હાથ.
નીરબળ યક્ષ નીહાળતાં, બીડી હામથી બાથ;

ભાન વળ્યું ત્યાં યક્ષને. મારે નહી મુજ ભ્રાત.
અપરાધી નહીં તાહરો, સાંભળ મારી વાત,

હુ ચાકરશું પારકો, મંત્ર બળે બંધાણ;
કામરૂપને કારણે. તું લે શાથી પ્રાણ.

વિસ્મય ત્યાં સરવે થયા, આશું બોલે બોલ;
એમ વિચારી અંગમાં, કરવા બેઠા તોલ.

કે લ્યા શું કામરૂપને, મારે કાળો કેર;
કીધો તે શા કારણે, શું છે તહારે વર.

તું ચાકર કોનો વળી, શું કારણ કહેવાય;
પંથીજન પર વઇર શું, કેમ કરી આ થાય.

ત્યારે તે ત્યાં બોલીયો, નીરબળ થઇને યક્ષ;
દુષ્ટ ગુરૂએ મોકલ્યો, પથી કરવા ભક્ષ

સીરંદવીપ નીજ સીદ્ધ છે, પચીસ ગાઉપર પંથ.
મંત્ર બળ પ્રાદુર કરયો, દુરગુણીનો કંથ;

કહે કારણ છે એટલું. કામરૂપની કાય.

મીતરો સાથે માનજે, ભક્ષાથી સુખ થાય.

કામકળા નામે કરી, સીરંદ્વીપમાં બાળ;
મોહ દશાએ મારવો, કામરૂપ તતકાળ

વળતી તેના નામથી, વરવી એ કન્યાય;
મનમાન્યુ છે એટલુ, તે કારણ સઉ થાય.

એટલા ત્યાં ઉચ્ચારથી, સોમલ ચઢીઓ શીશ;

આચકીઓ આવી ચડી, ગણતાં ત્યાં દશ વીશ.

પ્રાણ ત્યાગ તેનો થયો. યક્ષ મુવા એ વાર;
બહુ પંથી મરતા બચ્યા, ગણ્યો ઘણો ઉપકાર.
એવું ધારી અંગમાં, ચાલ્યા કામ કુમાર;
ઉતારે આવી રહયા, હર્ષ ધરી એ વાર.

સુર્યોદયના સમયમાં, આવ્યા લોક હજાર;
યક્ષ પડેલો પાટડો, જોવા લાગ્યા સાર.

આનંદે સઉ જન હસ્યા, વિસ્મય થઇ વિશેષ;
આ કોણે કીધું હશે, પ્રૌઢ પરાક્રમ એશ.

બાવન વીરની બાજી આ, નહીં બીજાનું કામ;

ધન્ય ધન્ય છે તેહને, ધન્ય તેહનું નામ.

ધન્ય માતાની કુખને, જેણે માર્યો યક્ષ;
નિત્ય પ્રતી કરતો હતો, એક માણસનું ભક્ષ.

ઉમતને પણ ધન્ય છે, ધન્ય ધર્યો અવતાર;
અઇરાવતને ઉઠતાં પહોંચી રાજદ્વાર.

ખુશી ખુશી ખુશી થયો ઉઠયો તે ભુપાળ;
વધામણી જેણે કરી, આપ્યો ઝાઝો માલ.

સભા ભરી ત્યાં સ્નેહથી, કોણે માર્યો કાળ;
જો પોતે જાહેર પડે, (તો) આપું દેશ વિશાળ

તોપણ કો ઉઠયો નહીં, માડી જાયો રજપુત.
આતો કો પંથી હશે, ખરેખરો રજપુત.

કારણ તેના પેટમાં, વાગી બહુ કટાર;
માટે નક્કી જાણજો, રાજાનોજ કુમાર.

નગર પડો વજડાવીયો, જેણે માર્યો યક્ષ;
તેને જે કોઇ લાવશે, મળે જન્મનું ભક્ષ,

જો પોતે જાહેર પડે, આપું ગાદી એક.
વળી મ્હો માગ્યું આપિએ એવો મારો ટેક

એવી હુંડી વાગતાં, સુણે છે સઉ મિત્ર;

વળી વળીને સાંભળે, રાખીને એક ચિત્ત.

મિત્રચંદ વિચારથી. આવ્યો પોતે બહાર;
હુંડીવાળાને આપીયો મોતી કેરો હાર.

જા રાજાને બોલજે, યક્ષ અરી છે બહાદ;
સેહેર તમારે તે નથી, કહેજે એવો સાર.

હુંડીવાળો આવીયો, જ્યાં રાજાનું દ્વાર;
હાર બતાવ્યો મોતીનો, કહયો ત્યાં સગળો સાર.

ચોપાયા છંદ.

હુંડીવાળો આવી જ્યારે, વાત કીધી વીશેષ;

પુરવના દરવાજે નાંખ્યા, તંબુ તેણુ બેશ.
મીતરોનું મંડળ ત્યાં આવ્યું, નથી એકલો એક;

ભુપતી ! એ પણુ બારે લાગે, ક્ષતીનો છે ટેક.

દોહરા.

એઈરાવત રાજી થયો, ધન્ય ધન્ય અવતાર.
ધન્ય સમયને ધન્યતા, આપુંછું આ વાર.

અધીકારી બોલાવીયા, સૈન્ય કરો તૈયાર;
સૈન્ય સહીત જઇ લાવીએ, ક્ષત્રીનો અવતાર.

હાજી કહીને ઉઠીઆ, લાગી નહીં કાંઈ વાર;
હાથી ઘોડા પાલખી, પાળા ત્યાં તૈયાર.

વીજયમાળ પણ પ્રેમથી, આપી છે કર માંહય;
કરીણીતો કર શોભતો, માળ ધરી છે જાંહ્ય.

સામૈયું શણગારીને, અઇરાવત ત્યાં જાય;
નગરવાશીઓ પ્રેમથી, હેતે ત્યાં હરખાય.

સઉ જન શાંમા વીચર્યા, નાના મોટા બાળ;

રાજાએ જઇ પ્રેમથી, આરોપી વરમાળ.

આદર ને સન્માનથી, પુછી સઘળી પેર;
કામરૂપના મંડળે, લાવ્યા રાજા ઘેર.

ખાનપાન ખુશાલીથી, ભાવે તે ભોજન:
મનમાન્યું સુખ માનતા, મળી ગયું જ્યાં તન.

પુછી વાત પટગેરે, અઇરાવત કે આજ;

શા કારણુ તમે નીકળ્યા, અમ સરખું કો કાજ.

કામરૂપ કહે રહેજમાં. જોવા નીકળયા દેશ;
તેમાં સીરંદ્વીપના વખાણુ કરે સઉ બેશ.

માટે તે કારણુ અમે, સીરંદ્વીપનો સાર;

લેવાને આવી ચઢયા, આ વેળા આ ઠાર.
આભારી કીધો મને, અઇરાવત કે આજ;
સ્નેહી સઉ રાજી થયા. મીત્ર સહીત માહારાજ.
ધન્ય ધન્ય તમ બુદ્ધીને ધન્ય ધન્ય બળ એહ;
ધન્ય તમારા રૂપને; ધન્ય તમારો વેષ.
આનંદે આ દેશમાં, રહો મન માને આપ;
આ ગાદી છે આપની, તે પર ધારો ચાપ,
ચાપ ધરાવો ધ્યાનમાં, ચીંતા નહીં લવલેશ;
શત્રુના શીર કાપવાં, છો બળવાળા બેશ.
વૃદ્ધ કાયા મારી થઈ, નહીં મ્હારે સંતાન;
લાયક વર બીજો નથી, આપ વીના પ્રમાણ.
જ્યોતીરવીદથી લાવીએ. શુદ્ધ શુદ્ધ શુભ મુહુર્ત;
યાચુછું હું એટલું, કરશો પોતે તુર્ત;
રાજ્યાભીશેક રાખજો, દાન પુન્ય મહીમાય;
શોભાવા આ દેશને, આનંદી સૌ થાય.
આ સુણીને ઉચર્યા કામરૂપ તત્કાળ;
સીરંદ્વાપથી આવીએ, વળતી ત ભુપાળ.
આપ મનોરથ માહરે, કરવો પુરે પુર;
ચીંતા નહીં તમે રાખશો. સૌજન સાથે શુર,
ગાદીપર પગ ધારવું. તે મ્હારે છે રહેલ;
આજ્ઞા આપો પરવરૂં, નહીં રહેવું આ મ્હેલ.
કામ કઠીણ છે માહરે, સીરંદીપ છે જનંહય;
આનંદે આવી મળ્યા, મિત્ર સહીત સમ સાહ્ય
તો શા માટે ભાગશો, મિથ્યા મ્હારો કાળ,
આજ્ઞા આપો પરવરૂં. હું તમારો બાળ.
અઇરાવતને આપી ત્યાં. આજ્ઞા આણી પ્રેમ;
કામ કરી ઝટ આવજો ભુલો નહિ આ નેમ.
વળાવી પાછા વળ્યા, અઇરાવત રાજન;
કામરૂપ ચાલી ગયા, દિલગીરીમાં મન;
તોપણ પોતે પ્રેમથી, પાછા વળીઆ ભુપ,
પણ પળપળે સાંભરે, કામરૂપનું રૂપ.

ચોપાઇ.

કામરૂપ તો ચાલ્યા જાય, મીત્ર સહીત મનમાં હરખાય;
આ આવ્યું સીરંદ્વીપ શહેર. હવે થવાની લીલા લ્હેર
એવામાં એક વડનું વૃક્ષ, ત્યાં બેઠો છે જાણે યક્ષ;

યક્ષરૂપ યોગી સુતેલ, ધડયો ધાટ છે મનમાં મેળ.
ત્યાં જઇને બેઠા સૌ મીત્ર, યોગી જાણે પર્મ પવીત્ર;
એક એકને પુછી વાત, સરવેની ભાગી ત્યાં ભ્રાંત
કામરૂપે યોગી જાણીઓ, યુકતીથી પુજનીય માનીઓ;
કયાંથી આવ્યા કયાં જાઓ છો. છઐ જણા રાજી થાઓછો.
શું કારણ તેનું તે કહો, જ્ઞાન માન પોતાનું લહો;
અધરાવતીથી આવ્યા અમે, શા કારણ સુતા અહીં તમે.
હરખ ધર્યની એકજ વાત, શત્રુતે એક મુવો સાક્ષાત;
અઇરાવતીમાં આવ્યો યક્ષ, પંથી જનનું કરતો ભક્ષ.
શતરૂ એક પંથી આવીયો, યક્ષ થકી તે નહીં ફાવીયો;
તેથી હરખ ન મનમાં માય, આનંદે હઇયું હરખાય
ત્યારે હસી યોગી બોલીઓ, એજ યક્ષ મ્હે. ત્યાં જોરીઓ
કારણ તેનું એકજ કામ, કામરૂપની ભાગુ હામ.
એ વીચાર મુકયો યક્ષ, અહીં સુતોછું કરવા ભક્ષ;
કામકળા નામે છે બાળ, તે લેવાને લાગે આળ.
કામરૂપ જો માર્યો જાય, તો તો મારૂ કારજ થાય;
એહ વાત સુણી જેટલે, ક્રોધ કરયો કામે તેટલે.
અસી થકી છેદયું ત્યાં શશ, ઘણી ચઢીછે મનમાં રીસ,
કામરૂપ તે મારૂં નામ, જોગટીઆ તું કરજે કામ.
યક્ષ તારાને મારયો અમે, પથીને એતો બહુ દમે;
તું દમવા બેઠોતો સુને, તો માર્યો છે મ્હેં તુને.
હું ક્ષત્રી છું રણમાં ધીર, નહીં બીજે કો બાવનવીર;
શીર છેદીને ચાલ્યા જાય, હવે આગળ બીજુ શું થાય.
સૈન્ય સહીત ચાલ્યા જાય છે, વીધ વીધ ત્યાં વાતો થાય છે.
આવ્યું જ્યાં સીરંદીપ શેહેર, હવે થવાની લીલા લ્હેર;

દોહરો.

લીલા લ્હેર ત્યાં થઇ, આવ્યું શહેર નજીક;
જુવો વીચારે ત્યાં હવે, રહી નહીં મન બીક.
રાત પડી રવી આથમ્યો, ઠાકયા તંબુ પાલ;
રાત ઘડી બે જ્યાં ગઇ, આવ્યો બીજે કાળ.
ફુટઇયો સુરશંગ જે, વાધેલો નૃપ બાળ;
ત્રીશ વરસની ઉમ્મરે, કામ તણો જે કાળ.
કામકળાના કારણે, શોધ કરીતી પહેલ;
કામરૂપ જ્યાં આવશે, તેને હણુવો સેહેલ;

સાથે સો માણુસ મળ્યા મરણીઆ મન મેલ
એક મરણીઓ જાણુત્રો, સો જણુમાં તે સહેલ;

તેવા સોએ સો હતા. શીરોમણી સુરસંગ
શોભા સરદના ચંદ્રની, તારા સાથે અંગ;

મરવાને તે નીકળ્યા, મનમાં આણી મેળ.
પણુ તે કારણુ વીસર્યું, ખરો ખુદાનો ખેલ;

કનક કાંતના સુત્રથી, સઉ જાણો સંસાર.
વીંટાએલાં પાટીઆં, પછી રહે શો ભાર.

કાં પંડીત કાં સુર કાં, કાં રાજા કાં રાંક;
કો લક્ષ્મીના નાથ કાં, કો લક્ષ્મી હીન શંખ.
મોહીનીઓમાં મોહીની, મુકી છે પરમેશ;
શ્રી લક્ષ્મીના કારણે, ખુવાર થયા સઉ લોક.
ઉદાહરણુ ડાખલા, જોયા થોકા થોક:—
તે રીતે આ જાણુજો, ખરો બન્યો છે ખેલ;
બંન્યો જણુ પુરા પડે, માન્યો છે એ મેળ.
એક એકથી એક એ, ચઢીઆતા છે ચીત;
બળવાળા બન્ને મળ્યા, ઇચ્છાણી છે વાત
બંનેને કારણુ બન્યું, સરખે સરખુ શીશ;
મોહ બાણુથી મારવા, ખરી ચઢી છે રીસ.
પણુ મોમાં નવાંણુની ભુલ કરી ભગવાન;
કામકળા છે મોહમાં, તેને છે એક ભાન.
કામરૂપ તે ક્યાં હશે, સ્વપ્ન તણો ભરથાર;
માળા જપતી તેહની, પછી કહો શી વાર.
સુરસંગને નવ ઓળખે, કામકળા લવલેશ;
તેમજ તે કન્યા તણો, પ્રેમ ન જાણે લેશ.
તોપણ ઇચ્છા એકલી, કામરૂપની જેમ;
જાણે અવણું આવશે. મોહદશા એ તેમ.
પણુ પોતાનો મોહ છે. સાંનાને નહીં મોહ;
કન્યાને તો કામરૂપ, સોહું—પેલો મોહ.
વળી છબી જોઇ કામની, કામકળા મોહીત;
દીઠો નથી સુરશંગને, પ્રેમ કેમ—ખચીત
સબળ કારણુ છે કામનું, નિરબળ નહીં દેખાય;
સુરસંગ મળે જો તેહને, અસ્તોદય નહીં થાય
યુદ્ધ થશે જો તેહને, જીતે જો સુરશંગ;

કામકળા તો જાણવી, વિપ્રીત કરશે અંગ.
જો કદાપી કામનો, પ્રાણ જશે પરમેશ;
કામકળા મરવા તણી, ઝુરીને હમેશ.
અરે ન ઝુરે એકલી, કરડી મરશે જીભ;
એમ કદાપી નવ બને, તે કરડે કાં જીભ.
કારણ તેનો સ્વામી એ, કામરૂપ છે કાય;
પરણી છે એ મન થકી, માટે એમ નહી થાય.
ચીતા બને જ્યાં કામની, ત્યાં લે ખોળે શીશ;
બળી મરે એ બાપડી, સતી પણે નહીં રીસ.
હોય થવાનું જે થશે, ભાવી ના સમજાય;
માટે સમજો વારતા, યુદ્ધ થવે શું થાય.
કામરૂપ નથી જાણતો, કે આ છે સુરસંગ;
સુરસંગ પણ નથી જાણતો, કામરૂપનું અંગ.
વળી કામ અજાણ છે. જાણીતો સુરસંગ;
કામકળાના કારણે, છેદું કામનું અંગ
કારણ તે પર પ્રેમ છે, તોડયો નહીં તોડાય;
બીજાપર નહી સ્હેજમાં, પ્રેમ દોર સંધાય
જે નર પર છે પ્રેમ તે, તે નર સાત સ્વરૂપ;
શ્રેષ્ટ રૂપને ગુણમાં, કામરૂપ છે રૂપ.
શોધ કર્યો ત્યાં સ્હેજમાં. તેથી સમજ્યો ભુપ;
જો પરેમ નર નીરખું તો, દેખાડું ત્યાં ધુપ.
તે નરને માર્યા વિના, સરશે નહીં મુજ સાર;
માટે તે નર શોધવો, વળતી થાય ખુવાર.
એવા એ વીચારમાં. ગમગીન થયો સુરસંગ;
મોહ દશાએ માનજો, રહે દશો નહીં ઢંગ.
પાપ પુન્ય જાણે નહીં, મોહ દશા જ્યાં થાય;
બળ નીર્બલની તુલના, અંતરમાંથી જાય.
કપડ કામને નામના, તે પણ ભુલી જાય;
યુક્તિના વિચાર પણ, અંતરમાં ઉથલાય.
તન મન ધન તે કામની, દામ ગણે નહીં લેખ;
કાન્તાઓના કારણે, ઘણા ધરેલા ભેખ.
તો શી વીરમયતા ગણું આવેલા એધાણ;
મોહ દશાએ માનશે, સ્થાન સકે શમસાન.
ચાકેલો આવી પડયો. સુરશંગનો શાથ;

ડેરા તંબુ તાણીને, સુવાડયા નીજ નાથ.
ખેતરવાની છેટીએ, કામરૂપનો સાથ;
તે પણ તંબુ તાંણીને, ખાવા બેઠા બાથ.
પાન સોપારી એલચી, જમી કરી તંબોળ;
આપે છે એક એકને, હાસ્ય તણા કહી બોલ;
એવામાં સુરસંગના, ટોળેથી સમજાય.
નજીકમાં બંદુક તણો, અવાજ કયાંથી થાય;
મીત્રચંદ ત્યાં ઉઠીઓ, બદલીને નીજ વેશ.
ત્યાં જઇને પાછા વળ્યા, વાત સુણી નહીં શેષ;
ત્યાંથી આવી બોધમાં, શોધે છે તમ શીશ.
એવી લાવ્યો વારતા, કારણ સહ તે દીશ.
કામરૂપ કહે ઠીક છે, કોઇ નહીં ગભરાવ;
મળી આવો સુરસંગને, પછી આદરીએ ઘાવ.
કહેશો નહીં ખરી વારતા, હામ દામને કામ;
ભેદ પ્રપંચે પાડવો, નહીંતો જાશે નામ.
ચાર મીત્ર ત્યાંતો ગયા કર્યું એક સાથે વ્હાલ;
બેસી કીધી વારતા, જોયો ત્યાં સૌ ખ્યાલ.
સમજાવીને લાવીઆ, એકલડો સુરસંગ;
અસ્ત્ર શસ્ત્ર પાસે નહીં, નીજ માને અંગ.
આડી અવળી વારતા, કરતાં કુધ્યો રાય;
નવાંણું ત્યાં ઉગીયા, ઘાટ હવે શો થાય.
ચોકી મુકી સુરસંગપર. ચાલ્યા વરવે મીત્ર;
ઉંઘેલા ચેતાવીઆ, જાણે પર્મ પવીત્ર.
કામરૂપનો કાયદો, લશ્કર સાથે જાય;
ચેતાવીને મારિયા, પલમાં પ્રાજે થાય.
કારણ તેનું ઉંઘ છે, ઓચીંતુ એ થાય.
જાણયાથી પણ મારતે, પણ નુકશાની થાય;
છ મહિના પુરા થવા, આવ્યા છે આ વાર.
માટે ચપટી ચપટમાં, કપટ કરયું નિરધાર.
સૌને છાડી આવિયા, બાધ્યો ત્યાં સુરસંગ.
અલ્યા ઉંઘતે ઉઠજે, આ બાંધ્યુ તુજ અંગ.
સુરસંગે મન માનીયું, શતરૂ ખોળે શેશ;
શું કરીએ છું હાથમાં, ઘણી ચઢે છે રીશ.
કામરૂપ તે જાણજે, નહી બીજો કો હોય;

મરવા ધાર્યો મુજને, તું જીવે કયાં જોય.
એમ કહીને એકલી, બસી ધસી તતખેવ;
સુરસંગ પહોંચી ગયો, થયો પ્રદેશે દેવ.
ફરી પોતાનું કામને, ઉધ્યા સર્વે વાર;
હથીઆરો ધરી એકઠાં, ચાલ્યા બાવન વીર
પ્રાત સમયનાં પહોંચીઆ, સીરંદ્રીપની તીર;
ત્યાં જે બાકી બે હતા બ્રાહ્મણને એક મીત્ર.
ભાગોળે ભગા થયા, સર્વે પર્મ પવીત્ર;
વીતેલું સઉ પુછીયું, એક એકની કાય;
હરખે ત્યાં આંસુ પડયાં, દુઃખ દશા કહી જાય.
દુઃખ દશા વહી જાય કયાં, રહયો છે લંપટ ભુપ;
કપટ રૂપની મીત્રતા, શું બધાયું રૂપ.
આગળ તે પણ જાણજો, પણ દુખીઆનું દુખ;
શી રીતે એ નીકળ્યું, થયું શાથી ત્યા સુખ.

ચોપાઇ.

સાતે મીત્ર ત્યાં આવી મળ્યા, રોગ માત તે તનથી ટળ્યા;
સૌ સઉથી ચઢીઆતા ગુણ, નથી એકમાં કો અવગુણ
એકાંતે મળીઆ સૌ મીત્ર, કામકળાનું આપ્યું ચીત્ર;
ધનવંતરી ગયા તો પાસ, તેણે સઘળી આપી આપ.
પણ તેને જવાનું નહીં. હુકમ એવા આવ્યો છે સહી;
માટે હવ ત્યાં કરો પ્રવેશ, તો તો કારજ શરશે બેશ.
કામકળા ચેતાવો નાર, ત્યારે જડશે સઘળો સાર;
કામરૂપ અહીઆં આવીયા, રોગ તણું ઓશડ લાવીયા.
એટલી વાત જણાવા જાય, ધનવંતરી મન રાજી થાય;
કામરૂપને હરખ નમાય, કામકળા કયારે મળાય.
પણ પ્રવેશ થયો ત્યાં નહીં, અવસર તેતો ચાલ્યો વહી
ત્યારે ત્યાં અકલ વાપરી, ખરી બુદ્ધી તેતો ત્યાં ધરી.
શી રીતે કરવો પરવેશ, તેહ વીચારો છે હમેશ;
એક વાત સઉને ફાવતી, વિચાર કર્યે મનમાં આવતી.
પોપટ એક રૂડો પાળવો, તેને પત્ર લખી આલવો;
માણુસથી ત્યાં નહીં જવાય, ફોકટ વાતનાં ફાંશાં થાય.
બંદોબસ્ત પાકો છે તહી, નીશ્ચે તેમાં ફેરજ નહીં;
એમ વીચારી લાવ્યા એક, પોપટ રાખે કેવો ટેક.
હતો ભણેલો પોપટ એક, આપી રૂપૈઆ કીધો લેખ;

લેખ લખી પોપટ લાવીઆ, ત્યારે ખેલ રૂડો ફાવીઆ.
પોપટને સમજાવ્યા ઠીક, રખે રાખતો કોઇની બીક.
લખી બાંધીઓ કાગળ કોટ, પોપટે દીધી ત્યાં દોટ,
પાંખોથી પરવરતો કીર, જેના મનમાં સઘળી ધીર;
ધીર ધીરી પોપટ આવિયો, કુંવરી મ્હેલ પરે ફરીયો.
કામકળા ન્હાવા નીકળી, અગાશી જ્યાં સુંદર :ઢળી;
પોપટ ત્યાં જઇ બેઠો આપ, સુંદર બોલે છે સા
ધન્ય ધન્ય તારો અવતાર, કામકળાને આવી હામ.
કામરૂપ તું સુણતાં નામ કામકળાને આવી હામ
અકસ્માત આતે શો બોલ, એમ વિચારે મનમાં તોલ,
પણ કોઇ માણસ દીઠું નહી, ત્યારે શંકાવત મન થઇ.
અરે આ સ્વપ્નું કહેવાય, નહીં બીજુ મનમાં લેવાય
એમ વિચારી અંધો અંગ, ન્હાવા નિર્મળ બેઠી સંગ.
વિચાર કરે છે મનમાં ઘણુા, તેમ શંકાના બાઝે ફણા;
પણ શંકા તોડાતી નથી, સ્વપ્ન ખરૂં બીજું કોઇ નથી
ન્હાવા બેઠી નિર્મળ નીર, કુંડી પર ત્યાં બેઠો કીર.
બોલે મધુરા તેતો બોલ, જોયો મ્હેં તારો તોલ.
નગ્ન થઇ તું બેઠી નાર, ધીક ધીક તારો અવતાર:
લજ્જા મારી તેં પરહરી, બીક મનમાં નહીં લીધી જરી.
નિત્ય કરે તું આવું નાર જોયો સઘળો ત્હારો સાર:
કામરૂપ મોહયો શું હશે, નીચ ગુણ જાણ્યા નહીં જશે.
લજ્જાતુર ત્યાં કન્યા થઈ, વસ્ત્ર પહેરીને અંદર ગઇ;
ત્યાં પોપટ પોતે પદવર્યો, શાંત શાંત મુખ બોલજ કર્યો.
ભાઇ ભુલી મેં જાણ્યો નહી, પતિ મારાથી આવ્યો અહીં,
મેં જાણ્યું વનચર કો હશે, ઉડી આવ્યો સ્હેજે તે જશે.
માફ કર તું મહારા વીર, સમાચાર શા લાવ્યો કીર;
કાગળ કોટથી આપીયો, છાતીમાં તેતો દાબીયો.
વાંચીને મન રાજી થઇ, મળવાને આતુરી થઇ;
માટે લખીને આપ્યો પત્ર, જાતુ આ દેજે ત્યાં તત્ર.
પોપટ પાછો આવ્યો તહીં, કામરૂપ બેઠા છે જહીં;
જુહાર કરી પોપટ આવિગો, કાગળ બીજો હતો લાવિયો
મિત્ર મળી વાંચે છે પત્ર, સુંદર શબ્દ ધર્યા છે તત્ર.
પ્રેમ તણી વાતો ચીતરી, ખરી ખુબી ત્યાં પત્રે ધરી;
અક્ષર હાર મોતીની માળ, ભાંતી મય લાગે ત્યાં બાળ;

વાંચી વાત વિવેકી એક, રાખ્યો સઘળો મહારો ટેક
તમે રાખી છે મહારી લાજ, હર્ષ થયો છે મુજને આજ;
દુઃખ વેઠયું દાસી કારણે, પડયા હતા પોતે બારણે.
રણમાં રમીયા મહારા નાથ, ત્યારે પામી સારો સાથ;
રાણી જાયા રણના ધીર, સાતે મિત્રો બાવન વીર
પણ મળવાની ઇચ્છા મુને શી રીતે આવું તમ કને.
સાંજ સમે વેહેલા આવજો, સ્હેર બહાર સૌને લાવજો;
સુંદીર બાગ છે માહરો એક, ત્યાં આવીને રાખો ટેક.
પુરૂષના મન આવે ત્યાંય, એકાંત સ્થાન મારૂં છે જ્યાંય;
ઉતારો ત્યાં આપું નાથ, સુખી થાય ત્યાં સઘળો સાથ.
થશે નહી ત્યાં કોઇને જાણ, આજ્ઞા મારીનું એંધાણ;
તે વીના કો આવે નહીં, નરનારી સૌ જાણે સહી.
પત્ર વાંચીને પામ્યા સુખ, ગયું સઘળું દેહેથી દુઃખ;
વાતો કરતાં દીન કર ગયો, ચંદરોદક ત્યાંતો થઈ ગયો.

દોહરા.

રાત પડી રવી આથમ્યો, ચેતયા કામ કુમાર;
સાતે મિત્રો આવિયા, વાડી વાસ વિચાર,
કામકળા રમવા તણું, બહાનું કાઢી બેશ;
શણગારી સખી સર્વને, નિત્ય થકી વિશેષ.
પોતે પણ બહુ પ્રેમથી, ધારણ ધરતી ધીર;
સણગાર સજયા ત્યાં સ્હેજમા, વેણી સજતી શીર.
શીર વેંણી ત્યાં સજ કરી, મળવા કામ કુમાર;
આનંદે આવી ચઢી, સ્હેર બહાર સુખ સાર.
વાડીમાં તે વિચરી, કામકળા સખી સાથ;
સખીયોને સમજાવતી, કયાં બેઠા છે નાથ.
શોધ કરો જઈ તેમની, લાવો મારી પાસ;
હૈયાનો હાર છે, મહારે એની આશ.
સખી વિચારી સ્હેજમાં, આવી વાડી બહાર;
વૃક્ષ નીચે સૈ દેખતી, મિત્રો કામકુમાર.
આવી સખી ત્યાં હેતથી, ચાલોને રાજંન;
બાઇ મીરાં ત્યાં આપને, મળવા ધારે મંન.
એ સાંભળતાં ઉઠીયા, સાતે મીત્રો સાથ;
મશ્કરીમાં બોલતા, હૈયું રાખજે હાથ.
આવ્યા જ્યાં વાડી વીશે, લાગી પોતે પાય;

કલ્યાણુ વધા ત્યાં પ્રેમથી, આનંદે હરખાય.
ઉતારો ત્યાં આપીયો, સૈન્ય સહીત સૌ સાથ,
સરવે ઉતર્યા સ્નેહથી, રહયા ત્યાં પોતે નાથ.
દાસ દાસી ત્યાં પરવર્યાં, એકાંતે છે બેઉ;
કામકળાને કામરૂપ, શોભા છેજી તેહ.
આલીંગન ત્યાં આપીયું, પોતે પ્રેમ સહીત;
અન્યો અન્ય રાજી થયાં, ખરે ખરી જયાં પ્રીત.
હેતે જયાં હરખાય છે, કામકળાને કામ;
વિપ્રયોગ શૃંગારથી, હારી નહીં ત્યાં હામ.
હવે થયો સંયોગ ત્યાં, આવ્યો તેનો અંત
સુખ દુખની વારતા, કરતા જયાં શ્રીમંત.
પ્રેમ ગાઠ પાકી પડી, હીર તણી છે દોર;
મનમાન્યું ચીકાશથી. કલ્પ વૃક્ષનો મ્હોર.
ફળ તના કેવાં થશે, અમૃત રૂપ આધાર;
જુવો વિચારી વારતા, શકે જાણે સંસાર.
વિચારો જયાં આવિયા, બંનેના ત્યાં એક;
પછી ન્યુનતા શી રહી, એક એકનો ટેક.
સાકર જે ઘોળાય છે, દુધ વિષે તે જેમ;
મળી ગયું ત્યાં બેયનું, ખરેખરૂં મન તેમ.
વળી વિવેકી બેય છે, વિદ્યાનો ગુણ બેસ;
હળે મળે તે સરવદા, આનંદ હમેશ.
સમ કીરતી છે બેયની, રૂપ ગુણની માંહય;
નામ ઠામ તેવાં રહયાં, સદા સુખી છે જાંહય.
અગ્ની આગળ ઉકળે, ખરેખરૂં ઘી જેમ;
કામરૂપ ત્યાં ઉકલ્યા, વિર્યપાતમાં તેમ
દીવા આગળ મેણુ છે થઈ સંભોગે વાત;
પણુ બોલાયું તે નહીં, ભાગી નહી મન ભ્રાંત.
કામકળા પણુ ઇચ્છતી. અન્યો અન્ય વીચાર;
અન્યો અન્ય વીચાર જયાં, લાગી નહી ત્યાં વાર.
ગાંધર્વ લગ્ન પોતે કર્યું, સખીયો સાથ સહીત;
મીત્ર મળ્યાને વીપ્ર જન, પ્રીત તણી છે રીત.
લગન કરી પરવારીયા, પોતે પ્રેમ સહીત;
મન માન્યું જયાં બેયનું, ખરેખરી થઇ પ્રીત.
ઇશ્વરની ઇચ્છા થકી, મળ્યો ખરો સંજોગ;

એકાંતે તે પરવર્યા, કરયો સુખ સંભોગ.
રોગ ટળ્યા ત્યાં દેહના, કામકળા હરખાય;
કામરૂપ પણ અંતરે, રાજી રાજી થાય.
રૂપ વધ્યું ત્યાં અંગનું, સુકાતીતી જેહ;
ફાલી ફુલી દેહથી, કામકળા પણ તેહ.
માત પીતા નથી જાણતાં, આ વાતે લવલેશ;
ચીંતાતુર તેતો રહયાં, ખરેખરાં હમેશ.

જાણ કરો જઇ તેહને, જાણે સઘળા લોક;
સ્વયંવરથી સાચવો, રચવા રૂડો ચોક
કામજવરથી ધીક તું, બંનેનુ જે હાડ;
શાંતિમય ત્યાંતો થયું, બ્હાવા માંડી ટાઢ.
શીથીલ થઇ જુદાં પડયાં, નવ અટકે પછી અંગ;
મશ્કરીઓ મન માનતી, કર્યો કરશો નહીં ઢંગ.
પરેમ તણી છે રીત એ આનંદે હરખાય;
મનમાન્યું સુખ માનતા, રાજી રાજી થાય.
નિંદ્રા વશ ત્યાંતા થયાં, વાતો કરતાં વાર;
આનંદે ત્યાં આવિયો, દિવાકરનો તાર.
પ્રાતઃકાળમાં પરવરી, પોતે રાજકુમાર;
બિજાં કો જાણે નહી, સખિયો જાણે સાર.
માત પીતા મન માનતાં, શું કરવે સુખ થાય;
જેથી કુંવરી દેહથી, રોગ સમુળો જાય.
ખબર મળી ત્યાં સ્હેજમાં, રોગ મટયો છે રાય,
રોગ ભોગ આરી બન્યો, સુખ શંતી મન થાય.
વઇદ વારૂથી નવ મટયો, કન્યા કેરો રોગ;
ઇશ્વરની ઇચ્છા થકી, મલ્યા રોગના ભોગ.
ત્યારે તે રોગ ઉપડયો, તેમાં નહીં સંદેહ;
પણ મન માન્યાથી ગયો, જાણે પંડીત જેહ.
આજ તેવું નહીં કાલ છે, દવસે દિવસે ફેર;
કુંવરીને આરામ છે, ચાલ્યું ઘેરે ઘેર,
રાએ મન વિચારયું, આણી અધિકું હેત;
કન્યાદાન કોડે કરૂં બેસી સભા સમેત.
લાયક વર એને મળે, કરૂં સ્વયંવર સાર;
ચમક લોહ અન્ય લોહને વળગે આણી પ્યાર.
રૂપે રંગે ડહાપણે, વનિતા વિદ્યાવંત;

એવો રૂડો ક્યાં હશે, કન્યા સરખો કંથ.

વિચાર કરીને પુછિયું, કામકળાને વાત;
સારો મંડપ શોભતો, રચું હવે સાક્ષાત.

આજ થકી એક માસમાં, પુરૂં થાશે કામ;
સુકર્યું મંચ સોના તણા, ખરચ્યું ઝાઝા દામ

ઓળાઓળે ખુરશીયો, મ્હોટા કરીને મ્હેલ;
ટોટો નથી કોઇ ચીજનો, સઘળું મહારે સ્હેલ.

રતન જડીશું સ્થંભમાં, સ્ફટિક મણિની ઓળ;
માંહિ મહિપતિ સુત બેશસે, પ્રાક્રમ તેનાં તોલ.

દોશ ન દેશો કોઇને, ચાતુર જોજે ચિત્ત;
પછી પ્રીતથી પરણજે રૂડી રાખી રીત.

સારૂ શામાએ કહયું, વારૂ ગમ્યાં સઉ વણ;
બીજું નહીં બોલી કશું, શરમાયાથી કેણ.

ચોપાઇ.

હરખ થકી દીશ ઝાઝા ગયા, દીન ત્યાં થોડા રહયા;
પુરપતિએ વીચારી પેર, તેડી કુંવરી પોતાને ડેર.

પરધાન સગાં સહોદર સઉ, તેડયા બીજા માનવ બહુ;
રાજકુંવરોને લખીએ પત્ર, જેથી સરવે આવે અત્ર;

મંડપ મ્હેલ સૌભિત થયું, હવે બાકી લેશે નવ રહયું,
કુળવંતા રવિવંશી ભુપ, તેડો કુંવરને શુભ સ્વરૂપ

બીજા કોઇન કહેવું નહીં, આગ્ના એવી રાજાની થઇ;
અધમ જાતનું અહીં નહીં કામ, લખી પત્રિકા ઠામો ઠામ,

દોહરા.

સીરંદીપના સ્હેરમાં, મંડપ થયો તૈયાર;
ખરચી લક્ષ્મી લક્ષધા, અપરમપાર અપાર.

છપય છંદ.

સ્ફાટીક મણીની ઓળ, જડીત્ર હીરા છે ઝાઝા;
પરવાળાં પુખરાજ, હીમ જેની ઘણી મઝા,

ચંદન કાષ્ટનું કામ; ઘણું ઘાટીલુ ઘડીયું;
સોનાપતરે સરવ, મ્હોંઘા માણકે મડીયું.

સીંહાસન સોહામણાં, મચ સોનના મુકીઆ;
તકતા બાંધ્યા ત્રે વિધે, ચતુરાઇમાં નવ ચુકીઆ,

મુખમલ ગાદી માંહય, મોંઘો તકીયામાં મ્હીઓ;
ચંદરવો ચોપાટ, ઉંચો અંતરીક્ષે જડીઓ.

શોભા જાણે સ્વરગ, આવ્યું હોય હેઠળ જેવું;
જાણે ઈંદ્રાસન આજ આણ્યુ હોય ત્યાંથી તેવું.

લક્ષ લોક ત્યાં જઈ જુવે, આવે દોહશથી દાખવા;
એવી શોભા કીધા અતી, નામ જગતમાં રાખવા,

પંખા બાંધ્યા પ્રીત, ફુવારા ફરફર થાએ;
રાજવીઓની રીત, કાહયરથી કેમ ખમાએ,

સોમ કહે સરવત્ર, મિથ્યા દ્રવ્ય એમાં ખરચ્યું;
પામ દાર સંતોષ, કે'શે ઠીક ચોવિધ ચરચ્યું.

લક્ષમીને શું નવ ગમે, જમે રમે રાજી રહે;
એવી શોભા ત્યાં હવી, જય જય ત્યાં સઉ જન કહે.

દોહરા.

રાજકુંવર ત્યાં આવિયા, દેશ દેશના ભુપ;
સઉ જન ત્યાં શણુનારના, પોત પોતાનુ રૂપ;

છપય છંદ.

કેટલા ગજે અસ્વાર, કેટલા ત્યાં અસ્વે બેઠા;
કેટલા હીંડે છે પાય, કેટલા ત્યાં પડદે પેઠા.

કેટલા મેના માંહય, કેટલા તાવદાને બાઝયા;
પોત પોતાની પ્રીત, મન ગમતી રાખે મઝા.

મુછે હાથ કોઇ ફેરવે, વિચાર કરે મનથી ઘણા;
કવિ વર કહે છે તે ઘડી, તોલ કહું શા તે તણા,

દોહરો.

એવી રીતે અતિ ઘણા, ભુપત સર્વ ભરાય;
જેનો સાચો પાશરો, તેનુ કારજ થાય.

સારંગી છંદ.

જુવો જુવો જઇને લોકો, હાકા ઘેરે મારે છે;
ચાલો ચાલો આપે જાઇએ, શાં શાં કામો બારે છે,

રસ્તે રસ્તે પેરા મુકયા, ચરચા ત્યાંની ચાલે છે;
કન્યા સાથે સાહેલી તો, રૂડી રીતે મ્હાલે છે.

ઝુલણા છંદ,

સર્વ જોવા તહીં આવે છે માનવી,
ઘર તણા કામને દુર મુકી;
લોકને આવશે લ્હાણુ શું તેહમાં,
પ્હોતાનુ ધંધ પોતેય ચુકી;

(પણ) જાણજો વાત એ સાચી છે આણજો,

લાભ જીવ્યા થકી કાંઇ જોયું:
એમ જાણી અતી લોકતો ઉલટયા,
મુલ્લટયા મન સરવેનું મોહયું;
ઝાડતો રાજના રોપીઆં ઓપીઆં;
કેવી રીતે કરી જુગતી ઝાઝી.
ઘર થકી પુલતો બાંધીઓ ઝાડને
રોપીઆં વેલ્લ તો ઠેઠ બાઝી
એક તો દ્વાર છે બાગોળે પુલની;
આગળે રાખીયું વાત સાચી.
કુંવરો આવિયા તેહની આગળે.
ચારણો જાય છે ત્યાંય જાચી.
એવી રીતે અતી મુખમલો લાલને;
લીલીતો પાંમરી ઠેઠ સુધી.
ચંદ્રવા બાંધીઆ ઉપરે સાંધીઆ,
હાડીઓ ઘેરથી ઓળ કીધી;
સાલે લીલા બહુ ગોળા ત્યાં બાંધીઆ
ચંદ્રવે લક્ષધા લોક જુવે;
પાણી પીવાને પરવ તો માંડી છે,
જેહને લોક સંદેહ ખુવે.
રાયના પુરના પુરમાં સુરમાં લોક તો,
ચાલતા મ્હાલતા ત્યાંય જાએ;
ઢોલને ભુંગળો પ્રીતિથી વાગે છે,
શંખને ઘંટના નાદ થાએ.
રંગીઓ મેહેલને કેસના કામથી,
છોહને ધોહને કાજ કીધું;
એવી રીતે બહુ રાયનું કામ તો;
મંત્રીએ કરીને ગામ લીધું.
રાયની શોભના પાર તો આવે ના;
માન્ય તો સર્વનું ત્યાંય મહોટું,
મારગ તો રોકીએ ચોકીએ મુકીને;
આવે ના મંડપે હોય ખોટું.
આસનો ગોઠવ્યાં ઓઠવ્યા રાયનાં;
સુખથી મંત્રીએ ત્યાંય આપે;
આવશે રાજાનો કુંવર પરણુવા.

તેહતો બેશીને સુખ માપે
ચીતર્યાં પટ અને મંડપે બાંધીઆ,
દઇત્યને દેવનાં ચીત્ર કીધાં;
ઝાડને પહાડને પતાકા પર્વતો,
રંગથી રચીને ત્યાંય દીધાં.
ભુમી તો કાચથી પાથરી મંડપે,
રાયના કામનો પાર આવે;
દેખને પેખીને હરખિયું રાયનું,
મંન તે જોઇને ઘેર જાયે,

દોહરા.

કામકળા આનંદમાં, ફરતી રાજકુમાર;
રચના જોતી રાયની, પોતે અપરમપાર.
હેત ઘણે આવી ચઢી, મંડપ જોવા સાર;
આનંદે એ બેસશે, પોતે કામ કુમાર
પણ તેને માટે કરૂં, યુક્તી એક ઉપાય;
સઉથી વચે શોભતું, આસન રૂડું થાય.
તે આસનપર બેશવા, મનમાં કરવો મેળ;
ભાગ્યહીન કો ભોગવે, તો બગડે સઉ ખેલ;
માટે જઇ ચેતાવશું, હઇયા કેરા હાર;
પણ કરવું સઉ શોભતું, આસન ગુરવાકાર.
એમ વિચારી અંગમાં, આવી પોતે પાસ;
કારીગર ચેતાવિયા, આપી લાંબી આશ.
વળતી ત્યાંથી નિસરી, આવી મહેલ મોઝાર;
આનંદ દીન કાઢતી, પોતાને દરબાર.
વળી નિરંતર જાય છે, જ્યાં છે કામકુમાર;
મિત્રોની સાથે મળી, હેત કરે આ વાર.
સખીયો જાણે સર્વથા, અન્ય ન જાણે સાર;
એક એકને ઇશ્વરે, રાખ્યો છે બહુ ભાર.
રાત રહે છે વાડીએ, દિનમાં તે દરબાર;
યુક્તી એવી આચરે, જાણે નહીં કો સાર,
પણ માતા ચેતી ગઈ, પુત્રીનુ જોઇ રૂપ;
કામકળા આ શું કર્યું, શાથી આમ સ્વરૂપ.
કન્યાને મન હર્ષ છે, માતાને મન તેમ;
પુત્રીના સુખથી કહો, સુખી ન થાએ કેમ?

પણ બોલી નહી બાપડી, શરમાયાથી સ્હેજ.
કોપ ચડયો માતા મને, કહો કહે શું તેજ;
કોપ કરીને બોલતી, ભારે ભારે બોલ,
ઉર ઉપર શું ઉભર્યું; કર તારો તું તોલ.
થોડા માટે તે હવે, વંછેરી આ વેલ,
આર્ય પુત્ર જો જાણશે, તો તો કાઢે તેલ.
અરબકી આડો આંક તેં, વાળ્યો દુનીયાં દાટ;
તેજ વધ્યું તુજ દેહનું, વ્યભીચારી થઇ માટ.
વ્યભીચારી જો જાણશે, સ્વયંવર મંડપ માંહ્ય,
તોલ ઉતરે તુજ બાપનો, ભરી સભામાં ત્યાંય.
પરણે નહી કો પ્રેમદા, આતે શો અન્યાય;
તે નહીં નીતિ વાપરી, રાખ્યો નહીં તે ન્યાય.
વિદ્યાવંત ગુણવંત મેં, જાણી આપી છુટ;
અંતે એટલામાં ત્યાં આવિયો, કરમ સંયોગે કીર.
દીકરીઓ આ ફુલતી, સ્તનપર ટપકે નીર;
એટલામાં ત્યાં આવિયો, કરમ સંયોગે કીર.
કીર ચેતાવ્યો કામની, સમજ્યા પોતે સ્હેલ;
ઉડી બેઠો વેગળો, પોપટ જઇ ત્યાં મેહેલ,
જો વીખરાણી આ બધી, શીર તણી આ વેણ,
બોલે તે શું બાપડી, વદને વદે શાં વેણ.
વળી અધર જો ઉપડયા, કરડેલા કહેવાય;
કતક્ષય દેખાય છે, આ અંતર છે લાહ્ય
બોલ બોલ તું બાળકી, સાચા કહે સઉ સાર;
આ અકલ એળે ગઇ, ધીકક પડયો અવતાર.
પોપટ પેલો કોણ છે. ઉડાવ્યો કરી સાન;
કાવત્રાં કેવાં કરે, નહીં રહે ત્હારૂં માન.
ખરે અત્યારે બાળકી. કીધો કાળો કેર;
બાળપણે જો તુજને, ઘોળી પાયું ઝેર.
તો આવું કયાંથી બને, કાળાં પડીઆં મુખ;
શું ઉચ્ચારે સાચનું, ભારે ત્હારૂં દુઃખ.
પેટ વગોવ્યું પેટડી, એંડી થઇ તું નાર;
બુદ્ધી બળ ત્હારૂં ગયું, ધીક પડયો અવતાર.
એવામાં આવી ચઢી સખી સમાણી એક;
શું છે ! શું છે બાઇજી ! રાખ્યો તેણે ટેક.

શું છે શું નથી દેખતી, ધીક પડયો અવતાર;
બાળ તમારી ગોઠડી, બાળ તમારો ભાર;
માતાજી નહીં ધીકશો, સઘળી વાતે સ્હેલ,
કુંવરી બાઇ નથી નીકળ્યા, નથી બગાડયો ખેલ.
કામરૂપ તમે ઓળખો, ભારે છે ભુપાળ;
ઔધાણી આપું બધી, નહીં બેશે કાંઇ આળ.
ખરી ખુબીથી ઓળખો, બારીકીથી બાળ;
દુર દેસ છે વેગળો, લેજો સઘળી ભાળ.
યુકિતથી સમજાવીયાં, માતાજીરે મેળ;
માતાજીએ ઓળખ્યો, ખરો બન્યો સહુ ખેલ,
તે નગરીથી આવિયા, દુ:ખ વેઠીને કાય;
કામકળાને કારણે, આવીને હરખાય.
ઉતર્યા છે વાડીએ, સૈન્ય સહિત ભુપાળ;
એક માસ અહીં વહી ગયો, હવે રહયો નહીં કાળ.
જોશો તો રાજી થશો, એવું છે એ રૂપ;
વળી ઉત્તમ કુળ તેહનું, ભારે છે એ ભુપ.
સ્વયંવરમાં તે આવશે, જો દેશો કાંઇ માન;
વળી વીવેકી એટલો, અમૃત કરશો પાન.
કામરૂપ તે કામનો, ખરેખરો અવતાર;
કામકળાને શોભતો, સઘળો મળીઓ સાર.
નીતી થકી મ્હેં ન્યાળીયો, પ્રીત કરી પરમેશ;
એ વરને એ કુંવરી, સુખી રહો હમેશ.
રાજ કુળના ગોરને, બોલાવ્યાતા બેલ;
લગ્ન કરી ગાંધર્વથી, મેળવી આપ્યો મેળ,
ત્યારે તે વાડી વિશે, જાવા લાગ્યાં નિત્ય;
શું ભારે એમાં થયું, પ્રીત તણી છે રીત.
રાજી થઇને બોલિયાં, કન્યા કેરી માત;
હવ ખુશી હું તો થઇ, સાંભળતામાં વાત.
મારો પણ વિચાર ને, રાજાજીનું મન;
તે કુંવરરૂપ કેટલુ, શું વર્ણું નીજ તંન.
ભલે ભલે આનંદથી, આરોપો વરમાળ;
એમ કરી દૂર ફેરવ્યો, સાબાશ મારી બાળ.

ચોપાઇ.

એહ વાત અહીંયાથી રહી, આગળ ત્યાં બીજી સી થઇ
લંપટસેને ફેરવ્યું નામ, મનમાં રાખી પુરણ હામ.

દોહરા.

લંપટસેનનું નામ તે, કામરૂપ કહેવાય;
કપટરૂપનું નામ તે, મિત્રચંદ કહેવાય.
બીજા ત્યાં છ મળવ્યા, મિત્રો આણી મેળ;
કામકળાને લાવવા, ખરો રચ્યો ત્યાં ખેલ.
નિકળીયા નિશાનથી, ડંકો રાખી દેશ;
સૈન્ય સાહત તે નિકળ્યા, વિપ્રીત કરતા વેશ.
શ્રીફળ લીધું હાથમાં, કંકુ ચોળ્યું ભાળ.
બની ઠણી તે નિકળ્યા, આનંદે તતકાળ;
આનદે આવી મળ્યા, અધરાવતી છે જાંણ.
વિધ વિધ વાતો સાંભળી, ઠરી રહ્યા સૌ ત્યાંહય
આ પુરમાં આવી પડયો, ક્રોધ કરીને યક્ષ.
પંથી જનને પ્રેમથી, પોતે કરતો ભક્ષ;
ધુતારે તે સાંભળ્યું. ભાગ્યહિન હું આપ;
શી રીતે જાવું હવે, હઇયે પડીઆ કાપ.
અરે પ્રભુ ત્યા શું થશે કરતો એમ ઉચાટ;
જાવું કે હવે ના જવું, યક્ષ પડયો તે માટ.
ચાર ગાઊ અધરાવતી, અહીંથી રહીછે દુર.
આ દેખાયું આટલ, સુંદીર શોભે પુર.
પણ ત્યાંતો જાવા તણી, હીંમત નહીં નિજ મિત્ર
અભાગિયાનું આપિયું, પોતા કેરૂં ચિત્ર.
જુવો આ દબારની, હીંમત કેવી હોય?
ખત્રી કે બકરી ગણું, મરવાથી ગભરાય
બ્રાહ્મણ જળથી ઓસરે. ક્ષત્રી રણથી જાય;
વણીક ડરે વહેપારથી, તે કાહયર કહેવાય.
તો આ એકજ યક્ષથી, હારી બેઠા હામ;
મિત્રો કે શા કારણે, કટાર ધરી નીજ ધામ.
અસી લટકાવી લાવીયા, સોનાપતર મીંણ;
કટાર કાં કમ્મર ધરી, ખાઓ પડયા અરીણ.
આ હીંમતે જાણજો, કામકળા પરણાય;
આસા મુજને છે નહીં (તે) કામ તમારૂ થાય.
પડાવ પડયો છે રેતમાં, સૈન્ય સહીત રાજન;
વળી સહેર બહુ દુર છે, તો પણ ભયભીત મન
સો માણસનો રાખીઓ, પોતા કેરી પાસ;

ફેરે ધાલી બેસજો, આગળ પાછળ વાસ,
સો માણુસની ઘેરમાં, વચ્ચે બેઠા આપ;
જુવો સૈન્ય સૈ સાથમાં કેવું રાખ્યું માપ;
બીકણ ખીલાડી કેટલો. રણુમા એ કહેવાય;
તો શતરૂ કર દેખતો, શું એનાથી થાય,
કપટરૂમ ત્યાં નિકળ્યો, ઘોડે થઇ અશ્વાર;
ચરચા જોવા શહેરની, ચાલ્યો ત્યાં નિરધાર.
ચરચા જોઈ ત્યાં આવીયો, યક્ષ મુવો છે પ્હેલ.
માટે ત્યાં જાવા વિશે, સઘળી વાતે સ્હેલ.
એમ વિચારી અંગમાં, આવ્યો લંપટ પાસ.
મશ્કરીએ માં બોલતો, કેમ થાઓ નિરાશ.
હથિયાર છોડો જે આપનાં, છોડો ગાદી સાથ.
અથવા તો બે ચાર દીન, ભોગવવા દો આશ;
તો હું આગળ થાઉંછું. આવે નહીં ત્યાં આંચ
યુક્તી એવી ઓચરૂં, નિશ્ચે માનો સાચ.
ત્યારે હિંમત દેહમાં, આવી લંપટ કાય;
બહુ સારૂ જીવજાત તું, મિત્ર અમારો થાય,
એહ વાત રહી એટલે, સ્વયંવરનુ શું થાય.
શોભા જાણે અવીનવી, નિતપ્રતી ત્યાં થાય.
કામકળા નિત્યે જતી, કામરૂપની પાસ.
આનંદે સુખભોગમાં, નિત્ય કરે પ્રવાસ,
આલીંગન દે વીવીધે, મનમાં ત્યાં હરખાય.
અષ્ટાલીંગન યોગથી, ચુંબન સપ્તજ થાય;
ગાન તાન ગુલતાનમાં, રાજી રહે છે નિત્ય.
કામશાસ્ત્રે પ્રવિણ છે તો પ્રગટે છે પ્રિત;
પ્રિત વધે પળ એકમાં, આનંદી સૌ થાય;
મિત્રો સર્વ પરસ્પરે, હેતે ત્યાં હરખાય.
રસ જાણે છે સર્વથી ચાલે લીલા લહેર;
સુખ માને છે સર્વદા, જાણે ચાંપાનેર
ઝાંઝરના ઝમકારથી, આવે ને જાય
ત્રિજો કો જાણે નહીં, આતિમક મન હરખાય
ખબર કઢાવી સ્હેલ છે, પંખી પોપટ પાસ.
પત્ર લાવે ને જાય છે મ્હોટી એની આશ.
માત પિતાએ જાણીયું, કુંવરી થઇ મદવંત

ભાગ્યવતને મેળવ્યો, ઈશ્વરે શ્રીમંત;

ભાગ્યશાળી એ બાળકી, ખરેખરી નહિ ભુલ
પામી વર તે પ્રેમથી, ભાવી એ અમુલ્ય.

ભાવી બળ ભારે ગણ્યું, હરખાયા મનમાંહય;
માત પીતા જોવા ગયાં, સ્વયવર મંડપ જ્યાંહય.

ચોપાઈ.

એતો વાત અહીંયાંથી રહી, વળતી બીજી ત્યાં શી ગત થઈ;
ચઊતર શુદ ચઉદશને દીન, ભરાયાં ભુપત નહીં બીન.
રહયાં પુર બહારે સઉ મળી, એક એકને મન અદકીરળી
જુદી જુદી વાડીની માંહય, નઉતમ રંગ કરે સઉ ત્યાંય,
સાએ સર્વ સુધારે અંગ, નાહય જ્યાં વહેછે ગંગ;
સઉના મનમાં સરખી હામ, પરણીને લઈ જાઉએ ધામ.
કેટલા ધારે શી ચીંતાય, નિસ્ચે નાર આપણુની થાય;
કેટલા કહે કુળ મારૂં અતી, કરશે મુને પરણ્યાની મતી.

દોહરા.

એમ વિચારે નૃપતી, સઉ સઉને મન શેર;
તેમાં ધુતારો એક છે, તે જાણે હું મેર,

પાખંડી પોતે ઘણો, નમજ ફેરવનાર;
તેતો જાણે હુ બડો, સઉનો હું શીરદાર.

દગલબાજીમાં છેતરૂં, સૌને નહિં સદેહ,
વનીતાએ મુજને વરે, કરૂં ઉપાયો તેહ.

ઉરમાં શુર આણે ઘણું, ઉલટથી તે આપ.
ચાળવણી ઘણી ચાલવે, મન વધારે માપ

બને ઠણે બહુ રીતથી હુતો નાપીક પાસ;
ક્ષઉર કરાવા માંડીયું,આણીને અવકાશ.

કર હજામત માહરી, નાપીક રૂડી રીત;
આજની વાતો અવનવી, નવ જાણીસ તું નીત્ય,
અધીક વારે તે ઉઠીઓ, છોલાવીને શશ.

નીશા થઈ પછી તે સમે, ગયો દીનકર તે દીશ
કયારે સુરજ ઉગશે, એવો થાય સંતાપ;
જુવતીમાં જીવ સરવના કરે જીભે બહુ જાપ.

છપય છંદ.

કોઇ કહે આ રાત, બ્રહ્માએ શાને સરજી;
કોઈ કહે મળવા ચીત્ત, અત્યારે થાએ મરજી.

કોઈ કહે લાવે નાર, તેને હું માગ્યું આપું;
કોઇ કહે મેળવે જોગ, તેને પોતાનો થાપું.
વીચાર ઉઠે સઉને વડા, ઘડા જેમ કોરા ઝમે.
તેમ તેના વિર્યંજ ખસે, દૈતાતે અધીક દમે,
કેટલાને નહીં ભાન, નીશીએ નાગા સુતો;
કેટલા થયા ચિતભ્રમ, ઝાલે જઇ કરમાં જુતાં.
કેટલા મન ધુંટીય, કેટલા નિંદ્રાને પામ્યા:
કેટલા સ્વપ્નેને સત્ય, દેખી દુખ સરવે વામ્યા.
કેટલા ત્યાં રંગે રમ્યા, તે સાથે સ્વપ્ને સહી;
વળી ઉઠી વિશેંસતા, હજુ રાત વીતી નહીં.
કેટલા કરે છે વાત, ઉંધે લવરીમાં આવ્યા.
બેઠા સ્વયંવર માંહ્ય, કહી કે જશ ઘેરે પાવ્યા.
કેટલા કહે તું માન્ય, અતી સુખ મુજને મળવે;
કેટલા મરડે મુછ, જ્યાં ત્યાં શામાને છળવે.
એમ નીદ્રામાં નરપતી, લલોપત લેખે લહે.
ગાંડા પામવા ગોરડી, થયા એમ સરવે કહે.
કેટલા કહે છે એમ, કન્યા તો શોભે સારી;
બેશી સ્વયંવર માંહ્ય, કેટલા જઇ નીરખે નારી
શી છે એની આંખ. ઓપે છે હરણી સરખી.
કેટલા કહે શુભ ઉર, તુર બહુ છાતી નરખી.
એમ વિચાર કરે અનેકધા, કરતાં વહાંણું વહી ગયું:
કેટલાં નિરાંતે પહોઢીઆ, જાણુ કેટલાએકને થયું

ચોપાઇ.

ઝડપો ઝડપ ઉઠયા સૌ જન, ચઇતર શુદ પુનમને દીન.
ઝાડે ઝપટે સઉકો ગયા, નાહી ધોઈન સુખયા થયા
જમી પરવાર્યા સૌ રાજન, પહેરી ઓઢી સુધારે તન.
દરપણ કરમાં દોહશ ધરે, ટીલે શું કન્યા વશ કરે.
જેમ થવાનું તેતો થાય, જ ન્યાને અધીક અકળાય;
કેટલા તો વિચારે મન, કયારે જોઇએ તેનું તન.

દોહરા.

ઘરના જે ઘરડા સઉ, બેઠા મંડપ માંહ્ય;
એકાંત વિમતે જાંખવા, સુંદિર રચના જાંહ્ય.
લોકો આવી લક્ષધા, ઉભા રે' સઉ બહાર.
ચોકી પોરા ચોવીધે, મુકયા તેણુ દ્વાર

ભલે ભલ સઉકા કહે, રાજવાઆની રીતં;
મેવા ફળ મહીં મુકીયાં, અદકી આંણી પ્રિત.

દુધ સાકરે ઉકળે. તેજાના તઇયાર;
લવીંગ સોપારી એલચી, મેવાના બહુ ભાર.

મધ્યે બેઠો મહિપતી, સીરંદ્વીપ સુજાણ;
સઉને આદર આપવા, નમવાને નિરવાણ.

શોળ સુજે છે સુંદરી, શોભીત સખીયો સાથ;
હરખ અતિશે ઉરમાં, લોકે મળવા નાથ.

પ્રથમ આભુશણુ ચાંદલો, જળહળ જ્યોત પ્રકાશ;
દ્વાદશ મોતી દામણી, બમણી ઓળ બે પાસ.

નાગ ફણાવત અત્તનવા, કાળા ભમરશા કેશ,
ઉજવળ અંગ અતિ ઓપતું, જુલતી યૌવન વેશ.

ગોળ મુખી ધણુ ગોરડી, હરણી નનત્રત આંખ.
દાંતે સુવર્ણ રેખા જડી, દુર્લભ બેસે માંખ.

સુકોમળ શામા સતી, સજ્યા શોળ શણુગાર;
ગોખ બેઠા ને ગોરડી, ભાગ્ય તણી ભંડાર.

સુર્ય પુજન સુખે કર્યું. પામવા ભવ ભરથાર;
શોભા બહુ નૈતમ નવી, અપરમપાર અપાર.
તેડાં ગયા ત્યાં સર્વેને, જ્યાં સઉ રાજકુમાર

એક એક આવિયા, શોભા જેની સાર;
આદર કરે અતિ આધપતી, બેઠા જ્યાં સઉ બાગ

મેવા ફળ બહુ મુકીઆ ભરી ભરીને થાળ
અગર ધુપ સુગંધશું, બહેકી રહયા છે બાસ;
એટલે ધુતારો આવિયો. આપે એહ અવાસ
નામ અત્તર ધારણુ કરી, વજીર સહીત તે વીર;
આવ્યો ઓપાવી અંગને, સોભાવી શરીર;
છડીદાર પોકારતો, શુણ્યો સતિએ સ્વાલ.
એટલે જાલીએ ઝાંખીયું, આણીને બહુ વહાલ.
પાસે નાર ઉભી હતી, તે કહે ગુણુવંત;
બાઘ તમારે આવીયા, એમ કહી હસંત.
શામ એ તે સ્હેજમાં, જાયો આણી વ્હાલ;
ક્રોધ કર્યો તે ઉપરે, તે વેળા તતકાળ.
વિચાર કર્યો મનમાં ઘણો, આતે કોણ કહેવાય;
નક્કી મારા નાથને, છેતરનારો થયા.

બહુ સંકટમાં આવિયા, શત્રુ શીર ધરંત.
આપણુ આગળ ઉપરે, દુઃખ દશા કરંત.
પતરૂને મારવો, તે મહારે છે સ્હેલ;
શત્રુ કે સ્હેજે હશે, તેવા નામથી પહેલ.
પણ કપટરૂપ લાગતું, કારણ શું કહેવાય,
મિત્રો સાત કયાંથી મળે. નામજ તેવાં થાય.
સાતેનાં તે નામતે, જાણે સાત સ્વરૂપ;
બુડથલીયો દેખાય છે, તેમાં કામજરૂપ.
નક્કી નામજ ફેરવી, આવ્યો છે આવાર;
ધુતારો એતો બન્યો નિશ્ચે તે નિરધાર.
માત પિતાએ દેખંયો, કામરૂપને કાય;
પસ્તાવો કરવા પાડયાં, આતે શું કહેવાય.
સખીયોને વળી કુંવરી, વરણુન કરતા જેહ;
નામ વગોવ્યું આપણું, કામરૂપ આ નેહ.
ઉમેદ સરૂ ભાંગી પડયા, મનમાં પામ્યા ત્રાસ;
નક્કી મારૂં જગતમાં, થાવાનુ છે હાસ્ય.
એવામાં ત્યાં આવીગો, પેપટ લેઇને પત્ર;
વાંચ્યો વિગતે એટલે, તિરસ્કાર્યો તત્ર.
મિત્રચંદ લાવ્યો હતો, ખબર ખરી એ વાર;
ગામ ઠામને નામ ત્યાં લખીયું તે નિરધાર.
ધુતારો ધિરજ ધરી, આવ્યો છે આ વાર;
નામજ ફેરવ્યાં લપટે, કરજ્યો તિરસ્કાર.
વળી લપટને દંડ દો, શીક્ષા દેજ્યો સાર;
એ વાતે નહીં ભુલશો, નામજ ફેરવનાર.
એવામાં આવી મળી કુંવરી કેરી માત;
અરે તેં આ શો કર્યો, ખરે ખરો ઉત્પાત.
નથી રૂપ તો ગુણ કયાં, ભંગીની એ જાત;
પીતા તમારો પ્રેમથી, ભાગી બેઠો ભ્રાંત.
સ્વયંવરને લજવાવિયો, ઝંખુ ત્યાં દેખાય;
મિત્રો પણુ તેવા મળ્યા, કુંવરી કાં તું ફસાય.
અરે માત એતો નહી ધુતરો છે કાય;
કામરૂપતો આવશે, છેવટે તું જોય.
ખુશી થશો તે જોઇને, આનંદે હરખાત;

શોક મુકાવો માતાજી, ખુશી હવે તો થાવ.
પણ સાંભળ તું વારતા, શિક્ષા દેવી સાર;
ધુતારો ધીરજ ધરી, આવ્યો છે આ વાર.
એમ વિચારી અંગમાં, પત્ર કર્યો પરકાસ;
ત્યારે માતા પામિયાં, પુરેપુરી આસ.
પિતાજી ઉપર લખ્યો, ખરો બનાવી ખેલ;
હેવાલે ઓળખાવિયો, સઘળી વાતે સ્હેલ.
પત્ર લેઇને પરવરી, સખી રાજાની પાસ;
મંડપમાં જઈ પહોંચતી, દેવાને ત્યાં આશ
વાંચ્યો પત્ર વિવેકથી, રાજાએ ધની ધીર;
શોક સામાવ્યો સ્હેજમાં, ધારણુ ધરતો ધીર.
સચીવે તે સાંભળ્યું, ઘણા ચઢી ત્યાં રીશ;
તોપણુ બોલ્યો એટલું પાડો નહીં કો ચીશ.
ઉડાડું યુકતી વડે, સઘળું મ્હારે સ્હેલ;
યુકતી એવી આચરૂં, પણુ જાણે નહીં પહેલ.
પકડાવો સાને જણા, નહીં રાખો સદેહ;
શીક્ષા શારી આપવી, ફરી કરે નહીં તેહ.
પણુ પેહેલો ઉડાડીયે, તો થાશે ભંગાણુ;
માટે રાજી નવ રહો, તો ઇશ્વરની આણુ.
સમજાવીને પરવર્યો શાણો જેહ સચીવ;
કામરૂપ ત્યાં આવિયો, ત્યારે આવ્યો જીવ.
જોઇ ઘણા રાજી થયા, આતમીકો એ વાર;
ધન્ય ધન્ય કહે કુંવરો, પામી ભવ ભરથાર.
ધુતારાને ધારવો, ખરો બનાવી ખેલ:
ખટ પડે નવખંડમાં, મેળવોએ તે મેળ.
સમજાવી ત્યાં ભાટકી, દુરગુણુ ગાજે ગીત;
નવ રાખીશ તું બીકને, સ્વયંવરની એ રીત.
ભેળા થયા સૈ ભુપતી રૂપવંતા અતિરાય;
જુવંતીને ઝંખે ઘણું, જોવાને અકળાય
ધુતારાએ ધારીયું ખરા મળ્યા છે ભોગ;
કામરૂપ આવિ મલ્યા, કયાં બનીયો સંજોગ.
જો ઓળખશે મુજને, તો તો લાગ્યા ભોગ;
કપટ રૂપ સમજાવયો, ફાંસો પડીઓ ફોગ.

ચીંતા નહી કહે રાખશો, ફસાઈ પડયાછો આપ;
હવે હીંમત નહીં રાખશો તોતો જાશે માપ.
આવી પહોંચ્યો આપણો, ખરેખરો જે કાળ,
જો જીવતો જાણ્યો હતે, તો હણુતા તત્કાળ.
પણ સોમાં નવાણુની, ભુલ કરી ભગવાન;
યુકતી સૌ ભુલા ગયા, દુર્ગુણી દીવાન.
વળી વિચારે જન, આ કાળો તે કોણ,
કોળી કે છે વાઘરો, દેખાયો છે ઓણ.
જાડે કો બેસે નહી, ફરી ફરી પલટાય;
એને લીધે આપણું, મુળ સમુળુ જાય.
એમ પડયો છે એકલો, ધુતારો નિજ કાય.
મિત્રો સાતે જે બન્ય, મનમાં તે અકળાય.
પણ ત્યાંતો ચાલે નહીં, શી રીતે તે જાય;
પાછા કરવા પ્રેમથી, વિચાર ઘણા ત્યાં થાય.
એવામાં આવી બન્યું, સીરંદીપ સચીવ;
મનમાં ઉભરો લાવિયો, કાડું તેનો જીવ.
માંહયો માંહી વાતો કરે, લજ્યા પામ્યો ભુપ.
કયાંથી આવ્યો કાળકો, આ જુવો કહરૂપ
ચરચા સુણુતાં સ્હેજમાં સચીવ કરેછે કરોધ,
અધીકારી બોલાવીયા, આપીને ત્યાં બોધ.
ચડપ સરીખાં ઝાલીયાં કાંડા પકડયાં કેર.
સાતેના હદયે પડયું, હળાહળ ત્યાં ઝેર;
કોણ તમેછો રાજવી, પુછયું આવી નેટ.
વગોવ્યું કહે સર્વજન, માતા કેરૂ પેટ;
સચીવ કહે છે સાંભળો, આમંત્રણનો પત્ર.
આવ્યો હોય જો આપને, દેખાડી દીયો અત્ર;
વળી નામ શું ગામ કયાં, ઠામ કહો શું ઠઠ.
ધુતારાપણું કેળવી, આવ્યા હાથની હેઠ,
ચાલો ઉઠો બારણે, અત્યારે છે કામ;
શિક્ષા પાછળ પામશો, ઠગાઇ કરી આ ધામ.
એમ કહીને સોંપીયા, પહેરેદારની પાસ;
બંધનમાં જઇ ઝીકીયો, હવે રહી નહી આશ.
ભોગવવા મનના ધણી, હતી ઉમેદ અપાર;

તે સરવે ભાગી પડી, નવ કીધો દેદાર,
ભાગ્યહીન જો જાય જ્યાં, જમવા આણી પ્રેમ;
તો નળાચું વાગે દીસે. અકકરમીને તેમ.
અકકરમીના જાણજો, પડીઆ કાણા હોય;
આ દ્રષ્ટાંતે દેખજો, જોવા કારણ જોય.
કામકગાને ભોગવવા, મુખ દીઠું નહી લેશ;
અરે મુખ શું દેખશે, નવ દીઠો કાંઇ વેશ.
ભાગ્યશાળી તે ભોગવે, રૂપવતી જે હોય;
તે વિના નવ ભોગવે, અકલવંતા કોય.
ભાગ્યવાન જો હોય તો લક્ષ્મી કરશે વાસ,
ભાગ્યવાનથી ચાલતી, છેટી જાય નિવાસ.
એક ચિત્ત સૌ થઇ ગયા, સભા મંડપે સાર;
જોવાને અકળાય છે, કન્યાનો દેદાર,
ક્યારે દેખીશું કામિની, બાળા બહુ ગુણ રૂપ;
જન્મ સફળ જો જાખીયે અબળારૂપ અનુપ.
તરંગ ઉઠે છે તનમાં, સઉકોની ગઇ સાન;
જીવ ગયા જુવતી વિષે, ધરે નારીનું ધ્યાન.
મન વિચારે માન્યની, ક્યારે મળસે કંથ;
ઝટપટ જઇ૨રૂં એહને વળુ પતિને પંથ.
વળી ધીરજ મનમાં ધરે, ઉતાવળ શી આજ;
જ્યારે ત્યારે માહરૂં, હવે થયું છે કાજ.
આવ્યા મંડપમાં બધા, જેમ સિંહ કુમાર;
અંગ ઉપર બેઠા જઇ, લેશ ન લાગી વાર.
સઉકો વિસ્મે પામીયા, આતે સઘળા કોણ;
દ્રષ્ટે કરી નવ દેખીયા, પ્રગટ થયા છે એણ
તેજવરી મહા પ્રાક્રમી, સર્વે ચિન્હ સમસ્ત;
તારા જેમ રવી ઉગતં, એમ થયા સૌ અસ્ત.
આશા મુકી સરવકો, મુખેથી નિસવાસ;
એને તજી બીજે વરે, એહને ન ધરવી આશ
કામકળા રીઝી ઘણું દેખી કમ સ્વરૂપ;
દુઃખ ગયાં સૌ દેહનાં, ચિતમાં આણી ચુપ.
દરપણ લીધું હાથમાં, ભર્યાં સખીયોનો સાથ;
આભુશણ શણગારતી, પામવા નઉતમ નાથ.

સાડી સુંદર પહેરીયો, ઘણાં ઘરેણાં ઘાટ;
રંગી પગની પહાંનીયો પ્રીતમ મળવા માટ.
ચાલો જઇએ મંડપે, સજી લ્યો સખીયો સર્વ;
હા બ્હેનીની કહી ઉડીયો, સર્વ તજીને ગર્વ,
ઘેરથી સૈકો નીસર્યા, મડપ મધ્યે જાય;
થોડું છોડું ત્યાં થકી, પ્રીતે પગ પલાય.
જાણે ચાલે હસ્તણી, ચમક ચમક મોલંત
ધમ ધમ વાગે ઘુઘરા. માન્યની મદ મ્હાલંત.
ચળકે ચોહોડયો ચાંદલો, શોભા નઉતમ હોય;
રસ્તે બહુ ઉભા રહી, જુવતી સામુ જોય.
ધન્ય ભાયગ ધણી તણાં, પરણે આ કન્યાય;
ભાગ્યહીન શું પામીયે, કેટલા કહેતા જાય.
કો કહેશે જે દેખતાં, આપણને આ થાય;
મંડપમાં જે બેસસે, તેથી કેમ ખમાય.
રસ્તે રમાયો જુવે, તેહ વખાણે રૂપ;
ધિક્કાર આપણના દેહને, પડીએ મ્હોટે કુપ.
ટોળાં જાય ત્રિયા તણાં, તેહ વખાણે વાત;
નાંના મોટા નર સહુ, ચિતમાં તેને ચાત.

શાર્દુલ વિક્રોડીત.

પ્હોંચી મંડપમાં સ્વયંવર હતો, ઠામે ગઇ સુંદરિ;
બેઠા જ્યાં નૃપતિ સહુ ચિત ધરી, આવી શું શોભે ધરી
પોતે તો પડદો કરી પરવરી, સર્વે સખી સાથમાં;
પૂછ્યો જ્યાં ઘરના હતા ભુવન ત્યં, થાળી લીધી હાથમ

ચોપાઇ.

માત પીતા સગાં સૈ હતાં, તે ઠામે થયાં જઇ છતાં;
એહ વાત અહીંયાથી રહી, વળતી ત્યાં બીજી શી થઇ.
જે નરે ન્યાળીતી વાટ અધીક તેને થયો ઉચાટ;
અરે દૈવ નહી પહોંચી હામ, મળી હોયતો થાતું કામ,
ઘર વાળી તો છે સાખખી, એતો, માન્યનીઓમાં મણી.
એવો લોક પરતાવો કરે, કેટલા તે વાટે વિચરે
નારી જોઇ ગયો જે ઘેર, કેહે પરણ્યા આમળ સો પેર;
જો નાથ એ પામો નાર, તો પાયે લાગુ અપાર.
એનું કહયું નિત્યે જઇ કરો, ભામિની કહેતો પાણી ભરે;

સુજમાં રૂપ મળે નહીં માય રાતે અધીક જોવરાવો વાય.
જોરાવરીએ પાસે જાત, ઘરમાં હોયતો વિહવળ થાવ;
એમ કરી હસે બહુ પેર, શેરી પોળને ઘેરે ઘેર.

દોહરા.

શોભે ત્યાં રળિયામણું, સવરી મંડપ સાર;
મહી બીરાજ્યા મહિપતી, ત્રાવીધ તેણે ઠાર.
કોઇ મુછેકર ફેરવે, હસતા રાખે હોઠ;
જાણે જો મુજને વરે, ગમતી થાએ ગોટ.

છપય છંદ.

એક એકને કરે વાત, કેટલા કરે મુછે ધાલે;
કેટલા સંભાળે પાઘ, કેટલા નર નીચાં ન્યાળે.
કેટલાં વાંચે પત્ર, કેટલા એક વીંટી જોતા;
રાખે એક એકે સર્ત, મનમાંના સંદેહ ખોતા.
સહુના જીવ જુવતી વિશે, જાણે જે મુજને જુવે;
અંગ ઉઘાડું કો દાખવે. પરશેવો મુખથી લુવે.

દોહરા.

મેના પોપટ પાંજરે, કરે ઘણા પોકાર;
ચકોર ચંચળ બે શોભતા, જે પીંજર તે ઠાર.
માળાયો મોતી તણી, મણી લીધા બહુ માંહ્ય;
કેટલા એક શોભા ધરી; બેપત તાંહ્ય
કેટલા સમસ્યામાં કહે, અનશાતે કનશોન;
આજ સુધી દીકાઠા નથી, પ્રગટ થયા તે ઓંણ.
સુનંદા એક ભાટડી, કામકળાની પાસ;
પણ સઉ રાજા નણાં, કરવા સત્ય પ્રકાશ.
તેડાવી તે તારૂણી, છાની શીખામણ દીધ;
મેંતો મ્હારા મન વીશે, કંથ કામને કીધ.
સુનદા તુજને ગમે, વખાણજે તે બાળ;
કામરૂપ મિત્રો મળી, આવ્યા છે ભુપાળ.
જાણ્યું કહી જુવતી ગઈ, રાજા કેરી પાસ;
તૈયાર કરીએ હવે, એમ કહયું તે દાસ,
રાજા કહે રામા સુણો, સમય સાધજો સત્ય;
મુહુર્ત વીતે વનિતા હવે, કયા ગઈ તારી મત્ય.
કરો ઉતાવળ કોટીધા, સઉ જન ત્યાં અકળાય.

પરવરો એક પલકમાં, તોતો રૂડુ થાય.

સાખી.

સુનંદા કહેતે સુંદરી, વહેલાસર પરવા;
લક્ષણવંતો મનમાં લહી કંઠ સમરપોને હાર.

દોહરા.

શમકળા ઉઠી સુણી, એ વાતે શી ઢીલ;
આજ્ઞા લીધી વૃદ્ધની, ડાહી વિચારી દીલ.

ભર્યો થાળ જે કનકનો, માંહી કમળનો હાર;
મુકી કુંમ કુંમની વાટકી, શોભા રૂડી સાર.

ગંગાજળ ઝારી ભરી, મુક્યાં બીડાં સાત;
ચતુરા ચરણે ચાલતી, પછી રહે શી વાત.

તોટક છંદ.

બહુ મોતી થકી શુભ થાળ દિશે;
વરમાળ ધરી નિજ હાથ વિશે.
સખિયો સઘળી નિજ સાથ લીધી;
પછી થાળ સખી પ્રિય હાથ દીધી.
ચપળા ચપળાવત ચાલ ધરી;
શુભ મંડપમાં ઝટ આવી ફરી.
સઘળા સુખ દો નિરખે નર જે;
સ્તુતિ ઈસ્વરની કરી કે' મળજે.

દોહરા.

રાજાઓ સૌ રીઝીયા, મુકયો સોર બકોર;
એક દરસ્ટે જુવે સહી, જેમ ચંદ્ર ચકોર.

અયોદ્ધાનો અધિપતી, તેનો કુળ કુમાર;
તે ઠામે ત્યાં આવિયાં, શોભા જોતાં સાર.

આગળ સુનંદા ભાટણી, પાછળ કુંવરી હોય;
ભાવે બોલી ભાટડી, બ્હેન ચિકિત્સા જોય.

છપય છંદ.

આ અયોદ્ધાનો રાય, લક્ષ્મી વ્હેવારે પુરો;
શરીર લબારેક યાંમ, પણ સુરામાં સુરો.
કુળ એનામાં ચાલ, સ્રીયોને વશ રાખે;
માસ એકે એકવાર, સુખ માન્યનું દાખે.
શીળવંતો છે એ સુખી, દુઃખી નહી કો દેશમાં;

ઇચ્છો તો એને વરો, છે તો યૌવન વેશમાં.

દોહરા.

શામા કહે સાચું કહયું ભલે એ મ્હોટા ભુપ;
ઘણું જીવો જસ ભોગવો, શોભીત શુંભ સ્વરૂપ

માલીની છંદ.

સરરરરર ચાલી, વીજળી પેર આપે;
ચરરરરર પડયો તે, ચાબકો દેહ માપે.
ઠમક ઠમક ચાલે, લાજથી લેશ ઝાંખી;
ચપળ ચપળ જોતી, નેત્રને સ્થિર રાખી.
સુહિત મંદ હસિને, કામને તે સતાવે;
મધુર વચન તેના, જોગને તો ભગાવે.
નરમ કુરૂપ થાએ, કેશને ભંભ ભાળી;
ભમર પંખ દીસે છે, નાગણી જેમ કાળી.
સકળ અધિપતિનું, જ્ઞાનને ભાન જે છે;
જરૂર જુવતીમાં જઇ, ચોટીયું પ્રાણ એછે.
કરમપર ચીઠી છે, કેટલા એમ ભાખે;
મનન કવિ કરે છે, રૂપને ગુણ દાખે.

દોહરા.

આગળ આવ્યાં ત્યાં થકી, જ્યાં મથુરાંનો રાય;
વર્ણન તે વનિતા કરે, ત્યાં વી શોભા થાય

કુંડળીયા છંદ.

જુમનાં ત્રઠ સોહામણું, ગરવું મથુરાં ગામ;
રાજ્ય કરે આ રાયજી, બહુ સુખ તેને ઠામ.
બહુ સુખ તેને ઠામ, બળવંતો બહુ બુધ નિધી;
નથી માથે કહેનાર. પરણી પાંચ કન્યા લીધી.
કુળવંતો છે રાય, પગલાં થાય કુમકુમનાં;
સુંદર શોભે છેક જ્યાં, જળ વ્હે છે જુમનાં.

દોહરા.

સારી પરણ્યો છે પ્રેમદા, કુળવંતી કન્યાય;
બ્હેની તેને પામતાં, ન કહે કો અન્યાય.
ડોક હલાવી દીકરી, આગળ ચાલી જેમ;
હસ્તીનાપુરનો પતી, જઇ બેઠો તો તેમ.
બાવે બોલી ભાટડી, સાંભળ કહું તે વાત;

આ રાજા તો અવનવો, અવનિમાં વિખ્યાત.
દાન પુન્ય નિત્યે કરે, ક્ષત્રીમાં એ સુર;
આજ્ઞા કો લોપે નહીં, લક્ષ્મી છે ભરપુર.
એ રાજાના રાજ્યમાં, સુખીઆ સરવે લોક.
રાજ નીતિ રાજા તણી, સ્વપ્ને તારે શોક.
તોહ ગમ્યું નહીં તારૂણી, આગળ ચલી જાય;
જેની પાસે થઇ વીચરે, તેને પસ્તાવો થાય.
કોઇ કહે એ સુંદરી, હંસ ગતિ વત ચાલ,
નિશ્ચે એ મુજને વરે, એમ થતું તું કલ.
પણ ગઈ તેતો હાથથી, હવે આશા શી હોય;
એમ વિચારે સરવજન, કોરો ન રહે કોય.
વખાણ કરે જે ભારડી, તે સઉ જાયે વ્યર્થ;
પચાવંન એમ પરખીયા, તોય સર્યો નહી અર્થ.
કોંકણ ધીશ આશા તજી, મગધે મુકયું માન;
નિરાશ થયા સઉ નરપતી, રાજાના સંતાન.
સાથે જે સાહેલીયો, તે પણ રૂપ વિશાળ;
નજરો ફાટે નિરખતાં ભુંડા થાય હવાલ.
સુનંદા કહે સુંદરી, આ ઉજ્જે [illegible] શ;
ભુપત સઉ એને મળે, પ્રસંન ક્ષ્માપત પક્ષ;
વિદ્યાવંત વહ્યો ઘણું, લક્ષ્મીનો નહીં પાર;
ક્ષીપ્રા તટ સોહામણું સકળ તીરમાં સાર.
જો ઇચ્છો એ રાયને, તો બહુ પામો સુખ;
એ પણ કાંય ગમ્યું નહીં, મચકોડયું ત્યાં મુખ.
આગળ ચાલ્યા ત્યાં થકી જ્યાં છે કામ સ્વરૂપ;
દ્રષ્ટી જ્યાં એની મળી હાસ્ય કર્યું તદરૂપ;
મોહ પામી તે માનની, દેખતાં દેદાર;
યાત્રાઓ પુરણ થઇ, કાશીને કેદાર.
કામકળા કહે સાંભળો, ગુણ આ સૌના ગાત્ર;
પરણું હું પ્રીતી થકી, દઇને આપ્યો હાર.
એવું હળવે રહી રહયું, તે નવ જાણે કોય,
મધ્યે સહુ ઉભાં રહી ચ્યારે તરફ જોય.
સુનંદા કહે સુંદરી, સકળ મનોરથ થાય;
કામરૂપ દુર દેશના, મહોટા છે મહિમાય.

આ મિત્રો છે તેમના, સાતે સીંહ સ્વરૂપ;
તેમાં પોતે શોભતા, સાચે ચંદ્ર સ્વરૂપ.
રૂપે રંગે ડહાપણે, કામ સમો નહીં કોય;
ખળ સાથે ખળતાઇ કરે, હેત રૂડાથી હોય.
આ સઉ બેઠા અધિપતી, તારા સરખાં તેજ;
મધ્યે કામ શશી સમા અધિક પ્રમારે એજ.

સાખી.

મ્હેણું મુજ માથે નથી, જો બીજે ચીત ચ્હાય;
હારો તુજને નહિં મળે, પાછળથી પસ્તાય.

દોહરા.

ચડપ ચેતી તે ચંચળા, કંઠ સમરપ્યો હાર,
પગ પખાલ્યા પ્રેમદા, લેશ ન લાગી વાર.
ઘુંઘટ તાણ્યો ગોરડી, ગણી લક્ષણા લાજ,
માળ આરોપી કંઠમાં, કીધું પુરણ કાજ.
તીલક કર્યું કુંમ કુંમનું, કામ તણે કપાળ.
નારી નમી એ રાયને, જેવો કુલનો ચાલ.
કરજોડી તે કાન્યની, બોલી મધુરી વાણ,
જુવતીએ સૌ જનને, જુગતે કીધું જાણ,
ભવોભવ તમને વરી. કામદેવ પ્રભુ કંથ;
આવું તમ સંગે અમો, પ્રીતે મ્હોટે પંથ,
કાચા સુત્રને તાંતણે, બંધાણી હું આપ,
આજ્ઞા લોપું તમ તણી, (તો) પ્રલયકાળનું પાપ.
નિત્ય તમ કહેતે કરૂં, મ્હારા પ્રાણ આધાર;
સતિપણું જે માહરૂં, જાણે સૌ સંસાર.
અધીપતીનો અરણુત ભરયો, શોધ્યું મ્હેતો રત્ન;
ઈશ્વર આશા પુરજયો, કરીએ ઝાઝું યત્ન.
એમ કહી અબળા વળી, સખીયો સાથે ઘેર;
પછી તાતજી તેહનો, આવી પુછે પેર.
પુછી વાત પટંતરે, પામ્યા પોતે સુખ;
આખા એ સંસારનું, વામ્યા ઘણું દુઃખ
વારૂ કહી વસુધાપતી, લાગ્યો પોતે પાય;
કબુલ કરયું સઉ આગળે, લગનની વેળા થાય.
આશાભંગ સઉકો થયા, બીજા રાજકુમાર;

પોતાને મન પાંશરા, નારીને મન ગુમાર;
અસ્તાંગત રવિ ત્યાં થયો, ચંદ્ર હવા પ્રકાશ,
શીતળ સરવેને કર્યા, થયું અંધારૂં નાશ
રાજકુંવર સઉ શોકમાં, વળી ચૈતરનો તાપ;
તેનું દુઃખ તનમાં લઇ, હવા ઉદય શશિ આપ
પવન વ્હાય છે પાંશરા, શોભે રમણીક રાત;
વાજાં વાજે ત્રેવિધે, ભલાં ભલરી ભાત.
પરણાવી તે પ્રેમદા, કોડે કુળની રીત;
બીજાં દાન દીધાં ઘણાં, આણીને બહુ પ્રીત.
સુર્યોદય સ્હેજે થયો, ધવળ મંગળ ત્યાં ગાય;
પ્રીતે કરી પહેરામણી, મ્હોટાનો મહિમાય.
ગામ ઘણાં લખી આપિયાં, ત્રાંબા પતરે લેખ;
ઘર જમાઇ કરી સ્થાપિયો, ન્યુન રહિ નહિ એક.
સઉકોને વળાવીયા, આવ્યા તા તે વાટ;
કામરૂપને રાખીયા, આનંદીત છે માટ.

ચોપાઇ.

બાળા રૂપ બાળાનું ગયું, જોબનવંતુ જુગતે થયું;
છબીલાની છાતી જાણ, યુવાપણાનું દે એંધાણ.
કમળ પત્રના સરખી કાય, જોતા નરતો રાજી થાય;
એવું તે રંભાનું રૂપ, કામરૂપ તે હરખ્યા ભુપ,

દોહરા.

આનંદે તે દંપતી, સુખ માને છે સ્હેલ;
આપ્યો છે ત્યાં તેમને, રહેવા સુંદીર મ્હેલ.
સુખ માણે છે સર્વદા, આનંદે સો ત્યાંય;
પાછા આવ રાજ્યમાં, સભા ભરાતી જયાંયે,
રાખ્યા જ્યાં બેસ ત્યાં, થયું થવાનું મન;
કામકળાએ માતને, આપી દીધું તંન.
માત પીતા રાજી થયાં, મળતા આવ્યા લેખ;
તૈયારી જાવા, તણી, કરવા માંડી મેળ.
લશ્કર સાથે આપિયું, ડંકોને નિશાન;
ગજરથ ને અસ્વો ઘણા, મળી રહયું એક તાન;
સઉકોને આનંદ છે, કોઇને નહીં ત્યાં શોક.
જોવાને ઝાઝા મળ્યા, ગામ તણા ત્યાં લોક;

રાજ કુળની રીતથી, વળાવવાતે જાય
વાગે વાજાં ઢોલ ત્યાં, જોવા જેવું થાય;
માન્યનિયો ત્યાં ગાય છે, સારાં સુંદિર ગીત.
બહુ બાળાઓ બોલતી, આણીને બહુ પ્રીત;

વળાવી પાછાં વળ્યાં, સજન જે સઉ કોય.
પોત પોતાના માર્ગમાં, હેતે સુખીયાં હોય;

કામકળાને કામરૂપ, આનંદે હરખાય.
મિત્રો પણ મન માનતા, ખરેખરૂં આ થાય.

ભાવ ધરે તે ભામ્યની, બોલી મધુરા બોલ,
પ્રેમે પતિને પ્રીછવ, તદુણી આપે તોલ

સ્વામીજી સાચું કહ્યું, તે ધરજ્યો સઉ કર્ણ;
તમથી વ્હાલું કો નથી, હું તો છું તમ શર્ણ.

સ્રીયો કોની થઈ નથી, એવું કહે સઉ કોય;
પણ પેરે વ્હાલા સુજને, જેમ મચ્છને તોય.

અંતર પ્રીતી અમતણી, નહીં ઉપરની અર્જ;
એવું મનમા ના માનશો, જે ઘટમાં કાંઇ મર્જ

એમ વિચાર અનેકધા, કરતાં આવ્યાં ઘેર;
દુઃખ પડ્યું પણ છેવટે, થઈ છે લીલા લ્હેર.

ગણુ માત્રા મ્હેં ગણુ નથી, પ્રગટ્યો પુર્ણ પ્રેમ;
સ્નેહ સપાટે લેખવ્યું, લેખણ ચાલી તેમ.

માફ કરશોજી માહરી, ખરી દીસે જો ખોડ;
એક વાર શો બોલજો, જેજે શ્રી રણછોડ.

જેવા બાઇના કોદરા, ગાંધીની આ હીંગ;
આગળથી જેવા બની; તેનો ચાલી ઢીંગ.

દોશ ન દેશો સુજને, કરતા આનો કોય.
પાછળથી પુરૂં કર્યું. સબ પીને જોય

એહ કથા પુર્ણ થઇ આબે આવ્યો મ્હોર;
વાંચારીને વાચન, બીજી કહીશું પ્હોર.

સમાપ્ત

જાહેર ખબર.

નીચે લખેલાં વાર્તાનાં પુસ્તકો, નાટકો મોટાં તથા નાની ગાયનની ચોપડીઓ, કીસ્સાઓ અમારે ત્યાંથી રોકડી કીંમતથી મળશે. નોટપેટ પત્ર લેવામાં આવશે નહી.

ચોપડીઓનાં નામ.	કિંમત. રૂ. આ. પા.
કામકળા અને કામરૂપ રમુજી વાર્તા.	૦—૮—૦
હરીશ્ચંદ્ર નાટક મોટું.	૦—૮—૦
લલિતા નાટક મોટું.	૦—૮—૦
ગજરામારૂની વાર્તા ચીત્ર સહીત.	૦—૮—૦
સદેવંત સાવળીંગાની વારતા...	૦—૮—૦
[illegible].	૦—૮—૦
વલ્લભકૃત ભારત અઢારે પર્વ સાથે.	૩—૬—૦
ભર્તુહરી નાટક મોટું ચીત્ર સહીત.	૦—૮—૦
દેવતાઈ જાદુગર. ,, ...	૦—૮—૦
ગમંત ઘંટ.	૦—૪—૦
જહાંદારશાહ બાદશાહની વાર્તા વીસ.... ...	૦—૧૨—૦
અંબીકાકાવ્ય.	૦—૧૨—૦

એ સિવાય બીજાં ઘણી જાતનાં ઉર્દુ, મુસલમાની હીંદી પુસ્તકો તથા નિશાળોમાં ચાલતી ગુજરાતી, અંગ્રેજી ચોપડીઓ કાયદાથી છુટક તથા જથાબંધ અમારે ત્યાંથી મળશે.

છોટાલાલ છગનલાલ બુકસેલર.

ઠે. રીચીરોડ—અમદાવાદ.